Sanctioned for School use by the Director of P. I.
THE BOMBAY EDUCATIONAL RECORD, MAY 1890.

GUJARATI
VYĀKARANA-NĀ MÚLATATVA

OR

GUJARATI RUDIMENTARY GRAMMAR

WITH

Useful hints on Parsing and Exercises

BY

BHAGWĀN SHIVSHANKAR BHATTA,
ASSISTANT TEACHER, MISSION HIGH SCHOOL, SURAT.

Second Edition

SURAT:
PRINTED AT THE MISSION PRESS.
1891.

Price 8 Annas.

गुजराती व्याकरणनां मूळतत्व.

પદચ્છેદને લગતી

ઉપયોગી સૂચના તથા મનોયત્ન સાથે.

આવૃત્તિ ૨ જી.

અંગ્રેજી-ગુજરાતી (ઍંગ્લો-વર્નાક્યુલર અને હાઈ)
નિશાળના વિદ્યાર્થી તથા સેકન્ડ અને થર્ડ
ગ્રેડ પબ્લિક સર્વિસ સર્ટિફિકેટ
પરીક્ષાના ઉમેદવારોના
ઉપયોગને સારૂ.

રચનાર
ભગવાન શિવશંકર ભટ્ટ.
આસિસ્ટન્ટ શિક્ષક, મિશન હાઈ સ્કૂલ, સુરત.

સુરત:
આઈરિશ મિશન છાપખાનામાં છપાયાં.
૧૮૯૧.

કિંમત ૮ આના.

ડિરેક્ટર ઑાવ પબ્લિક ઈન્સ્ટ્રક્શન તરફથી

શાળોપયોગને માટે મંજુર થયલું.

(બૉમ્બે એજ્યુકેશનલ રેકર્ડ. મે, ૧૮૯૦.)

પ્રસ્તાવના.

ગુજરાતીમાં ચોથા પાંચમા ધોરણમાં સાધારણ રીતે જોઇએ તેટલું જ્ઞાન આપવાને હોપવ્યાકરણ યથાયોગ્ય છે. પરંતુ એટલેસુધી શીખી અંગ્રેજીમાં દાખલ થનાર વિદ્યાર્થીને માટે એ ભાષામાં સ્હેલથી પ્રવેશ કરાવે એવી પદ્ધતિનું કોઇ વ્યાકરણ હોય તો વધારે અનુકૂળ થઇ પડે. એવી પ્રતિનું ટેલર સાહેબે પ્રથમ મ્હોટું અને પછી એક લઘુ વ્યાકરણ ખરા આગ્રહથી લખ્યું. એની રચના કંઇક ગુંચવાણ ભરેલી અને ભાષા કઠિણ એવું વિદ્યાર્થી વર્ગમાં શરૂથી કહેવાતું આવ્યું છે; તોપણ એ વ્યાકરણ ઘણે ભાગે પૂર્ણ છે એમ સાધારણ રીતે મનાયછે. એ વ્યાકરણ પણ હાલ મળી શકતું નથી; અને પાઠમાળા જેવું પુસ્તક શીખતાં, અંગ્રેજીને અનુસરતા શબ્દના વર્ગોનાં વિભાગ, વિભક્તિ, ક્રિયાપદના કાળ વગેરે જાણેલાં હોય તો તેમાં સ્હેલથી પ્રવેશ થાય. વળી આવા સાધન વિના વિદ્યાર્થી તેમજ શિક્ષકોને શિખવા શિખવવામાં પડતી અડચણ અને પરીક્ષા વખતે પરીક્ષકોને થતો અસંતોષ, એ બધાંનો એકંદર વિચાર થતાં, 'ગુજરાતી વ્યાકરણનાં મૂળતત્વ' એ નામનો આ લઘુગ્રંથ રચવામાં આવ્યો છે.

ટેલર સાહેબના અને હોપ સાહેબના વ્યાકરણની સહાયતા વિના આ પુસ્તક લખાયું નથી માટે આનું માન તેમને અને તેમની કૃતિઓને છે; તેમજ રા. હરગોવનદાસ કાંટાવાળા તથા લાલશંકર ઉમયાશંકર એમના વ્યાકરણમાંથી પણ પ્રસંગોપાત સૂચના ઘણી મળી છે.

રચના, ગોઠવણી તથા ઉદ્દેશ—મૂળથી હોપ વ્યાકરણની વ્યાખ્યાઓ વિદ્યાર્થીઓને મ્હોડે ચઢી ગયલી એટલે કેવળ નવી ઢબમાં ન લેતાં, વ્યાખ્યાની રચના ઘણે ભાગે હોપ સાહેબને મળતી રહે એમ પ્રયત્ન કર્યું છે, અને બનતાં સુધી જરૂરના સઘળા સંજ્ઞિક શબ્દોની વ્યાખ્યા આપી, તે સઘળીને સરળ ભાષામાં લખી છે. વિશેષ બાબતો અંગ્રેજીમાં સ્હેલથી પ્રવેશ કરાવે અને સંસ્કૃતના તેમજ કેટલાક ચાલુ નિયમને બાધ ન આવે એવી રીતે ટેલર સાહેબને અનુસરીને લીધી છે.—શાલોપયોગીના હેતુથી નીચલાં ધોરણોમાં જોઈતી મુખ્ય બાબતો મોટા અક્ષર (ટાઈપ) માં રાખી છે; માત્ર રૂપાખ્યાન નાના અક્ષર (ટાઈપ) માં છે. એ સિવાયની બાબતો—અક્ષરવિચારનું વિશેષ વર્ણન, સંધિ, વિભક્તિના વિશેષ અર્થ, કૃદંત અને કાળના વિવિધ ઉપયોગ, સમાસ અને વાક્યવિચાર વગેરે નાના અક્ષરમાં છે તે ઉપલાં ધોરણોને માટે. દરેક વિષય પૂરો થતાં તેને લગતી પદચ્છેદ સંબંધી સૂચનાઓ તેની નીચેજ આપી છે, અને વિભક્તિ, કૃદંત ને કાળના વિવિધ અર્થ ને ઉપયોગ તેના પાઠમાંજ લીધા છે, એવા વિચારથી કે વિદ્યાર્થીઓ સાથેસાથે તે વાંચે કે શિક્ષક જરા તેઓનું ધ્યાન તે તરફ ખેંચે તો વિશેષ લાભ થાય.

શબ્દવ્યુત્પત્તિને માટે રા. નવલરામજીનો વ્યુત્પત્તિપાઠ અને રા. મહીપતરામજીનો વ્યુત્પત્તિપ્રકાશ એ યોગ્ય સાધનો છે; અને એકલા ધાતુ ને તેના સાધિત શબ્દોના સંગ્રહ જાણવાથી એ જ્ઞાન થતું નથી માટે તે ભાગ વિસ્તારથી લીધો નથી.

પદચ્છેદને લગતી જે જે સૂચના ને ચેતવણી આપેલી છે તે સિદ્ધ થાય એવાં વાક્યો દરેક વિષયને છેડે આપેલા મનોયત્નમાં લીધાં છે, તે તરફ વિદ્યાર્થીનું ધ્યાન ખેંચવામાં આવે તો પાછળથી પદચ્છેદ કરવામાં ઘણું સરળ થઇ પડે.—ટુંકાણમાં અંગ્રેજી-ગુજરાતી ઍંગ્લો-વર્નાક્યુલર નિશાળોને માટે સરળ ભાષામાં અને નિયમિત ગોઠવણીવાળું વ્યાકરણ હોવું જોઇએ, તેવું અનુકૂળ વ્યાકરણ આ થાય એ આ પુસ્તક રચવામાં મુખ્ય ઉદ્દેશ છે, અને તે કેટલે દરજ્જે પાર પડયો છે તે જોવું એ ઉત્સાહી વિદ્વાન વર્ગનું કામ છે એટલે પૂર્ણ આશા છે કે ન્યૂનતા તથા વિરૂદ્ધપણા વિષેની યોગ્ય સૂચના આપી તેઓ કર્તાને ઉપકૃત કરશે.

બીજી આવૃત્તિ—કેટલાએક મારા સ્વભાષાહિતેચ્છુ અધિકારી વિદ્વાનોની તેમના અમુલ્ય અભિપ્રાયમાં કરેલી સૂચનાથી યોગ્ય વધારો કિંચિત સુધારા સાથે કર્યો છે; જેથી મેટ્રિક્યુલેશન અને યુનિવર્સિટી સ્કૂલ ફાયનલના ઉમેદવારો તેમજ ટ્રેનિંગ કૉલેજના વિદ્યાર્થીઓને માટે પૂરતો વ્યાકરણવિષય આવી રહે.

સુરત, મિશન હાઈ સ્કૂલ,
જુલાઈ, સન ૧૮૯૧. } ભા० શિ० ભટ્ટ.

અનુક્રમણિકા.

गुजराती व्याकरणनां मूळतत्व.

૧. **ભાષા**—જેવડે માણસ બોલીને કે લખીને પોતાના વિચાર એકબીજાને જણાવેછે તે.

ભાષા બે પ્રકારની હોયછે :— **બોલેલી** ને **લખેલી.**

ભાષા એ શબ્દ સંસ્કૃત ભાષ્=બોલવું એ ઉપરથી નીકળેલો છે. શરૂઆતમાં માણસ બોલીનેજ પોતાના વિચાર જણાવતા. પણ પાછળથી અક્ષરને લખવાનાં ચિન્હ (નિશાનીઓ) શોધી કાઢવામાં આવ્યાં. ત્યારપછી લખેલીને માટે પણ સાધારણ રીતે ભાષા એજ શબ્દ ચાલ્યો.

મૂળ સંસ્કૃત ભાષા. અને તે ઉપરથી પ્રાકૃત ભાષાઓ થઈ જુદા જુદા ભાગમાં બોલાવા લાગી; એટલે તે ભાગનાં નામ ઉપરથી તેનાં જુદાં જુદાં નામ પડ્યાં :—ગુજરાતમાં બોલાતી તે **ગુજરાતી ભાષા**; મહારાષ્ટ્ર કે દક્ષિણમાં બોલાતી તે મરાઠી કે દક્ષણી ભાષા; બંગાળામાં બોલાતી તે બંગાળી ઈત્યાદિ.

૨. **વ્યાકરણ***— શુદ્ધ બોલવાના તથા લખવાના નિયમ વિષેનું શાસ્ત્ર. ભાષાના નિયમનું પુસ્તક પણ **વ્યાકરણ** કહેવાય.

૩. વ્યાકરણ ત્રણ પ્રકારનાં હોઈ શકે—**સાન્વય, સાધારણ** અને **અસાધારણ.**

૧. **સાન્વય વ્યા૦**—જુદી જુદી ભાષાઓનું મળતાપણું અને જુદાપણું બતાવે એવા નિયમ જેમાં આપેલા હોય તે.

૨. **સાધારણ વ્યા૦**—બધી ભાષાઓને સરખી રીતે લાગુ પડે એવા નિયમ જેમાં આપેલા હોય તે.

૩. **અસાધારણ વ્યા૦**— એક અમુક ભાષાના નિયમ જેમાં આપેલા હોય તે. માટે ગુજરાતી ભાષાનું વ્યાકરણ તે અસાધારણ વ્યાકરણ કહેવાય.

૪. પ્રત્યેક ભાષાનું મુખ્ય સાધન અક્ષર છે.

---

*વ્યાકરણ=(વિ+આ+કરણ—'વિ' વિશેષપણાનો અર્થ દેખાડનાર ને આ મર્યાદાનો અર્થ દેખાડનાર ઉપસર્ગ છે; અને કરણ (સં. કૃ=કરવું ઉપરથી કૃદંત) એટલે કરનાર) ભાષાના નિયમવિષે વિશેષ હદ શોધી દેખાડનાર શાસ્ત્ર.

૫. **અક્ષર**— માણસના વાણીસ્થાનથી થતાં મૂળ સ્પષ્ટ ઉચ્ચારણ તે અક્ષર. પ્રત્યેક ઉચ્ચારણને લખી બતાવવાના ચિન્હને સાધારણ રીતે **અક્ષર*** કહેછે. પણ એને **વર્ણ*** કહેવો એ વધારે યોગ્ય છે.

૬. અક્ષરથી શબ્દ બનેછે.

૭. શબ્દ— એક કે વધારે અક્ષર મળ્યાથી કંઈ અર્થ સમજાય તેને શબ્દ કહીએ.

૮. શબ્દોવડે વાક્ય બનેછે.

૯. વાક્ય— એક કે વધારે શબ્દો મળ્યાથી માણસના મનનો કંઈ પૂર્ણ વિચાર સમજાય તો તેને વાક્ય કહેવું.

૧૦. આ પ્રમાણે ભાષામાં અક્ષર, શબ્દ ને વાક્ય એ ત્રણ મુખ્ય છે; તે ઉપરથી વ્યાકરણના ત્રણ મ્હોટા ભાગ થઈ શકે— **અક્ષરવિચાર (વિન્યાસ)[1], શબ્દવિચાર, વાક્યવિચાર.**

કેટલાએક વૈયાકરણો કવિતાવિચાર (પિંગળ, પદ્યબંધ કે **છંદશાસ્ત્ર**) એને એક ચોથો ભાગ ગણેછે.

૧૧. **અક્ષરવિચાર**— અક્ષર કેટલા છે, તે કેવી રીતે બોલાય લખાયછે તથા જુદે જુદે ધોરણે તેના કેવી રીતના ભાગ થઇ શકે એ સર્વનો વિચાર જે ભાગમાં આપેલો હોય તે.

૧૨. **શબ્દવિચાર**— શબ્દના કેટલા વર્ગ પડેછે તથા તેનાં કેવી રીતે રૂપાખ્યાપન ઇત્યાદિ થાયછે એ સર્વનો વિચાર જે ભાગમાં આપેલો હોય તે.

૧૩. **વાક્યવિચાર**— વાક્યમાં જુદે જુદે અર્થે શબ્દો કેવી રીતે ગોઠવવા તથા તેના અન્વય[2] અધિકાર[3] ઇત્યાદિનો વિચાર જે ભાગમાં ચલાવેલો હોય તે.

---

*અક્ષર (સં. अस्=વ્યાપવું) સઘળે (ભાષામાં) વ્યાપક તે. અને *વર્ણ (સં. वर्ण्=રંગવું ઉપરથી) રંગ—આકૃતિ પામેલા તે-આથી લખવાના ચિન્હ તે-વર્ણ.

૧ વિન્યાસ (वि + नि + अस=રહેવું) વિચારયુક્ત ગોઠવણી.

૨ અન્વય (अनु=પછી अय=આવવું, તે ई=જવું ઉપરથી) પાછળ જવું, કોને કોની સાથે કેવી રીતનો સંબંધ એ બતાવવું તે.

૩ અધિકાર (अधि = ઉપર, કાર कृ=કરવું ઉપરથી) સત્તા, વાક્યમાં સત્તા.

અક્ષરવિચાર.

૧૪. અક્ષરના પ્રકાર બે છે— મૂળાક્ષર ને જોડાક્ષર.

૧૫. મૂળાક્ષર— મૂળ અક્ષર જેની સાથે બીજો કોઇ અક્ષર મળેલો ન હોય તે. મૂળાક્ષરને સાધારણ રીતે અક્ષર કહેછે.

આ મૂળ અક્ષરના સમૂહને પણ મૂળાક્ષર કહેછે. એને **અક્ષરમાળા** એવું નામ આપી શકાય. એના પહેલા અક્ષરના નામ ઉપરથી એને **કક્કો** પણ કહેછે.

લખવાનાં ચિન્હોનો સમુહ તે પણ મૂળાક્ષર; અને એને **વર્ણમાળા** કહેવાય. ગુજરાતીમાં જે મૂળાક્ષર છે તે સંસ્કૃત મૂળાક્ષરમાં કંઇ કંઇ ફેરફાર થઇને થયલા છે.

૧૬. ગુજરાતી ભાષા લખવામાં બે લિપિ (લખવાની રીતિ) ચાલેછે.— **ગુજરાતી** અને **બાળબોધ** કે **દેવનાગરી**.

૧૭. ગુજરાતીમાં સાધારણ રીતે મૂળાક્ષર ૪૮ ગણાયછે.

ગુજરાતી મૂળાક્ષર.

ક ખ ગ ઘ ઙ, ચ છ જ ઝ ઞ, ટ ઠ ડ ઢ ણ, ત થ દ ધ ન,
પ ફ બ ભ મ, ય ર લ વ ળ* હ શ ષ સ ક્ષ જ્ઞ.
અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ ઓ ઔ અં અઃ

બાળબોધ મૂળાક્ષર.

क ख ग घ ङ, च छ ज झ ञ, ट ठ ड ढ ण, त थ
द ध न, प फ ब भ म, य र ल व ळ ह श ष स क्ष ज्ञ.
अ आ इ ई उ ऊ ए ऐ ओ औ अं अः

* સંસ્કૃતમાં ળ નથી પણ ગુજરાતીમાં લ નો જરા કોમળ ઉચ્ચાર થઇ એ રૂપ ચાલુ થઇ ગયું છે. વેદમાં ળ છે ખરો.

૧૮. આ ૪૮ માંથી ક્ષ, જ્ઞ, બે જોડાક્ષર અને અં, અ: એ ચાર (આગળ સ્વર અને વ્યંજનના પાઠમાં બતાવીશું તે પ્રમાણે) કાઢી નાંખિયે ને ઋ સ્વર ઉમેરિયે તો ખરા મૂળાક્ષર ૪૫[1] થાય.

૧૯. મૂળાક્ષરના ભેદ બે છે— સ્વર અને વ્યંજન.

સ્વર.

૨૦. સ્વર— જેનો ઉચ્ચાર બીજાની મદદવિના સ્પષ્ટ થાયછે, અને ગમે એટલો લંબાવ્યો હોય તો એકસરખોજ રહેછે તે. સાધારણ રીતે ૧૨ સ્વર ગણેછે પણ 'ઋ' ઉમેરીએ એટલે ૧૩† થાય.

ગુજરાતી લિપિ— અ, આ, ઇ, ઈ, ઋ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અ:.

બાળબોધ લિ○— अ, आ, इ, ई, ऋ, उ, ऊ, ए, ऐ, ओ, औ, अं, अ:

૨૧. સંસ્કૃતમાં **૧૪ સ્વર** છે— अ, आ, इ, ई, ऋ, ॠ, ऌ, ॡ, उ, ऊ, ए, ऐ, ओ, औ, તેમાંથી ॠ, ऌ, ॡ, ગુજરાતીમાં વપરાતા નથી. તેમજ **अं, अ:*** એને **અનુસ્વાર** અને **વિસર્ગનાં** રૂપ દેખાડવાને ગુજરાતીમાં જુદા સ્વર જેવા ગણ્યા છે, તે ન ગણીએ એટલે **ખરા સ્વર** ૧૧ થાય.— **અ, આ, ઇ, ઈ, ઋ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ.**

---

૧ ગુજરાતીમાં ઙ અને ઞ બિલકુલ વપરાતા નથી; પણ સંસ્કૃતનો ભાગ **સંધિપ્રકરણ** સામેલ થવાથી મૂળાક્ષરના પાઠમાં એને લેવા જરૂરના છે.

† મૂળ ગુજરાતીમાં ઋ ને બદલે રૂ વાપરતા તેથી એને સ્વરમાં ગણ્યો ન હોય પણ, **પૃથ્વી, ઋષિ, અમૃત, વૃત્ત,** આવા શુદ્ધ સંસ્કૃત શબ્દો વાંચતાં એમાં ઋ સ્વર છે એવું ભાન છોકરાને થવું અવશ્ય છે માટે એને પ્રથમથીજ સ્વરની સંખ્યામાં લીધો છે.

* અનુસ્વાર અને વિસર્ગ કોઈ પણ સ્વરની સાથે આવે જેમ— **આંક, ઈંધ, ઉંઘ, દુ:ખ** ઇ○ માટે અં, અ: એ જુદા સ્વર ગણાય નહિ.

૨૨. અનુસ્વાર.—અનુનાસિક (નાકમાંથી થતો) ઉચ્ચાર બતાવવાને સ્વરને માથે જે બિંદુ (ˑ) મુકવામાં આવેછે તે.

૨૩. વિસર્ગ—કોઈ સ્વરની આગળ હકાર જેવો થડકવાળો ઉચ્ચાર બતાવવાને જે બે બિંદુઓ (:) લખવામાં આવેછે તે..

વ્યંજન.

૨૪. વ્યંજન—જેનો ઉચ્ચાર સ્વરની સહાયતાવિના સ્પષ્ટ થતો નથી તે. ગુજરાતીમાં વ્યંજન ૩૪ છે.

ગુજરાતી લિપિ.—ક્, ખ્, ગ્, ઘ્, ઙ્, ચ્, છ્, જ્, ઝ્, ઞ્, ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્, ત્, થ્, દ્, ધ્, ન્, પ્, ફ્, બ્, ભ્, મ્, ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્, હ્, ળ્.

બાળબોધ લિપિ.— क्, ख्, ग्, घ्, ङ्, च्, छ्, ज्, झ्, ञ्, ट्, ठ्, ड्, ढ्, ण्, त्, थ्, द्, ध्, न्, प्, फ्, ब्, भ्, म्, य्, र्, ल्, व्, श्, ष्, स्, ह्, ळ्.

ક્ષ, જ્ઞ, એના અંગ (ભાગ) જુદા જુદા ન જણાવાથી એ મૂળ વ્યંજનમાં ગણાઈ જાય, તેથી સાધારણ રીતે ૩૬ વ્યંજન ગણેછે; પણ ખરૂં જોતાં એને જોડાક્ષરમાં ગણવા. કારણ કે 'ક' ને 'ષ' મળીને 'ક્ષ' અને 'જ' ને 'ञ' મળીને જ્ઞ થયલો છે.

૨૫. 'અ' અનુષંગી[1].—કોઈપણ વ્યંજનનો ઉચ્ચાર કરતાં છેડે જે 'અ' સંભળાયછે તેને 'અ' અનુષંગી એવી સંજ્ઞા આપેલી છે. કેવળ વ્યંજન બોલાય નહિ, પણ ઉપર લિપિમાં બતાવ્યા પ્રમાણે લખી દેખાડાય ખરા.

૨૬. હલ્ચિન્હ અથવા વ્યંજનચિન્હ—કોઈપણ વ્યંજનમાં 'અ' અનુષંગી ભળેલો નથી એટલે ખરો વ્યંજન છે એમ દેખાડવું હોય તો નીચે ~ આવું ચિન્હ કરી બોડીએ-છીએ તેને હલ્ કે વ્યંજનચિન્હ કહેછે.

---

1. અનુષંગી (अनु + संगी, अनु = પછી, संगी = सं = સાથે - गम् = જવું) સાથે જનાર,—સાથે વળગી રહેનાર.

મૂળાક્ષરોનાં વાણીસ્થાન.

૨૭. વાણીસ્થાન—મ્હોંનાં જે જુદાં જુદાં સ્થાનને સ્પર્શ થવાથી મૂળાક્ષરોના સ્પષ્ટ ઉચ્ચાર થાયછે તેને વાણીસ્થાન કહેછે. મુખ્ય વાણીસ્થાન ૫ છે.—કંઠ, તાળુ (તાળવું), મુર્દ્ધા, (મ્હોમાં ઉપર તાળવાની સાથેનો ભાગ), દંત, (દાંત), અને ઓષ્ઠ (હોઠ).

૨૮. ક થી મ સુધી પેહેલા પચ્ચીશ વ્યંજન અનુક્રમે એક એક સ્થાનમાં પાંચ પાંચ આવેછે; એને સવર્ગીય કહેછે, જેમકે:—કંઠસ્થાની—ક્, ખ્, ગ્, ઘ્, ઙ્. તાળુસ્થાની-ચ્, છ્, જ્, ઝ્, ઞ્. મુર્દ્ધાસ્થાની—ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્. દંતસ્થાની—ત્, થ્, દ્, ધ્, ન્. ઓષ્ઠસ્થાની—પ્, ફ્. બ્, ભ્, મ્.

બાકીના નવ અવર્ગીય કહેવાયછે; કારણ કે તે પહેલા ૨૫ ની પેઠે અનુક્રમે વર્ગમાં નથી. તો પણ તેને આ પ્રમાણે વર્ગમાં લાવી શકાય: જેમકે—કં૦—હ્, તા૦- ય્, શ્. મુ૦- ર્, ષ્, ળ્. દં૦—લ્, સ્. ઓ૦—વ્* (દંતોષ્ઠ્ય).

સ્વર પણ મૂળાક્ષર એટલે નીચે પ્રમાણે સ્થાનમાં આવી શકે. મૂળસ્વર અ, ઈ, ઋ (ઌ), ઉ, અને દીર્ઘસ્વર એને લંબાવવાથી થયલા માટે અનુક્રમે દરેક સ્થાનમાં અક્કેકો આવે. કં૦—અ, આ; તા૦—ઇ, ઈ; મુ૦—ઋ; દં૦—(ઌ); ઓ૦—ઉ, ઊ; પણ સંધિસ્વર બે વિજાતીય સ્વર મળીને થયલા, તેથી તેના ભાગના સ્થાન ઉપરથી બબ્બે સ્થાનના કહેવાય; એ, ઐ, કંઠતાળવ્ય અને ઓ, ઔ, કંઠોષ્ઠ્ય.

---

* વ નો ઉચ્ચાર ઘણે ભાગે ઉપલા દાંત નીચલા હોઠની સાથે અડકવાથી થાયછે, માટે એ દંતોષ્ઠ્ય.

સ્થાન પ્રમાણે મૂળાક્ષરોનું કોષ્ટક.

	વ્યંજન.	સ્વર.	
કંઠસ્થાની —	ક્, ખ્, ગ્, ઘ્, ઙ્,	હ્, અ, આ.	} એ, ઐ
તાળુસ્થાની —	ચ્, છ્, જ્, ઝ્, ઞ્,	ય્, શ્, ઇ, ઈ.	
મૂર્દ્ધાસ્થાની —	ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્,	ળ્, ર્, ષ્. ઋ.	
દંતસ્થાની —	ત્, થ્, દ્, ધ્, ન્,	લ્, સ્. ઉ, ઊ.	
ઓષ્ઠસ્થાની —	પ્, ફ્, બ્, ભ્, મ્,	વ્* કંઠોષ્ઠ્ય-ઓ, ઔ.	

સાવર્ણ્ય અને અસવર્ણ અક્ષર.

૨૯. સવર્ણ અક્ષર— એકજ સ્થાનથી બોલાતા અક્ષરો અરસપરસ સાવર્ણ્ય કે સજાતીય કહેવાય.

૩૦. અસવર્ણ અક્ષર.— જુદા જુદા સ્થાનના અક્ષરો અરસપરસ અસાવર્ણ્ય કે વિજાતિય કહેવાય:— જેમકે સ્થાનના કોષ્ટકમાં એક એક આડી લીટીમાંના બધા અક્ષરો એકબીજાના સવર્ણ છે; પણ ઉભી લીટીમાં લઈએ તો એકબીજાને અસવર્ણ કહેવાય.

સ્વરોના વિભાગ.

૩૧. સ્વરના વિભાગ ત્રણ છે:—હ્રસ્વ, દીર્ઘ, સંધિસ્વર.

૧. હ્રસ્વસ્વર— જે બોલવામાં ટુંકા છે તે. અ, ઇ, ઋ, ઉ, આ ચાર હ્રસ્વ સ્વર છે. એને મૂળસ્વર ગણેલા છે. કારણ કે બીજા સ્વરો એ ઉપરથી થયલા છે. કવિતામાં એની એક માત્રા ગણાયછે અને એને લઘુ કહેછે.

૨. દીર્ઘસ્વર— જે બોલવામાં લાંબા છે તે.—આ, ઈ, ઊ, આ ત્રણ દીર્ઘસ્વર છે. એને બોલતાં હ્રસ્વસ્વર કરતાં બેવડો વખત જોઈએછે, કારણ કે એ હ્રસ્વસ્વર બેવડવાથી થાયછે:— અ + અ = આ, ઇ + ઇ = ઈ, ઉ + ઉ = ઊ. કવિતામાં એની બે માત્રા ગણાયછે, અને એને ગુરૂ કહેછે.

૩. **સંધિસ્વર**—કોઈ બે અસવર્ણસ્વર મળીને એક નવો સ્વર થયલો તે—એ, ઐ, ઓ ઔ. એને બોલતાં પણ હ્રસ્વ કરતાં બેવડો વખત જોઈએ, તો પણ બે વિજાતીય સ્વર મળીને નવાં રૂપ થયલાં, માટે એને દીર્ઘ ન કહેતાં સંધિસ્વર કહેછે (સંધિપ્રકરણ જોવું). જેમકે—અ + ઈ = એ, અ + એ = ઐ, અ + ઉ = ઓ, અ + ઓ = ઔ. કવિતામાં એની પણ બે માત્રા લેવાયછે, અને એને ગુરૂમાંજ ગણેછે.

૪. **પ્લુત**—ગાતાં, રોતાં, પોકારતાં, બે કરતાં વધારે માત્રા થાય એવી રીતે સ્વરને લંબાવવામાં આવે તેવા લાંબા ઉચ્ચારને પ્લુત કહેછે.

વ્યંજનના જુદે જુદે ધોરણે વિભાગ.

૩૨. ઉપર પ્રમાણે સ્થાનને ધોરણે વ્યંજનના પાંચ વિભાગ થાયછે. એ સિવાય ત્રણ જુદે જુદે ધોરણે વ્યંજનના બીજા ત્રણ પ્રકારના વિભાગ પડેછે.

(૧) સ્થાનના સ્પર્શને ધોરણે **સ્પર્શવ્યંજન** અને **અસ્પર્શવ્યંજન** એવા બે ભાગ પડે—

સ્પર્શવ્યંજન.[1]—જેનો ઉચ્ચાર થતાં વાણીસ્થાનને બરાબર સ્પર્શ થાયછે તે—**ક** થી **મ** સુધી પેહેલા પચ્ચીશ **સ્પર્શવ્યંજન** છે.

અસ્પર્શવ્યંજન.—જેનો ઉચ્ચાર થતાં વાણીસ્થાનને બરાબર સ્પર્શ થતો નથી તે—બાકીના નવ **ય, ર, લ, વ, ળ, શ, ષ, સ, હ** એટલા **અસ્પર્શ** છે; એના ઉચ્ચાર ઉપરથી બે વર્ગ પડેછે. **અંતઃસ્થ**[2] અને **ઉષ્મા.**[3]

અંતઃસ્થ.—કોઈ પણ સ્થાનને બરાબર સ્પર્શ થયાવિના તેના વચલા ભાગમાં જે બોલાયછે તે—**ય, ર, લ, વ, ળ,** આ પાંચ અંતઃસ્થ છે. વળી એ વ્યંજન તથા સ્વરની વચ્ચે રહીને વ્યંજન છતાં સ્વરનું કંઈ લક્ષણ દેખાડેછે. માટે એને **અર્ધસ્વર** કહેછે.

---

૧ સ્પર્શ=(स्पृश्=અડકવું), ૨ અંતઃસ્થ=(अंतः=મધ્યે, ને स्थ=सं-स्था= રહેવું ઉપરથી-રહેનાર) મધ્યે રહેનાર. ૩ ઉષ્મા=(उष्=ઉકળવું, બળવું) જોસવાળા, સુસવાટાજેવા.

ઉષ્મા.—સર્પના સુસવાટાજેવો જેનો ઉચ્ચાર થાયછે તે.—શ, ષ, સ, હ, એટલા ઉષ્મા છે.

(૨.) કોમળ, કઠોર ઉચ્ચારને ધોરણે બે વિભાગ પડેછે—અઘોષ અને ઘોષ.

અઘોષ[૧]—જે છાતીપર દાબ રાખ્યા વગર બોલાયછે તે. આમાં દરેક સ્થાનના પહેલા બે વ્યંજન અને ત્રણ ઉષ્મા આવેછે—ક, ચ, ટ, ત, પ, ખ, છ, ઠ, થ, ફ, શ, ષ, સ. એને કઠોર કે વિવાર પણ કહેછે.

ઘોષ[૨]—જે છાતીપર દાબ રાખીને બોલાયછે તે. આમાં દરેક સ્થાનના છેલ્લા ત્રણ વ્યંજન અને અંતઃસ્થ ને હ આવેછે—ગ, જ, ડ, દ, બ, ઘ, ઝ, ઢ, ધ, ભ, ઙ, ઞ, ણ, ન, મ, ય, ર, લ, વ, ળ, હ. એને કોમળ, કે સંવાર પણ કહેછે.

(૩.) પ્રાણને ધોરણે અલ્પપ્રાણી, મહાપ્રાણી, એવા બે વિભાગ પડેછે. અને જેનો નાકમાંથી ઉચ્ચાર થાયછે તેને અનુનાસિક કહેછે.

અલ્પપ્રાણી[૩]—જેને બોલતાં થોડો શ્વાસ ખેંચવો પડેછે તે. આમાં દરેક સ્થાનનો પહેલો ને ત્રીજો અને અંતઃસ્થ આવેછે—ક, ચ, ટ, ત, પ, ગ, જ, ડ, દ, બ, ય, ર, લ, વ, ળ.

મહાપ્રાણી[૪]—જેને બોલતાં વધારે શ્વાસ ખેંચવો પડેછે તે. આમાં દરેક સ્થાનનો બીજો ને ચોથો અને ઉષ્મા આવેછે—ખ, છ, ઠ, થ, ફ, ઘ, ઝ, ઢ, ધ, ભ, શ, ષ, સ, હ.

અનુનાસિક[૫]—જેને બોલતાં નાકમાંથી ઉચ્ચાર થાયછે તે. આમાં દરેક સ્થાનનો છેલ્લો અક્ષર આવેછે.—ઙ, ઞ, ણ, ન, મ,

---

૧ (અ=નહિ, ઘોષ=રણકો)=જેમાં રણકો નહિ તે. ૨ (ઘોષ=રણકો ઘુષ્ ધાતુ)=રણકાવાળો. ૩ (અલ્પ=થોડો, પ્રાણ=શ્વાસ)=જેમાં થોડો શ્વાસ જોઈએ તે. ૪ (મહા=ઘણો, પ્રાણ=શ્વાસ)=જેમાં ઘણો શ્વાસ જોઈએ તે. ૫ (અનુ=પછી, નાસિકા=નાક)=નાકમાંથી બોલાતા.

સ્વરોનાં સંયુક્તચિન્હ તથા પદ.

૩૩. સ્વરનાં સંયુક્તચિન્હ—સ્વરોને કોઈ વ્યંજન સાથે જોડવામાં આખા સ્વર ન જોડતાં તેને માટે જે નિશાનીઓ ઠરાવેલી છે તેને સ્વરોનાં સંયુક્તચિન્હ કહેછે.

સ્વર	સં૦ ચિન્હ	—તેના નામ	ઉદાહરણ—પદ.
અ	...	જોડાય એટલે વ્યંજન ચિન્હ [જતું રહે	ક્ + અ = ક
આ	ા	કાનો	ક્ + આ = કા
ઇ	િ	હ્રસ્વ ઇ કે પાછુ કુંડાળી	ક્ + ઇ = કિ
ઈ*	ી	દીર્ઘ ઈ કે અજણ્ણુ? (આગલું)	ક્ + ઈ = કી
ઉ	ુ	હ્રસ્વ ઉ કે વરડુ? (વળેલું)	ક્ + ઉ = કુ
ઊ	ૂ	દીર્ઘ ઊ કે નેત્ર	ક્ + ઊ = કૂ
ઋ	ૃ	ઋકાર	ક્ + ઋ = કૃ
એ	ે	એક માત્ર	ક્ + એ = કે
ઐ	ૈ	બે માત્ર	ક્ + ઐ = કૈ
ઓ	ો	કાનો માત્ર	ક્ + ઓ = કો
ઔ	ૌ	કાનો બે માત્ર	ક્ + ઔ = કૌ

૩૪. પદ.—કોઈ પણ વ્યંજનને સ્વરોનાં બધાં સંયુક્તચિન્હ અનુક્રમે લગાડી બોલીએ લખીએ તો તે પદ† કહેવાય.

આવા એક પદમાંના દરેક સ્વરસહિત વ્યંજનને **પદ-અક્ષર** કહેવો.

---

*'જ' ને 'ી' જોડવી હોય તો 'જી' લખતા નથી, પણ 'જી' લખેછે; તેમજ ુ, ૂ જોડતાં 'જુ, જૂ' એમ 'જ' ની સાથે કાનો કાઢી જોડવાનો ચાલ પડી ગયો છે. 'ર' ને 'ૂ' જોડતાં 'રૂ' આવી રીતે લખેછે, અને 'ુ' જોડતાં પણ એકજ રૂપ વાપરેછે; પણ દીર્ઘથી જુદો પાડવાને 'રુ' આવી રીતે લખવું જોઇએ.

?બેઉ ઈ ને માટે **અજણ્ણુ** અને બેઉ ઉ ને માટે **વરડુ** બોલવાનો ચાલ પડી ગયોછે. પણ એમ ન કરતાં—હ્રસ્વ ઇ, દીર્ઘ ઈ, હ્રસ્વ ઉ, દીર્ઘ ઊ,—એમ બોલવું વધારે ઉચિત અને ખરૂં દેખાયછે.

†આવી રીતે થયલા પદમાંના કોઇએક અક્ષરને જોડાક્ષર કે સંધિ–અક્ષરથી જુદો ઓળખવાને પદ–અક્ષર એવી સંજ્ઞા અપાય. જો કે યુક્તાક્ષરતો ખરો કારણ કે બે મૂળાક્ષરો મળીને થયલો.

શરૂઆતમાં 'ઋ' ને સ્વરમાં નહિ ગણેલો, અને અં, અઃ એને જુદા સ્વર જેવા લઇ એ બાર સ્વરની નિશાનીઓ કોઇ વ્યંજનને લગાડતા, તેથી સાધારણ રીતે પદને **બારાખડી** (બારાક્ષરી) પણ કહેછે.

જોડાક્ષર.* (યુક્તાક્ષર).

૩૫. જોડાક્ષર.—બે કે વધારે વ્યંજન એવી રીતે જોડાઇ જાય કે તેમની વચ્ચે કોઇ સ્વર રહેતો નથી, ત્યારે તેને જોડાક્ષર કહેછે. છેડે તો સ્વભાવિક રીતે સ્વર હોય.— ક્મ, ગ્ન, ઇ૦.

૩૬. જોડાક્ષર લખવાની રીત.—પહેલા એક કે બે જેટલા હોય તેનો પહેલો અડધો ભાગ અને છેલ્લો વ્યંજન તેના છેડાના સ્વરની સાથે આખો; એ પ્રમાણે જોડીને લખાયછે.

જે વ્યંજનો એવા છે કે બીજાની સાથે જોડવાને તેનો સ્હેલથી ભાગ પડી શકે નહિ, તેમાંના કેટલાક એક એકને અડકતા લખાયછે, અથવા પહેલાને ખોડવાનો ચાલ છે. જેમકે ક્ક, ક્મ, ક્વ, અથવા ક્‌વ, વગેરે.

કોઇવાર પહેલાની નીચે બીજો લખાયછે— ટ્ટ ઠ્ઠ વગેરે.

ર્ ને પૂર્વેના વ્યંજનની સાથે જોડવો હોય તો '‸' આવી આડી લીટી કે '^' આવું ચિન્હ કરેછે તેને રકાર કહેછે:— 'પ, જ, ભ' એવા છેડે ઉભી લીટીવાળા અક્ષરની સાથે રકાર જોડવાને ખાંચામાં '/' આ ચિન્હ કરેછે: જેવાકે પ્ર,

* પદ-અક્ષર, જોડાક્ષર અને સંધિ-અક્ષર, એ ત્રણેમાં બે મૂળાક્ષરો તો જોડાયલા. હવે જોડાક્ષરની વ્યાખ્યા ઉપરથી 'જોડવ્યંજન' એવો અર્થ સિદ્ધ થઇ બેઠો એટલે આ ત્રણેમાં બે અક્ષર જોડાયલા છતાં એને 'જોડાક્ષર' એ સંજ્ઞા સામાન્ય રીતે અપાય નહિ; તેમજ એનો અરસપરસ ભેદ બતાવાય તો સારૂં. માટે 'યુક્તાક્ષર' એ સામાન્ય સંજ્ઞા રાખી, તેના પેટાવર્ગમાં-'પદ-અક્ષર, જોડાક્ષર ને સંધિઅક્ષર' લઇ એનો ભેદ સારી રીતે બતાવી શકાય.—જેમકે 'દ્ +આ=દા' એ પદ-અક્ષર, 'દ્+વ=દ્વ' એ જોડાક્ષર, અને 'સદાચાર' એમાંનો 'દા' =(ત્+આ), અને 'સદ્વચન' એમાંનો 'દ્વ'=(ત્+વ.) આ બેઉ સંધિ-અક્ષર કહેવાય. (જોવું સંધિપ્રકરણ).

ખ્ર, ભ્ર; અને ટ, ઠ આવા લીટી વગરના અક્ષરની સાથે રકાર જોડવાને નીચે '^' આવું ચિન્હ કરેછે: જેમકે ટ્ર, ઠ્ર.

ર ને તેની પછીના વ્યંજનની સાથે જોડવો હોય તો તેની ઉપર '॰' આવું ચિન્હ કરેછે તેને રેફ કહેછે:— જેમકે ર્મ, ર્ત ઇ૦.

શ્ ને કોઇ વ્યંજનની સાથે જોડતાં સ્હેલાઇને માટે 'શ્ર' આવું રૂપ વાપરેછે— શ્ચ, શ્વ, શ્ન ઇ૦.

કેટલાક બે રીતે લખાયછે— ક્ર કે ક્ર, ક્ત કે ક્ત.

કેટલાંક બાળબોધનાં રૂપ ચાલેછે. હ્ન, હ્ય, હ્મ, શ્વ ઇ૦.

મૂળાક્ષરોનું પૂર્ણ કોષ્ટક.

	વ્યંજન.								સ્વર.		
	સ્પર્શ (સવર્ગીય).					અસ્પર્શ (અવ.)					
	અઘોષ.		ઘોષ.			ઘોષ.		અઘોષ.	ઘોષ.		
	અલ્પપ્રાણ.	મહાપ્રાણ.	અલ્પપ્રાણ.	મહાપ્રાણ.	અનુનાસિક.	અલ્પપ્રાણ. અંતઃસ્થ.	મહાપ્રાણ. ઉષ્મા.		હ્રસ્વ.	દીર્ઘ.	સંધિસ્વર.
કંઠ્ય	ક	ખ	ગ	ઘ	ઙ		હ		અ	આ	
તાલવ્ય ...	ચ	છ	જ	ઝ	ઞ	ય		શ	ઇ	ઈ	એ ઐ*
મૂર્દ્ધન્ય ...	ટ	ઠ	ડ	ઢ	ણ	ર, ળ		ષ	ઋ		
દંત્ય	ત	થ	દ	ધ	ન	લ		સ			
ઓષ્ઠ્ય ...	પ	ફ	બ	ભ	મ	વ†			ઉ	ઊ	‡ ઓ ઔ

•'વ' દંતોષ્ઠ્ય. †'એ' 'ઐ' કંઠતાલવ્ય. ‡'ઓ' 'ઔ' કંઠોષ્ઠ્ય.

સ્વરના ગુણ તથા વૃદ્ધિ.

૩૭. શબ્દના અર્થમાં ફેરફાર થતાં તેમાં આવેલા સ્વરનું રૂપ બદલાયછે તેને સ્વરના ગુણ તથા વૃદ્ધિ કહેછે.

ગુણ તથા વૃદ્ધિ મૂળસ્વરનેજ હોયછે— અ નો ગુણ નથી, પણ વૃદ્ધિ આ થાયછે; ઈ નો ગુણ એ અને વૃદ્ધિ ઐ, ઉ નો ગુણ ઓ અને વૃદ્ધિ ઔ, અને ઋ નો ગુણ અર્ ને વૃદ્ધિ આર્.

મૂળસ્વર	ગુણ	વૃદ્ધિ	ઉદાહરણ.—ગુણ	વૃદ્ધિ
અ	...	આ	જનક—...	જાનકી
ઈ	એ	ઐ	વિદ્—વેદ	વૈદિક
ઉ	ઓ	ઔ	બુધ્—બોધ	બૌધ
ઋ	અર્	આર્	મૃ—મર	માર

સંધિપ્રકરણ.

૩૮. **સંધિ**— બે અક્ષર પાસે પાસે આવી એવી રીતે મળી જાય કે તેના મેળાપથી એક નવું રૂપ થાય ત્યારે તેને સંધિ કહેછે.

સંધિપ્રકરણ એ સંસ્કૃત વ્યાકરણનો ભાગ છે. સંસ્કૃતમાં તો સંધિના નિયમ પ્રમાણે વાક્યમાં હરકોઈ શબ્દ બીજા શબ્દની સાથે જોડાઈ શકે. પણ ગુજરાતીમાં તે પ્રમાણે થાય નહિ. ગુજરાતી થઈ ગયલા શબ્દોને પણ આ નિયમ લાગુ પાડી ન શકાય. તો પણ ઘણા ખરા શુદ્ધ સંસ્કૃત શબ્દોનું સંધિકાર્ય કરવામાં તેમજ સંધિવાળા શબ્દોને જુદા પાડવાને એના નિયમ જરૂરના છે.

૩૯. સંધિના પ્રકાર ૪ છે.—**સ્વરસંધિ, અનુસ્વારસંધિ, વિસર્ગસંધિ, વ્યંજનસંધિ.**

સ્વરસંધિ.

સ્વરસંધિ.— બે સ્વરના મળી જવાથી તેમને ઠેકાણે જે રૂપ થાયછે તે.

(૧) **અ** કે **આ**ની પછી કોઈ સવર્ણ સ્વર (અ કે આ) આવે તો, સંધિમાં તે બેઉને ઠેકાણે તેનો **દીર્ઘ** (**આ**) થાય; કોઈ અસવર્ણ હ્રસ્વ કે દીર્ઘ સ્વર (ઇ, ઈ ઉ, ઊ, ઋ), આવે તો બેઉને ઠેકાણે પાછલાનો **ગુણ** મુકાય; અને જો સંધિસ્વર આવે તો ઐ

કે ઐ આવતાં બેઉને ઠેકાણે 'ઐ' ને ઓ કે ઔ આવતાં બેઉને ઠેકાણે ઔ થાય.

અ કે આ + અ = આ	પરમ + અર્થ=પરમાર્થ, વિદ્યા + અર્થી=વિદ્યાર્થી.
,, ,, ,, ,, આ = આ	દેવ + આલય=દેવાલય, વિદ્યા + આલય=વિદ્યાલય.
,, ,, ,, ,, ઇ ઈ = એ	હિત + ઇચ્છુ=હિતેચ્છુ, મહા + ઈશ્વર=મહેશ્વર.
,, ,, ,, ,, ઉ-ઊ = ઓ	સૂર્ય + ઉદય=સૂર્યોદય, શાલા + ઉપયોગી=શાલોપયોગી.
,, ,, ,, ,, ઋ = અર્	પરમ + ઋષિ=પરમર્ષિ, મહા + ઋષિ=મહર્ષિ.
,, ,, ,, ,, એ= ઐ	એક + એક=એકૈક, આત્મા + એકતા=આત્મૈકતા.
,, ,, ,, ,, ઐ= ઐ	પરમ + ઐશ્વર્ય=પરમૈશ્વર્ય, મહા ઐશ્વર્ય=મહૈશ્વર્ય.
,, ,, ,, ,, ઓ=ઔ	પરમ + ઓઘ=પરમૌઘ.
,, ,, ,, ,, ઔ=ઔ	વન + ઔષધિ=વનૌષધિ.

(૨) ઇ કે ઈની પછી એનો સવર્ણ ઇ કે ઈ આવે તો સંધિમાં બેઉને ઠેકાણે તેનો દીર્ઘ (ઈ) મુકાય; અને કોઈ અસવર્ણ સ્વર આવે તો એનો ય્ થઈ પછી પાછળનો સ્વર જોડાયછે

ઇ કે ઈ + અ	=(ય્ + અ) ય	અતિ + અંત=અત્યંત.
,, ,, ,, આ	=(ય્ + આ) યા	ઇતિ + આદિ=ઇત્યાદિ.
,, ,, ,, ઇ કે ઈ = ઈ		કવિ + ઈશ્વર=કવીશ્વર.
,, ,, ,, ઉ	=(ય્ + ઉ) યુ	પ્રતિ + ઉત્તર=પ્રત્યુત્તર.
,, ,, ,, ઊ	=(ય્ + ઊ) યૂ	નિ + ઊન=ન્યૂન.
,, ,, ,, ઋ	=(ય્ + ઋ) યૃ	જાતિ + ઋષિ=જાત્યૃષિ
,, ,, ,, એ	=(ય્ + એ) યે	પ્રતિ + એક=પ્રત્યેક.
,, ,, ,, ઐ	=(ય્ + ઐ) યૈ	જાતિ + ઐશ્વર્ય=જાત્યૈશ્વર્ય.
,, ,, ,, ઓ	=(ય્ + ઓ) યો	જાતિ + ઓઘ=જાત્યોઘ.
,, ,, ,, ઔ	=(ય્ + ઔ) યૌ	જાતિ + ઔષધ=જાત્યૌષધ.

(૩) ઉ કે ઊ પછી એનો સવર્ણ (ઉ કે ઊ) આવે તો સંધિમાં તેમને ઠેકાણે દીર્ઘ (ઊ) થાય, અને કોઈ અસવર્ણ સ્વર આવે તો એનો વ્ થઈને પછી પાછળનો સ્વર જોડાય.

ઉ કે ઊ + અ	=(વ્ + અ) વ	મનુ + અન્તર=મન્વન્તર.
,, ,, + આ	=(વ્ + આ) વા	મનુ + આદિ=મન્વાદિ.
,, ,, + ઇ	=(વ્ + ઇ) વિ	મનુ + ઇચ્છા=મન્વિચ્છા.
,, ,, + ઈ	=(વ્ + ઈ) વી	મનુ + ઈર્ષા=મન્વીર્ષા.
,, ,, + ઉ કે ઊ =ઊ		ભાનુ + ઉદય=ભાનૂદય.
,, ,, + ઋ	=(વ્ + ઋ) વૃ	મનુ + ઋષિ=મન્વૃષિ.
,, ,, + એ	=(વ્ + એ) વે	ભાનુ + એકતા=ભાન્વેકતા.
,, ,, + ઐ	=(વ્ + ઐ) વૈ	મનુ + ઐશ્વર્ય=મન્વૈશ્વર્ય.
,, ,, + ઓ	=(વ્ + ઓ) વો	મનુ + ઓઘ=મન્વોઘ.
,, ,, + ઔ	=(વ્ + ઔ) વૌ	મનુ + ઔષધિ=મન્વૌષધિ.

(૪) ઋ ની પછી તેનો સવર્ણ (ઋ) આવે તો તે બેઉને ઠેકાણે તેનો દીર્ઘ ૠ થાયછે; અને કોઈ અસવર્ણ સ્વર આવે તો એનો ર્ થઈને પછી પાછળનો સ્વર જોડાયછે.

ઋ + અ = ર	પિતૃ + અર્થ = પિત્રર્થ.
,, ,, આ = રા	પિતૃ + આદિ = પિત્રાદિ.
,, ,, ઇ = રિ	પિતૃ + ઇચ્છા = પિત્રિચ્છા.
,, ,, ઈ = રી	પિતૃ + ઈર્ષા = પિત્રીર્ષા.
,, ,, ઉ = રુ	પિતૃ + ઉપાય = પિત્રુપાય.
,, ,, ઊ = રૂ	પિતૃ + ઊર્મિ = પિત્રૂર્મિ.
,, ,, ઋ = ૠ	પિતૃ + ઋષિ = પિતૄષિ.
,, ,, એ = રે	પિતૃ + એકતા = પિત્રેકતા.
,, ,, ઐ = રૈ	પિતૃ + ઐશ્વર્ય = પિત્રૈશ્વર્ય.
,, ,, ઓ = રો	પિતૃ + ઓઘ = પિત્રોઘ.*
,, ,, ઔ = રૌ	પિતૃ + ઔષધિ = પિત્રૌષધિ.

(૫) એ ઐ, ની પછી કંઈ પણ સ્વર આવે તો એ નો અય્ અને ઐ નો આય્ થઈને પછી પાછળનો સ્વર જોડાયછે. જેમકે ની-ને + અન = નયન; નૈ + અક = નાયક. આવા સંધિવાળા ઘણા શબ્દો ગુજરાતીમાં ચાલુ દેખાતા નથી.

* ઉદાહરણમાં ગુજરાતીમાં નહિ વપરાતા એવા શબ્દ,—પ્રત્યેક સંધિનો દાખલો આપવો જોઈએ માટે, લેવા પડ્યા છે.

(૬) એ, ઐ ની પછી કોઈ પણ સ્વર આવે તો સંધિમાં એ નો અય્ અને ઐ નો આય્ થઇને પછી પાછળનો સ્વર જોડાયછે. જેમકે ગો + ઈશ્વર = ગવીશ્વર. નૌ + ઇક = નાવિક.

અનુસ્વારસંધિ.

અનુસ્વારસંધિ.—અનુસ્વારનો તેની પછીના અક્ષરની સાથે મેળાપ થતાં તેનું જે રૂપ થાય તે.

(૧) **અનુસ્વારની** પછી કોઈ સ્વર આવે તો તેનો મ્ થાયછે. જેમકે સં + આચાર=સમાચાર, સં + આરંભ=સમારંભ, સં + ઋદ્ધિ=સમૃદ્ધિ.

(૨) **અનુસ્વારની** પછી કોઈ સ્પર્શવ્યંજન આવે તો તે વ્યંજનના સ્થાનનો **અનુનાસિક** અક્ષર તેને ઠેકાણે થાયછે. જેમકે— સં + કલ્પ = સઙ્કલ્પ, સં + ચય = સઞ્ચય, સં + તાપ = સન્તાપ, સં + પૂર્ણ=સમ્પૂર્ણ.

ગુજરાતી લખવામાં ઉપર પ્રમાણે અનુનાસિક ન વાપરતાં સાધારણ રીતે અનુસ્વારજ લખવાનો ચાલ પડીગયો છે. જો કે ઉચ્ચાર તો પાછળના સ્પર્શવ્યંજનના અનુનાસિક જેવો થાયછે, અને સંસ્કૃતને અનુસરી શુદ્ધ લખનારા ઉચ્ચાર પ્રમાણે અનુનાસિક જોડીને લખેછે પણ ખરા.

તો પણ ગુજરાતી થઈ ગયેલા શબ્દોની વચમાં ને છેડે અનુસ્વારનો ઉચ્ચાર પાછળના વ્યંજનના અનુનાસિક જેવો થતો નથી ત્યાં તો અનુસ્વારજ લખાય. જેમકે—આંક, આંચ, દાંડ, દાંત, કાંપવું, સારૂં, નઠારૂં, વગેરે.

(૩) **અનુસ્વારની** પછી કોઈ અસ્પર્શવ્યંજન આવે તો અનુસ્વાર **બિંદુ** રૂપેજ રહેછે. જેમકે—સંયોગ, સંરક્ષણ, સંલગ્ન, સંવાદ, સંશય, સંસાર.

અસ્પર્શાક્ષર પણ સ્થાનમાં આવી શકે માટે કોઈ વાર એની આગળ પણ અનુસ્વારનો ઉચ્ચાર સ્થાનપરત્વે અનુનાસિક જેવો સંભળાય પણ ખુલ્લો નહિ.

વિસર્ગસંધિ.

વિસર્ગસંધિ— વિસર્ગનો તેની પછીના અક્ષરની સાથે મેળાપ થતાં તેનું જે રૂપ થાય તે.

(૧) **વિસર્ગની** પૂર્વે કોઈ **અ, આ** શિવાયનો સ્વર હોય અને પછી કોઈ ઘોષાક્ષર આવે તો વિસર્ગનો ર્ થાય—જેમકે નિઃ + અર્થ = નિરર્થ, દુઃ + આચાર = દુરાચાર, નિઃ + ઉપાય = નિરૂપાય, દુઃ + ગતિ = દુર્ગતિ, દુઃ + ગંધ = દુર્ગંધ ઈ૦.

(૨) **વિસર્ગની** પૂર્વે **અ** હોય અને પછી કોઈ ઘોષાક્ષર આવે તો વિસર્ગનો ઉ થઈને પૂર્વેના **અ** ની સાથે મળી **ઓ** થાયછે. જેમકે-મનઃ + અર્થ = મનોર્થ, મનઃ + વિકાર = મનોવિકાર, મનઃ + યત્ન = મનોયત્ન.

પણ જો મૂળે ર્ નો વિસર્ગ થયલો હોય તો પાછો રજ થાયછે-જેમકે—પુનર્વિવાહ, પુનર્લગ્ન, પુનરપિ, પુનરૂક્તિ, અંતર્ધ્યાન વગેરે.

(૩) **વિસર્ગની** પછી **ચ** કે (તાળવ્ય) **શ** આવે તો વિસર્ગનો (તાળવ્ય) **શ** થાયછે.—જેમકે નિઃ + ચિંત = નિશ્ચિંત, નિઃ + ચલ = નિશ્ચલ, નિઃ + શંક = નિશ્શંક વગેરે.

(૪) વિસર્ગની પછી **ક, ખ, પ, ફ, ટ, ઠ,** આવે તો વિસર્ગનો (મુર્દ્ધન્ય) **ષ** થાયછે.—જેમકે નિઃ + કપટ = નિષ્કપટ, નિઃ + પાપ = નિષ્પાપ, નિઃ + ફલ = નિષ્ફલ. ખ ને ટ ઠ ના દાખલા ગુજરાતીમાં મળવા મુસ્કેલ છે.

કોઈવાર વિસર્ગ એમનોએમ પણ રહેછે. જેમકે અંતઃકરણ, દુઃખ, અતઃપર, પ્રાતઃકાલ વગેરે.

(૫) **વિસર્ગની** પછી **ત થ** કે (દંત્ય) **સ** આવે તો વિસર્ગનો (દંત્ય) **સ** થાયછે. જેમકે—નિઃ + તેજ = નિસ્તેજ, નિઃ + સંશય = નિસ્સંશય.

સની પૂર્વે વિસર્ગ એમનોએમ પણ રહે. જેમકે—નિઃસંશય, પુનઃસંસ્કાર એમ પણ લખાય.

વ્યંજનાસંધિ.

વ્યંજનસંધિ.—બે વ્યંજનનો મેળાપ થતાં તે બેમાંનો એક કે બેઉ બદલાઈને જે નવું રૂપ થાય તે.

જ્યારે બે ઘોષ કે બે અઘોષ વ્યંજન પાસેપાસે આવે ત્યારે જોડાઈને લખાયછે. જેમકે વાક્ + પતિ = વાક્પતિ, ષટ્ + કર્મ = ષટ્કર્મ, જગત્ + પતિ = જગત્પતિ, ભગવત્ + પુરાણ = ભગવત્પુરાણ. પણ

એક ઘોષ ને એક અઘોષનો જોડાક્ષર કરીને ઉચ્ચાર થતો નથી. જેમકે ગ્ત્ કૃદ બોલાય નહિ, માટે પેહેલા શબ્દને છેડે ઘોષ અને બીજાની આદિએ અઘોષ અથવા પહેલાને અંતે અઘોષ અને બીજાની આદિએ ઘોષ આવે ત્યારે જે તે એક બદલાયછે. ઘણું-કરીને પહેલાનો અંત્યાક્ષર બદલાઈને બીજાના જેવો ઘોષ કે અઘોષ થાય, પણ સ્થાન બદલાતું નથી. જેમકે:

(૧) **ક, ચ, ટ, ત, પ,** ની પછી કોઇ ઘોષાક્ષર આવે તો તે બદલાઈને પોતાના સ્થાનનો ત્રીજો (ઘોષ) એટલે અનુક્રમે **ગ, જ, ડ, દ, બ,** થાયછે. જેમકે વાક્+દાન=વાગ્દાન, વાક્+ઈશ=વાગીશ, ષટ્+રિપુ=ષડ્રિપુ, સત્+ગુણ=સદ્ગુણ, સત્+આચાર=સદાચાર.

(૨) **દંતસ્થાની** (ત્) ની પછી કોઈ **તાલવ્ય, મૂર્દ્ધન્ય** કે **લ** આવે તો તે ત્ બદલાઈને પાછળનાને **સરૂપ** થાયછે. જેમકે સત્+ચિત્=સચ્ચિત, સત્+જન=સજ્જન, તત્+ટીકા=તટ્ટીકા, ઉત્+લાસ=ઉલ્લાસ, તત્+લીન=તલ્લીન.

(3) બીજા શબ્દની આદિએ કોઇ **અનુનાસિક** હોય તો પહેલા શબ્દના છેડાનો વ્યંજન **પોતાના સ્થાનનો અનુનાસિક** થાયછે: જેમકે દિક્+મૂઢ=દિઙ્મૂઢ, ષટ્+માસ=ષણ્માસ, જગત્+નાથ=જગન્નાથ, તેમજ અનુનાસિક ઘોષાક્ષર છે માટે (૧ નિયમ પ્રમાણે) દિગ્મૂઢ, ષડ્માસ પણ થાય. જગદ્નાથ થતું નથી.

(૪) પૂર્વે **દંતસ્થાની** (ત્) હોય અને પછી (તાળવ્ય) **શ** આવે તો **ત્**નો **ચ્** થાય અને **શ**નો **છ** થાયછે. જેમકે—સત્+શાસ્ત્ર=સચ્છાસ્ત્ર, અટ્+શેર=અચ્છેર.

(૫) પહેલા શબ્દને અંતે **અંતઃસ્થ** અથવા **અનુનાસિક-વાળો** કોઇ વ્યંજન નહિ હોય અને બીજાનો આદ્યાક્ષર **હ** હોય તો, પહેલાનો અંત્યાક્ષર બદલાઈને પોતાના વર્ગનો **ત્રીજો,** ને **હ** તેનાજ વર્ગનો **ચોથો** અક્ષર થાયછે. જેમકે—વાક્+હરી=વાગ્ઘરી, ઉત્+હાર=ઉદ્ધાર, ષટ્+હૃદય=ષડ્ઢૃદય.

શબ્દવિચાર.

૪૦. આ ભાગમાં શબ્દનું વર્ણન આવેછે.

કોઇ પણ પ્રકારનો ધ્વનિ જે કંઇ કાને કરીને સાંભળવામાં આવેછે તેને સાધારણ રીતે શબ્દ કહેછે. આવા ધ્વનિ કોઈ અર્થ વગરના પણ હોયછે. પણ વ્યાકરણમાં તો અર્થવાળા તેજ શબ્દ કહેવાય.

શબ્દોમાં, કોઇ એક અક્ષરના કોઇ બે અક્ષરના, કોઇ ત્રણ કે તે કરતાં વધારે અક્ષરના પણ હોય. આ ઉપરથી **એકાક્ષરી, દ્વિ-અક્ષરી, ત્રિ-અક્ષરી** એવા નામ અક્ષરની સંખ્યા ઉપરથી શબ્દોને આપી શકાય.

૪૧. શબ્દના મુખ્ય પ્રકાર બે છે-**આખ્યેય ને અવ્યય.**

૪૨. **આખ્યેય.**—જેનું રૂપાખ્યાપન થઇ શકે એવા શબ્દો. એના ચાર વર્ગ થાયછે;-**નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ.**

પ્રધાન શબ્દ.—આખ્યેય શબ્દો વાક્યમાં મુખ્ય સત્તા ધરાવેછે, તે ઉપરથી એને પ્રધાન શબ્દ કહેછે.

૪૩. **અવ્યય.**—જેનું રૂપાખ્યાપન નથી થતું એવા, એટલે જેના રૂપમાં કંઇ ફેરફાર ન થતાં હમેશાં એકજ રૂપે રહેછે તે. એના પણ ચાર વર્ગ છે.—**ક્રિયાવિશેષણ, નામયોગી, (શબ્દયોગી), ઉભયાન્વયિ (વાક્યયોગી),** અને **ઉદ્ગાર.**

મધ્યમ શબ્દ.—ક્રિયાવિશેષણ, નામયોગી અને ઉભયાન્વયિ, આખ્યેય શબ્દની સાથે સંબંધમાં આવી વાક્યમાં તેનાથી ઉતરતી સત્તા ધરાવેછે, તે ઉપરથી એને મધ્યમ શબ્દ કહેછે.

કેવળપ્રયોગી.—ઉદ્ગાર અવ્યય વાક્યમાં કંઇ સંબંધ ન રાખતાં કેવળ છૂટાજ રહેછે, માટે એને કેવળપ્રયોગી કહેછે.

ઘણાખરા ઉભયાન્વયિ અને ઉદ્ગાર ખરા અવ્યય છે. પણ ઘણાખરા ક્રિયાવિશેષણ અને નામયોગી, કોઈ આખ્યેય શબ્દોનું રૂપાંતર થતાં થતાં અવ્યય જેવા થઇ વપરાવા લાગ્યા છે. જો કે કોઇ કોઇ તો સહેલથી તેના પ્રત્યયો જુદા પાડી ઓળખી શકાય એવા છે.

ખરા અવ્યય— અને, તથા, કે, અથવા, વા, કિંવા, તો, યાતો, જો, જોકે, પણ, પરંતુ, ઇત્યાદિ.

અવ્યય જેવા થઈ ગયલા— માટે, કાજે, વાસ્તે, લીધે, પાસે, પાછળ, ઊંચે, નીચે, ઉપર, હેઠે, તળે, ધીમે, હળવે, ઇત્યાદિ.

શબ્દોના મુખ્ય વર્ગ.— આખ્યેયના ચાર અને અવ્યયના ચાર મળીને શબ્દના મુખ્ય વર્ગ ૮ છે.

શબ્દોના મુખ્ય વર્ગનું કોષ્ટક.

- શબ્દ.
  - આખ્યેય
    - (પ્રધાનશબ્દ)
      - નામ.
      - સર્વના.
      - વિશે.
      - ક્રિયા.
  - અવ્યય
    - મધ્યમશબ્દ.
      - ક્રિયાવિ.
      - નામયો.
      - ઉભયા.
    - કેવળપ્ર૦
      - ઉદ્ગાર.

---

૪૪. **નામ**— જે શબ્દવડે પ્રાણી, પદાર્થ, ઠેકાણું વગેરે ઓળખાયછે તે:— મોહનલાલ, માણસ, ગાય, દૂધ, પાણી, પહાડ, સુરત, દયા, પ્રેમ ઇ૦.

૪૫. **સર્વનામ**— જે શબ્દ નામને ઠેકાણે વાપરવામાં આવેછે તે:— હું, તું, તે, આપણ, આપ, પોતે, કોણ, આ, એ, જે વગેરે.

૪૬. **વિશેષણ.**— જે શબ્દ નામનો ગુણ સંખ્યા વગેરે વિશેષ અર્થ બતાવેછે તે:— સારો, રાતો, પાંચ, પહેલો બીજો વગેરે.

૪૭. **ક્રિયાપદ.**— જે શબ્દ કોઈ પ્રાણી કે પદાર્થવિષે અસ્તિ (હોવું), સ્થિતિ (રહેવું), ગતિ (ચાલવું) કે કૃતિ (કરવું) વગેરે ક્રિયા બતાવેછે તે:— છે, રહ્યો, દોડશે, બોલેછે, કરીશ, વગેરે.

૪૮. **ક્રિયાવિશેષણ** :— જે શબ્દ ક્રિયાપદના અર્થમાં વધારો બતાવેછે તે :— જેમકે તે ત્યાં બેઠો છે, તું હળવે બોલેછે. એમાં ત્યાં, હળવે, એ બેઠો છે અને બોલેછે એના અર્થમાં વધારો બતાવેછે; માટે એ ક્રિયાવિશેષણ છે. ક્રિયાવિશેષણ વિશેષણના કે બીજા ક્રિયાવિશેષણના અર્થમાં પણ વધારો બતાવેછે. બાપુ ઘણો સારો છોકરો છે. તે બહુ હળવે બોલેછે; એમાં ઘણો અને બહુ એ ક્રિયાવિશેષણ છે.

૪૯. **નામયોગી.**— જે શબ્દ નામને જોડાઇને તેનો ક્રિયાપદ વગેરેની સાથેનો સંબંધ દેખાડેછે તે :— જેમકે 'બાપુ માળ ઉપર બેઠો છે,' 'ગોવિંદ મારી **નીચે** છે.' એમાં ઉપર, **નીચે**, આ શબ્દો નામયોગી છે.

૫૦. **ઉભયાન્વયી.**— બે વાક્યને, વાક્યના બે ભાગને કે બે શબ્દને જોડનાર શબ્દ :— જેમકે 'આજે રજા છે **માટે** કાલે આવજો.' 'તેણે કહ્યું કે હું કાલે આવીશ.' 'મારાથી ન અવાય કેમકે મારા ઘરમાં કોઈ નથી.' પાઠ વાંચ્યા પછી **અને** કૉપી લખ્યા પછી જે કરવું હોય તે કરજો 'બાપુ કે ગોપાળ આવશે.' આ વાક્યોમાં **માટે**, **કે**, **કેમકે**, **અને**, **કે**, આ શબ્દો ઉભયાન્વયી અવ્યય છે.

૫૧. **ઉદ્ગાર**.*— મનમાં કંઈ હર્ષ, શોક, ગભરાટ વગેરે એકાએક લાગણી થઈ આવવાથી જે શબ્દ છૂટો બોલાઈ જાય-છે તે.— જેમકે હાય, અરે, આહા, ઓહો, વ૦. એને વાક્યમાં બીલકુલ સંબંધ નથી માટે '**કેવળપ્રયોગી**' કહેછે.

(પ્રત્યેક અવ્યયના સમૂહને માટે આગળ અવ્યયના પાઠમાં જોવું).

નીચેના મનોયત્નમાં આપેલાં વાક્યોમાંથી નામ, સર્વનામ વગેરે આઠ વર્ગના શબ્દ બતાવો.

---

* પદચ્છેદમાં **ઉદ્ગાર** ને બદલે **કેવળપ્રયોગી અવ્યય** કહેવાની રીત ચાલેછે.

મનોયત્ન ૧ લો.

૧ ચુનીલાલ હુશીઆર છોકરો છે. ૨ એ હમેશાં પહેલો નંબર રાખેછે. ૩ બાપુભાઈ ઘણો તોફાની છે. ૪ એવા છોકરાની ઉપર માબાપનું હેત રહેતું નથી. ૫ જો તે ઉપર નંબર નહિ રાખે તો તેની માફી જશે. ૬ એશિયાખંડના મુખ્ય પર્વત તથા નદી લખો. ૭ એ કોણ બોલ્યો અલ્યા? ૮ વાહ એવું નબળું ભાષણ આપણા મ્હોમાંથી કેમ નિકળે? ૯ આહા! ચોમાસાની ઋતુ કેવી આનંદી છે. ૧૦ પરમેશ્વરની કૃતિનો દેખાવ જોવાને માટે રસીલા માણસો વરસાદમાં પણ બહાર ફરેછે. ૧૧ લલ્લુભાઈ, તમે પાટલી ઉપર પગ મુક્યો માટે ઉભા થાઓ, અને પાંચ મિનિટ પછી હેઠે પગ રાખીને બેસો. ૧૨ મારા બાપે એક બળદની જોડ ને બે કાળી ગાયો આ મોસમમાં લીધાં. ૧૩ ઘઉંની ઘણી સારી ખાવાની ચીજો થાયછે.

આખ્યેય શબ્દો.

નામ.

૫૨. કોઈ પણ પ્રાણી, પદાર્થ, સ્થળ વગેરેને ઓળખાવનારા (સંજ્ઞિક) શબ્દો તે નામ— નામના મુખ્ય ત્રણ પ્રકાર છે— **વિશેષનામ, સામાન્યનામ, ભાવવાચકનામ.**

૫૩. **વિશેષનામ**— કોઈ એકજ પ્રાણી પદાર્થ કે સ્થળનું ખાસ નામ— જેમકે મોહનલાલ, હિમાલય, ગંગા, સુરત ઇ૦.

૫૪. **સામાન્યનામ**— જે નામ કોઈ પ્રાણી, પદાર્થના આખા વર્ગને કે તે વર્ગમાંના એક એકને સરખી રીતે લાગુ પડે તે.— માણસ, ગાય, ઘોડો, પર્વત, નદી, ઘર, ગામ, શેહેર, લાકડું વ૦. સામાન્યનામના બે મોટા પેટા વર્ગ છે.—

૧.— સમુદાયવાચક— ટોળું, લશ્કર, સંઘ, વગેરે.

૨.— સમુચ્ચયવાચક— સુનું, રૂપું, પાણી, ઘઉં, મગ, જુવાર, દૂધ, વગેરે.

૫૫. **ભાવવાચકનામ**— મનોભાવ અને ગુણનાં નામ જેને આપણે કોઈ વસ્તુની પેઠે જોઈ શકતા નથી, પણ મનથી સિદ્ધ કરિયેછિયે તેઃ— દયા, પ્રેમ, લોભ, સત્યતા, વગેરે,

પદાર્થમાં રહેલા ગુણ, આકૃતિ, તથા ક્રિયાપદની ક્રિયાના નામ પણ આ ભાગમાં આવેછે:—જેમકે ખુબસુરતી, સુંદરતા, રતાશ, કાળાશ, વધ, ઘટ, દોડાદોડ, તારણ વગેરે.

નીચેના મનોયત્નમાં આપેલાં વાક્યોમાંથી દરેક પ્રકારનાં નામ બતાવો.

મનોયત્ન ૨ જો.

૧ પરમેશ્વરના ડહાપણનો પાર નથી. ૨ તેણે માણસને વાચા તથા સારૂં નઠારૂં જાણવાની શક્તિ આપેલી છે. ૩ કેટલાંક પ્રાણીને વાચા નથી તોપણ સમજણ હોયછે. ૪ હિંદુસ્થાનમાં ઘણા ધર્મના લોકો છે. ૫ મનુએ અઢાર વર્ણના ધર્મ તેમજ વ્યવહાર સંબંધી નીતિ સારી બાંધેલી છે. ૬ બાપુભાઈને કવિતાનાં પુસ્તક વાંચવાનો ઘણો લક્ષ છે. ૭ બરાબર વખતે વરસાદ આવે તો વરસમાં બે પાક પાકે. ૮ સત્યતા અને દયા એ માણસના સુખનું મૂળ છે. ૯ કવિ નર્મદાશંકર અને નવલરામજી જેવા વિદ્વાન પુરૂષની આપણને ખોટ છે. ૧૦ ભાષા સંબંધી એમનું ઉત્તમ પ્રકારનું જ્ઞાન હતું એવું વિદ્વાનોનું માનવું છે. ૧૧ સમુદ્રમાં જેવાર ભરતી ઓટ થાયછે અને ભરતી વખતે પવનનું તોફાન જબરૂં હોયછે. ૧૨ હિમાલયની તળેટીમાં ઘણી જાતની વનસ્પતિ થાયછે. ૧૩ ગંગા નદીને કિનારે હિંદુ લોકોનાં ઘણાં જાત્રાનાં ઠેકાણાં આવેલાં છે. ૧૩ અંગ્રેજ સરકારનાં લશ્કરની ગોઠવણી તથા કવાયત સારી છે. ૨૫ આજે મેળાનો દિવસ છે તેથી બજારમાં ઠામ ઠામ પુરૂષ અને સ્ત્રીનાં ટોળાં દીઠામાં આવેછે.

૫૬. નામને જાતિ, વચન અને વિભક્તિ લાગેછે—જાતિ વચન અને વિભક્તિ લગાડતાં નામનાં જે જુદાં જુદાં રૂપ થાયછે તેને **રૂપાંતર** કે **રૂપાખ્યાન** કહેછે.

જાતિ.

૫૭. જાતિ—પ્રાણીઓમાં નર નારીનો જે ભેદ છે, તે ઉપરથી ભાષાના શબ્દોમાં એવો જે ભેદ જણાયછે તેને જાતિ કહેછે. જાતિ ત્રણ છે:—**નર, નારી, અને નાન્યતર**[1]

૫૮. નરજાતિ—જે નામ નરને માટે હોય, અથવા નરની પેઠે બોલાતું હોય તે નરજાતિનું નામ કહેવાય:—રાજા, ઘોડો, ખડિયો, લખોટો, બળદ વગેરે.

---

૧ (ન=નહિ, અન્યતર=બેમાનું એક)=નર કે નારી બેમાંની કોઈ જાતિ નહિ તે.

૫૯. **નારિજાતિ**— જે નામ નારીને માટે હોય, અથવા નારીની પેઠે બોલાતું હોય તે નારીજાતિનું નામ કહેવાય:— રાણી, ઘોડી, જુ, પાટલી, ગાય વગેરે.

૬૦. **નાન્યતરજાતિ**— જે નામ નર કે નારી બેમાંથી એકે નહિ હોય, અથવા બેમાંથી એકેની પેઠે બોલાતું ન હોય તેને નાન્યતર જાતિનું નામ કહેવું— લાકડું, મગતરૂં, વાછરડું. ૫૦

સંસ્કૃત નામોમાં જાતિ ઓળખવાને કંઈ અમુક નિયમ નથી, એટલે ગુજરાતીમાં શબ્દના રૂપ ઉપરથી કે પ્રાણી પદાર્થને ધોરણે જાતિ ઓળખવાને કંઈ અમુક નિયમ બંધાતા નથી. તેમજ બીજી ભાષાઓમાં પ્રાણીવાચક નામ તથા સર્વનામને માત્ર નર કે નારીજાતિ હોયછે, અને બાકીનાં બધાં જડ નામને નાન્યતરજાતિ છે. ગુજરાતીમાં તો વસ્તુનાં, તેમજ ગુણનાં નામોને પણ નર ને નારીજાતિ જુદે જુદે ધોરણે લાગેછે. તેથી પરદેશીને એ ઘણું કઠિણ પડેછે.

૬૧. આપણે સાધારણ રીતે કેવો, કેવી, કેવું, એ ત્રણ રીતે પ્રશ્ન પુછવાથી અનુક્રમે નર નારી ને નાન્યતર ઓળખી કાઢિયેછિયે.— જેમકે 'છોકરો' કેવો? એ નરજા૦. 'ચોપડી' કેવી? એ નારીજા૦. અને 'પાટીઉં' કેવું? એ નાન્યતર જા૦.

આ પ્રમાણે પ્રશ્ન પુછવાની રીત ઉપરથી એવો ભાસ પડે કે જાણે ઓ, ઈ, ને ઉં એ સાધારણ રીતે જાતિદર્શક પ્રત્યય હોય, પણ **ઓકારાંત*** નામ નારી કે નાન્યતરનું હોય, ઈકારાંત નર કે નાન્યતરનું હોય. તેમજ ઉંકારાંત નર કે નારીનું હોય. માટે એ ચોક્કસ નિયમ અપાતો નથી. વળી નામને છેડે અ, આ, ઉ, વગેરે કોઈ બીજા સ્વરો પણ આવેછે. માટે અંત્યાક્ષરને ધોરણે જાતિના ચોક્કસ નિયમ બંધાતા નથી.

૬૨. સાધારણ રીતે જેને છેડે ઓ આવે તે ઘણાંખરાં નામ નરજાતીનાં, જેને છેડે ઈ આવે તે ઘણાંખરાં નામ

---

* ઓકારાંત (ઓકાર+અંત) = છેડે **ઓ** આવતો હોય એવા. એજ પ્રમાણે, છેડેના સ્વર ઉપરથી અકારાંત, ઈકારાંત, ઉકારાંત વગેરે કહેવાય.

નારીજાતીનાં, અને જેને છેડે ઉં આવે તે ઘણાંખરાં નામ નાન્યતરજાતીનાં હોયછે.

એવાં નામોનું તેના અપવાદ સાથે નીચે પ્રમાણે ધોરણ બાંધ્યું છે.

(૧) ઓકારાંત નામ ઘણાંખરાં નરજાતિનાં હોય— જેમકે છોકરો, ઘોડો, બળિયો, પાવડો, વાવટો, વ૦.

અપવાદ†— ઓકારાંત નારીજાતિ— જળો, ખો, છો, ઓ, ધો, દરો.

,, — ઓકારાંત નાન્યતરજાતિ— મ્હોં.

(૨) ઈકારાંત નામ ઘણાંખરાં નારીજાતિનાં હોય.— જેમકે છોકરી, પાડી, ચોપડી, લાકડી, વાડી, સ્ત્રી, નદી, વગેરે.

અપવાદ—ઈકારાંત નરજાતિ— હાથી, ઘાંચી, મોચી, તાઈ, તંબોળી, સોઈ, દરજી, વાઘરી, પારધી, હબસી, સોની, માળી, સોની, કોળી, કણબી, કવિ, ઋષિ, ધણી, વગેરે.

,,— ઈકારાંત નાન્યતરજાતિ— પાણી, મોતી, ઘી, બી, મણી.

(૩) ઉંકારાંત નામ ઘણું કરીને બધાંજ નાન્યતરજાતિનાં છે— જેમકે છોકરૂં, ઘોડું, પાટીઉં, લાકડું, વગેરે.

અપવાદમાં માત્ર 'ઘઉં' એ નરજાતિમાં આવેછે.

અપવાદમાં આપેલાં નામ મ્હોડે રાખ્યાપછી તે શિવાયનાં ઓકારાંત તે નરજાતી, ઈકારાંત તે નારીજાતી અને ઉકારાંત તે નાન્યતરજાતીનાં નામ છે; એ નિયમ પરદેશીને માટે ઠીક છે.

૬૩. આ શિવાય અ, આ, ઉ, અને એ ઐ વગેરે સ્વરો જેને છેડે આવતા હોય એવાં નામો પણ ત્રણે જાતિનાં હોયછે.

અકારાંત નરજાતિ.— હાથ, પગ, બળદ, પોપટ, મચ્છર, મગ, અડદ, પાપડ, વગેરે.

---

†અપવાદ= ચોક્કસ નિયમમાંથી કંઈ બાતલ કરવું તે અપવાદ કહેવાય.

અકારાંત નારીજાતિ— ગાય, ભેંસ, ચીજ, ખીજ, વાત, લાત, બાથ, જાત, ન્યાત, જણસ, શરમ, લગામ, વગેરે.

અકારાંત નાન્યતરજાતિ.— ગામ, કામ, નામ, રત્ન, ઘર, ઊંટ, ખેતર, માણેક, વગેરે. [દેવતા, ચંદ્રમા, વા.

આકારાંત નર૦— રાજા, પિતા, દાતા, કર્ત્તા, મહિમા,

આકારાંત નારી૦— કથા, વાર્ત્તા, બાધા, રજા, સજા, ધ્વજા, ત્વચા, હિંસા; લજ્જા, પ્રજા, દયા, માતા વગેરે.

આકારાંત નાન્ય૦— કલકત્તા, વાંસદા.

ઉકારાંત નર૦— લાડુ, રૂ, વાયુ, વરૂ, ગુરૂ, ચરૂ, દારૂ, મરારૂ, શત્રુ, સ્હાડુ.

ઉકારાંત નારી૦— વસ્તુ, સાસુ, વહુ, જુ, લુ, બુ, ધાતુ, રૂખરૂ.

ઉકારાંત નાન્ય૦— પશુ, લીંબુ, તરૂ, રૂ, જાંબુ, ખરૂ.

એકારાંત નર૦— ભે (ભય) મ્હે (મેઘ) ન્હે, ક્ષે, (ક્ષય) ખે, જે (જય). [ન્હેલે, જે, હરડે.

એકારાંત નારી૦— મ્હે, લ્હે, સ્હે, તરે, વલે, મજે, ગે,

એકારાંત નાન્ય૦— તાલે (નશીબ).

ઐકારાંત નર૦— ક્ષૈ (રોગ) અતૈ (અભંગ ગવેયો).

ઐકારાંત નારી૦— ક્ષૈ (ખાંસી) પવૈ.

ઐકારાંત નાન્ય૦— દૈ (ચરોતરમાં દૈવને બદલે વાપરે છે).

૬૪. ત્રિજાતિનામ— કેટલાંક નામ જેને ત્રણે જાતિ લાગે છે તે. જેમકે— છોકરો, છોકરી, છોકરૂં વગેર.

૬૫. દ્વિજાતિનામ— કેટલાંક નામનાં ફક્ત નર ને નારી બેજ રૂપ થાય છે તે— કાકો-કાકી, મામો-મામી, દાદો-દાદી, સાળો-સાળી, પાપો-પાપી, રોટલો-રોટલી, પાટલો-પાટલી, ઓટલો-ઓટલી, ચોપડો-ચોપડી, ગોળો-ગોળી, હાંડો-હાંડી વ૦.

વસ્તુનાં નામમાં આ પ્રમાણે નારીજાતીમાં લઘુતાનો અર્થ છે.

કેટલાંક વસ્તુના નામમાં મ્હોટાપણાનો અર્થ બતાવવાને નરને બદલે નાન્યતરજાતીનું રૂપ વપરાયછે :— જેમકે કલ્લું-કલ્લી, છાપરૂં-છાપરી, પુતળું-પુતળી, માટલું-માટલી, હાંલ્લું-હાંલ્લી.

૬૬. એકજાતિનામ.— કેટલાંક પ્રાણી કે પદાર્થનાં નામ જે એકજ જાતિમાં વપરાયછે તે :— [૫૩.

નર૦-પ્રાણીવાચક.—નોળીઓ, કાચબો, વંદો, જુવો,
,, પદાથ૦—દરવાજો, રસ્તો, ખડિયો, હીરો, કડાકો,
ફડકો, ભડકો દરિયો વગેરે.

નારી-પ્રાણીવા૦— ખીસ્કોલી, માખી, જુ.
,, પદાર્થવા૦—સાડી, કપ્પી, કડી, વ૦

નાન્ય૦-પ્રાણીવા૦—ચામચ્ચીડિયું, વનવાગળું, મગતરૂં.
,, પદાર્થવા૦—ભાતું, ખાતું, માથું, નાસું, તાળું વ૦.

કેટલાંએક નામ જુદા જુદા ભાગના લોકો જુદી જુદી જાતીમાં વાપરેછે :—

(૧) અગ્નિ, તપાસ, તંબાકુ, વખત, વર્ગ, વાર, ક્રોધ વગેરે શબ્દો નર અને નારી એ બંને જાતીમાં વપરાયછે.

(૨) ડોળ, પત્ર (કાગળ) મત્ત, માણસ વ૦ શબ્દો નર અને નાન્યતર એ બંને જાતીમાં વપરાયછે.

(૩) ઓળખાણ, બડીઆળ, જનોઈ, સ્હવાર, સોપારી વ૦ શબ્દો નારી અને નાન્યતર એ બંને જાતીમાં બોલાયછે.

---

૬૭. ગુજરાતીમાં પ્રાણીવાચક નરનાં નામ ઉપરથી બે રીતે નારીનાં નામો નિકળેલાં દીઠામાં આવેછે

૧. નારી જાતિનાં જુદાંજ નામો હોયછે.—

નરજા૦—	નારીજા૦—	નરજા૦	નારીજા૦
પુરૂષ	સ્ત્રી	બાપ	મા
બાયડો	બાયડી	પિતા	માતા
માટીડો	બૈરી, બૈરૂં	સસરો	સાસુ

ઠાકોર	ઠકરાણું	મરદ	ઓરત
રાજા	રાણી	ખાવિંદ	,,
નર	નારી	નર	માદા
પતિ	પત્નિ	મોર	ઢેલ
ધણી	ધણીઆણી	ભુત	ડાકણ
વર	વહુ	પાડો	ભેંસ-પાડી
વર	કન્યા	બળદ (આખલો.)	ગાય.

૨. વિવિધ પ્રત્યય[1] લાગવાથી નારીજાતિ થાયછે.

'ઈ' પ્રત્યયથી.

બ્રાહ્મણ—બ્રાહ્મણી   પુત્ર-પુત્રી   રાક્ષસ-રાક્ષસી.

એણ, અણ, કે ણ પ્રત્યયથી.

ઘાંચી—ઘાંચેણ-ચણ	નાગ—નાગેણ-ગણ
મોચી—મોચેણ-ચણ	સાપ—સાપેણ-પણ
સુથાર—સુથારેણ-રણ	વાણીઓ—વાણીએણ-અણ
લુહાર—લુહારેણ-રણ	કાછીઓ—કાછીએણ-અણ
લુહારડી	વાઘરી—વાઘરેણ-રણ
માળી—માળેણ-ળણ	કણબી—કણબેણ-બણ

'આણી' પ્રત્યયથી.

શેઠ—શેઠાણી	ભટ્ટ—ભટાણી
ગોર—ગોરાણી	પટેલ—પટલાણી-પટલેણ

'ડી' અથવા 'ણી' પ્રત્યયથી.

હજામ-હજામડી	ચંડાળ—ચંડાળણી
ચાકર—ચાકરડી	પિશાચ—પિશાચણી
ભીલ—ભીલડી	પાપી—પાપિણી

વચન.

૬૮. **વચન**—કોઈ પ્રાણી કે પદાર્થનું નામ બોલતાં તે એક છે કે એક કરતાં વધારેછે એ જેથી જણાયછે તેને વચન કહેછે.—વચન બે છે:—એકવચન ને બહુવચન (અનેકવચન).

---

૧. પ્રત્યય (સં. प्रति = બાજુએ, अय = જનાર, આવનાર इ = જવું ઉપરથી) પાસે આવી કંઈ વિવિધ વિકાર કરનાર કે સંબંધ દેખાડનાર.

૬૯. એકવચન—જે નામ બોલતાં એક પદાર્થ કે પ્રાણી જણાય તે એકવચનનું નામ કહેવાય. જેમકે છોકરો, ઘોડો વગેરે.

૭૦. બહુવચન—જે નામ બોલતાં તે એક કરતાં વધારે છે એવું જણાય તો તેને બહુવચનનું નામ કહેવું—જેમકે છોકરા, ઘોડાઓ, લાકડાં વગેરે—આ નામો બોલતાં એક નહિ પણ બે કે બે કરતાં વધારે સંખ્યાનો ભાસ પડેછે. માટે એ બહુવચન.

૭૧. પ્રત્યય—ગુજરાતીમાં એકવચનનો પ્રત્યય નથી; એકવચનમાં નામનું જે મૂળ રૂપ હોય તેજ રહેછે. બહુવચનનો પ્રત્યય 'ઓ' છે.—જેમ છોકરો, છોકરાઓ, ઈંડું ઈંડાં કે ઈંડાંઓ, લાકડી, લાકડીઓ વગેરે.

બહુવચન કરવાની રીત.

(૧) ઓકારાંત નરજાતિનાં નામ અને ઉંકારાંત નાન્યતરજાતિનાં નામને બહુવચનનો પ્રત્યય લગાડતાં પહેલાં 'ઓ'નો 'આ' ને 'ઉં'નો આં કરવો પડેછે—જેમ ઘોડો-ઘોડાઓ, ઈંડું-ઈંડાંઓ.

(૨) અકારાંત નામને બહુવચનનો પ્રત્યય લગાડતાં છેડાનો અ મુકીદેવો પડેછે એટલે ઓ તેમાં ભળી જાયછે. જેમકે-માણસ-માણસો, ગામ-ગામો, ફળ-ફળો વગેરે.

(૩) આકારાંત, ઈકારાંત, અને ઉકારાંત નામોનું બહુવચન કરતાં ઓ પ્રત્યય છેડે છૂટો લાગેછે.— જેમકે રાજા-રાજાઓ, લાકડી-લાકડીઓ, લાડુ-લાડુઓ વગેરે.

(૪) ઓકારાંત નારી કે નાન્યતરજાતિનું નામ, અને ઔ છેડે આવતા હોય એવાં નામને ઘણું કરીને બહુવચનનો પ્રત્યય લાગતો નથી. જેમકે ગો, મ્હોં એને માટે ગોઓ, મ્હોંઓ એમ બોલતા નથી.

કોઈ નામની સાથે જ્યારે એક કરતાં વધારે સંખ્યા બતાવનારા શબ્દો કે બધાં, ઘણાં, સંધા, કેટલાએક એવા બહુવચનના

અર્થ બતાવનારા શબ્દો આવે ત્યારે બહુવચનનો પ્રત્યય પડતો મુકવાનો ચાલ છે.

આવી રીતે પ્રત્યય નહિ આવેલા હોય ત્યારે રૂપ ઉપર આધાર ન રાખતાં આગળ પાછળના સંબંધ ઉપરથી વચન ઓળખી કાઢવું. જેમકે 'રામદાસ લુચ્ચો માણસ છે.' એમાં માણસ એકવચન—પણ 'તે ઘરમાં ચાર માણસ છે'—કે—'ત્યાં ઘણાં માણસ હતાં.' એમાં માણસ બહુવચન છે.

૭૨. સમુચ્ચયવાચક— જથ્થો બતાવનારાં નામોમાં કેટલાંએક એકવચનમાંજ રહેછે—જેમકે, ઘી, ખાંડ, ગોળ, શાકર, દુધ, મીઠું, સુનું, રૂપું, ડાંગર, બાજરી, જુવાર, કપાસ, ખડ, કડબ, ઘાસ, જીરૂં, હીંગ, મેથી, પાણી, માટી, દેવતા, ભોંય વગેરે.—આમાંના કોઇને વખતે જુદી જુદી જાત બતાવવાને બહુવચન લાગેછે—જેમ તેણે ઘણા દેશનાં પાણી પીધાં છે. ચરોતરમાં પણ બે જાતનાં ઘી થાયછે.

કેટલાંક નામ બહુવચનમાંજ રહેછે— ઘઉં, મગ, મઠ, અડદ, તલ, મરી, વગેરે.

વિશેષ નામમાં એકપણાનો અર્થ છે માટે તે એકવચનમાં છે; પણ કોઈવાર માનને ખાતર બહુવચનના નામની પેઠે તેના સાથે વિશેષણ કે ક્રિયાપદ બહુવચનના રૂપમાં આવેછે. જેમ 'બાપુભાઈ સારા માણસ છે' 'ટેલર સાહેબ સ્વર્ગવાસી થયા.'

વિશેષ નામ સામાન્ય નામની પેઠે વપરાય ત્યારે તેને બહુવચનમાં લેવાય—જેમકે 'અમારી વર્ગમાં ત્રણ ચુનીલાલ હતા.'

ભાવવાચક નામ પણ એકવચનમાંજ રહેછે—પણ કોઇવાર તે ભાવની જુદી જુદી જાત બતાવવાને બહુવચનમાં વપરાયછે.

ઘણાં સામાન્ય નામ પણ એકવચનમા છતાં માનાર્થે બહુવચનનાં નામની પેઠે વપરાયછે:-મેહેતાજી મોડા આવ્યા, મહારાજ કાલેજ પધાર્યા, શેઠાણી બોબડાં છે, ગોર તો હંસતા હતા, વગેરે.

વિભક્તિ.

૭૩. **વિભક્તિ**— નામ કે સર્વનામનો બીજા શબ્દ સાથે ક્રિયા વગેરેનો સંબંધ બતાવવાને જુદા જુદા પ્રત્યયો લાગવાથી તેનાં જે રૂપ થાયછે તેને વિભક્તિ કહેછે.

૭૪. વિભક્તિઓ સાત છે:—એને અનુક્રમે **પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, સાતમી**, એ પ્રમાણે કહેછે. વળી નામને એક આઠમી વિભક્તિ લાગેછે તેને **સંબોધન** કહેછે. એ વિભક્તિઓ તેનાં નામ, પ્રત્યય તથા સામાન્ય અર્થ સાથે નીચેના કોષ્ઠકમાં આપી છે.

વિભ૰	નામ.	પ્રત્યય.	સામાન્ય અર્થ.
૧.	**प्रथमा**	(નથી)	કર્તા
૨.	**द्वितीया**	„ (કોઈવાર ચોથીનો પ્રત્યય **ને** વપરાયછે.)	કર્મ
૩.	**तृतीया**	એ	કર્તા, કરણ——(જેણે કરીને કંઈ કરાય કે થાય તે).
૪.	**चतुर्थी**	ને,	સંપ્રદાન,—(જેને કંઈ મળેછે કે જેને નિમિત્તે કંઈ થાયછે).
૫.	**पंचमी**	થી–થકી	અપાદાન——(જ્યાંથી–જેમાંથી–જેથી કંઈ ક્રિયા થાયછે તે).
૬.	**षष्ठी**	નો, ની, નું, ના, નાં	સંબંધ.
૭.	**सप्तमी**	માં, એ	અધિકરણ——(ઠેકાણું સમય વગેરે).
૮.	**संबोधन***	(નથી)	સંબોધન——(કોઈનું નામ લઈને બોલાવવું).

* આ ખરૂં જોતાં આઠમી વિભક્તિ નથી પણ એ પ્રથમાનું એક રૂપ છે. એને 'સંબોધનાર્થે પ્રથમા' કહેછે.

સંબોધનનો પ્રત્યય નથી; પણ ઓકારાંત નરજાતિ ને ઉંકારાંત નાન્યતરજાતિનાં નામમાં ઓ ને ઉંનો આ થઈ જાયછે. જેમકે છોકરા, આમ આવ.

૭૫. વિભક્તિ લગાડવાની રીત.—

(૧) ઓકારાંત નરજાતિ અને ઉંકારાંત નાન્યતરજાતિનાં નામને વિભક્તિના પ્રત્યય લગાડતાં પહેલાં તેમાં ઓ ને ઉંનો એકવચનમાં આ કરવો પડેછે; અને બહુવચનમાં ઓ નો આ ને ઉં નો આં કરવો પડેછે.

વળી એ પ્રત્યય લાગતાં છેડાનો સ્વર જતો રહી એ ભળી જાયછે. જેમકે છોકરો એનું છોકરાએ કે છોકરે; ઈંડું એનું ઈંડાંએ, ઈંડે થાયછે.

(૨) કોઈપણ નામની સાથે બહુવચનનો પ્રત્યય વાપરવો હોય તો તે લાગ્યા પછી વિભક્તિના પ્રત્યય લાગેછે.

ઓકારાંત નરજાતિ છોકરો (વિકારી નામ.)

વિભક્તિ.	એકવચન.	બહુવચન.
૧.	ઘોડો	ઘોડાઓ, ઘોડા
૨.	ઘોડો, ઘોડાને	ઘોડાઓને, ઘોડાને
૩.	ઘોડાએ, ઘોડે	ઘોડાઓએ, ઘોડે
૪.	ઘોડાને	ઘોડાઓને, ઘોડાને [-થકી
૫.	ઘોડાથી-થકી	ઘોડાઓથી-થકી, ઘોડાથી
૬.	ઘોડાનો,-ની,-નું-ના-નાં	ઘોડાઓનો-ની-નું-ના-નાં, ઘોડાનો ૪૦
૭.	ઘોડામાં, ઘોડે*	ઘોડાઓમાં, ઘોડામાં
સંબોધન.	ઘોડા	ઘોડાઓ, ઘોડા

ઉંકારાંત નાન્યતરજાતિ ઈંડું (વિકારી નામ)

૧.	ઈંડું	ઈંડાંઓ, ઈંડાં

---

* સાતમીનો પ્રત્યય એ લગાડતાં 'ઘોડાએ' એમ થાય નહિ. જેમકે ઘોડાએ બેઠો એમ નથી બોલાતું; પણ 'ઘોડે બેઠો;' 'છાપરે ચઢયો' 'છાપરાએ' નહિ

૨.	ઈંડું, ઈંડાને	ઈંડાંઓને, ઈંડાંને
૩.	ઈંડાએ, ઈંડે	ઈંડાંઓએ, ઈંડે
૪.	ઈંડાને,	ઈંડાંઓને, ઈંડાંને
૫.	ઈંડાથી-થકી	ઈંડાંઓથી-થકી, ઈંડાંથી-થકી.
૬.	ઈંડાનો-ની-નું-ના-નાં	ઈંડાંઓનો-ની-નું-ના-નાં, ઈંડાંનો વગેરે
૭.	ઈંડામાં, ઈંડે	ઈંડાંઓમાં, ઈંડે
સંબોધન*	ઈંડા	ઈંડાંઓ, ઈંડાં

(૩) અકારાંત નામને વિભક્તિના પ્રત્યય છૂટા લાગેછે; પણ 'એ' પ્રત્યય લાગતાં છેડાનો અ જતો રહી એ સાથે ભળીજાયછે. જેમકે માણસ એનું માણસે, સુથાર એનું સુથારે પણ માણસએ, સુથારએ, થાયજ નહિ.

(૪) આકારાંત, ઈકારાંત, ને ઉકારાંત નામને તો વિભક્તિના પ્રત્યય છૂટાજ લાગેછે.

---

૭૬. મૂળ સંસ્કૃત શબ્દો ઉપરથી (વિવિધરૂપે) ગુજરાતીમાં નામ થઈ વપરાવા લાગ્યાં. સંસ્કૃતમાં નામને છેડે સ્વર અને વ્યંજન બેઉ આવેછે; પણ ગુજરાતીમાં તો ઘણું કરીને સ્વર એકલો દીઠામાં આવેછે;—ઘણું કરીને અ, આ, ઇ–ઈ, ઉ–ઊ, ઓ અને ઊં આટલા સ્વરો અંત્યાક્ષર હોયછે. ઋ શુદ્ધ સંસ્કૃત શબ્દોને છેડે હોય; અને એ, ઐ કે ઔ છેડે આવતા હોય એવા તો ઘણાં થોડાં નામ જડે.

આપરથી નામના **વિકારી** ને **અવિકારી** એવા બે ભેદ† થાય.

(૧) **વિકારી**— જે નામને વિભક્તિ કે બહુવચનના પ્રત્યય લગાડતાં તેના છેડાના સ્વરમાં વિકાર થાયછે તે. જેમકે—'છોકરો' એનું 'છોકરાને' 'છોકરાઓ' ઈંડું એનું 'ઈંડાને' 'ઈંડાંઓ'— ઓકારાંત નર ને ઉંકારાંત નાન્યતર જાતિનાં નામ વિકારી છે.

---

* સંબોધન વિભક્તિ ઘણું કરીને પ્રાણીવાચક શબ્દો જેની સામાન્ય સંજ્ઞાનું નામ લઈ બોલાવી શકાય તેને લગાડવી.

† આ ભેદને હોપ સાહેબે, પહેલા પ્રકારનાં ને બીજા પ્રકારનાં નામ કહ્યાં છે.

આવાં (વિકારી) નામને વિભક્તિ કે બહુવચનના પ્રત્યય લગાડતાં પહેલાં, ઓ ને ઉં ને બદલે આ કરવો પડેછે, અને બહુવચનમાં ઉં ને બદલે 'આં' કરવો પડેછે:—છોકરાઓ, છોકરાને, ઈંડાંઓ, ઈંડાંને કે ઈંડાંઓને.

(૨) **અવિકારી**—જે નામને વિભક્તિ કે બહુવચનના પ્રત્યય લગાડતાં, છેડાનો સ્વર બદલાયા વગર રહે છે તે. જેમકે—માણસ, રાજા, સ્ત્રી, લાડુ, મ્હે, ક્ષૈ, મૌ, વગેરે—ઓકારાંત નર ને ઉંકારાંત નાન્યતર શિવાયનાં બધાં નામો અવિકારી છે.

વિભક્તિ સંબંધી પદચ્છેદને લગતી સૂચના.

(૧) '**એ**' પ્રત્યય ત્રીજીનો તેમજ સાતમીનો છે; માટે કર્તા, કરણ, કારણ વગેરે ત્રીજીના અર્થમાં વપરાયલો હોય ત્યાં એને ત્રીજી વિભક્તિ ગણવી. પણ ઉપર, આગળ, પાસે, તરફ, એવો ઠેકાણાનો અર્થ બતાવતો હોય કે સમય બતાવવાને વપરાયલો હોય ત્યાં એને સાતમી વિભક્તિ કહેવી— જેમકે તે માળે ચઢયો, હું વડોદરે જાઉંછું, તે હમણાંજ ઘેર ગયો, સ્હવારે આવજે. એમાં માળે, વડોદરે ઘેર = ઘરે, સ્હવારે, આ શબ્દો સાતમી વિભક્તિમાં છે.

વળી '**એ**' '**પણ**' ના અર્થમાં કોઈવાર નામ કે સર્વનામની સાથે છૂટો કે ભળી ગયલો હોય ત્યાં એને વિચાર્યા વગર વિભક્તિમાં લઈલેવો નહિ— જેમકે રામદાસે ત્યાં હતો, હુંએ આવીશ. એમાં 'રામદાસ પણ' 'હું પણ' એવો અર્થ છે, માટે છૂટો પાડી '**એ**' ને ક્રિયા વિશેષણ કહેવો.

(૨) '**ને**' પ્રત્યય ખરેખરો ચોથીનો છે, કારણ કે એમાં સંપ્રદાનનો અર્થ બહાર પડતો દેખાયછે. તો પણ ઘણાંખરાં પ્રાણીવાચક નામ, સર્વનામ, અને કોઈવાર અપ્રાણીવાચક નામની સાથે એ બીજીના અર્થમાં વપરાયછે, માટે અર્થ ઉપરથી બીજી કે ચોથી કહેવી.

વળી કોઈવાર નામની આગળ '**ને**' પ્રત્યય આવે ત્યાં છઠ્ઠીનો પ્રત્યય **નો**, કે **નું** ની સાથે ત્રીજી કે સાતમીનો '**એ**' ભળીને થયલો છે. એને સંબંધ ઉપરથી **છઠ્ઠી સાથે ત્રીજી કે છઠ્ઠી**

સાથે સાતમી કહેવી—જેમકે '**રામદાસને** છોકરે મને ગાળો દીધી' એમાં **રામદાસને** એ છઠ્ઠી સાથે ત્રીજી; અને 'હું **રંગીલદાસને** ઘેર બેઠો હતો.' એમાં **રંગીલદાસને** એ છઠ્ઠી સાથે સાતમી.

તેમજ માટે, સારૂ, કાજે, વાસ્તે, લીધે, આ નામયોગીની આગળ **ને** પ્રત્યય આવે ત્યાં '**ને**' પ્રત્યય અને એ નામયોગી સાથે લઈ **નિમિત્તાર્થે ચોથી** વિભક્તિ કહેવાય, પણ નામયોગીને છૂટો લઈએ તો '**ને**' એ **છઠ્ઠી સાથે સાતમી** છે. ઉપરની ત્રણે બાબતમાં **ને** પ્રત્યયને છઠ્ઠીનું એક રૂપ ગણીને સાધારણ રીતે **સાંબંધાર્થે છઠ્ઠી** કહેછે.

(૩) સંબોધન વિભક્તિ કોઈને બોલાવવાના અર્થમાં નહિ પણ માત્ર આશ્ચર્યતા બતાવે ત્યારે તેને આશ્ચર્યતાને અર્થે પેહેલી વિભક્તિ કહેવી—જેમકે 'અરેરે! બિચારી **છબિલી!** આ જમનીએ તારા કેવા હાલ કરીને મારી.' એમાં છબિલી એ આશ્ચર્યતાને અર્થે પ્રથમા છે. કારણ કે એમાં કેવળ ઉદ્ગારનો અર્થ છે. એને સંબોધન કહેવાય નહિ.

(૩) કોઈપણ નામયોગીની પૂર્વેના નામને વિભક્તિનો પ્રત્યય નહિ લાગેલો હોય તોપણ તેને છઠ્ઠી વિભક્તિ કહેવી. કારણ કે ત્યાં છઠ્ઠીનો પ્રત્યય 'ના' કે 'ની' અધ્યાહાર હોયછે, (જોવું આગળ નામયોગીના પાઠમાં).

નીચેના મનોયત્નમાં આપેલાં વાક્યમાંનાં નામની જાતિ વચન ને વિભક્તિ બતાવો.

મનોયત્ન ૩ જો.

૧ બાપે પુછ્યું, અહ્યા છગન, આજે કેમ ઘેર રહ્યો? ૨ છગને કહ્યું, બાપા, ગઈ કાલથી નિશાળે દીવાળીની રજા પડી છે. ૩ દીવાળીમાં નાની બેનને કેટલી પેટી અપાવશો? ૪ પોરની બેનપાસે મગીઆ ફટાકાની પાંચ લૂમ છે. ૫ લુચ્ચાઈથી માણસનું વજન ઘટેછે. ૬ પરમેશ્વરને તો સઘળાં માણસ સરખાં. ૭ હું મંગારામને ઘેર ગયો હતો. ૮ પડોસીને છોકરે મારો ભમરડો ચોર્યો. ૯ એ છોકરાએ સુખડીઆની દુકાનેથી રજાવગર બે લાડુ ઉડાવ્યા. ૧૦ સિપાઈએ મારા ભાઈને ધમકાવ્યો તેથી હેબકે તેને તાવ આવ્યો.

૧ લા ને ૨ જા મનોયત્નનાં વાક્ય અહિં ઉપયોગમાં લેવાનાં છે.

વિભક્તિના વિશેષ અર્થ.

પ્રથમા વિભક્તિ.

૧. **કર્ત્તા**—**રાજા** તૈયારી કરેછે.

૨. **સાહક.** (સહ્યભેદમાં કર્મ કર્ત્તા થઈ પ્રથમામાં આવે તે)—
મારાથી બે **પાઠ** વંચાયા.

૩. **ક્રિયાપૂર્ણી**—તે **રાજા** થયો; હું **નોકર** રહ્યો.

૪. **પરિમાણ કે માપ***—તે રોજ બે **કલાક** વાંચેછે;
મેં બે **વાટકા** દુધ પાધું.

દ્વિતીયા વિભક્તિ.

૧. **કર્મ** (પ્રત્યય રહિત)—સુથારે **પેટી**† ઘડી.
ચોપડી વાંચુંછું.

૨. **કર્મ** (પ્રત્યય સહિત)—સાહેબે **મને** બોલાવ્યો.

તૃતીયા વિભક્તિ.

૧. **કર્ત્તા**—**કાળીદાસે** ઘણાં પુસ્તકો રચ્યાં.

૨. **કરણ**—ખેડુત **દાતરડે** ઘાસ વાઢેછે.

૩. **કારણ**—**સરદીએ** તે માંદો પડયો.

૪. **મૂલ્ય**—સાકર સાત **રૂપીએ** મણ વેચાયછે.

૫. **સાહિત્ય**—રાજા ભારે **રસાલે** આવ્યો.

---

* પરિમાણ કે માપ બતાવનારા શબ્દોને બીજી ભાષા સાથે સરખાવતાં બીજીમાં લેવા ધરાય; પણ બીજીનો પ્રત્યય કોઈ રીતે લાવી શકાતો નથી. તેમજ કોઇ નામયોગી વાપરતાં છઠી જેમતેમ મૂકી શકાય. વળી એમાં કોઈવાર વિશેષણ ને કોઈવાર ક્રિયાવિશેષણનો ભાસ છે; માટે રૂપ ઉપરથી પ્રથમામાં રાખ્યા છે,—અને સંસ્કૃતમાં પણ એ અર્થે પ્રથમા વિભક્તિજ વપરાયછે.

† કોઇ વૈયાકરણો બીજીનો પ્રત્યય '**ને**' ગણીને '**પેટી**' એને કર્મોર્થે પ્રથમા કહેછે. પણ કર્મની વિભક્તિ બીજી છે અને તેનો પ્રત્યય ગુજરાતીમાં થોડાંક પ્રાણીવાચક નામ ને સર્વનામ શિવાય બીજાને લાગતો નથી, માટે કર્મ હોય તે નામને દ્વિતીયા કહેવી વધારે ઉચિત છે.

ચતુર્થી વિભક્તિ.

૧. **સંપ્રદાન–અનુપસ્થ કર્મ**–તેણે **મને** બે ગાય આપી.

૨. **સંબંધાર્થે—રામદાસને** સાત છોકરાં છે.

૩. **નિમિત્તાર્થે—હું તેનેસારૂ** કસબી ટોપી લાવીશ.

૪. ભાવકર્તૃક કે અકર્તૃક અને બીજા સહભેદના ક્રિયાપદ અકર્મક થઈને ગુજરાતીમાં વપરાયલા તેની સાથે સંબંધી નામ કે સર્વનામ ચતુર્થીમાં આવે:—જેમકે **રંગીલદાસને** ઘરમાં ગોઠતું નથી, **મને** ભાસે છે વ૦. (આવા ક્રિયાપદના સમુહને માટે ક્રિયાપદના ભાગમાં અકર્તૃક ક્રિયાપદની નીચે જોવું.)

પંચમી વિભક્તિ.

૧. **કરણાર્થે કર્તા** (સહભેદમાં)—**મારાથી** રોજ બે પાઠ [વંચાય.

૨. **કારણ—વિચારથી** મારૂં મગજ ઘુમી ગયું.

૩. **કરણ**—આણી **કલમથી** ના લખો.

૪. **વિયોગ—હું સુરતથી** નિકળ્યો.

૫. **અવધિ—સુરતથી** અમદાવાદ ઘણું છેટું છે.

૬. **ન્યૂનાધિકતા**—લાલભાઈ **રામદાસથી** મોટો છે.

૭. **સમય—હું કાલથી** નિશાળે આવીશ. (કાલથી એને પદચ્છેદમાં ક્રિયાવિશેષણતરીકે લેવાય.)

થી પ્રત્યયના અર્થમાં **વડે, વતે, થકી** એવા નામયોગી વપરાયછે; એને પ્રત્યય ગણી પાંચમી વિભક્તિ જેવા લેવાય; પણ પદચ્છેદમાં છુટા પાડી એને નામયોગી કહેવા અને આગળનું નામ કે સર્વનામ છઠ્ઠી વિભક્તિમાં લેવું:—જેમ 'તે વડે'='તેના વડે'.

વળી **થી** પ્રત્યયથી કેટલાએક ક્રિયાવિશેષણ તેમજ કારણદર્શક વાક્યયોગી સાબિત થાયછે:—જેમકે તે **જલદીથી** લખેછે; વરસાદ ઘણો પડયો **તેથી** હું બહાર નિકળ્યો નહિ. (જોવું ક્રિયાવિ૦ અને વાક્યયોગી).

ષષ્ઠિ વિભક્તિ.

ઘણી જાતના **સંબંધ** દેખાડવામાં છઠ્ઠી વિભક્તિ વપરાયછે.

૧. સગપણ—**રામદાસનો** ભાઈ, **બાપનો** દીકરો.

૨. માલકીપણું કે કબજો—રાજાનો ઘોડો, શેઠનો ચાકર.

૩. સ્થાન-રહેઠાણ—તે શહેરનો રહેવાસી છે.

૪. જેની અથવા જેમાંથી કંઈ વસ્તુ બનેલી હોય તે—
સુકડની પેટી, સુનાની વીંટી, સાગની મેજ.

૫. સમય—તે કાલનો માંદો છે. (કાલનો એને પદચ્છેદમાં ક્રિયાવિશેષણ તરીકે લેવાય.)

કવિતામાં તણો, તણી, તણું; કેરો, કેરી, કેરૂં એ છઠ્ઠીના પ્રત્યય તરીકે વપરાયછે.

છઠ્ઠી વિભક્તિ માત્ર નામ કે સર્વનામની સાથે કંઈ સંબંધ બતાવેછે તેથી એનો અધિકાર કેવળ વિશેષણના જેવો છે. અને વિશેષણની પેઠે એની સાથેના નામ (વિશેષ્ય) પ્રમાણે એને જાતિ વચન ને કોઈવાર વિભક્તિ પણ લાગેછે.

છઠ્ઠી સિવાયની બીજી બધી વિભક્તિઓને કારકવિભક્તિ કહેછે; કારણ કે તે ક્રિયાપદના વ્યાપારની સાથે સંબંધ રાખેછે.

સપ્તમી વિભક્તિ.

૧. સ્થળ—તે ઘરમાં નથી; તે માળે બેઠો છે.

૨. સમય—(અમુક)—તે રાતમાં ખાવાનું માગેછે, હું સ્હવારે આવીશ.
,, (દરમ્યાન)—તે દહાડામાં બેવાર ખાયછે.

૩. અંગવિકાર*—રામદાસ કાને બેહેરા છે.

૪. જાતિ-અધિકાર*—તે જાતે બ્રાહ્મણ છે, તે અધિકારે મામલતદાર છે.

૫. મૂલ્ય—આ હવેલી એક હજારમાં ગઈ (વેચાઈ).

૬. કંઈ અમુક બાબત—ગળપણમાં આ શાકર ઠીક છે. વાંચનમાં તે હુશિયાર છે.

૭. મુકાબલો—આમાં ને તેમાં ફેર છે.

---

* અંગવિકાર અને જાતિ-અધિકારને કોઈ વૈયાકરણો ત્રીજીમાં લેવા કહેછે; પણ એમાં 'કરણ'ના કરતાં સ્થળનો ભાસ બહાર પડતો દેખાયછે. એ ઉપરથી મે સપ્તમીમાં લીધા છે.

કવિતામાં **માંહે, મોંઝાર** વગેરે અવ્યયો કોઈવાર સાતમીને ઠેકાણે વાપરેછે.

'આં' પ્રત્યય સાતમીનું પ્રાચીન રૂપ છે:—જેમકે જ્યાં (જે + આં), ત્યાં = (તે + આં), જતાં = જતે કે જતાંમાં.

ગતિવાચક ક્રિયાપદની સાથે જ્યાં ગતી થાયછે તે સ્થળનું નામ ગુજરાતીમાં સપ્તમીમાં આવે:—તે **પેડે** ગયો, હું **તળાવે** જાઉંછું.

પણ ઘણી ખરી વાર પ્રત્યય વિના નામ વપરાયછે:—જેમકે હું **ગામ** ગયો. એમાં **ગામ** એને પ્રત્યય નથી તે ઉપરથી કોઈ પ્રથમા અને સંસ્કૃતને ધોરણે કોઈ દ્વિતીયા કે ચતુર્થી લેવા ધારેછે. પણ ગુજરાતીમાં એને સાતમીનો '**એ**' પ્રત્યય આવે એવુંજ વળણ છે:—જેમકે '**હું મારે ગામ ગયો**,' '**તે પોતાને ગામ ગયો**' એમાં 'પોતાને' અને 'મારે' એમાં 'એ' પ્રત્યયની જરૂર પડેછે; એ વાક્યમાં હું 'મારૂં ગામ'—'પોતાનું ગામ' કે 'મારા ગામ'—'પોતાના ગામ' ગયો એવી રીતે બોલાય નહિ. માટે **ગામ** એ સાતમી વિભક્તિમાં છે.

વિશેષણ.* (ગુણવિશેષણ)

૭૮. **વિશેષણનો ઉપયોગ**—કોઈ વિષયવિષે બોલતાં તેના ગુણ સંખ્યા વગેરે વિશેષ અર્થ બતાવવાને આ શબ્દો વપરાયછે.

વિશેષ્ય—કોઈ વિશેષણ જે નામનો ગુણ સંખ્યા વગેરે દેખાડેછે તે નામ તેનો વિશેષ્ય કહેવાયછે. વિશેષણની જાતિ વચન ને વિભક્તિ તેના વિશેષ્યપરથી ઠરેછે.

૭૯. વિશેષણના રૂપઉપરથી બે વર્ગ પડેછે—**વિકારી**, અને **અવિકારી**.

૮૦. **વિકારી વિ૦**—જેને ત્રિજાતિદર્શક પ્રત્યય ઓ, ઈ, ઉં લાગેછે તે—જેમકે સારો, સારી, સારૂં, રાતો, રાતી, રાતું. ૧૦.

૮૧. **અવિકારી વિ૦**—જેને જાતિદર્શક પ્રત્યય લાગતા નથી એટલે જે ત્રણે જાતીનાં નામની સાથે એકજ રૂપે રહેછે તે. જેમ—

---

* વિશેષણ = (વિ—વિશેષાર્થ દર્શક ઉપસર્ગ. શિષ્—બાકી રહેવું અન —એ પ્રત્યય છે) બાકી રહેલો અર્થ કહી દેખાડનાર.

અકારાંત = લાલ, સફેત, સાફ, શુદ્ધ, સ્પષ્ટ, ઊંચ, નીચ.
ઈકારાંત = પ્રેમી, ધોળી, પાપી, ન્યાયી, અપરાધી વ૦.
ઉકારાંત = આળસુ, લાલચુ, વિશ્વાસુ, દયાળુ, કૃપાળુ.
વાન્ કે માન પ્રત્યયથી થનારાં=ધનવાન, મૂર્ત્તિમાન વ૦.

૮૨. વિભક્તિ કે બહુવચનના પ્રત્યય લગાડતાં, વિકારી નામની પેઠે નરજાતિનો ઓ ને નાન્યતર જાતિના ઉંનો આ થાયછે. અને બહુવચનમાં ઉંનો આં થાયછે—જેમકે સારા છોકરાને, સારે છોકરે, કાળા પાટિયાની, કાળાં પાટિયાંઓ, વગેરે.

વિશેષણ ને વિશેષ્ય.

નરજા૦ રાતો ઘોડો.

વિભક્તિ.	એકવચન.	બહુવચન.
૧.	રાતો ઘોડો	રાતા ઘોડા-ઓ
૨.	રાતા ઘોડાને	રાતા ઘોડાને-ઓને
૩.	રાતે ઘોડે, રાતા ઘોડાએ	રાતા ઘોડાએ-ઓએ
૪.	રાતા ઘોડાને	રાતા ઘોડાને-ઓને
૫.	રાતા ઘોડાથી	રાતા ઘોડાથી-ઓથી
૬.	રાતા ઘોડાનો વ૦	રાતા ઘોડાનો-ઓનો વ૦
૭.	રાતા ઘોડામાં	રાતા ઘોડામાં-ઓમાં

નાન્યતરજા૦ રાતું ઘોડું.

	એકવચન.	બહુવચન.
૧.	રાતું ઘોડું	રાતાં ઘોડાં-ઓ
૨.	રાતા ઘોડાને	રાતાં ઘોડાંને-ઓને
૩.	રાતે ઘોડે, રાતા ઘોડાએ	રાતાં ઘોડાંએ-ઓએ
૪.	રાતા ઘોડાને	રાતાં ઘોડાંને-ઓને
૫.	રાતા ઘોડાથી	રાતાં ઘોડાંથી-ઓથી
૬.	રાતા ઘોડાનો વ૦	રાતાં ઘોડાંનો-ઓનો વ૦
૭.	રાતા ઘોડામાં	રાતાં ઘોડાંમાં-ઓમાં

૮૩. વિશેષણનો વિશેષ્ય આપેલો હોયછે ત્યારે વિભક્તિ કે બહુવચનના પ્રત્યય માત્ર વિશેષ્યને લાગેછે પણ વિશેષણને જૂદા* લાગતા નથી. જેમ સારા છોકરાને, પણ 'સારાને છોકરાને' એમ બોલાય નહિ. ડાહ્યા છોકરાઓ, પણ 'ડાહ્યાઓ છોકરાઓ' નહિ.

૮૪. પણ જ્યારે વિશેષ્યવિના વિશેષણ એકલું આવી નામ જેવું થઈજાયછે ત્યારે તેને આ પ્રત્યયો લાગેછે. જેમ ડાહ્યાઓ વખણાયછે, ભણેલાને સૌ ગણેછે, નઠારાની આબરૂ ગણાતી નથી, વગેરે.

૮૫. વિકારી ને અવિકારી બેઉ પ્રકારનાં વિશેષણના મુખ્ય ચાર વર્ગ પાડી શકાય—ગુણવાચક, સંખ્યાવાચક, બહુલ્પાર્થ અને અનિશ્ચિત.

૧. ગુણવાચક વિ૦—કોઈપણ પ્રાણી કે પદાર્થનો વર્ણ, આકાર, કદ તથા સ્વભાવિક ગુણ વગેરે બતાવનારાં વિશેષણઃ— રાતો, ગૌર, ઠીંગણો, ઊંચો, મોટો, ડાહ્યો, જંગલી, ક્રૂર, દુષ્ટ, વ૦.

૨. સંખ્યાવાચક વિ૦—સંખ્યાનો અર્થ બતાવનારા શબ્દો. એના નીચે પ્રમાણે ૫ વિભાગ પડેછેઃ—

(૧) અમુકસંખ્યાર્થ—એક, બે, ત્રણ, ચાર, વગેરે.

(૨) ક્રમવાચક(સંખ્યાપૂર્ણાર્થ)—પેહેલો, બીજો, ત્રીજો, વ૦.

(૩) અંશસંખ્યાર્થ—પા, અરધો, પોણો, સવા, દોઢ, પોણાત્રણ વગેરે—એક સંખ્યાનો કોઈ છૂટો ભાગ, અથવા કોઈ આખી સંખ્યાની સાથે એકનો કંઈ અંસ વળગેલો, એવા શબ્દો આ વિભાગમાં આવેછે.

(૪) સંખ્યાસંધાર્થ—બેલું, ચોક, પંજો, આંગળ, કુંડી, સૈંકડો વગેરે—કોઈ અમુક સંખ્યા બતાવવાને કંઈ

* ત્રીજી અને સાતમીનો પ્રત્યય 'એ' જે પ્રકૃતિરૂપની સાથે સ્હેલથી મળી જાયછે તે વિશેષણ અને વિશેષ્ય બેહુમાં આવેછે.—જેમકે 'એ' પ્રત્યય છૂટો હોય તો 'સારા પાડાએ.' 'સારાએ પાડાએ' એમ નહિ બોલીએ—પણ જ્યારે ભેળવીને બોલીએ ત્યારે 'સારા પાડે' એમ નહિ પણ 'સારે પાડે' થાયછે.

સંખ્યાવાચક શબ્દો નામ જેવા થઈ વપરાયછે તે આ ભાગમાં આવેછે. નામવિના જ્યારે આ શબ્દો વપરાયછે ત્યારે પદચ્છેદમાં એને નામ જેવા ગણવા.

(૫) આવૃત્તિવાચક— બેવડું, ત્રેવડું, ચોગણું વગેરે. આ રૂપ હરકોઈ સંખ્યાર્થને ગણું લગાડવાથી થાયછે.

વળી એકએક, બબ્બે, ત્રણત્રણ. એવાં રૂપ અમુક સંખ્યાનાં જોડકાં (એકે વખતે કેટલા) બતાવવાને વપરાયછે.

૩. બહ્વલ્પાર્થ વિ૦*— ઘણું થોડું એવાં જથ્થો બતાવનારાં વિશેષણને બહ્વલ્પાર્થ કહેછે— બહુ, ઘણું, સઘળું, સંધુ, અલ્પ, થોડું, જરા, જરાએક, થોડુંક વગેરે. આ વિશેષણોમાં જ્યારે સંખ્યાનો અર્થ હોય ત્યારે પદચ્છેદમાં અનિશ્ચિત સંખ્યાર્થ વિ૦ કહેવાય.

અનિશ્ચિત વિ૦—કોઈ અમુક સંખ્યા કે માપનો અર્થ નહિ બતાવતાં હોય એવાં વિશેષણો:— કોઈ, કંઈ વગેરે (જોવું અનિશ્ચિત સર્વનામ).

નીચેના મનોયત્નમાં આપેલાં વાક્યોમાંથી દરેક જાતનાં વિશેષણ બતાવો.

મનોયત્ન ૪ થો.

૧ આ વર્ગમાં કેટલા છોકરા છે? ૨ વીસ છોકરા છે; તેમાં મારો નંબર બીજો છે. ૩ વાર્ષિક પરીક્ષામાં જે છોકરો ચારે વિષયમાં પાસ થશે તેને ઉપલી વર્ગમાં મુકીશું. ૪ દરેક વિષયમાં ઓછામાં ઓછી પચાસ માર્ક મળવી જોઈએ. ૫ હુશિયાર છોકરાને એ કામ કંઈ ભારે નથી. ૬ કેટલાએક છોકરા એવા છે કે તેને તો અડધી માર્ક પણ મળવાની નથી. ૭ પૈસાદાર લોકોના છોકરા મગરૂબ અને શોખીલા હોયછે. ૮ પેલો માણસ બીજાના જેવો લુચ્ચો, લોભી, કે લાલચુ નથી. ૯ મેં તમને જેટલા સવાલ પુછ્યા તેટલામાં તમારો કંઈ પત્તો લાગતો નથી. ૧૦ કાલથી હું રોજ બેવાર તમારી વર્ગમાં આવીશ, માટે ઉજળાં ને સ્વચ્છ કપડાં પહેરીને આવજો. ૧૧ મારે ઘણું કામ છે. ૧૨ કાલે સઘળા છોકરા હાજર રહેજો. ૧૩ રોજ થોડું કામ કરો પણ સારૂં ને સફાઈદાર કરો.

---

* બહ્વલ્પાર્થ (બહુ + અલ્પ + અર્થ)— આમાંનાં કેટલાંક **બહ્વર્થ** અને કેટલાંક **અલ્પાર્થ** છે; આ પ્રમાણે જુદો જુદો અર્થ રહ્યા છતાં સામાન્ય સંજ્ઞા બહ્વલ્પાર્થ આલેછે; આ વર્ગનાં વિશેષણોને **અનિશ્ચિતમાં** લેવાય.

તુલના.

૮૬. **તુલના** એટલે વત્તા ઓછા ગુણનો મુકાબલો—કોઈ વર્ગમાંના એક પ્રાણી કે પદાર્થમાં તે વર્ગના બીજા કરતાં કંઈ ગુણ વત્તો કે ઓછો છે અથવા એકનામાં તે ગુણ બીજા બધા કરતાં વત્તો કે ઓછો છે એમ બતાવવું તેને તુલના કહેછે.

તુલના બે રીતે થાયછે તે ઉપરથી એના બે પ્રકાર છે—**અન્યસાપેક્ષક તુલના** અને **સર્વસાપેક્ષક તુલના.**

અન્યસાપેક્ષક* તુલના—કોઈ એક પ્રાણી કે પદાર્થમાં બીજા કરતાં કંઈ ગુણ વત્તો કે ઓછો છે એમ બતાવવું તે.

એની રીત એવી છે કે જેની સાથે ગુણનો મુકાબલો કરવો હોય તે નામને **કરતાં** અથવા **થી** લગાડી, જેનો મુકાબલો કરવો હોય તે નામ મુક્યા પછી **વધારે, (ઓછું, જરા)** એવાં વિશેષણ આદીને મૂળ ગુણવાચક શબ્દ વાપરેછે:—રાજા **કરતાં** પ્રધાન **વધારે બુદ્ધિમાન છે;** તેનાથી હું **વધારે હુશીઆર** નથી. કોઈવાર **વધારે (ઓછું, જરા)** એવા શબ્દો વપરાતા નથી:—મારા **કરતાં** તે **મોટો** છે.

સર્વસાપેક્ષક તુલના—કોઈ વર્ગના એક પ્રાણી કે પદાર્થમાં તે વર્ગના બીજા બધા કરતાં કંઈ ગુણ વત્તો કે ઓછો છે એમ બતાવવું તે.

એની રીત એવી છે કે તે ગુણવાચક શબ્દની આગળ **સૌ, સર્વ** (બધા, સઘળા), આવા વિશેષણને **થી, માં,** કે **કરતાં** લગાડીને વાપરેછે:— લક્ષચોરાસીમાં **સૌથી ચઢિયાતો** મનુષ્યદેહ છે; **સૌ[illegible]સારૂં-સૌમાં સારૂં કે સૌ કરતાં સારૂં** આ છે. કોઈવાર તેજ [illegible]ણવાચકને માં પ્રત્યય લગાડી પૂર્વે વાપરેછે જેમકે **મોટામાં મોટું**=સૌથી મોટું; **નાનામાં નાનું**=સૌથી નાનું વ૦.

---

* સંસ્કૃતમાં તો વિશેષણને તુલનાદર્શક પ્રત્યય લાગેછે. અન્યસાપેક્ષકનો પ્રત્યય **તર** અને સર્વસાપેક્ષકનો પ્રત્યય **તમ** છે:-જેમકે **બળવાન** ઉપરથી **બળવત્તર**=વધારે બળવાન, અને **બળવત્તમ**=સૌથી બળવાન. કેટલાંએક સંસ્કૃત રૂપ ગુજરાતીમાં ચાલેછે; જેમાંકે **ઉત્તમ** = ઉંચામાં ઉંચું; **લઘુત્તમ**=નાનામાં નાનું, સંસ્કૃતના **ઇષ્ટ** પ્રત્યય ઉપરથી શ્રેષ્ઠ=સૌથી સારૂં વગેરે. પણ ગુજરાતીમાં એવા પ્રત્યય વપરાતા નથી.

સર્વનામ.

૮૭. સર્વનામનો ઉપયોગ—એકવાર વાપરેલું નામ તેને વિષે ઘણીવાર બોલતાં કે લખતાં, વારેવારે વાપરિયે, તો ભાષા શોભતી નથી, અને કાનને સારૂં લાગતું નથી, માટે ફરીથી તે નામ ન વાપરતાં તેને ઠેકાણે આ શબ્દો કંઈ અમુક નિયમ પ્રમાણે વાપરવામાં આવેછે. જેમકે ગોવિંદે ગોવિંદના ભાઈબંધ બાપુને કહ્યું કે ગોવિંદ બાપુસાથે રમવાનો નથી આમાં 'ગોવિંદ' ને 'બાપુ' એ બે નામ વારેવારે વાપરતાં ભાષા સારી લાગતી નથી. એને બદલે 'ગોવિંદે પોતાના ભાઈબંધ બાપુને કહ્યું કે હું તારીસાથે રમવાનો નથી' આ પ્રમાણે બોલિયેછિયે. આમાં 'પોતાના' 'હું' 'તારી' આ શબ્દો 'ગોવિંદ' ને 'બાપુ' આ નામ ફરીથી ન વાપરતાં તેને ઠેકાણે વાપરેલા છે. માટે એ સર્વનામ છે.

૮૮. સર્વનામ છ પ્રકારનાં છે—પુરૂષવાચક, સ્વાર્થ કે સ્વવાચક, પ્રશ્નાર્થ, દર્શક, તત્પદાપેક્ષક (સંબંધી), અને અનિશ્ચિત.

એમાં પુરૂષવાચક ને સ્વાર્થ એ બેને વિશેષ-સર્વનામ કહેછે; કારણ કે તે માત્ર નામના અવેજી થઈને ભાષામાં વપરાયછે. અને બાકીના ચારમાં સર્વનામ છતાં ગુણવાચકનો ભાવ રહેલો છે; માટે તેને વિશેષણ-સર્વનામ કહેછે.

૧. પુરૂષવાચક સર્વનામ.—બોલનાર પુરૂષ, જેની સાથે બોલેછે તે, અને જે પુરૂષ કે વસ્તુવિષે બોલેછે તેના નામને ઠેકાણે જે શબ્દો વપરાયછે તે.—હું, તું, તે, આપણે, આપ.

હું, એ પેહેલો પુરૂષ—બોલનાર અથવા જે બોલેછે તે.

તું, એ બીજો પુરૂષ—જેની સાથે બોલેછે તે.

તે, એ ત્રીજો પુરૂષ—જેને વિષે બોલેછે તે.

આપણે, એ પ્રથમદ્વિતીયસંઘાર્થ—બોલનાર જેની સાથે બોલેછે તેને સાથે મળીને બોલે ત્યારે 'આપણે' વાપરેછે.

સાધારણ વાતચિતમાં ગુજરાતીમાં પહેલો પુરૂષ એકવચનને બદલે બોલનાર પોતાને માટે આપણે વાપરે ૦—જેમકે આપણે તો નહિ આવવાના; એટલે હું નહિ આવવાનો.

આપ, બીજો પુરૂષ બહુવચન, એ માનાર્થે વધારે વિનય બતાવવાને 'તમે' ને બદલે વપરાયછે.

૨. સ્વાર્થ કે સ્વવાચક—કોઈપણ પુરૂષવાચક સર્વ-નામની સાથે પોતાપણાનો અર્થ સામેલ કરવાને જે શબ્દો વપરાયછે તે.—'પોતે' એ ત્રણે પુરૂષમાં અને બહુવચનમાં એકજ રૂપે વપરાયછે. એને બદલે કોઈવાર 'પંડે' 'જાતે' 'હાથે' મેળે* આ શબ્દો વાપરેછે; આ અર્થમાં એ પણ સ્વાર્થસર્વનામ કહેવાય.

પોતપોતે—એ પણ સ્વાર્થમાં ગણાયછે; પણ એમાં 'પોતે'ના કરતાં કંઈ વિશેષ અર્થ રહેલો છે—જેમકે 'તેઓ પોતાને ઘેર ગયા' એમાં તેઓનું ઘર એકજ હતું એવો અર્થ છે; પણ 'તેઓ પોતપોતાને ઘેર ગયા' એમાં જેઓ ગયા તેમનાં ઘર જુદાં જુદાં હતાં એવો અર્થ રહેલો છે.

વિશેષ-સર્વનામનાં રૂપાખ્યાન.

પેહેલો પુરૂષ હું. (નર કે નારીજાતી).

વિભક્તિ.	એકવચન.	બહુવચન.
૧ લી	હું	અમે (હમે)
૨ જી	મને, મુને, મજને, મુજને	અમને, અમોને
૩ જી.	મેં [મારે	અમે
૪ થી	મને, મુને,† મજને, મુજને,	અમને, અમોને, અમારે
૫ મી	મારાથી-‡થકી, મજથી, હુંથી	અમારાથી-થકી, અમથી
૬ ઠી	મારો-રી, રૂં, રા, રાં	અમારો,-રી-રૂં-રા-રાં
૭ મી	મારામાં, હુંમાં, મુજમાં	અમારામાં, અમમાં

* આ શબ્દોની પૂર્વે છઠ્ઠી વિભક્તિનું નામ કે સર્વનામ આવે ત્યારે તેઓને પદચ્છેદમાં નામ કહેવાય.

† મુને, મજ, મુજ, તુજ એવાં રૂપો કવિતામાં વપરાયછે.

‡ પુરૂષવાચક સર્વનામમાં સાધારણ રીતે પાંચમીનો પ્રત્યય લગાડતાં પૂર્વે છઠ્ઠીનું રૂપ વાપરવાનો ચાલ છે. માટે એ રૂપ પહેલું લીધું છે. હુંથી, તુંથી, તેથી, એ રૂપો બાવર ભાગોમાં વપરાયછે,

બીજો પુરૂષ તું (નર કે નારીજાતી).

વિભક્તિ,	એકવચન.	બહુવચન.
૧ લી	તું	તમે, તમો
૨ જી	તને, તુને, તજને, તુજને	તમને, તમોને
૩ જી	તેં	તમે
૪ થી	તને, તુને, તજને, તુજને તારે, તારેમાટે-સારૂ ઈ૦	તમને, તમોને, તમારે, તમારેમાટે-સારૂ ઈ૦
૫ મી	તારાથી-થકી, તજથી તુજથી, તુંથી	તમારાથી-થકી, તમથી
૬ ઠી	તારો-રી-રૂ-રા-રાં	તમારો-રી-રૂ-રા-રાં
૭ મી	તારામાં તજમા, તુજમાં તુંમાં	તમારામાં, તમમાં

ત્રીજો પુરૂષ તે (નર, નારી, ને નાન્યતર).

વિભક્તિ.	એકવચન.	બહુવચન.
૧ લી	તે, તેણી*	તેઓ, તેઊ
૨ જી	તેને	તેઓને, તેમને†
૩ જી	તેણે	તેઓએ, તેમણે
૪ થી	તેને, તેનેમાટે-સારૂ ઈ૦	તેઓને, તેમને, તેઓને-માટે-સારૂ ઈ૦
૫ મી	તેનાથી‡-થકી, તેથી	તેઓનાથી-થકી, તેમ-નાથી-થકી, તેઓથી
૬ ઠી	તેનો-ની-નું-ના-નાં	તેઓનો-તેમનો-ની-નું-ના-નાં
૭ મી	તેનામાં, તેમાં	તેઓનામાં, તેમનામાં, તેઓમા

આપણે (નર કે નારી જાતી), આપ.

વિભ૦	બહુવચન.	બહુવચન.
૧	આપણે	આપ
૨	આપણને	આપને

---

* કોઈવાર સ્ત્રીને માટે આ રૂપ વપરાયછે.

† આ રૂપ બહુવચનમાં વસ્તુને માટે વપરાવજ નહિ.

‡ આ રૂપ પાંચમીનાજ અર્થમાં આવેછે, માટે એ અર્થે બહુલતાએ પાંચમી કહેવાય નહિ.

૩ આપણે	આપે
૪ આપણને, આપણેમાટે-સારૂ ઈ૦	આપને,આપનેમાટે-સારૂ ઈ૦
૫ આપણાથી	આપથી
૬ આપણો, ણી, ણું, ણા, ણાં	આપનો, ની, નું, ના, નાં
૭ આપણામાં	આપમાં.

પોતે—સ્વાર્થ	પોતપોતે
વિ૦ (એકવ૦–બહુવ૦)	(બહુવચન)
૧ પોતે	પોતપોતે
૨ પોતાને	પોતપોતાને
૩ પોતે	પોતપોતે
૪ પોતાને, પોતાનેમાટે-સારૂ ઈ૦	પોતપોતાને,પોતપોતાનેમાટે ઈ૦
૫ પોતાથી	પોતપોતાથી
૬ પોતાનો, ની, નું, ના, નાં	પોતપોતાનો, ની, નું, ના, નાં
૭ પોતામાં	પોતપોતામાં.

3. પ્રશ્નાર્થસર્વનામ— પ્રશ્ન પુછવામાં જે વપરાયછે તે. જેવાંકે—કોણ, કયો-કઈ-કયું, શો-શી-શું.

કોણ,— એ કોઈપણ પુરૂષ કે સ્ત્રીને માટે વિશેષ-સર્વનામની પેઠે વપરાયછે. વિશેષણ તરીકે કોઈ નામની સાથે એ ઘણું થોડું વપરાયછે.

કયો-કઈ-કયું— એ પુરૂષ અને સ્ત્રીનાં તેમજ બીજાં પ્રાણીનાં ને વસ્તુનાં નામને માટે પણ વપરાયછે. જેમકે, કયો-છોકરો, ઘોડો, અંગરખો, પાઠ વગેરે.

શો-શી-શું—ઘણું કરીને એકલાં વસ્તુનાં નામને માટે વપરાયછે.

કોણ.	શો.	
વિ. (એકવ. ને બહુવ.)	એકવ.	બહુવ
૧ કોણ	શો	શા
૨ કોને, કેને	શો,	શા
૩ કોણે, કેણે	શાણે, શેણે.	શાણે, શેણે

૪	કોને, કેને, કોનેમાટે-સારૂ વ૦	શાને, શેને	શાને, શેને
૫	કોનાથી, કેનાથી	શાથી	શાથી
૬	કોનો,-કેનો,-ની-નું-ના-નાં	શાનો-શેનો વ૦	શાનો-શેનો વ૦
૭	કોનામાં, કેનામાં	શામાં, શેમાં, શે	શામાં, શેમાં, શે.

શું નાં રૂપ પેહેલી ને બીજી વિભક્તિ શિવાય શોનાં જેવાં થાયછે. અને બહુવચનમાં શાં થાયછે.

શી ઘણું કરીને પહેલી ને બીજીમાંજ વપરાયછે.

(૪) દર્શક સર્વનામ— આગળ જેને વિષે વાત થઈગઈ હોય તે નામને જાણે આંગળીએ કરીને બતાવતાં હોય એવો અર્થ જે દેખાડેછે તે.—જેવાં કે, આ, એ, તે, પેલો-પેલી-પેલું, ફલાણો-ફલાણી-ફલાણું ને ઓલો-ઓલી-ઓલું, વગેરે.

આ—એ પોતાની પાસેનો કે ઘણોજ નજીકનો પદાર્થ દર્શાવેછે.
એ—એનાથી જરા દૂરનો પદાર્થ દર્શાવેછે.
તે—તેનાથીએ દૂરનો પદાર્થ દર્શાવેછે.

પેલો-પેલી-પેલું અને ઓલો*-ઓલી-ઓલું.— એ ઘણો આઘેનો કે આગળ થોડા વખત ઉપર વાત થઈ ગએલી એવો પદાર્થ દર્શાવેછે.

ફલાણો-ણી-ણું,— એ સંશયથી કોઈ પ્રાણી, પદાર્થનું નામ ઉચ્ચાર્યાવિના બોલવું હોય ત્યારે વપરાયછે.

આમાંના કોઈ દર્શક સર્વનામ જ્યારે નામની સાથે વપરાયલાં હોય ત્યારે તેને પદચ્છેદમાં દર્શક વિશેષણ કહેવાં, જેમકે—આ ચોપડી, એ વાત, તે છોકરો, પેલું કામ, ઓલો ભાયડો, ફલાણો માણસ, વગેરે.

'આ, એ, તે,'નું રૂપાખ્યાન પુરૂષવાચક 'તે'ની પેઠે થાયછે 'પેલો-પેલું, ઓલો-ઓલું, ફલાણો-ફલાણું' એનું રૂપાખ્યાન વિકારી વિશેષણની પેઠે થાયછે. અને 'પેલી' વગેરે નારીજાતીનું રૂપાખ્યાન ઈકારાંત નામની પેઠે થાયછે.

(૫) સંબંધી સર્વનામ—કોઈ વિષયનું નામ બોલ્યા પછી તેને વિષે વિશેષ વિવેચન કરતાં તેનું સંબંધી થઈ જે વપરાયછે તેને સંબંધી સર્વનામ કહેછે.—ગુજરાતીમાં 'જે' એજ સંબંધી સર્વનામ છે. એને તત્પદાપેક્ષક પણ કહેછે.—(તત્+પદ+અપેક્ષક=સં૦ તત્='તે' એ પદની જેને જરૂર છે એવું) એટલે આગળ 'જે' વાપરવું કે પાછળ દર્શક સર્વનામ 'તે' વાપરવુંજ પડેછે. ગુજરાતીમાં 'જે' કોઈવાર અધ્યાહાર રહેછે; પણ 'તે' તો જોઈએજ—જેમકે તમારે (જે) જોઈએ તે લો.

'જે'નું રૂપાખ્યાન 'તે'ની પેઠે થાયછે.

દર્શક સર્વનામ 'આ' 'એ' 'તે' પ્રશ્નાર્થનું રૂપ 'કે' અને સંબંધી સર્વનામ 'જે' એના ઉપર કેટલાક પ્રત્યય આવીને વિવિધ અર્થ બતાવનાર બીજાં રૂપો સાધિત થાયછે.

પ્રત્યય.	અર્થ.	રૂપ.
વો, વી, વું.	ગુણાર્થ—	આવો, આવી, આવું
		એવો, એવી, એવું
		તેવો, તેવી, તેવું
		કેવો, કેવી, કેવું
		જેવો, જેવી, જેવું
વડો, વડી, વડું.	કદાર્થ—	આવડો, આવડી, આવડું
		એવડો, એવડી, એવડું
		તેવડો, તેવડી, તેવડું
		કેવડો, કેવડી, કેવડું
		જેવડો, જેવડી, જેવડું
ટલો, ટલી, ટલું.	ગણાર્થ—	આટલો, આટલી, આટલું
		એટલો, એટલી, એટલું
		તેટલો, તેટલી, તેટલું
		કેટલો, કેટલી, કેટલું
		જેટલો, જેટલી, જેટલું

ઉપલાં રૂપોનું વિકારી વિશેષણની પેઠે રૂપાખ્યાન થાયછે. પદચ્છેદમાં નામની સાથે હોય ત્યારે એને વિશેષણ કહેવાં. પણ કોઈ વિશેષણ કે ક્રિયાવિશેષણનો ગુણ બતાવે ત્યારે એ ક્રિયાવિશેષણ થાયછે.

પ્રત્યય.	અર્થ.	રૂપ.
મ	રિત્યર્થ—	આમ, એમ, તેમ, કેમ, જેમ.
આં કે યાં	સ્થળાર્થ—	યાં, હ્યાં, ત્યાં, કયાં, જ્યાં.

આ રૂપો ખરાં ક્રિયાવિશેષણ છે. પણ કોઈવાર નામ જેવાં થઈ વપરાયછે ત્યારે એને વિભક્તિના પ્રત્યય લાગેછે:— જેમકે કયાંથી, ત્યાંથી, આમનો, વગેરે.

(૬) અનિશ્ચિત (સામાન્ય) સર્વનામ— જેમાં મોઘમ-પણાનો અર્થ રહેલો છે તે:—ત્રણેજાતિમાં એકજ રૂપે રહે એવાં (અવિકારી)—કોઈ, કાંઈ, કંઈ, કોઈક, કોઈએક, કાંઈક, કાંઈએક, કંઈક, કંઈએક, હરકોઈ, હરકાંઈ, હરકંઈ, કો, કોક, હરેક, દરેક, એકેએક, સર્વ, સહુ, અમુક, અન્ય, અવર. ત્રણે જાતિમાં ફરે એવા (વિકારી)—કશો, કશી, કશું, એકલો, એકલી, એકલું, બીજો, બીજી, બીજું, (એકબીજું) થોડોક, થોડીક, થોડુંક, કેટલોક, કેટલીક, કેટલુંક, વગેરે.

સઘળું, બધું, થોડું વગેરે બહુલ્પાર્થ શબ્દો પણ અનિ-શ્ચિતમાં લેવાય.

કોઈ, કાંઈ, કંઈ; ને એ ઉપરથી થતાં બીજાં રૂપ અને અમુક, અન્ય, અવર એ બંને વચનમાં વપરાયછે. હરકોઈ, હરકાંઈ, હરકંઈ, હરેક, દરેક એ એકવચનમાંજ રહેછે.

સઘળો-સઘળું, ઘણો-ઘણું, થોડો-થોડું, કેટલોક-કેટલુંક વગેરે એકવચનમાં જથો બતાવેછે; પણ એનાં બહુવચનનાં રૂપ ઘણું કરીને સંખ્યાને અર્થે વપરાયછે: જેમકે— કેટલાક-થોડાંક માણસ, કેટલાએક લોકો વગેરે.

કોઈ પુરૂષ અથવા વસ્તુનાં નામ ઉપર ભાર મુકીને બોલતાં તે એકજ છે તે સિવાય બીજું કંઈ નહિ એવો અર્થ બતાવવામાં 'એકલું' વપરાયછે: જેમકે—'તું એકલો શું કરશ?'

પદચ્છેદને લગતી વિશેષ સૂચના.

કોઈ સામાન્ય કૃદંત કે આખું વાક્ય નામ તરીકે વપરાયલું છે એમ બતાવવાને તેની સાથે દર્શક સર્વનામ **તે** કે **એ** વાપરવાનો ચાલ છે:—જેમકે 'બોલવું **એ** ઠીક છે'; 'તમે ગાળો દોછો **તે** સારૂં નથી.' પણ પાછળ આવતા વાક્યને દર્શાવવાને આગલા વાક્યમાં **એવું** કે **એમ** વાપરેછે: જેમકે 'તેણે **એવું** કહ્યું કે હું તો નહિ આવું;' 'તે **એમ** બોલ્યો કે તમારાથી થાય તે કરી લો;' આ વાક્યોમાં **એવું, એમ** એ ક્રિયાવિશેષણ જેવા દેખાયછે, પણ પાછળના વાક્યને દર્શાવેછે માટે પદચ્છેદમાં એને **દર્શક કે પ્રવેશક** સર્વનામ કહેવાય;—કારણ કે પાછળનું વાક્ય એને સમાનાર્થ છે. **એવું, એમ** કોઈવાર **એ** કે **તેને** ઠેકાણે પણ દર્શક સર્વનામ તરીકે વપરાયછે: જેમકે—પાછી આગ લાગી **એવું** કોણે કહ્યું?

'તેઓ **એક બીજાને** કહી દેછે,' 'તેઓ **એક બીજાથી** ડરતા નથી' આવાં વાક્યોમાં **એક** કર્તાને સમાન વિભક્તિમાં છે. અને **બીજાને, બીજાથી** એ ક્રિયાપદના સબંધમાં જાયછે.

જ્યારે કોઈ નામ તેને માટે વપરાયલા સર્વનામની સાથે વાપરવામાં આવેછે ત્યારે કેટલીક વાર બેઉને વિભક્તિના પ્રત્યય લાગેછે અને કોઈવાર એકલા નામનેજ લાગેછે: જેમકે '**મને ગરીબને** શામાટે રીબાવોછો,' '**હું** રંકઉપર આટલો જુલમ?' '**મારૂં** ગરીબનું કહ્યું માનો,' એમાં **મને, હું, મારૂં** એ સર્વનામને **તે**ની પછીના નામને સમાન વિભક્તિ કહેવી.

નીચેના મનોયત્નમાં આપેલાં વાક્યોમાંથી દરેક જાતનાં સર્વનામ બતાવો. અને તેની જાતિ, વિભક્તિ ને વચન કહો.

મનોયત્ન ૫ મો.

૧ આ કોની ચોપડી છે? ૨ તે છોકરે જવાબ દીધો 'એ મારી છે સાહેબ'. ૩ આપની પાસે તે દહાડે વેચાતી લીધેલી તે. ૪ તમે એનું શું આપ્યું હતું?

૫ મને કંઈ યાદ નથી, તમારી નોંધમાં જે લખેલું હોય તે ખરૂં. ૬ ઠીક છે હું મારી નોંધમાં જોઈને તને કહીશ. ૭ આપણે એમાંની બીજી કેટલી જોઈશું? ૮ જેટલી જોઈએ તેટલી ગણીને મને કહો. ૯ પેલું તમને સોંપ્યું હતું તેનું શું થયું? ૧૦ તેઓ કયા એ કેમ જણાય? ૧૧ જે એવું કહે કે અમે નથી જાણતા તેને તમારે ઉપર મોકલવા. ૧૨ આ વર્ગમાં તો કોઈ એમ કહેતું નથી. ૧૩ છગનલાલ, તમે પોતે જાઓ અને તમારા એકલાથી ન થાય તો બીજાઓને લેતા જાઓ. ૧૪ થોડાએક એવા છે ખરા પણ તે એકબીજાનું નામ બતાવતા નથી. ૧૫ એ કોણ છે અને ક્યાંનો રહેવાસી છે તે શાથી જણાય? ૧૬ એ સુરતનો વતની છે એમ શી રીતે જણાય?

ક્રિયાપદ.

૮૯. **ક્રિયાપદ**[1]—કોઈપણ જાતની ક્રિયા (અસ્તિ, સ્થિતિ, ગતિ, કૃતિ, વિ૦) કાળસહિત જે શબ્દવડે જણાયછે તે:—લખુંછું, વાંચી, વાંચતો હતો, જવાનો છું, બોલીશ, વ૦.

વાક્યમાં ક્રિયાપદના મુખ્ય સંબંધી કર્ત્તા અને કર્મ છે.

૯૦. **કર્ત્તા**—ક્રિયાનો કરનાર તે ક્રિયાપદનો કર્ત્તા કહેવાય. જેમ 'છોકરો વાંચેછે.' એમાં વાંચવાની ક્રિયાનો કરનાર છોકરો છે તેથી 'છોકરો' એ 'વાંચેછે' ક્રિયાપદનો **કર્ત્તા**.

કર્ત્તા ઓળખવાની રીત. સાધારણ રીતે ક્રિયાપદને 'કોણ'થી પ્રશ્ન પુછવાથી કર્ત્તા ઓળખાયછે. 'છોકરો વાંચેછે' એમાં વાંચેછે ક્રિયાપદને 'કોણ'થી પ્રશ્ન પુછીએ:—જેમકે કોણ વાંચેછે? અથવા વાંચનાર કોણ? જવાબ—'છોકરો' એટલે 'છોકરો' એ કર્ત્તા.

૯૧. **કર્મ**—ક્રિયાનો સહન કરનાર એટલે જેના ઉપર ક્રિયા થાયછે તે અથવા કર્ત્તાનું સાધેલું કે ઉપજાવેલું કામ (ફળ)-તે ક્રિયાપદનું કર્મ કહેવાય—તેણે **છોકરાને** માર્યો, મેં **ચોપડી** લખી, સુથારે **પેટી** ઘડી, એમાં ૧લામાં મારવાની ક્રિયાને સહન કરનાર '**છોકરાને**' છે. ને ૨ જા ને ૩ જામાં 'ચોપડી' અને 'પેટી' એ કર્ત્તાનું સાધેલું કે ઉપજાવેલું કામ બતાવેછે. માટે '**છોકરાને**' '**ચોપડી**' '**પેટી**' એ કર્મ કહેવાય.

---

[1] ક્રિયાપદ (क्रिया = કંઈ કરવું તે, पद = શબ્દ) ક્રિયા બતાવનાર શબ્દ.

કર્મ ઓળખવાની રીત.—કોને અથવા શું શબ્દવડે પ્રશ્ન પુછવાથી કર્મ માલમ પડેછે:—જેમકે ઉપલા ત્રણ દાખલામાં 'કોણ' શબ્દથી સવાલ પુછતાં તો 'તેણે,' 'મેં' 'સુથારે' એવો જવાબ આવશે, તે તો કર્ત્તા છે.—પણ કોને માર્યો? જ૦ છોકરાને; શું લખ્યું? અથવા લખવાનું શું? જ૦—ચોપડી; શું ઘડ્યું? જ૦—પેટી; એટલે છોકરાને, ચોપડી, પેટી એ કર્મ છે એમ સિદ્ધ થાય.

૯૨. વર્ણ (જાત)—કોઈ ક્રિયાપદને એકલો કર્ત્તા અને કોઈને કર્ત્તા ને કર્મ બેઉ હોયછે; આપરથી ક્રિયાપદના જે મુખ્ય પ્રકાર થાયછે તેને ક્રિયાપદનો વર્ણ કે વિધ કહેછે.

ક્રિયાપદના વર્ણ બે છે—**અકર્મક**[1] ને **સકર્મક**[2].

૯૩. **અકર્મક ક્રિ૦**—જેના કર્ત્તાની ક્રિયા કર્ત્તામાંજ રહેછે, પણ બીજા માણસ કે વસ્તુ ઉપર લાગુ પડતી નથી તે:—જેમકે છોકરો ઉંઘે છે, હું જાઉછું, તે બેઠો છે વ૦.

કોણ અને શુંથી પ્રશ્ન પુછતાં તે બેઉનો જવાબ એકજ આવે તો તે અકર્મક ક્રિ૦ જાણવું:—જેમકે 'તે દોડેછે' એમાં 'કોણ દોડેછે?' જ૦—તે; 'શું દોડેછે?' જ૦—તે; માટે દોડેછે એ અકર્મક.

અકર્મકક્રિયાપદમાં અસ્તિ, સ્થિતિ, અને ગતિવાચક ક્રિયાપદો આવેછે.

અસ્ત્યર્થ— હોવું, થવું (તે મારો ભાઈ **થાયછે**.)

સ્થિત્યર્થ—વસવું, રહેવું વ૦ (તે સુરતમાં રહેછે.) (વિશેષણોની સાથે હો ધાતુ આવીને અનેક પ્રકારની સ્થિતિ બતાવેછે.)

ગત્યર્થ—જવું, આવવું, ચાલવું, દોડવું વગેરે.

કેટલાંક અકર્મક ક્રિયાપદોમાં એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જવું એવો અર્થ રહેલો છે તેને સ્થિતિવિકારાર્થ કહેછે:—જેમકે તે રાજા **થયો**, હું નોકર **રહ્યો**; આવાં ક્રિયાપદને કર્મજેવાં કોઈ

---

1 અકર્મક (અ=નહિ, कर्मक=કર્મવાળા) જેને કર્મ નથી તે. 2 સ=સાથે વ૦.

નામની જરૂર છે; એ નામ કર્ત્તાને સમાન પ્રથમા વિભક્તિમાં આવેછે. અને એને કર્મ નહિ પણ **ક્રિયાપૂર્ણી** કહેવાય. ઉપલાં વાક્યોમાં **રાજા, નોકર** એ 'થયો' 'રહ્યો'ના ક્રિયાપૂર્ણી છે.

૯૪. **સકર્મક ક્રિ૦**—જેના કર્ત્તાની ક્રિયા બીજા માણસ અથવા વસ્તુ ઉપર લાગુ પડેછે તે:—જેમકે હું ચોપડી લખુંછું, તેણે મને **બોલાવ્યો.**

કોણ અને શુંથી પ્રશ્ન પુછતાં બેઉના જવાબ જુદા જુદા આવે તો તેને સકર્મક ક્રિ૦ જાણવું:—જેમકે હું ચોપડી લખુંછું: એમાં 'કોણ લખેછે અથવા લખનાર કોણ?' જ૦—હું; 'શું લખેછે અથવા લખવાનું શું?' જ૦—ચોપડી; આ પ્રમાણે બેઉના જવાબ જુદા આવ્યા માટે લખુંછું એ સકર્મક.

૯૫. કેટલાંએક સકર્મક ક્રિયાપદને બે કર્મ હોયછે તેને **દ્વિકર્મિ** **ક્રિયાપદ** કહેછે. એના બે પ્રકાર છે:—**પ્રદાયક** અને **કારક.**

૯૬. **પ્રદાયક ક્રિ૦**—કોઈને કંઈ આપવું એવો અર્થ જેમાં રહેલો હોય તે:—જેવાંકે. આપવું, દેવું અર્પવું, મોકલવું વ૦. વળી મારવું, પીરસવું (મુકવું, મેલવું), કહેવું વગેરે અર્થનાં ક્રિયાપદ પણ પ્રદાયકમાં ગણાય.

૯૭. **કારક ક્રિ૦**—કોઈને એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં મુકવું એવો અર્થ જેમાં રહેલો હોય તે:—જેવાંકે. નિમવું, બનાવવું, કરવું, કહેવું (નામ આપવું) વગેરે.

૯૮. આવાં પ્રદાયક અને કારક* ક્રિયાપદોની સાથે જેને કંઈ અપાયછે અથવા કર્ત્તાની ક્રિયા પ્રાપ્ત થાયછે તે નામ ચતુર્થીમાં આવેછે અને તેને **અનુપસ્થ** કર્મ કહેછે. જેમકે 'તેણે **મને** પાંચ રૂપીઆ આપ્યા,' 'માસ્તરે **લલ્લુભાઈને** મોનિટર બનાવ્યો' એમાં **મને, લલ્લુભાઈને** એ અનુપસ્થ કર્મ છે. અને **રૂપીઆ, મોનિટર** એ **ઉપસ્થ** (નજીકનું) કર્મ કહેવાય.

---

* કારક ક્રિયાપદના અનુપસ્થ કર્મમાં સંપ્રદાનનો અર્થ નથી તેમજ એનાં બેઉ કર્મ એકજ જાતનાં છે તેથી એને દ્વિતિયામાં લેવાય.

૯૯. **ભાવકર્તૃક ક્રિ૦**—જે ક્રિયાપદનો કર્ત્તા છૂટો જણાતો નથી પણ તેના ભાવાર્થમાંજ સમાયલો હોયછે તેને ભાવકર્તૃક ક્રિ૦ કહેવાય :—જેમકે 'મારા પેટમાં દુખેછે' 'એમાં મારૂં ચાલતું નથી' 'અહીં મને ફાવતું નથી' 'આજ મને ગમતું નથી કે ગોઠતું નથી' 'બાપ દિકરાને બનતું નથી કે હળતું નથી' 'આજ બહુ વર્ષ્યું' એમાં દુખે છે, ચાલતું નથી, ફાવતું નથી, ગોઠતું નથી કે ગમતું નથી, બનતું નથી કે હળતું નથી, અને વર્ષ્યું, એ ભાવકર્તૃક ક્રિ૦ છે. કેમકે એનો કર્ત્તા શોધતાં 'દુખવાનું કે દુખ' 'ચાલવાનું, ફાવવાનું' 'ગમવાનું કે ગોઠવાનું' 'બનવાનું કે બનાવટ-હળતર' 'વરસવાનું કે વરસાદ' એવો એના ભાવાર્થમાંથી કાઢી બતાવાય.

આવાં ક્રિયાપદની સાથે કર્ત્તા આપેલો હોય તો તેને ભાવકર્તૃક કહેવાં નહિ : જેમકે—માથું દુખેછે, વ૦

૧૦૦. **અકર્તૃક ક્રિ૦***—જે ક્રિયાપદનો કર્ત્તા દેખાતો ન હોય તેમજ ભાવાર્થમાં ભળેલો ન હોય પણ અધ્યાહાર જેવો હોય તે :—જેમકે 'ગમે તે કર' 'સુઝે તે કરો' 'રૂચે તે કરે' 'ગોઠે તે ખરૂં' એમાં ગમે, સુઝે, રૂચે, ગોઠે એને અકર્તૃકક્રિ૦ કહેવાં. એનો કર્ત્તા 'જે' અધ્યાહાર જેવો છે.

---

* 'ગમે તે કર,' 'સુજે તે કરો,' 'રૂચે તે કરે,' આવાં ટુંકાં રૂપ વાપરવાનો ઘણો ચાલ પડી ગયો છે ; પણ એનાં પૂર્ણ રૂપ 'તને જે ગમે તે કર,' 'તમને જે સુઝે તે કરો,' 'તેને જે રૂચે તે કરે,' એ પણ વપરાયછે, માટે 'ગમે,' 'સુઝે,' 'રૂચે,' એ ખરેખરા અકર્તૃક (કર્ત્તા વગરનાં) ક્રિયાપદ જેવાં નથી. એતો 'ચાહ,' અને 'દેખ' ક્રિયાપદનાં સહ્યરૂપને બદલે વપરાતાં ક્રિયાપદ જેવાં છે, અને 'લાગે,' 'ભાસે,' (જોવું વિભ૦) આવાં ક્રિયાપદની પેઠે એનું સંબંધી નામ કે સર્વનામ ચોથીમાં લઈ ભાષામાં વપરાતાં દેખાયછે. આવાં ક્રિયાપદો ઘણાં છે, જેવાંકે—**રૂચવું, ગમવું, ગોઠવું, બોલવું, ભાવવું, શોભવું, ફાવવું, દાટવું, છાજવું, સુઝવું, લાગવું, ભાસવું, ગાંઠવું, બદવું વ૦** ગુજરાતીમાં તો—પેટમાં **દુખેછે**, આજ બહુ **વર્ષ્યું** કે **દાઝેછે**, એમાં મારૂં **ચાલતું નથી, ફાવતું નથી કે ઉપજતું નથી**—આવાં વાક્યમાંનાં ક્રિયાપદો, અર્થ અને રચના જોતાં ખરાં અકર્તૃક જેવાં છે.

૧૦૧. ઉભયવર્ણું ક્રિ૦—જે ક્રિયાપદ કોઈવાર અકર્મક ને કોઈવાર સકર્મક તરિકે વપરાતાં હોય તે ઉભયવર્ણું ક્રિ૦ કહેવાય; પણ પદચ્છેદમાં તો અકર્મક હોય ત્યાં અકર્મક ને સકર્મક હોય ત્યાં સકર્મક એમજ કહેવું.

નીચેના મનોયત્નમાં આપેલાં વાક્યોમાંનાં ક્રિયાપદનો વર્ણ કહો તથા તેના કર્ત્તા કર્મ બતાવો.

મનોયત્ન ૬ ઠ્ઠો.

૧ છોકરાંઓ દોડેછે. ૨ ગાયને ચાર પગ ને એક પુંછડી હોયછે. ૩ તે રમેછે. ૪ છૈરાંઓ ગાયછે. ૫ લલ્લુએ મને બે કલમ આપી છે. ૬ તેની કિંમત પુછજો. ૭ હું પાનાં રમુંછું. ૮ તમે એક સારૂં ગાયન ગાઓ. ૯ પેલા બધાઓ હસેછે. ૧૦ મારૂં માથું દુખેછે. ૧૧ મને બહુ વાગ્યું. ૧૨ હું કોનું ઓસડ કરૂં? ૧૩ તમે તો મને હસોછો. ૧૪ હું હવેથી તમને ડાહ્યાભાઈ કહીશ. ૧૫ મને મોનીટર કરો તો ઠીક.

---

૧૦૨. ક્રિયાપદની બાબતમાં તેનો મૂળ (ધાતુ), ભેદ, અર્થ, કાળ, જાતિ, વચન, પુરૂષ, પ્રયોગ વગેરે જાણવાં જોઈએ.

મૂળ (ધાતુ)

૧૦૩. મૂળ—ગુજરાતીમાં ક્રિયાપદનું ટુંકું રૂપ જેને પ્રત્યયો લગાડાયછે તે. અને સંસ્કૃતના જે રૂપ ઉપરથી એ મૂળ નિકળતું હોય તે ધાતુ કહેવાય:—જેમકે સં. कृ ધાતુ ઉપરથી ગુજરાતીમાં 'કર' થયું એ મૂળ કહેવાય.

સંસ્કૃત ધાતુની નિયમિત સંખ્યા છે. અને તે ઉપરથી નિકળેલા ગુજરાતી મૂળરૂપની પણ અમુક નિયમિત સંખ્યા બંધાય. આ મૂળ રૂપને સિદ્ધ શબ્દ કહેછે. અને એની સાથે વિવિધ પ્રત્યય ઉપસર્ગાદિ આવીને અનેક શબ્દો થાયછે તે સાધિત શબ્દ કહેવાય.

ભેદ.

૧૦૪. ભેદ—ક્રિયાપદના મૂળરૂપને એવી રીતે ફેરવીને બોલીએ કે તેથી અર્થ નહિ બદલાય પણ વાક્યનો મરોડ ફરે તેને ભેદ કહેછે. મુખ્ય ભેદ બે છે:—મૂળ ભેદ અને સાધિત ભેદ

૧૦૫. મૂળભેદ— ક્રિયાપદના મૂળરૂપ ઉપર પ્રત્યયો આવીને જે રૂપ થાયછે તે. એમાં કારકનો અર્થ રહેલો છે : જેમકે 'તે જાયછે,' 'મેં કાગળ લખ્યો.' એમાં જાયછે, લખ્યો એ મૂળભેદ.

૧૦૬. સહ્યભેદ— ક્રિયાપદનું મૂળરૂપ બદલાઈને તેમાં સહ્યાર્થ આવે ત્યારે સહ્યભેદ કહેવાય :—જેમકે 'તેનાથી જવાયછે,' 'મારાથી કાગળ લખાયો.' એમાં જવાયછે, લખાયો એ સહ્યભેદ કહેવાય.

વળી સહ્યભેદમાં સહ્યાર્થની સાથે શક્યાર્થ (શક્તિનો અર્થ) ભળેલો છે, તેથી એને શક્યભેદ પણ કહેછે. પરંતુ અકર્મક ક્રિયાપદના આ રૂપમાં શક્યાર્થ ખુલ્લો જણાયછે— જેમકે 'મારાથી ચલાતું નથી,' 'તમારાથી આવાય તો આવજો,' 'જવાય તો જજો,' વગેરે. માટે અકર્મકના સહ્યરૂપને શક્યભેદ અને સકર્મકના એ રૂપને સહ્યભેદ કહેવો.

સહ્યભેદનો પ્રત્યય તથા એ બનાવવાની રીત.

૧૦૭. સહ્યભેદનો પ્રત્યય 'આ' છે. એ મૂળરૂપને લાગ્યા પછી કાળ વગેરેના પ્રત્યયો લગાડાયછે અને એ પ્રત્યય હોય ત્યાં ય લાગેછે. (જોવું, કાળના પ્રત્યય): જેમકે— કરાય, વંચાયું, લખાશે વગેરે.

(૧) ક્રિયાપદનાં મૂળરૂપમાં વચ્ચે કે છેડે 'આ' હોય તો સહ્યભેદનો પ્રત્યય લાગતાં પહેલાં તેનો 'અ' થાયછે:— જેમકે માર–મરાય, નાંખ–નંખાય, ખા–ખવાય વગેરે.

(૨) અકારાંત સિવાયનાં કોઈ મૂળ— જેવાંકે સૂ, પી, લે, દે, ખા, જા, કહે, સહે, રહે, વગેરેને સહ્યભેદનો પ્રત્યય લગાડતાં પહેલાં છેડે 'વ્' ઉમેરવો પડેછે; જેમકે— સુવાય, પીવાય, ખવાય, કહેવાય વગેરે.

૧૦૮. સહ્યભેદનો મૂળ અર્થ એવો છે કે સહક એટલે ક્રિયાનો સહનાર ક્રિયાપદનો ક્રિયાનાથ થઈને પ્રથમા વિભક્તિમાં આવે

અને મૂળનો કર્તા (ગુજરાતીમાં) તૃતીયાને અર્થે, પંચમી વિભક્તિમાં આવે: જેમકે 'હું ચાલું' ઉપરથી 'મારાથી ચલાય,' 'હું ચોપડી લખું' ઉપરથી 'મારાથી ચોપડી લખાય.'

(૧) અકર્મક ક્રિયાપદનું સહ્યરૂપ એટલે શક્યભેદમાં ક્રિયાપદનો સહક-ક્રિયાનાથ ક્રિયાપદનો ભાવ છે તેથી એ રૂપ ત્રીજા પુરૂષ ને એકવચનમાંજ આવેછે: મારાથી ચલાય, દોડાય વગેરે. એમાં **ચાલવાનું દોડવાનું** એવો ક્રિયાપદનો ભાવ એનો સહક ક્રિયાનાથ છે.

(૨) સકર્મક ક્રિયાપદનો સહ્યભેદ થતાં તેનો કર્મ પ્રથમા વિભક્તિમાં આવી સહક-ક્રિયાનાથ થાયછે:—જેમકે 'મારાથી **પાઠ** વંચાતા નથી' 'બે **પુસ્તક** લખાયાં' વ૦.

(૩) દ્વિકર્મી ક્રિયાપદનો સહ્યભેદ કરતાં તેનો અનુપસ્થ કર્મ ચતુર્થીમાંજ રહેછે અને ઉપસ્થ કર્મ સહક-ક્રિયાનાથ થઈ પ્રથમામાં આવેછે:—જેમકે 'મારાથી **તેને** દસ **રૂપિયા** અપાયા' 'પોતાની **માને ડાહણ** કેમ કહેવાય' વગેરે.

(૪) **મોકલવું, બોલાવવું, નોતરવું, મારવું** વગેરે ક્રિયાપદો, જેની સાથે પ્રાણીવાચક શબ્દો હંમેશાં ઉપસ્થકર્મ જેવા થઈ દ્વિતીયાને સ્થળે ચતુર્થીનો 'ને' પ્રત્યય લઈ આવેછે, તેનો સહ્યભેદ કરતાં, તે કર્મ દ્વિતીયાને સ્થળે ચતુર્થીમાંજ રહીને તે ક્રિયાપદનો સહક-ક્રિયાનાથ* થાયછે:—જેમકે 'તેનાથી **છોકરીને** એકલી મોકલાઈ નહિ' 'મારાથી **તેને** બોલાવાયો નહિ,' '**તમને** નોતરાયા નહિ,' ભુલમાં તે **છોકરાને** બહુ મરાયો,' વગેરે.

૧૦૯. પ્રેરકરૂપ† (પ્રયોજ્યાર્થ)—ક્રિયાપદનો કર્તા પોતાને હાથે ક્રિયા નહિ કરતાં બીજાની પાસે કે બીજાને કહીને કરાવે ત્યારે જે રૂપ વપરાયછે તે:—જેમકે 'ભાઈદાસ પલંગ પાથરેછે' એમાં પાથરવાની ક્રિયા ભાઈદાસ જાતે કરેછે; પણ ભાઈદાસ

---

* સહક ક્રિયાનાથ હંમેશાં પ્રથમામાં આવેછે: પણ આવાં ક્રિયાપદની સાથે પ્રાણીવાચક શબ્દ એકલાં અનુપસ્થ કર્મ જેવાં આવેછે તેથી સહ્યભેદમાં પણ તે સહક ક્રિયાનાથ થયા છતાં દ્વિતીયાને સ્થળે ચતુર્થીમાં વપરાતાં જણાયછે.

† પ્રેરકરૂપમાં મૂળના રૂપમાં ફેરફાર થતાં અર્થવિકાર પણ થાયછે માટે એને ભેદ તરીકે લીધો નથી. વળી એ રૂપનો સહ્યભેદ પણ થાયછે:—જેમકે 'પઢાવ' એનો સહ્યભેદ પઢાવાય, લખાવ-લખાવાય, જમાડ-જમાડાય વગેરે.

પલંગ પથરાવેછે' એમાં પાથરવાની ક્રિયા બાઈદાસ જાતે કરતો નથી પણ બીજા કોઈની પાસે કરાવેછે, માટે પથરાવેછે એ પ્રેરકરૂપ કહેવાય. આ રૂપને એક ત્રીજો ભેદ પણ ગણેછે.

પ્રેરકરૂપના પ્રત્યય તથા તે બનાવવાની રીત.

૧૧૦. પ્રેરકરૂપના પ્રત્યય—ક્રિયાપદનાં મૂળરૂપને આવ, કે આડ, પ્રત્યય લગાડ્યાથી પ્રેરકરૂપ થાયછે: જેમકે લખાવ, વંચાવ, જમાડ, ખવાડ, સુવાડ વગેરે.

(૧) ક્રિયાપદનાં મૂળરૂપમાં વચ્ચે કે છેડે આ હોય તો પ્રેરકરૂપનો પ્રત્યય લગાડતાં પહેલાં તેનો અ કરવો પડેછે:—જેમકે 'પાડ–પડાવ' 'ખા–ખવાડ' વગેરે.

(૨) અકારાંત મૂળને ઘણું કરીને પ્રેરક થતાં આવ પ્રત્યય લાગેછે; પણ કેટલાંકને નથી લાગતો:—જેમકે જમ–જમાડ, રમ–રમાડ, જાગ–જગાડ વગેરે.

(૩) અકારાંત સિવાયનાં ક્રિયાપદ, જેવાંકે સુ, પી, બ્હી, લે, દે, ખા વગેરે ક્રિયાપદને ઘણું કરીને આડ પ્રત્યય લાગેછે; અને તે લાગતાં પહેલાં મૂળરૂપને છેડે વ્ ઉમેરવો પડેછે: જેમકે સુવાડ, પીવાડ, લેવાડ, દેવાડ, ખવાડ, કહેવાડ વગેરે.

(૪) કેટલાંકનું પ્રેરકરૂપ વપરાતુંજ નથી:—જેમકે 'જા' એનું જવાડ કે 'આવ' એનું 'અવાડ' એવું રૂપ વાપરતા નથી; પણ એ અર્થે 'મોકલ' ક્રિયાપદ વપરાયછે.

૧૧૧. ઘણાંખરાં અકર્મક ક્રિયાપદને પ્રેરક રૂપમાં લેતાં પહેલાં સકર્મક કરવાં પડેછે તેને કર્મક રૂપ કહેછે: પદચ્છેદમાં તો એને સકર્મક ક્રિયાપદ કહેવાય.

૧૧૨. અકર્મક ઉપરથી સકર્મક બનાવવાની રીત:—છેલ્લા અક્ષરની પાસેના સ્વર અનો આ કરવાથી કર્મકરૂપ થાયછે. કોઈવાર અનો એ અને ઉનો ઓ કરવા પડેછે. બધાં અકર્મક ક્રિયાપદનું કંઈ કર્મક રૂપ થઈ શકે નહિ. થોડાંએકનું થાયછે તે નીચે આપ્યાં છે.

અકર્મક.	કર્મકરૂપ.	અકર્મક.	કર્મકરૂપ.	અકર્મક.	કર્મકરૂપ.
ગળ	ગાળ	તર	તાર	ભળ	ભેળ
ચર	ચાર	તૂટ	તોડ	મર	માર
ઝર	ઝાર	દબ	દાબ	વળ	વાળ
ટળ	ટાળ	નમ	નામ	ઉછર	ઉછેર.
ઠર	ઠાર	પડ	પાડ	ઉકળ	ઉકાળ
ડબ	ડાબ	ફૂટ	ફોડ	ઉતર	ઉતાર
ઢળ	ઢાળ	બળ	બાળ		

કેટલાંક સકર્મક છતાં પ્રેરક જેવાં દેખાય પણ તેમાં પ્રેરણાનો અર્થ નથી ;—જેવાં કે, ભણ-ભણાવ, (શીખવ) મળ-મેળવ (સંપાદન કર). આવાં કેટલાંક રૂપના અર્થનો વિચાર કરતાં તેમાં પ્રેરણા ન હોય તો રૂપ ઉપરથી પ્રેરક લેવાય નહિ.

અર્થ કે વાચ.

૧૧૩. **અર્થ**—કોઈ ક્રિયાવિષે બોલતાં કર્તાના મનનો ભાવ કેવા પ્રકારનો છે એ જેથી જણાય તેને **અર્થ કે વાચ** કહેછે. મુખ્ય અર્થ ત્રણ છે :—**નિશ્ચયાર્થ, સંશયાર્થ** અને **આજ્ઞાર્થ.**

૧૧૪. **નિશ્ચયાર્થ**—બોલનાર કોઈ વસ્તુવિષે, સાધારણ રીતે, થઈગઈ, થાયછે, કે થશે એટલુંજ ફક્ત જણાવે એવો અર્થ તે નિશ્ચયાર્થ:—જેમકે 'તે કાલે ગયો' 'હું પાઠ વાંચુંછું' 'રામદાસ આવતે બુધવારે આવશે'—એમાં ગયો, વાંચુંછું, આવશે એ નિશ્ચયાર્થ છે.

૧૧૫. **સંશયાર્થ**—કોઈ ક્રિયાવિષે બોલનારના મનમાં સંદેહ રહેતો હોય કે 'થાય કે ન થાય' અથવા કોઈ શરત ઉપર કંઈ ક્રિયા થવાનો સંભવ હોય એવો અર્થ તે સંશયાર્થ.—જેમકે 'એ વાત ખરી પણ હોય!' 'હું કદાચ કાલે જાઉં' 'જો તું કહેત તો હું આવત'—એમાં હોય, જાઉં, કહેત એ સંશયાર્થ છે.

૧૧૬. નિશ્ચયાર્થ અને સંશયાર્થનાં રૂપ કેટલીકવાર એક સરખાં હોયછે તે અર્થ ઉપરથી ઓળખવાં:— જેમકે 'તે એવું બોલે એમાં નવાઈ નથી.' એમાં બોલે નિશ્ચયાર્થ છે. પણ 'તે એવું બોલે તો માર્યો જાય,' એમાં બોલે સંશયાર્થ છે. એને સંકેતાર્થ પણ કહેછે.

૧૧૭. આજ્ઞાર્થ— સાધારણપણે હુકમ કરવામાં આવે તે આજ્ઞાર્થ:— જેમકે 'તું તારો પાઠ વાંચ,' 'જાઓ, મહેતાજીને બોલાવો,' 'તમે કાલે આવજો.' એમાં વાંચ, જાઓ, બોલાવો, આવજો એમાં આજ્ઞાર્થ રહેલો છે.

૧૧૮. શુદ્ધ આજ્ઞાર્થ માત્ર બીજા પુરૂષમાં અને વર્ત્તમાન કે ભવિષ્યકાળમાં આવેછે. એમાં પ્રાર્થના (વિનંતિ), ઉપદેશ, આશીર્વાદ, શાપ વગેરે અર્થો રહેલા છે.

પ્રાર્થના— અરે પ્રભુ! તું અમારાં પાપ માફ કર.

ઉપદેશ— એને બબ્બે કલ્લાક ઘેર ભણાવો.

આશીર્વાદ— ઘરડા ડોસા થાઓ ને સુખી રહો.

શાપ— તમે રખડી રઝળીને મરો.

ભવિષ્યકાળમાં શે, શો ને બદલે જે, જો પ્રત્યય આવેછે:— નિશ્ચ૦ આવશે; આવશો. આજ્ઞા૦ આવજે; આવજો.

૧૧૯. સામાન્ય કૃદંતનું રૂપ (જોવું, કૃદંતનાં રૂપ) પણ આ અર્થમાં વપરાયછે; એમાં આજ્ઞાની સાથે ફરજ, પ્રાર્થના વગેરેનો અર્થ રહેલો છે:— જેમકે

ફરજ— નિશાળીઆએ મહેતાજીનો હુકમ માનવો.

પ્રાર્થના— મહેરબાની કરીને તમારે એટલું કામ બજાવવું.

વળી જ્યારે પ્રશ્ન પુછવામાં આવે ત્યારે તે પ્રશ્નાર્થ કહેવાય: જેમકે— તમે શું કરો છો? તે ક્યારે આવ્યો? પણ એ નિશ્ચયાર્થનાં રૂપ છે એટલે એને નિશ્ચયાર્થમાં ગણવાં.

કૃદંત.

૧૨૦. કૃદંત—ક્રિયાપદ ઉપરથી સાધિત થયલા શબ્દો જેમાં ક્રિયાનો તેમજ નામ વિશેષણ કે અવ્યયનો અર્થ આવે પણ કાળનો અર્થ આવે નહિ તેને કૃદંત કહેછે.

સંસ્કૃત તેમજ તે ઉપરથી નિકળેલી ભાષાઓમાં ઘણા ખરા શબ્દો ધાતુ ઉપરથીજ નિકળેલા છે. પણ તેમાંથી ક્રિયાપદનો ગુણ જતો રહીને નામ, વિશેષણ, અવ્યય વગેરેનો ખાસ ગુણ વળગ્યો તેઉપરથી તે તે વર્ગમાં ગણાવા લાગ્યા, અને જેમાં ક્રિયાનો ગુણ દેખીતો રહ્યો તેટલાનેજ માત્ર કૃદંત એ નામ આપવામાં આવ્યું છે.

૧૨૧. કૃદંત ૭ પ્રકારના છે—**સામાન્ય કૃ૦, કર્તૃવાચક કૃ૦, વર્તમાન કૃ૦, ભૂત કૃ૦, વિશેષભૂત કૃ૦; ભવિષ્ય કૃ૦, અને સંબંધક ભૂત કૃ૦,**. આમાંના પહેલા બે પ્રકારના કૃદંત નામની પેઠે વપરાયછે તેથી એને **વિશેષ્ય** (નામરૂપી) **કૃદંત** કહેછે; પછીના ચાર વર્ગના વિશેષણ તરીકે વપરાયછે માટે તે **વિશેષણ કૃદંત**; અને છેલ્લો અવિકારી છે માટે તે **અવ્યય કૃદંત** કહેવાયછે.

	કૃદંત.	પ્રત્યય.
નામરૂપી	સામાન્ય કૃ૦	વો, વી, વું, વા, વી, વાં
	કર્તૃવાચક કૃ૦	નારો, નારી, નારૂં, નારા, નારી, નારાં; નાર (અવિકારીરૂપ—ત્રણે જાતિના નામની સાથે આવે)
વિશેષણરૂ૦	વર્તમાન કૃ૦	તો, તી, તું, તા, તી, તાં
	ભૂત કૃ૦	યો, ઈ, યું, યા, ઈ, યાં
	વિશેષભૂત કૃ૦	એલો, એલી, એલું, એલા, એલી, એલાં, ('એ'ને ઠેકાણે 'ય' પણ વપરાયછે—યલો યલી વ૦)*
	ભવિષ્ય કૃ૦	વાનો, વાની, વાનું, વાના, વાની, [વાનાં

---

* **આકારાંત** ક્રિયાપદમાં **એલો, એલી** વ૦ ને ઠેકાણે **યલો, યલી** વ૦ પણ વપરાયછે; અને **આ**કારાંત (નિયમિત) ક્રિયાપદમાં એ પ્રત્યયો લાગતાં પહેલાં **આ** નો **અ** થઈ જાયછે; જેમકે:—**થા** ઉપરથી **થએલો** કે **થયલો** વ૦.

અવ્યયરૂ૦—સંબંધકભૂત કૃ૦. (પ્રત્યય)-ઈ, ઈને (એ અકારાંત સિવાયનાં મૂળને છૂટો લાગેછે:—ખા-ખાઇને, લે-લેઇ કે લઇ, [જા-જઇને વ૦)

કૃદંતનાં રૂપ.

લખ મૂળ મૂળભેદ. એકવ૦ બહુવ૦

સામા. કૃ.—લખવો, લખવી, લખવું; લખવા, લખવી, લખવાં.

કર્તૃવા. કૃ.—લખનારો, લખનારી, લખનારૂં; લખનારા, લખનારી, લખનારાં; લખનાર.

વર્ત. કૃ.—લખતો, લખતી, લખતું; લખતા, લખતી, લખતાં.

ભૂત. કૃ.—લખ્યો, લખી, લખ્યું; લખ્યા, લખી, લખ્યાં.

વિ.ભૂ.કૃ.—લખેલો, લખેલી, લખેલું; લખેલા, લખેલી, લખેલાં.

ભવિ. કૃ.—લખવાનો, લખવાની, લખવાનું; લખવાના, લખવાની, લખવાનાં.

સંબં. ભૂ. કૃ.—લખી, લખીને.

કૃદંત સંબંધી પદચ્છેદને લગતી સૂચના.

દરેક કૃદંતના જુદા જુદા ઉપયોગ.

સામાન્ય કૃ૦

૧. નામ—તારૂં **બોલવું** ડાહ્યું છે.

૨. પૂર્ણક્રિયાપદ—તારે **બોલવું** નહિ. (એમાં **બોલવું** એ સામાન્ય કૃ૦ આજ્ઞાર્થે ભવિષ્યકાળને ઠેકાણે વપરાયલો.) એને વિધિવર્તમાનકાળ પણ કહેછે.

કર્તૃવાચક કૃ૦

૧. નામ—કાળીદાસજ આવા ગ્રંથનો **લખનાર** છે.

૨. પૂર્ણક્રિયાપદ—તે આવો ગ્રંથ **લખનાર છે** (લખશે). (એમાં **લખનાર છે** એ નિશ્ચયાર્થે ભવિષ્યકાળને ઠેકાણે વપરાયલો).

વર્તમાન કૃ૦ [ઘોડો વ૦.

૧. વિશેષણ—**ચાલતું** કામ, **બોલતો** પોપટ, **દોડતો**

૨. પૂર્ણક્રિયાપદ—દરરોજ પાંચ કલાક કામ **ચાલતું**. તે પોપટ રોજ સ્હવારમાં **બોલતો**. (એમાં **ચાલતું**, **બોલતો**, એ ચાલુ ભૂતકાળ તરીકે વપરાયલા.)

૩. નામ—તેને **બોલતાં** આવડતું નથી. (એમાં **બોલતાં** એ સામાન્યકૃદંતને અર્થે વપરાયલું છે; અને આ અર્થે એ રૂપ હંમેશાં અવિકારી છે.)

૪. અવ્યય—તે **બોલતાં** પડી ગયો.

ભૂત કૃ૦

૧. વિશેષણ—**કહી** વાત, **દીધી** શિખામણ, **લખ્યા** લેખ વ૦

૨. નામતરીકે—તમારૂં **કર્યું** મારા ધ્યાનમાં આવતું નથી. તમારે **ગયે** મને લાભ નથી. તેના **બોલ્યા**પર ભરોસો નહિ.

૩. પૂર્ણક્રિયાપદ—તેણે મને એક વાત **કહી**— શીખામણ **દીધી**—કાગળ **લખ્યો** (ગુજરાતીમાં ભુતકૃદંતનું રૂપજ ભુતકાળમાં વપરાયછે. માટે પૂર્ણ કાળનો અર્થ હોય ત્યાં એને ભૂતકાળ કહેવું.)

વિશેષભૂત કૃ૦

૧. વિશેષણ—**લખેલો** કાગળ, **કહેલું** કામ વગેરે.

૨. નામતરીકે—તમારૂં **લખેલું** મારાથી વંચાતું નથી.

૩. પૂર્ણક્રિયાપદ—મેં તમને દશ કાગળ **લખેલા.** મેં તમને એ કામનું **કહેલું.** (એમાં **લખેલા, કહેલું** પૂર્ણભૂતકાળને અર્થે વપરાયલા.)

ભવિષ્ય કૃ૦

૧. વિશેષણ—**જવાનો** વિચાર, **આવવાના** ઉપાય **લખવાનું** કામ વ૦

૨. નામ—તેણે મને **જવાનું** કહ્યું. મને **લખવાનું** ગમતું નથી. (એમાં **જવાનું, લખવાનું** એ સામાન્યકૃદંતને અર્થે વપરાયલા.)

૩. પૂર્ણક્રિયાપદ—હું તો **જવાનો.** તમે ક્યારે **આવવાના?** (એમાં **જવાનો, આવવાના** એ ભવિષ્યકાળને અર્થે વપરાયલા.)

સંબંધકભૂત કૃ૦

૧. સંબંધકભૂતકૃ૦ કેવળ અવ્યય રૂપેજ વપરાયછે; અને એમાંનો 'ને' વાક્યયોગી છે. આ કૃદંતમાં એની પછીના ક્રિયાપદનો કાળ સમાયલો છે:—જેમકે 'તમે ઘેર **જઈને** આવો'=તમે

પેર **જાઓ અને** આવો.' 'હું પાઠ **વાંચીને** બેસી ગયો' = મેં પાઠ **વાંચ્યો અને** (હું) બેસી ગયો. 'તે બસેં રૂપીઆ **કમાઇને** આવશે'=તે બસેં રૂપીઆ **કમાશે અને** પછી આવશે.

કૃદંતને પણ ભેદ લાગેછે: જેમકે 'લખતો' એ મૂળભેદ, એનો સહ્યભેદ 'લખાતો', અને પ્રેરકરૂપ 'લખાવતો.'

નીચેના મનોયત્નમાં આપેલાં વાક્યોમાંના કૃદંતની જાત તથા તેનો ભેદ કહો.

મનોયત્ન ૭ મો.

૧ ચાલતું કામ અટકાવવું નહિ. ૨ થવાનું હશે તે થઈ રહેશે. ૩ ગયો વખત સંભારવો નહિ. ૪ હોનાર વસ્તુ આગળ ડહાપણ ચાલતું નથી. ૫ દુનિયાનો બનાવનાર કોણ છે? ગઈ કાલે આપણે શું વાત થયલી? ૭ સિપાઈને બોલાવવાનું કામ મારૂં નથી. ૮ પોપટને કાળજી લઈને બોલતાં શિખવીએ તો આવડે ખરૂં. ૯ આંધળાંને પણ લખતાં વાંચતાં શિખવી શકાય. ૧૦ છાપેલાં પુસ્તક વાંચવાં સ્હેલાં પડેછે.

ઉપલાં વાક્યોમાંના ક્રિયાપદનો ભેદ કહો, અને મૂળભેદ હોય તો તેનો સહ્યભેદ તથા પ્રેરકરૂપ કરી બતાવો.

કાળ.

૧૨૨. કાળ—કોઇ ક્રિયાવિષે બોલતાં તેમાં જે વખતનો અર્થ રહેલો હોય તેને ક્રિયાપદનો કાળ કહેછે. વખતના સ્વભાવિક ભાગપ્રમાણે વ્યાકરણમાં ક્રિયાપદના મુખ્યકાળ ત્રણ છે:—**વર્ત્તમાન, ભૂત અને ભવિષ્ય.** આ ત્રણ શુદ્ધકાળ કહેવાયછે.

૧૨૩. વર્ત્તમાનકાળ—ક્રિયા ચાલુ વખતમાં થાયછે એવો અર્થ હોય તે:—જેમકે **બેસું, જાય, કરે** વગેરે.

ગુજરાતીમાં સાધારણ વર્ત્તમાનનો અર્થ બતાવવાને કોઇ પણ ક્રિયાપદની સાથે 'છ' મૂળનાં રૂપ વાપરેછે: જેમકે **બેસુંછું, જાયછે, કરેછે** વગેરે.

૧૨૪. ભૂતકાળ—આગલા વખતમાં કંઇ ક્રિયા થઇગઇ એવો અર્થ હોય તે:—જેમકે **કર્યું, ગયો, બેઠી** વગેરે.

શુદ્ધ ભૂતકાળમાં ભૂતકૃદંતનાં રૂપજ વપરાયછે.

૧૨૫. ભવિષ્યકાળ— આવતા વખતમાં કંઈ ક્રિયા થશે એટલે હજુ થવાની છે એવો અર્થ હોય તેઃ— જેમકે કરીશ, જશે, બેસીશું ૧૦.

૧૨૬. મુખ્ય કાળના પ્રત્યયો તથા રૂપાખ્યાન.

નિશ્ચયાર્થ વર્ત્તમાનકાળ.

	પ્રત્યય.		બોલ મૂળનાં રૂપ.	
પુરૂષ	એકવ૦	બહુવ૦	એકવ૦	બહુવ૦
૧	ઉં	ઈએ ઈયે	હું બોલું	અમે બોલીએ-બોલિયે
૨	એ (ય)	ઓ	તું બોલે	તમે બોલો
૩	એ (ય)	એ (ય)	તે બોલે	તેઓ બોલે.

વર્ત્તમાનકાળમાં આકારાંત ને ઓકારાંત ક્રિયાપદને 'એ' ને ઠેકાણે 'ય' લાગેછેઃ જેમકે 'તું ખાય,' 'તે જાય,' 'તેઓ જાય;' અને એકારાંત ક્રિયાપદને બીજે પુરૂષ એકવચન અને ત્રીજે પુરૂષ એકવચન ને બહુવચનમાં એ કે ય કોઈ પ્રત્યય લાગતો નથીઃ જેમકે 'તું લે' 'તેઓ દે;' અને પહેલા પુરૂષ બહુ વચનમાં છેડાના એનો આ પણ થાયછેઃ જેમકેઃ— અમે લેઈએ કે લઈએ ૧૦.

સંશયાર્થવર્ત્તમાનકાળ.

(સંશયાર્થ વર્ત્તમાનકાળના પ્રત્યય તથા રૂપ નિશ્ચયાર્થ વર્ત્તમાનકાળનાં જેવાંજ છે).

આજ્ઞાર્થવર્ત્તમાનકાળ.

પુરૂષ	એકવ૦	બહુવ૦	એકવ૦	બહુવ૦
૨	(મૂળરૂપ)	ઓ	તું બોલ	તમે બોલો.

નિશ્ચયાર્થભૂતકાળ.

(નિશ્ચયાર્થ ભૂતકાળનાં જાતિ પ્રમાણે રૂપાખ્યાન થાયછે)

જાતિ	એકવ૦	બહુવ૦	એકવ૦		બહુવ૦
નર	યો	યા	હું, તું, તે	બોલ્યો	અમે તમે તેઓ } બોલ્યા.
નારી	ઈ	ઈ	,,	બોલી	,, બોલી, બોલીઓ*
નાન્ય.	યું	યાં	,,	બોલ્યું	,, બોલ્યાં

* ભૂતકાળમાં નારીજાતિનાં રૂપની સાથે કોઈવાર બહુવચનનો પ્રત્યય 'ઓ' વાપરવાનો ચાલ છે.

સંશયાર્થભૂતકાળ.

મૂળઉપર **ત** પ્રત્યય લગાડવાથી સંશયાર્થ (સંકેત) ભૂતકાળ થાયછે. ત્રણ્ણે પુરૂષ અને બેહુવચનમાં એક-જ સરખું રૂપ રહેછે.

પુરૂષ	એકવ૦	બહુવ૦
હું	બોલત,	અમે બોલત
તું	,,	તમે ,,
તે	,,	તેઓ ,,

નિશ્ચયાર્થ ભવિષ્યકાળ.

પુરૂષ	એકવ૦	બહુવ૦	એકવ૦	બહુવ૦
૧	ઇશ	શું, ઈશું	હું બોલીશ	અમે બોલશું-બોલીશું
૨	શે (ઈશ)	શો	તું બોલશે(બોલીશ)	તમે બોલશો
૩	શે	શે	તે બોલશે	તેઓ બોલશે

સંશયાર્થ ભવિષ્યકાળ.

(સંશયાર્થ ભવિષ્યકાળના પ્રત્યય તથા રૂપ નિશ્ચયાર્થ ભવિષ્ય-કાળનાં જેવાંજ છે).

આજ્ઞાર્થ ભવિષ્યકાળ.

પુરૂષ	એકવ૦	બહુવ૦	એકવ૦	બહુવ૦
૨	જે	જો	તું બોલજે	તમે બોલજો.

સહ્યભેદ (શક્યભેદ) તથા પ્રેરકનું એક એક રૂપ નીચે આપ્યું છે. એના પ્રત્યય તથા બનાવવાની રીત જાણ્યા પછી ઉપર પ્રમાણે એ ભેદના કોઈપણ કાળનાં રૂપ બનાવી શકાય.

સહ્યભેદ.	પ્રેરક.
નિશ્ચ૦, સંશ૦ વર્તમાન—બોલાય	બોલાવે
નિશ્ચ૦ભૂત—બોલ્યો, બોલાઈ, બોલાયું	બોલાવ્યો, બોલાવી, [બોલાવ્યું
સંશ૦ ,,—બોલાત	બોલાવત
નિશ્ચ૦, સંશ ભવિષ્ય—બોલાશે	બોલાવશે

૧૨૭. અનિયમિત ક્રિ૦—કેટલાંએક ક્રિયાપદને ભૂત-કૃદંત કે કાળમાં યો, ઈ, યું ને વિશેષભૂત કૃ૦માં એલો, એલી એલું પ્રત્યય નથી લાગતા પણ કંઈ ફેરફાર થઈને જુદાજ પ્રત્યય લાગેછે તે **અનિયમિત ક્રિ૦** કહેવાય; અને જેને સાધારણ નિયમ પ્રમાણે ભૂત ને વિશેષભૂતના પ્રત્યય લાગે તે **નિયમિત.**

(ગુજરાતીમાં પદચ્છેદ કરવામાં આ ભેદ લેવાતો નથી.)

અનિ૦ ક્રિ૦	ભૂતકૃદંત કે કાળ.	વિશેષભૂત કૃદંત.
ખા	ખાધો, ખાધી, ખાધું	ખાધેલો, ખાધેલી, ખાધેલું
જા	ગયો, ગઈ, ગયું	ગયલો, ગયલી, ગયલું
દે	દીધો, દીધી, દીધું	દીધેલો, દીધેલી, દીધેલું
લે	લીધો, લીધી, લીધું	લીધેલો, લીધેલી, લીધેલું
પી	પીધો, પીધી, પીધું	પીધેલો, પીધેલી, પીધેલું
પેસ	પેઠો, પેઠી, પેઠું	પેઠેલો, પેઠેલી, પેઠેલું
બેસ	બેઠો, બેઠી, બેઠું	બેઠેલો, બેઠેલી, બેઠેલું
ન્હાસ	નાઠો, નાઠી, નાઠું	નાઠેલો, નાઠેલી, નાઠેલું
મર	મુઓ, મુઈ, મુઉં	મુએલો, મુએલી, મુએલું
સુ	સુતો, સુતી, સુતું	સુતેલો, સુતેલી, સુતેલું

કર ક્રિયાપદનાં પણ કીધો,* કીધી, કીધું, કીધેલો, કીધેલી, કીધેલું, એવાં અનિયમિતનાં જેવાં રૂપ થાયછે.

દ્વિઅક્ષરી ક્રિયાપદ જેને છેડે એ આવેછે જેવાંકે કહે, રહે, સહે, લહે, વ૦ તેને ભૂતકાળનો પ્રત્યય લાગતાં છેડાનો એ જતો રહેછે: જેમકે કહ્યો, સહ્યો, રહ્યો વગેરે.

સહાયકારક ક્રિયાપદ.

૧૨૮. **સહાયકારક ક્રિ૦**—મૂળક્રિયાપદની સાથે બીજું ક્રિયાપદ આવીને તેના અર્થમાં કે કાળમાં વધારો કરેછે તેને સહાયકારક ક્રિ૦ કહેછે. અને મૂળક્રિયાપદને **મુખ્યક્રિયાપદ** કહેછે.

ખરેખરો સહાયકારક ગુજરાતીમાં માત્ર 'શક' છે; કારણ કે એ મુખ્યક્રિયાપદની સાથે આવી તેમાં શક્યાર્થનો વધારો કરેછે; અને મુખ્યક્રિયાપદ તરીકે વપરાતો નથી:—જેમકે **હું ચાલી શકું, તું વાંચી શકયો, તે રહી શકશે** વ૦. સહ્યભેદ કે શક્યભેદનાં રૂપમાં આ અર્થ રહેલો છે: જેમકે **ચલયા,**

---

* **કીધ, લીધ, દીધ, પીધ; કીધેલ, દીધેલ, પીધેલ, ખાધેલ,** તેમજ, **કરેલ, માંડેલ, કહેલ** વ૦ ભૂતકાળ અને ભૂતકૃદંતનાં ટૂંકાં રૂપો કવિતામાં ઘણાં વપરાયછે. એ ત્રણે જાતિમાં એકજ રૂપે રહેછે.

વંચાયું, રહેવાશે ૫૦. માટે ઉપલાં રૂપને સંયુક્તક્રિયાપદમાં ગણાય (જોવું સંયુક્તક્રિયાપદ).

હો મૂળનાં રૂપ મુખ્યક્રિયાપદની સાથે આવી તેના કાળમાં ફેરફાર કરેછે ત્યારે એ સહાયકારક ગણાય (જુઓ મિશ્રકાળ).

બીજાં ક્રિયાપદો સહાયકારક જેવાં વપરાયલાં દીઠામાં આવે પણ તે સહાયકારક નથી, પણ વિકારક છે (જુઓ સંયુક્તક્રિયાપદ).

મિશ્રકાળ.

૧૨૮. મિશ્રકાળ— શુદ્ધ વર્ત્તમાન, ભૂત ને ભવિષ્યકાળના અર્થમાં કંઈ ન્યૂનાધિક અર્થ દેખાડવાને જે બેવડાં રૂપો વપરાયછે તેને મિશ્રકાળ કહેછે. ખરા મિશ્રકાળ આઠ ગણેલા છે. મુખ્ય-ક્રિયાપદના વર્ત્તમાન, ભૂત, વિશેષભૂત અને ભવિષ્ય, એ ચાર કૃદંત ઉપરથી એકએકના બબ્બે રૂપ થાયછે. જેમકે :—

	મિશ્રકાળનાં નામ.	ઉદાહરણ.
વર્ત્તમાન ઉપરથી	ક્રિત્વવર્ત્તમાન	બોલેછે, બોલતો હોય
	વર્ત્તમાનભૂત	બોલતો હતો.
ભૂત ઉપરથી	ભૂતવર્ત્તમાન	બોલ્યો છે
	ક્રિત્વભૂત	બોલ્યો હતો
વિશેષભૂતઉપરથી	વિશેષભૂતવર્ત્તમાન	બોલેલો છે
	વિશેષક્રિત્વભૂત	બોલેલો હતો
ભવિષ્યઉપરથી	ભવિષ્યવર્ત્તમાન	બોલવાનો છે
	ભવિષ્યભૂત	બોલવાનો હતો

વળી એ ચારે કૃદંતની સાથે સહાયકારકના ભવિષ્યનું રૂપ લાગ્યાથી બીજા ચાર મિશ્રકાળ થાયછે. પણ તેમાં ઘણો ખરો સંશયાર્થ રહેલો છે. માટે તેને મુખ્યમાં ગણ્યા નથી: જેમકે

વર્ત્તમાનભવિષ્ય —બોલતો હશે

ભૂતભવિષ્ય —બોલ્યો હશે

વિશેષભૂતભવિષ્ય—બોલેલો હશે

ક્રિત્વભવિષ્ય —બોલવાનો હશે.

૧૩૦. મિશ્રકાળ બનાવવાની રીત.—મુખ્યક્રિયાપદના વર્ત્તમાન, ભૂત, વિશેષભૂત અને ભવિષ્યકૃદંતની સાથે હો સહાયકારકના વર્ત્તમાન અને ભૂતકાળનાં રૂપ જોડવાથી થાયછે. માત્ર નિશ્ચયાર્થ દ્વિત્વવર્ત્તમાનમાં મુખ્યક્રિયાપદના વર્ત્તમાનકૃદંતને બદલે વર્ત્તમાનકાળનું* રૂપ વપરાયછે: જેમકે 'બોલતો છું' નહિ પણ 'બોલુંછું.'

મિશ્રકાળનાં રૂપાખ્યાન.

૧. દ્વિત્વવર્ત્તમાન.—

નિશ્ચયાર્થ (મુખ્ય તથા સહાયકારક 'હો' બેઉના વર્ત્તમાનકાળ).

૧	પુ૦	એકવ૦	હું બોલુંછું	બહુવ૦	અમે બોલીએછિયે
૨	,,	,,	તું બોલેછે	,,	તમે બોલોછો
૩	,,	,,	તે બોલેછે†	,,	તેઓ બોલેછે

સંશયાર્થ (મુખ્ય ક્રિ૦નો વર્ત્તમાન કૃદંત અને સહાયકારક 'હો' નો વર્ત્તમાનકાળ).

પુરૂષ.	એકવ૦	બહુવ૦
૧	હું બોલતો-તી-તું હોઉં.	અમે બોલતા-તી-તાં હોઈએ
૨	,, ,, ,, હોય.	તમે ,, ,, ,, હો
૩	,, ,, ,, હોય.	તેઓ ,, ,, ,, હોય.

૨. વર્ત્તમાનભૂત (મુખ્ય ક્રિયાપદનો વર્ત્તમાન કૃદંત તથા સહાયકારક 'હો' નો ભૂતકાળ).

જાતિ	એકવ૦	નિશ્ચયાર્થ	બહુવ૦
નર (હું તું તે)	બોલતો હતો	(અમે તમે તેઓ)	બોલતા હતા
નારી ,,	બોલતી હતી	,,	બોલતી હતી
નાન્ય૦,,	બોલતું હતું	,,	બોલતાં હતાં

---

* નિશ્ચયાર્થ સિવાય સંશયાર્થ તેમજ નિષેધ રૂપ બનાવતાં દ્વિત્વવર્ત્તમાનમાં મુખ્ય કાળનો વર્ત્તમાન કૃદંતજ આવેછે: જેમકે સંશ૦ 'બોલતો હોઉં' નિષે૦ બોલતો નથી. વળી ખરા ગુજરાતના મૂળ રહેવાસી, કોળી, કાઠી વગેરે ખેડુત વર્ગના લોકોમાં 'બોલતો છું,' 'કહેતો છું,' 'આવતો છું' આવાં રૂપો નિશ્ચયાર્થમાં પણ હજુ વપરાયછે. પરંતુ કેળવાયલા વર્ગમાં 'બોલું છું' આ રૂપ ચાલુ થઈગયું માટેજ આ નિયમને આટલો બાધ આવેછે.

† **બોલંત, કરંત, કહંત** એવાં રૂપો દ્વિત્વવર્ત્તમાનને ઠેકાણે કવિતામાં [વપરાયછે.

જાતિ	એકવ૦	સંશયાર્થ.	બહુવ૦
નર	(હું તું તે) બોલતો હોત	(અમે, તમે, તેઓ)	બોલતા હોત
નારી	,, બોલતી હોત	,,	બોલતી હોત
નાન્ય૦	,, બોલતું હોત	,,	બોલતાં હોત

3. ભૂતવર્તમાન (મુખ્ય ક્રિ૦નો ભૂત કૃ૦ને સહાયકારક 'હો' નો વર્તમાન કાળ).

પુરૂષ.	એકવ૦	નિશ્ચયાર્થ.	બહુવ૦
૧	હું બોલ્યો, લી, લ્યું છું	અમે	બોલ્યા, લી, લ્યાં છીએ
૨	તું ,, ,, ,, છે છું	તમે	,, ,, ,, છો
૩	તે ,, ,, ,, છે	તેઓ	,, ,, ,, છે.

સંશયાર્થ.

૧	હું બોલ્યો, લી, લ્યું હોઉં	અમે	બોલ્યા, લી, લ્યાં હોઈએ
૨	તું ,, ,, ,, હોય	તમે	,, ,, ,, હો
૩	તે ,, ,, ,, હોય	તેઓ	,, ,, ,, હોય

૪. દ્વિતભૂત (મુખ્યનો ભૂતકૃ૦ને સહાય૦ 'હો' નો ભૂતકાળ).

જાતિ.	એકવ૦	નિશ્ચયાર્થ.	બહુવ૦
નર	(હું, તું, તે,) બોલ્યો હતો	(અમે તમે તેઓ)	બોલ્યા હતા
નારી	,, બોલી હતી	,,	બોલી હતી
નાન્ય૦	,, બોલ્યું હતું	,,	બોલ્યાં હતાં

સંશયાર્થ.

નર	,, બોલ્યો હોત	,,	બોલ્યા હોત
નારી	,, બોલી હોત	,,	બોલી હોત
નાન્ય૦	,, બોલ્યું હોત	,,	બોલ્યાં હોત

૫. વિશેષભૂતવર્તમાન (મુખ્યનો વિશેષભૂતકૃદંત ને સહાયકા૦ 'હો' નો વર્તમાનકાળ).

પુરૂષ.	એકવ૦	નિશ્ચયાર્થ.	બહુવ૦
૧	હું બોલેલો, લી, લું છું	અમે	બોલેલા, લી, લાં છિય
૨	તું ,, ,, ,, છે-છું	તમે	,, ,, ,, છો
૩	તે ,, ,, ,, છે	તેઓ	,, ,, ,, છે

સંશયાર્થ.

૧	હું બોલેલો, લી, લું હોઉં	અમે	બોલેલા, લી, લાં હઈએ
૨	તું ,, ,, ,, હોય	તમે	,, ,, ,, હો
૩	તે ,, ,, ,, હોય	તેઓ	,, ,, ,, હોય

૬. **વિશેષક્રિત્વભૂત** (મુખ્યનો વિશેષભૂતકૃ૦ને સહાયકા૦-'હો'નો ભૂતકાળ).

જાતિ.	એકવ૦	નિશ્ચયાર્થે.	બહુવ૦
નર	(હું તું તે) બોલેલો હતો	(અમે તમે તેઓ)	બોલેલા હતા
નારી	,, બોલેલી હતી	,,	બોલેલી હતી
નાન્ય૦	,, બોલેલું હતું	,,	બોલેલાં હતાં
		સંશયાર્થે.	
નર	,, બોલેલો હોત	,,	બોલેલા હોત
નારી	,, બોલેલી હોત	,,	બોલેલી હોત
નાન્ય૦	,, બોલેલું હોત	,,	બોલેલાં હોત

૭. **ભવિષ્યવર્ત્તમાન**—(મુખ્યનો ભવિષ્યકૃદંત ને સહાયકારક 'હો'નો વર્તમાનકાળ).

પુરૂષ.	એકવ૦	નિશ્ચયાર્થે.	બહુવ૦
૧	હું બોલવાનો, ની, નું છું	અમે	બોલવાના, ની, નાં છિયે
૨	તું ,, ,, ,, છે છું	તમે	,, ,, ,, છો
૩	તે ,, ,, ,, છે	તેઓ	,, ,, ,, છે
		સંશયાર્થે.	
૧	હું બોલવાનો, ની, નું હોઉં	અમે	બોલવાના, ની, નાં હોઈએ
૨	તું ,, ,, ,, હોય	તમે	,, ,, ,, હો
૩	તે ,, ,, ,, હોય	તેઓ	,, ,, ,, હોય

૮. **ભવિષ્યભૂત**—(મુખ્યનો ભવિષ્ય કૃદંત ને સહાયકા૦ 'હો'નો ભૂતકાળ).

જાતિ.	એકવ૦	નિશ્ચયાર્થે.	બહુવ૦
નર	(હું, તું, તે) બોલવાનો હતો	(અમે, તમે, તેઓ)	બોલવાના હતા
નારી	,, બોલવાની હતી	,,	બોલવાની હતી
નાન્ય૦	,, બોલવાનું હતું	,,	બોલવાનાં હતાં
		સંશયાર્થે.	
નર	(હું, તું, તે) બોલવાનો હોત	(અમે, તમે, તેઓ)	બોલવાના હોત
નારી	,, બોલવાની હોત	,,	બોલવાની હોત
નાન્ય૦	,, બોલવાનું હોત	,,	બોલવાનાં હોત

૧૩૧. **નિષેધાર્થ**—ક્રિયાપદની સાથે ન, ના, નહિ, નવ, કે મા આ નકાર બતાવનારા શબ્દો વાપર્યાથી જે રૂપ થાયછે તેને નિષેધાર્થ કે નિષેધરૂપ કહેછે:—**જેમકે નથી, ન હોય, નહિ થાય, નવ કહેવાય, કરતા ના, બોલશો મા વગેરે.**

પદચ્છેદમાં ફક્ત **નથી*** એને છ મૂળનું અકર્ણરૂપ એમ કહેછે કારણ કે એમાં નકાર ભળી ગયલો છે. (રૂપાખ્યાનમાં જોવું). પણ બીજાં રૂપોમાં ન, નહિ, વગેરે નકારવાચક ને છૂટા ક્રિયાવિશેષણ તરીકે લેવાયછે.

૧૩૨. **અપૂર્ણક્રિયાપદ**— જે ક્રિયાપદનાં બધાં રૂપ થતાં નથી તેને અપૂર્ણક્રિયાપદ કહેછે. ગુજરાતીમાં ખરેખરાં અપૂર્ણક્રિ॰ બે છે—હો અને જોઇએ. (આગળ રૂપાખ્યાનમાં જોવું).

મિશ્રકાળના સામાન્ય અર્થ.

૧. **નિત્યવર્ત્તમાન**માં ચાલુ વર્ત્તમાનનો એટલે વર્ત્તમાન કાળમાં કંઇ ક્રિયા શરૂ છે એવો અર્થ રહેલો છે.

૨. **વર્ત્તમાનભૂત**માં ચાલુ ભૂતનો, એટલે ભૂતકાળમાં કંઇ ક્રિયા થતી હતી પણ પૂરી થયલી નહિ એવો અર્થ રહેલો છે.

૩. **ભૂતવર્ત્તમાન**માં કંઈ ક્રિયા તરતજ કે થોડા વખત પહેલાં પૂરી થઇછે એવો અર્થ રહેલો છે.

૪. **નિત્યભૂત**માં ગયલા વખતમાં કંઈ ક્રિયા થઈ રહેલી અથવા ઘણા વખતઉપર કંઇ ક્રિયા થયલી એવો અર્થ રહેલો છે.

૫. **વિશેષભૂતવર્ત્તમાન**માં થોડા વખત અગાઉ કંઈ ક્રિયા થયલી તે વિષે તરતજ કહેતો હોય એવો અર્થ રહેલો છે. (ભૂતકાળમાં તરતજ થયલી ક્રિયાના કરતાં આગળની કંઈ ક્રિયાનો અર્થ વિશેષભૂતમાં રહેલો છે.)

૬. **વિશેષનિત્યભૂત**મા ગયલા વખતમાં ઘણા વખત પહેલાં કંઈ ક્રિયા થઈ રહેલી એવો અર્થ રહેલો છે.

૭. **ભવિષ્યવર્ત્તમાન**માં આવતા વખતમાં કંઈ ક્રિયા હજુ થવાની છે પણ તેનો ઠરાવ થઇ ચૂકેલો છે એવો અર્થ રહેલો છે.

૮. **ભવિષ્યભૂત**માં ગયા વખતમાં કંઈ ક્રિયા થવાની હતી અથવા આવતા વખતમાં કંઈ ક્રિયાનો ઠરાવ થઇ ચૂકેલો પણ તે પહેલાં કંઈ બીજી ક્રિયા થઇ એવો અર્થ રહેલો છે.

વર્ત્તમાનભવિષ્ય, ભૂતભવિષ્ય, વિશેષભૂતભવિષ્ય અને નિત્યભવિષ્ય આ રૂપોમાં કાળના અર્થની સાથે સંશયાર્થ ભળેલો રહેછે.

---

* **નથી** જેવાં રૂપ—જેવાંકે—**નાવે**=ન આવે, **નોય**=ન હોય વગેરે કવિતામાં વપરાયછે: પણ એવું પદચ્છેદ કરતાં માંહેથી ન છૂટો પાડવો જોઇએ

કાળના વિવિધ અર્થ તથા ઉપયોગ.

વર્ત્તમાનકાળ.

૧. શુદ્ધવર્ત્તમાન.—

નિશ્ચયાર્થ—તે **આવે** ને જાઓ, હું **બોલું** તે સાંભળો.

સંશયાર્થ—તે **આવે** તો ઠીક, હું **બોલું** તો માર્યો જાઉં.

શક્યાર્થ-આ બારણામાંથી તે પેટી નહિ **આવે** (આવીશકે).

અનુજ્ઞાર્થ (રજાલેવી)—હું **આવું** સાહેબ? [ખાઈશ.

૨. **ભવિષ્યકાળને અર્થે**—તે **આવે** (આવશે) ત્યારે હું

૩. **ચાલુભૂતકાળને** „—એક ગાંડો કરીને છોકરો હતો. તે રોજ નિશાળે **આવે** (આવતો) પણ કોઈ દહાડો પાઠ **વાંચે** (વાંચતો) નહિ.

ભવિષ્યકાળ.

૧. શુદ્ધભવિષ્ય.—

ભવિષ્યાર્થ—તે કાલે **આવશે**, હાલ વરસાદ વ્હેલો થશે.

ઇચ્છાર્થ— હું એ કામ **કરીશ** (કરવાની ઇચ્છા).

સંશયાર્થ—તમે **આવશો** તો કામ થશે.

આજ્ઞાર્થ (વિનયથી)— મારે માટે એટલું કામ **કરશો**.

૨. **ભૂતકાળને અર્થે**—કાશી કરીને એક છોકડી હશે (હતી).

ભૂતકાળ.

૧. **શુદ્ધભૂત**—નિશ્ચયાર્થ, હું **બોલ્યો**, તે **આવ્યો** વ૦. (સંશયાર્થમાં ભૂતકાળનું અને દ્વિત્વભૂતકાળનું સંકેતનું રૂપ એક બીજાને ઠેકાણે વપરાયછે:—જેમકે તમે **બોલત** (બોલ્યા હોત) તો ઠીક થાત).

૨. **વર્ત્તમાનકાળને અર્થે**— તમે જાઓ હું હમણા **આવ્યો** (આવુંછું).

૩. **ભવિષ્યકાળને અર્થે**— જો **બોલ્યા** (બોલશો) તો માર ખાશો. (આજ્ઞાર્થ)—નહિ જવાય તો જરા **થોભ્યા** (થોભજો).

ઉપર આપેલા કાળોને ઠેકાણે કોઈ કૃદંતો પણ તે અર્થ બતાવવાને વાપરવાનો ચાલ છે (જોવું પૂર્વે કૃદંતના ઉપયોગમાં)

દ્વિત્વવર્ત્તમાન.

૧. ચાલુ ક્રિયાને અર્થે— તે વાંચેછે, હું બોલુંછું વગેરે.

૨. શુદ્ધવર્ત્તમાનને અર્થે—

કંઈ સાધારણ નિયમ— જુઠું બોલવાથી પાપ લાગેછે, સૂર્ય પૂર્વમાં ઉગેછે ને પશ્ચિમમાં આથમેછે.

મ્હાવરો કે ટેવ— તે રોજ મોડો ઉઠેછે.

૩. ભવિષ્યકાળને અર્થે— તે આવતી કાલે મુંબઈ જાયછે (જવાનો છે). આગળ થઈગયલી વાતનું વર્ણન કરતાં જાણે હમણાંજ બની હોય એવી રીતે આ કાળ વાપરવાનો ચાલ છે: જેમકે પછી હું તેને માળે ચઢયો તો ત્યાં છોકરાં આગલે માળે રમેછે=(રમતાં હતાં) અને ઘણું કકલાણ કરેછે (કરતાં હતાં).

સંયુક્ત ક્રિયાપદ.

૧૩૩ સંયુક્ત ક્રિયાપદ— બે ક્રિયાપદ એવી રીતે સાથે આવે કે તેના મળીજવાથી બે જુદી જુદી ક્રિયાનો અર્થ જતો રહી એક નવી સંયુક્ત ક્રિયાનો અર્થ દેખાય ત્યારે તેને સંયુક્ત ક્રિયાપદ કહેવું:—જેમકે પડીગયો, વાંચીરહ્યો, મેલીદીધું, ચાલતોથયો, વ૦.

૧૩૪. સાવચેતી—કેટલીકવાર બે ક્રિયાપદ સાથે આવી સંયુક્ત જેવાં દેખાય, પણ બેઉની ક્રિયા જુદી જુદી લઈ શકાય ત્યાં તેને સંયુક્ત ક્રિ૦ કહેવાય નહિ:— જેમકે 'તે આજે મને મળી ગયો='મળ્યો અને ગયો.' આવે અર્થે મળી અને ગયો એ બેઉનું પદચ્છેદ જુદું કરવું. પણ તે પોતાનાં સગાંવહાલાંમાં મળી ગયો='એકઠો થઈગયો કે ભળીગયો' આવે અર્થે મળીગયો એ સંયુક્તક્રિયાપદ છે; અને એનું પદચ્છેદ* જુદું જુદું લઈને થાય નહિ.

---

*પદચ્છેદમાં સંયુક્ત ક્રિયાપદના બેઉ ભાગને (પૂર્વપદ અને ઉત્તરપદને) જુદા લેવાય નહિ; કારણ કે એમાં મુખ્યક્રિયાપદનો અર્થ પલટાયછે:—જેમકે હું મારો પાઠ વાંચીરહ્યો, એમાં વાંચ્યો એનો મૂળ અર્થ બદલાઈને એની સાથે પુરૂં કરવાનો અર્થ સામેલ થયો, તેમજ 'હું મારો પાઠ વાંચીને-રહ્યો' કે 'મેં મારો પાઠ વાંચ્યો અને રહ્યો' એમ બેઉ ક્રિયાને જુદી પડાય નહિ, માટે એ વાક્યમાં 'વાંચી' અને 'રહ્યો' આ બે શબ્દ જુદા લઈ પદચ્છેદ કરવું યોગ્ય દેખાતું નથી.

વળી મિશ્રકાળમાં પણ બે ક્રિયાપદ આવેછે; પણ એમાં સહાયકારક (તે ।) માત્ર કાળનો ફેરફાર કરેછે પણ મુખ્ય ક્રિયાપદનો અર્થ બદલાતો નથી; માટે એને પદચ્છેદ કરતાં સંયુક્ત કેહેવાય નહિ.

૧૩૫. સંયુક્ત ક્રિયાપદમાં મુખ્ય (પહેલા)ને વિકૃત અને બીજાને વિકારક કહેછે.

૧૩૬. વિકારક અને વિકૃત—સંયુક્ત ક્રિયાપદમાં જે ક્રિયાપદ મુખ્ય ક્રિયાપદની સાથે આવીને તેના અર્થમાં ફેરફાર કરેછે (તે સહાયકારક જેવો છે તો પણ તે અર્થનો ફેરફાર કરેછે માટે) તેને વિકારક કહેછે: અને મુખ્ય ક્રિયાપદ જેના અર્થમાં ફેરફાર થાયછે તેને વિકૃત કહેછે.

કોઈ કોઈ ક્રિયાપદનાં કેટલાંક કૃદંતની સાથે બીજાં ક્રિયાપદો તેના અર્થમાં કંઈ ખાસ વધારો કરવાને આવવાથી સંયુક્ત ક્રિયાપદ બનેછે.

૧૩૭. ઘણાંખરાં ક્રિયાપદના સંબંધક ભૂતકૃદંત અને કોઈ કોઈના વર્તમાન, ભૂત કે સામાન્ય રૂપની સાથે કોઈ અમુક ક્રિયાપદો વિકારક તરીકે આવેછે.

૧૩૮. હરેક ક્રિયાપદના ફલાણા કૃદંતની સાથે ફલાણુંજ ક્રિયાપદ વિકારક તરીકે આવે એવો ચોક્કસ નિયમ નથી, પણ આવાં કેટલાંક સંયુક્ત રૂપને તેના કંઈ ખાસ અર્થ વળગેલા છે માટે કયા કૃદંતની સાથે સાધારણ રીતે કયા વિકારક આવે અને અર્થમાં શું વધારો કરે તે નીચે આપ્યું છે.—

(૧) ઘણાખરા સંબંધકભૂત કૃદંતની સાથે જા, ચૂક, નાખ, પડ, પાડ, લે, દે, રહે, શક, આ ક્રિયાપદો વિકારક તરીકે આવેછે.

વિકારક.	તેથી થતો અર્થવિકાર તથા તેના ઉદાહરણ.
જા	એ મુખ્યના અર્થમાં પૂર્ણતાના અર્થનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછે:—જેમકે, થઈજા, નહાઈજા, વાંચીજા, બોલીજા વ૦.
ચૂક	એ મુખ્યના અર્થમાં સમાપ્તિ કે પુરૂં થઈ રહેવું એવા અર્થનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની

સાથે વપરાયછે :—જેમકે, થઇચૂક્યું, ભખી ચૂક્યો વ૰.
(આ રૂપ ઘણું ખરૂં ભૂતકાળમાંજ વપરાયછે).

નાખ એ મુખ્યના અર્થમાં સંપૂર્ણતાની સાથે ત્વરા (જલ્ય) ના અર્થનો વધારો કરેછે; અને એ એકલાં સકર્મકની સાથે વપરાયછે: જેમકે, મારીનાખ, કહાડીનાખ, કહીનાખ વ૰.

પડ એ મુખ્યના અર્થમાં ઓચિંતાપણાના અર્થનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછે:- જઈપડ, આવીપડ, બોલીપડ વ૰.

પાડ એ મુખ્યના અર્થમાં ઓચિંતાપણાના અર્થનો વધારો કરેછે. અને એકલાં સકર્મકની સાથે વપરાયછે:— પકડીપાડ, મારીપાડ, વગેરે.

લે એ મુખ્યના અર્થમાં ઉતાવળથી કંઈ ક્રિયા કરી લેવી એવા અર્થનો વધારો કરેછે, અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછે:—દોડીલે, વાંચીલે વ૰.

દે મુખ્યના અર્થમાં સંપૂર્ણતાની સાથે ઉતાવળના અર્થનો વધારો કરેછે; અને એકલાં સકર્મકની સાથે વપરાયછે:— જેમકે બોલીદે, કહીદે, નાંખીદે વગેરે.

રહે મુખ્યના અર્થમાં તેની ક્રિયા પૂર્ણ થવી એવા અર્થનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછે:-જેમકે, ચાલીરહ્યો, બોલીરહ્યો, વાંચીરહી વ૰

શક મુખ્યના અર્થમાં શક્તિનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછે:—જેમકે, ચાલીશકું, વાંચીશક્યો વગેરે.

(૨) મુખ્યના **વર્તમાન કૃદંતની** સાથે રહે અને થા એ વિકારક તરીકે આવેછે. અને કોઈવાર જા અને આવ કંઈ ખાસ અર્થે વિકારક તરીકે વપરાયછે.

રહે મુખ્યના અર્થમા ચાલુપણાના અર્થનો વધારો કરેછે; જેમકે, દોડતોરહે, બોલતોરહે, વાંચતોરહે વ૰. આ અર્થ હમેશાં વર્તમાન કાળમાં આવેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછે. કોઈવાર ભૂતકાળમાં પૂર્ણતાની સાથે ઓચિંતાપણાનો અર્થ દેખાડેછે:— 'તે જતોરહ્યો.'

થા મુખ્યના અર્થમાં શરૂ કરવાના અર્થનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછેઃ—જેમકે, ચાલતોથા, બોલતોથા, વાંચતોથા, વગેરે.

જા મુખ્યના અર્થમાં ચાલુપણાના અર્થનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછેઃ— જેમકે 'તે **બોલતોજાયછે** ને **લખતોજાયછે**; તે કામ **બગડતુંજાયછે**. (વર્તમાન કૃદંત કોઈવાર સંબંધકભૂતના અર્થમાં અને કોઈવાર ક્રિયાવિશેષણ તરીકે વપરાયલો હોય ત્યાં 'જા' ની સાથે લઈ સંયુક્ત કહેવાય નહિ :—જેમકે થોડું દુધ **આપતોજા**=આપીને જા' કે 'આપ અને જા'; તે **ચાલતો**(ક્રિયાવિ૦) **ગયો**.)

આવ મુખ્યના અર્થમાં અસલથી કંઈ કરતાં આવેલા એવો મ્હાવરાના અર્થનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાય છે :— જેમકે તમારે એ વંશપરંપરા **ચાલતુંઆવ્યું** છે. તમે મારૂં ભલું **કરતા આવ્યાછો** ને કરશો. (**આવ** ની સાથે પણ વર્તમાન કૃ૦ ક્રિયાવિશેષણ તરીકે આવેછેઃ— જેમકે તે **ચાલતો** (ક્રિયાવિ૦) આવેછે).

(૩) મુખ્યના **ભૂત કૃદંતની** સાથે **કર** અને **જા** વિકારક તરીકે આવેછે.

કર મુખ્યના અર્થમાં જાથુપણાના અર્થનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછેઃ—જેમકે **ચાલ્યાકર, લખ્યાકર, વાંચ્યાકર**, વગેરે.

જા મુખ્યના અર્થમાં ચાલુપણાના અર્થનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછેઃ—જેમકે દોડયાજવું, વાંચ્યાજવું, બોલ્યાજવું વગેરે. (કોઈવાર આ કૃદંતની સાથે 'જા' ક્રિયાપદ વાપરી સહાર્થ દેખાડાયછેઃ— જેમકે એ કેમ **કહ્યુંજાય** = કહેવાય, **વર્ણવ્યાજાય** = વર્ણાવાય, **લખ્યા ન જાય** = લખાય નહિ વ૦).

(૪) **સામાન્ય કૃદંતની સાથે જા, કર, લાગ અને કોઈવાર આવ વિકારક તરીકે આવેછે.**

જા મુખ્યના અર્થમાં યત્ન કે ઇચ્છાના અર્થનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછે: જેમકે '**હું દોડવાજતો હતો;**' તે બોલવાગયો. વ૦.

કર મુખ્યના અર્થમાં એ પણ યત્ન કે ઇચ્છાના અર્થનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછે:— જેમકે '**તે ચાલવાકરતો હતો,**' તેણે **બોલવાકર્યું.**' વ૦.

લાગ મુખ્યના અર્થમાં તે ક્રિયામાં સામેલ થવું કે મદદ કરવી એવા અર્થનો વધારો કરેછે; અને અકર્મક ને સકર્મક બેઉની સાથે વપરાયછે:— મને દોડવાલાગ. શરૂ કરવાનો અર્થ પણ દેખાડેછે (જોવું—માંડ).

આવ મુખ્યના અર્થમાં વખત પૂરો થવાનો કે તૈયારીના અર્થનો વધારો કરેછે: અને એકલાં અકર્મકની સાથે વપરાયછે:— જેમકે નિશાળનો વખત **થવાઆવ્યો**-છે; ચોખા **સડવાઆવ્યા** વગેરે.

માંડ શરૂ કરવું એવો અર્થ દેખાડવાને સામાન્ય કૃદંતની સાથે 'માંડ' વાપરેછે: જેમકે લખવા માંડ, બોલવા માંડ, વાંચવા માંડ વગેરે. એમાં માંડ એને છૂટો સકર્મક ક્રિયાપદ તરીકે લઈએ તો આગળનો સામાન્ય કૃદંત તેનો કર્મ કહેવાય.

(૫) **કેટલાંએક સંસ્કૃત, ફારસી વગેરે ભૂતકૃદંત કે વિશેષણની સાથે કર કે થા મૂળ** આવીને સંયુક્ત ક્રિયાપદ જેવાં થાયછે:—

કબુલ કરવું	કબુલ થવું		ફળીભૂત થવું
કમી કરવું	કમી થવું	ખસ કરવું	ખસ થવું
ગુમ કરવું	ગુમ થવું	બંધ કરવું	બંધ થવું
ગુમ કરવું	ગુમ થવું	ભક્ષ કરવું	
ચાલુ કરવું	ચાલુ થવું	ભંગ કરવું	ભંગ થવું
જમા કરવું	જમા થવું	ભસ્મ કરવું	ભસ્મ થવું
જુમ કરવું	જુમ થવું	માન્ય કરવું	માન્ય થવું

તર કરવું	તર થવું	માફ કરવું	માફ થવું
તંગ કરવું	તંગ થવું	વસુલ કરવું	વસુલ થવું
દગ્ધ કરવું	દગ્ધ થવું	વશ કરવું	વશ થવું
દૂર કરવું	દૂર થવું	સંપાદન કરવું	સંપાદન થવું
ઠાર કરવું	ઠાર થવું	સાર્થક કરવું	સાર્થક થવું
પેદા કરવું	પેદા થવું	સ્વાધીન કરવું	સ્વાધીન થવું
પ્રગટ કરવું	પ્રગટ થવું	શરૂ કરવું	શરૂ થવું
પ્રાપ્ત કરવું	પ્રાપ્ત થવું	અર્પણ કરવું	અર્પણ થવું
પ્રસન્ન કરવું	પ્રસન્ન થવું	આધીન કરવું	આધીન થવું
અદા કરવું	અદા થવું	ઉત્પન્ન કરવું	ઉત્પન્ન થવું

ઉપર આપેલાં અને એવાં બીજાં સંયુક્ત જેવાં ક્રિયાપદોમાં પદચ્છેદ કરતાં થા મૂળની પૂર્વેનો શબ્દ છૂટો લઈ વિશેષણ કહેવાય; પરંતુ કર મૂળની સાથેથી જુદો પાડવો ઠીક નથી, કારણ કે મૂળ અર્થ આગલા વિશેષણ કે કૃદંતમાં રહેલો છે અને જાણે તે બે મળીને મૂળે એક ક્રિયાપદ હોય એવું જણાયછે:—જેમકે 'મેં આ પુસ્તક તેને અર્પણકર્યું' એમાં કર્યું એ ક્રિયાપદમાં મૂળ અર્થ નથી પણ અર્પણ કર્યું=અર્પ્યું એમાંજ ખરો અર્થ છે; માટે અર્પણ અને કર્યું એનું છૂટું પદચ્છેદ થાય નહિ. કોઈવાર અર્થ ન તૂટે તો જુદું લેવાય.

તાબેકરવું, કબજેકરવું, જમેકરવું હવાલેકરવું અને કડેકરવું એ પણ સંયુક્ત ક્રિયાપદ જેવાં છે. એમાં 'તાબે,' 'કબજે,' 'જમે' 'હવાલે' 'કડે' એ સાતમી વિભક્તિનાં નામ છે.

(૬) વળી કેટલાંક ક્રિયાપદમાંથી તેની ક્રિયાનું નામ જુદું પાડી સાથે કર વાપરી સંયુક્તક્રિયાપદ જેવાં સાધિત થાયછે:—જેમકે વિચારવું=વિચાર કરવો, ચોરવું=ચોરી કરવી, માગવું=માગણી કરવી, દેવું=દાન કરવું, પોષવું=પોષણ કરવું, વગેરે.

આવાં સાધિત સંયુક્ત ક્રિયાપદોમાં ક્રિયાનું નામ જુદું પડતાં તે કરનો ખરો કર્મ થાયછે અને મૂળ કર્મ છઠ્ઠી વિભક્તિમાં આવી તેનું સંબંધી થાયછે એટલે એનું એકકું પદચ્છેદ કરી સંયુક્ત ક્રિયાપદ કહેવાની જરૂર નથી.

સંયુક્ત ક્રિ૰માં પદચ્છેદને લગતી વિશેષ સૂચના.

૧. સંયુક્ત ક્રિયાપદમાં વિકારકની અસરથી વિકૃતનો વર્ણ બદલાતો નથી; પણ પ્રયોગ બદલાયછે: એટલે વિકારક જો કર્તરિપ્રયોગનું હોય તો વિકૃતનો પ્રયોગ કર્તરિ થઈ જાયછે, અને જો કર્મણિપ્રયોગનું હોય તો વિકૃતનો પ્રયોગ કર્મણિ થઈ જાયછે. (જોવું પ્રયોગ):-જેમકે મેં મારો પાઠ લખ્યો (સકર્મક કર્મણિ પ્ર૦); હું મારો પાઠ લખીરહ્યો (સકર્મક કર્તરિપ્ર૦) હું દશ ચોપડીઓ લાવ્યો (સકર્મક કર્તરિપ્ર૦) મેં દશ ચોપડીઓ લાવીનાંખી (સકર્મક કર્મણિપ્ર૦).

પ્રયોગ.

૧૩૯. પ્રયોગ— વાક્યના કોઈ અધિકારી નામના રૂપ પ્રમાણે ક્રિયાપદના રૂપનું ફરવું તેને પ્રયોગ કહેછે.

૧૪૦. ક્રિયાનાથ— જે નામના રૂપ પ્રમાણે ક્રિયાપદનું રૂપ ફરેછે તેને ક્રિયાપદનો ક્રિયાનાથ કહેછે.

૧૪૧. ક્રિયાપદના ક્રિયાનાથ તરીકે **કર્ત્તા, કર્મ** ને કોઈવાર તેનો **ભાવ** આવેછે; આ ઉપરથી ક્રિયાપદના ત્રણ રીતના પ્રયોગ થાયછે:— **કર્ત્તરિ, કર્મણિ** અને **ભાવે.**

૧૪૨. કર્ત્તરિપ્રયોગ— જ્યારે ક્રિયાપદનો કર્ત્તા તેનો ક્રિયાનાથ હોય એટલે કર્ત્તાપ્રમાણે તેને **જાતિ** વચન ને પુરૂષ લાગે ત્યારે પ્રયોગ **કર્ત્તરિ** કહેવાય:— જેમકે 'મોતીરામ આવેછે' 'હું બેઠો છું' 'તે આવશે' 'હું પાંચ રૂપીઆ લાવ્યો' એમાં આવેછે, બેઠો છું, આવશે, લાવ્યો, એનો પ્રયોગ **કર્ત્તરિ** છે.

જ્યારે અકર્મક ક્રિયાપદ હોય ત્યારે પદચ્છેદમાં **અકર્મક કર્ત્તરિપ્ર૦** અને સકર્મક હોય ત્યારે **સકર્મક કર્ત્તરિપ્ર૦** કહેવાય.

સૂચના— કર્તરિપ્રયોગમાં કર્તા હમેશાં પેહેલી વિભક્તિમાં હોય અને ક્રિયાપદ અકર્મક ને સકર્મક બેઉ આવેછે.

અકર્મક ક્રિયાપદના બધાં રૂપનો પ્રયોગ કર્તરિ છે; પણ સકર્મક ક્રિયાપદનાં ભૂત, વિશેષભૂત, એ બેઉ ઉપરથી સાધિત થતા મિશ્રકાળ અને આજ્ઞાર્થે સામાન્યરૂપ સિવાયનાં બીજાં રૂપો કર્તરિપ્રયોગમાં આવેછે.

૧૪૩. કર્મણિપ્રયોગ— જ્યારે કર્મ ક્રિયાપદનો ક્રિયાનાથ હોય એટલે કર્મપ્રમાણે તેને જાતિ વચન લાગે ત્યારે પ્રયોગ કર્મણિ કહેવાય:— રાજાએ ઠરાવ કર્યો, મેં ચોપડી વાંચી, તેણે વચન આપ્યું, તેં બે ગુન્હા કર્યા છે; એમાં કર્યો, વાંચી, આપ્યું, કર્યા છે, એનો પ્રયોગ કર્મણિ છે.

સૂચના— અકર્મક ક્રિયાપદને કર્મ નથી એટલે તેનો કર્મણિ-પ્રયોગ થાયજ નહિ. કર્મણિપ્રયોગમાં કર્તા હમેશાં ત્રીજી વિભક્તિમાં હોય અને ક્રિયાપદ સકર્મક ભૂત, વિશેષભૂત, એ બેઉ ઉપરથી સાધિત થતા મિશ્રકાળમાં અને આજ્ઞાર્થે સામાન્ય રૂપમાં આવેછે.

(૧) ભૂત અને તેના મિશ્રકાળ— મેં પાઠ વાંચ્યો, તેણે વચન આપ્યું હતું, તમે કોપી લખી નથી, સુથારે પેટી ઘડી છે વ૦.

(૨) વિશેષભૂત અને તેના મિશ્રકાળ— મેં કાગળ લખેલો, તેણે પાઠ કરેલા છે, મેં તમને એ કહેલું હતું, વ૦.

(૩) સામાન્યરૂપ— તમારે પાઠ વાંચવો, રાજાએ રાજ ચલાવવું, મારે કોપી લખવી વ૦. (આવાં વાક્યોમાં સર્વનામનાં રૂપ મારે, તારે અમારે, તમારે, એ ત્રીજી વિભક્તિમાં છે.)

વળી સંઘભેદમાં કર્તા ત્રીજીને ઠેકાણે કરણાર્થે પંચમી વિભ-ક્તિમાં આવેછે; અને કર્મ પ્રમાણે જાતિ વચન લાગેછે માટે

એના રૂપનો પ્રયોગ કર્મણિ જેવો છે; તો પણ એમાં કર્મ સહજ થઇ કર્તા જેવો થઇ જાયછે માટે એને પદચ્છેદમાં કરણે સકર્મક કહેવાય:— જેમકે, મારાથી ચોપડી લખાઈ, તેનાથી પાઠ વંચાતો નથી, તમારાથી એવું કામ કરાયું વ૦.

૧૪૪. અપવાદ— સકર્મક છતાં કેટલાએક ક્રિયાપદનો ભૂતકાળમાં પ્રયોગ કર્તરિ થાયછે; અને કર્તા પેહેલી વિભક્તિમાં આવેછે:—જેવાંકે, અડ, અડક, ચૂક, જમ, ધાવ, પામ, બોલ, બબડ, ભણ, મળ, લાવ, વળગ, વદ, વિસર, શિખ, સમજ વ૦:— હું લાડુ જમ્યો, તે બે ગાય લાવ્યો, તું કેટલા પાઠ શિખ્યો? તે બે ચોપડી ભણ્યો, તે આખો પાઠ સમજ્યો વ૦.

સકર્મક છતાં કેટલાંએકનો પ્રયોગ કોઇવાર કર્તરિ ને કોઇવાર કર્મણિ થાયછે: જેવાં કે કરડ, જીત, ડંશ વ૦:— તે મને કરડયો (કર્તરિ), ઊંટે પાંદડાં કરડયાં (કર્મણિ); તે દશ લડાઇ જીત્યો (કર્તરિ), તેણે સુરત જીત્યું (કર્મણિ) વગેરે.

૧૪૫. ભાવેપ્રયોગ— જ્યારે ક્રિયાપદનો ભાવ તેનો ક્રિયાનાથ હોય એટલે કર્તા કે કર્મનાં જાતિ વચન ક્રિયાપદને લાગતાં નથી પણ તેના ભાવનાં જાતિ વચન લાગે ત્યારે પ્રયોગ ભાવે કહેવાય:— તેનાથી દોડાતું નથી, મારાથી રહેવાશે નહિ, તારે જવું વગેરે; એમાં દોડાતું નથી, રહેવાશે નહિ, જવું, એનો પ્રયોગ ભાવે છે.

સૂચના.— ભાવે પ્રયોગમાં અકર્મક ક્રિયાપદના શક્યભેદનું રૂપ આવેછે; અને કર્તા કરણાર્થે પંચમીમાં આવેછે. ક્રિયાપદનો ભાવાર્થ નાન્યતરજાતિને એકવચનમાં છે માટે આ પ્રયોગમાં ક્રિયાપદ હંમેશાં નાન્યતરજાતિના એકવચનમાંજ ગણાય.

અકર્મક ક્રિયાપદનું સામાન્યરૂપ આજ્ઞાર્થે આવે ત્યારે તેનો પણ ભાવે પ્રયોગ કહેવાય અને તેનીસાથે કર્તા ત્રીજી વિભક્તિમાં આવેછે. તેણે ચાલવું, તમારે ઉભારહેવું, મારે દોડવું વગેરે.

જાતિ, વચન અને પુરૂષ.

૧૪૬. ક્રિયાપદને પણ જાતિ વચન અને પુરૂષ લાગેછે; કારણ કે એના મુખ્ય સંબંધી જે નામ કે સર્વનામ છે તેમાં જાતિ વચન અને પુરૂષનો ભેદ રહેલો છે. આગળ (પ્રયોગમાં) બતાવ્યા પ્રમાણે કર્તા કર્મ કે ભાવ જે એના ક્રિયાનાથ થાયછે તે ઉપરથી ક્રિયાપદના જાતિ વચન ને પુરૂષનું બંધારણ છે. ક્રિયાપદના કોઈ રૂપમાં જાતિનો ભેદ દેખાઈતો છે અને કોઈ રૂપમાં પુરૂષનો ભેદ દેખાઈતો હોયછે. વચનનો ભેદ તો બન્નેમાં સાધારણ રીતે રહેછે:—

૧૪૭. જાતિભેદ— અવિકારી સિવાયના બધા કૃદંતમાં, શુદ્ધ ભૂતકાળમાં, અને નિશ્ચયાર્થ દ્વિત્વ વર્ત્તમાન સિવાયના મિશ્રકાળનાં બધાં રૂપોમાં જાતિભેદ રહેલો છે (જોવું રૂપાખ્યાન).

૧૪૮. પુરૂષભેદ— ઉપર બતાવ્યાં તે સિવાયનાં બીજાં બધાં રૂપોમાં પુરૂષભેદ પ્રમાણે રૂપાખ્યાન થાયછે; આ રૂપોમાં ક્રિયાપદના ક્રિયાનાથ ઉપરથી તેની જાતિ કહેવાયછે: જેમકે 'છોકરો દોડેછે' એમાં 'દોડેછે' એ નરજાતિ; પણ 'છોકરી દોડેછે' એમાં 'દોડેછે' એ નારી જાતિ. વચનનું પણ રૂપ એક સરખું હોય ત્યાં ક્રિયાનાથ ઉપરથી એકવચન કે બહુવચન ઓળખી શકાય:— જેમકે 'છોકરો દોડેછે' એમાં 'દોડેછે' એ એકવચન; પણ 'છોકરાઓ દોડેછે' એમાં 'દોડેછે' એ બહુવચન.

૧૪૯. નિશ્ચયાર્થ અને સંશયાર્થ ભવિષ્યવર્ત્તમાન, સંશયાર્થ દ્વિત્વવર્ત્તમાન, અને વર્ત્તમાનભવિષ્ય ને દ્વિત્વભવિષ્યમાં જાતિ અને પુરૂષ એ બેઉ ભેદ દેખીતા છે. (જોવું રૂપાખ્યાન).

વિશેષસૂચના—ક્રિયાપદનો ક્રિયાનાથ પુરૂષવાચક સર્વનામ હોય ત્યાં તો તે સર્વનામ ઉપરથી પહેલો, બીજો કે ત્રીજો પુરૂષ સ્હેલથી જણાય. પણ જ્યારે કોઈ નામ ક્રિયાનાથ હોય ત્યારે હમેશાં ત્રીજો પુરૂષ કહેવો. તેમજ ભાવકર્તૃકક્રિ૦માં અને ભાવે પ્રયોગમાં ક્રિયાપદનો ભાવ ક્રિયાનાથ છે ત્યાં પણ ત્રીજો પુરૂષ કહેવો.

નીચેના મનોયત્નમાં આપેલાં વાક્યોમાંનાં ક્રિયાપદનો મૂળ, ભેદ, અર્થ, કાળ, (જાતિ, વચન, પુરૂષ) અને પ્રયોગ કહો.

મનોયત્ન ૮ મો.

૧ તે આવેછે. ૨ હું ગયો હતો. ૩ તેઓ ચોપડી વાંચી રહ્યા છે. ૪ જમની બોલેછે. ૫ કાશીના પેટમાં દુખતું હતું. ૬ તેનાથી વંચાતું નથી. ૭ તેણે પાઠ કીધા હશે. ૮ પોપટ પણ બોલી શકેછે. ૯ તારે છાનામાના બેસી રહેવું. ૧૦ છગને એ વાત કહી દીધી હતી. ૧૧ મારાથી ઇતિહાસ ભૂગોળ વંચાયાં નથી. ૧૨ તે પાઠ લખતો હોય તો ઉઠાડતા ના. ૧૩ કાલે વહેલા આવજો ને નકશો જોઇ જજો. ૧૪ જેટલું આવડતું હોય તેટલું બોલી જાઓ. ૧૫ તમે વાંચ્યું હશે પણ મોઢે કર્યું નથી. ૧૬ કાલે ક્યારે આવવાના છો તે કહી દો. ૧૭ જો આવવાના હો તો વહેલા આવવું. ૧૮ અમે આવ્યા હોઇએ તો ઠીક, નહિ તો ચાલ્યા જજો. ૧૯ કાલે હું દુધપાકને પુરી જમ્યો હતો પણ પેટ ભરીને ખવાયું નહિ તેથી આજે વહેલી રસોઇ કરાવી છે. ૨૦ તમારે જમવું હોય તો આવી જાઓ.

ક્રિયાપદનાં રૂપાખ્યાન.

શુદ્ધકાળ.

(અપૂર્ણાંગક્રિ૦) 'હો' મૂળ મૂળભેદ (અકર્મક કર્ત્તરિ પ્રયોગ.)

વર્ત્તમાનકાળ.

	નિશ્ચયાર્થ		સંશયાર્થ	
પુરૂષ	એકવ૦	બહુવ૦	એકવ૦	બહુવ૦
૧	હું છું	અમે છિયે છૈએ	હું હોઉં	અમે હોઇએ, હઇએ
૨	તું છે, છું	તમે છો	તું હોય-હોઉં	તમે હો
૩	તે છે	તેઓ છે	તે હોય	તેઓ હોય

આજ્ઞાર્થ—૨ જો પુ૦ એકવ૦ (તું) હો* બહુવ૦ (તમે) હો-હોઓ*

ભૂતકાળ.

નિશ્ચયાર્થ.

જાતિ		એકવ૦		બહુવ૦
નર	(હું, તું, તે)	હતો	(અમે, તમે, તેઓ)	હતા
નારી	,,	હતી	,,	હતી
ના૦ન્ય૦	,,	હતું	,,	હતાં

સંશયાર્થ.

જાતિ		એકવ૦		બહુવ૦
ત્રણે	,,	હોત, હત	,,	હોત, હત

---

* આજ્ઞાર્થમાં ઘણીવાર 'હો' 'હોઓ' ને બદલે 'થા' 'થાઓ' વપરાયછે.

ભવિષ્યકાળ.

નિશ્ચયાર્થ તથા સંશયાર્થ.			આજ્ઞાર્થ.
પુરૂષ	એકવ૦	બહુવ૦ [હશું	(શુદ્ધ આજ્ઞા બીજા પુરૂષ-
૧	હું હોઈશ-હઈશ	અમે હોઈશું-હઈશું-	માં થાયછે)
૨	તું હોશે-હશે	તમે હોશો-હશો	૨જો પુ૦ એકવ૦-તું હોજે-હજે-
૩	તે હોશે-હશે	તેઓ હોશે-હશે	,, બહુવ૦-તમે હોજો-હજો.

મિશ્રકાળ.

હો મૂળ   દ્વિત્વ વર્તમાનકાળ (નિશ્ચયાર્થ).

પુરૂષ	એકવ૦	બહુવ૦
૧	હું હોઉંછું, હઉંછું	અમે હોઈએ છીએ, હઈએ [છીએ-છેએ
૨	તું હોયછે, હોઉંછું-હઉંછું	તમે હોછો
૩	તે હોયછે	તેઓ હોયછે

આ સિવાય 'હો'નાં બીજાં મિશ્રકાળનાં રૂપ વપરાતાં નથી, એને બદલે ઘણીવાર 'થા'*નાં રૂપ વાપરવાનો ચાલ છે.

હો મૂળ   નિષેધરૂપ†

'હો'ને બદલે 'છ' મૂળ જેવો થઈ વપરાયછે અને નકારની સાથે ભળી જઈ 'નથી' (છે નહિ) એ રૂપ ગુજરાતીમાં ચાલેછે એને 'છ મૂળનું અકર્ણ રૂપ' એમ સાધારણ રીતે કહેછે.

વર્તમાનકાળ.

	નિશ્ચયાર્થ.		સંશયાર્થ.	
પુ૦	એકવ૦	બહુવ૦	એકવ૦	બહુવ૦
૧	હું નથી	અમે નથી	હું ન હોઉં	અમે ન હોઈએ
૨	તું ,,	તમે ,,	તું ન હોય	તમે ન હો
૩	તે ,,	તેઓ ,,	તે ન હોય	તેઓ ન હોય.

---

*નિશ્ચયાર્થ દ્વિત્વવર્તમાન સિવાયના બીજા બધા મિશ્રકાળોમાં 'હો' ને બદલે 'થા' વપરાયછે; પણ 'થા' માં એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં જવું' એવો અર્થ રહેલો છે, માટે 'હો' નો મૂળાર્થ બતાવવાને ઘણીવાર એનાં મિશ્રરૂપને બદલે સાદો કાળ વાપરેલો દીઠામાં આવેછે; પણ તેવે અર્થે 'થા' વપરાતો નથી.

†નિષેધરૂપમાં ન, ના, નહિ, મા, આવા નિષેધાર્થ ક્રિયાવિ૦ ક્રિયાપદની સાથે આવેછે અને તેનું છૂટું પદચ્છેદ થાયછે. માત્ર 'નથી' એને 'છ' મૂળનું અકર્ણરૂપ પદચ્છેદમાં કહેછે, માટે એ રૂપ આપ્યું છે. 'નથી' એ 'સં. न + अस्ति'='नास्ति' આ રૂપનો અપભ્રંસ છે.

હો મૂળ શક્યભેદ (કરણે અકર્મક)

હો મૂળના હોવાય, હોવાશે, હોવાતું, આમાં સહ્યભેદે શક્યાર્થનાં રૂપો વપરાતાં નથી; પણ એ અર્થ બતાવવાને એની સાથે સહાયકારક 'શક' વપરાયછે: જેમકે હોઇશકું, હોઇશક્યો, હોઇશકતો નથી, હોઇશકે વ૦.

અપૂર્ણ ક્રિયાપદ 'જોઈએ'* (સહ્યભેદ કરણે સકર્મક)

કૃદંત.

વર્ત્તમાન કૃ૦—જોઈતો, જોઈતી, જોઈતું; જોઈતા, જોઈતી, જોઈતાં.
ભવિષ્ય કૃ૦—જોઈવાનો, જોઈવાની, જોઈવાનું; જોઈવાના, જોઈવાની, જોઈવાનાં.

શુદ્ધકાળ.

નિશ્ચયાર્થ ને સંશયાર્થ વર્ત્તમાનકાળ—જોઈએ.
સંશયાર્થ ભૂતકાળ—જોઈયત.
નિશ્ચયા૦ ને સંશ૦ ભવિષ્યકાળ—જોઈશે (જોઈશું).

મિશ્રકાળ.

નિશ્ચ૦ દ્વિત્વ વ૦—જોઈએ છે+
સંશ૦ ,, —જોઈતો-તી-તું હોય; જોઈતા-તી-તાં હોય.

વર્ત્તમાન ભૂતકાળ.

	નિશ્ચયાર્થ.		સંશયાર્થ.	
જાતિ	એકવ૦	બહુવ૦	એકવ૦	બહુવ૦
નર	જોઈતો હતો	જોઈતા હતા.	જોઈતો હોત	જોઈતા હોત.
નારી	જોઈતી હતી	જોઈતી હતી.	જોઈતી હોત	જોઈતી હોત.
નાન્ય૦	જોઈતું હતું	જોઈતાં હતાં.	જોઈતું હોત	જોઈતાં હોત.

---

* 'જોઈએ' એ સં. युज् ધાતુના સહ્યભેદ 'युज्यते' નું અપભ્રંસ છે. એટલે ગુજરાતીમાં પણ સહ્યભેદે કરણે સકર્મક જેવો થાયછે. એનું મૂળભેદનું રૂપ નથી એટલે ભૂલથી એનો મૂળ 'જો' કહેવો નહિ. 'જો' એ 'જોવું' નો મૂળ છે; 'અમે જોઈએ' એમાં 'જોઈએ' નો મૂળ 'જો' છે; પણ 'મારે જોઈએ' એમાં 'જોઈએ' એ 'युज्यते' નું અપભ્રંસ છે.

+ 'જોઈએ છે' ને બદલે 'જોઈએ છિયે' કોઈ વાપરેછે. પણ એનો પ્રયોગ કર્મણિ છે એટલે ત્રીજા પુરૂષનું રૂપ આવવું જોઈએ.

નિશ્ચ૦ભવિષ્ય વ૦— જોઈવાનો-ની-નું છે; જોઈવાના-ની-નાં છે.
સંશ૦ „ — જોઈવાનો-ની-નું હોય; જોઈવાના-ની-નાં હોય

ભવિષ્ય ભૂતકાળ. (ઘણો થોડો વપરાયછે)

	નિશ્ચયાર્થે.		સંશયાર્થે.	
જાતિ	એકવ૦	બહુવ૦	એકવ૦	બહુવ૦
નર	જોઈવાનો હતો	જોઈવાના હતા	જોઈવાનો હોત	જોઈવાના હોત
નારી	જોઈવાની હતી	જોઈવાની હતી	જોઈવાની હોત	જોઈવાની હોત
નાન્ય૦	જોઈવાનું હતું	જોઈવાનાં હતાં	જોઈવાનું હોત	જોઈવાનાં હોત

ઉપર આપ્યાં તે સિવાય જોઈએનાં બીજાં રૂપ થતાં નથી. એનો કર્મણિ (કરણે સકર્મક) સહ્યભેદ છે એટલે એનો કર્તા કરણાર્થે પંચમીમાં આવવો જોઈએ અને કર્મ સહકાર્થે પ્રથમામાં આવેછે. પણ 'મારાથી જણાયછે–દેખાયછે' એને બદલે મને 'જણાયછે–દેખાયછે' એવાં રૂપ વપરાયછે તે પ્રમાણે કર્તા ચતુર્થીમાં એનો સંબંધિ થઈને આવેછે. એની સાથે 'મારે,' 'તારે,' 'તમારે,' એવાં સર્વનામનાં રૂપો ચતુર્થીનાં છે; ત્રીજીનાં નથી. કેમકે તેને ઠેકાણે જો કોઈ નામ વાપરિયે તો તેને ચોથી લગાડવી પડે; ત્રીજી આવે નહિ:—જેમકે 'રંગીલદાસને પાંચ રૂપિયા જોઈએછે;' 'રંગીલદાસે જોઈયેછે,' એમ બોલાય નહિ.

અકર્મક ક્રિ૦ 'પડ' મૂળ મૂળભેદ (કર્તરિ પ્રયોગ.)

(મૂળભેદે ત્રણે અર્થના શુદ્ધ અને મિશ્રકાળનાં રૂપ 'બોલ' મૂળનાં રૂપ તથા કૃદંત, આગળ કાળ અને કૃદંતના પાઠમાં આવી ગયાં તે પ્રમાણે જોઈ લેવાં).

'પડ' મૂળ શક્યભેદ (ભાવે પ્રયોગ.)

(શક્યભેદમાં ક્રિયાનાથ ક્રિયાપદનો ભાવ હોયછે એટલે તે ત્રીજા પુરૂષ નાન્યતર જાતિના એક વચનમાંજ રહેછે).

કૃદંત— પડાવું, પડાતું, પડાયું, પડાયલું, પડાવાનું વ૦.

કાળ.	નિશ્ચયાર્થ.	સંશયાર્થ.
વર્તમાનકાળ-	પડાય	પડાય
ભૂતકાળ-	પડાયું	પડાત
ભવિષ્યકાળ-	પડાશે	પડાશે
દ્વિત્વવર્તમાન-	પડાયછે	પડાતું હોય
વર્તમાનભૂત-	પડાતું હતું	પડાતું હોત
ભૂતવર્તમાન-	પડાયું છે	પડાયું હોય
દ્વિત્વભૂત-	પડાયું હતું	પડાયું હોત
વિશેષ ભૂતવર્તમાન-	પડાયલું છે	પડાયલું હોય
વિશેષ દ્વિત્વભૂત-	પડાયલું હતું	પડાયલું હોત
ભવિષ્યવર્તમાન-	પડાવાનું છે	પડાવાનું હોય
ભવિષ્યભૂત-	પડાવાનું હતું	પડાવાનું હોત.

(પડ, બળ, મર, અને એવા બીજા ક્રિયાપદો ઉપરથી પાડ, બાળ, માર, એવાં જે સકર્મક ક્રિયાપદ થાયછે (જોવું કર્મક રૂપ) તેના સહ્યભેદનાં રૂપો પણ આ રૂપને મળતાં હોયછે. માટે એવાં રૂપો મૂળ અકર્મકનો શક્યભેદ છે કે સાધિત સકર્મકનો સહ્યભેદ છે તે અર્થ ઉપરથી શોધી કઢાય).

'પડ' મૂળ પ્રેરકરૂપ.

સામાન્ય કૃ૦— પડાવવો, પડાવવી, પડાવવું, પડાવવા, પડાવવાં.
કર્તૃવા૦ કૃ૦— પડાવનારો, પડાવનારી, પડાવનારૂં વ૦. પડાવનાર
વર્તમાન કૃ૦— પડાવતો, પડાવતી, પડાવતું, પડાવતા. પડાવતાં.
ભૂત કૃ૦— પડાવ્યો, પડાવી, પડાવ્યું, પડાવ્યા, પડાવ્યાં (ઘણો ખરો કાળતરીકે વપરાય).
વિશેષભૂત કૃ૦— પડાવેલો, પડાવેલી, પડાવેલું, પડાવેલા, પડાવેલાં.
ભવિષ્ય કૃ૦— પડાવવાનો, પડાવવાની, પડાવવાનું, પડાવવાનાં
સંબંધકભૂતકૃ૦—પડાવી, પડાવીને. [વ૦.

'પડ' મૂળને પ્રેરકનો પ્રત્યય લગાડી કાળના પાઠમાં બતાવ્યા પ્રમાણે શુદ્ધ અને મિશ્રકાળ બનાવાય. અકર્મક ક્રિયાપદ પ્રેરકરૂપમાં આવતાં સકર્મક જેવો થઈ જાયછે માટે ભૂત, વિશેષ-ભૂત અને તેથી સાધિત થતા મિશ્રકાળોમાં આ રૂપનો પ્રયોગ કર્મણી છે:—જેમકે 'ગાંસડી પડાવી,' 'ઘર પડાવ્યું,' 'કેરી પડાવવી, વગેરે.'

સકર્મક ક્રિ૦ 'લખ' મૂળ. મૂળભેદ. શુદ્ધકાળ.

વર્ત્તમાન કર્ત્તરિપ્રયોગ.			ભવિષ્ય કર્ત્તરિપ્રયોગ.	
નિશ્ચયા૦ ને સંશ૦			નિશ્ચ૦ ને સંશ૦	
પુ૦	એકવ૦	બહુવ૦	એકવ૦	બહુવ૦
૧	હું લખું	અમે લખીએ	હું લખીશ	અમે લખીશું
૨	તું લખે	તમે લખો	તું લખશે-લખીશ	તમે લખશો
૩	તે લખે	તેઓ લખે	તે લખશે	તેઓ લખશે
	આજ્ઞાર્થ.		આજ્ઞાર્થ.	
૨	તું લખ	તમે લખો	તું લખજે	તમે લખજો

ભૂતકાળ.

નિશ્ચ૦ કર્મણિપ્રયોગ.			સંશ૦ કર્ત્તરિપ્રયોગ.		
જાતિ	એકવ૦	બહુવ૦	પુ૦	એક૦	બહુવ૦
નર	લખ્યા	લખ્યા	૧	હું લખત	અમે લખત
નારી	લખી	લખી	૨	તું ,,	તમે ,,
નાન્ય૦	લખ્યું	લખ્યાં	૩	તે ,,	તેઓ ,,

આજ્ઞાર્થ (વિધ્યર્થ) સામાન્યરૂપ કર્મણિપ્રયોગ.

એકવ૦—(મારે-તારે-તેણે અમારે વ૦) લખવો, લખવી, લખવું.
બહુવ૦— ,, લખવા, લખવી, લખવાં

'લખ' મૂળ કૃદંત.

સામાન્ય કૃ૦— લખવો, લખવી, લખવું; લખવા, લખવી, લખવાં
કર્ત્તૃવા૦ કૃ૦— લખનારો, લખનારી, લખનારૂં; લખનારા, લખનારી, લખનારાં, લખનાર.
વર્ત્તમાન કૃ૦— લખતો, લખતી, લખતું; લખતા, લખતી. લખતાં.
ભૂત કૃ૦ — લખ્યો, લખી, લખ્યું; લખ્યા, લખી, લખ્યાં.
વિશેષભૂ૦ કૃ૦— લખેલો, લખેલી, લખેલું, લખેલા, લખેલી, લખેલાં.
ભવિષ્ય કૃ૦— લખવાનો, લખવાની, લખવાનું; લખવાના, લખવાની, લખવાનાં.
સંબં૦ ભૂ૦ કૃ૦— લખી, લખીને.

સકર્મક ક્રિ૦ 'લખ' મૂળ મૂળભેદ મિશ્રકાળ.

દ્વિત્વવર્ત્તમાન કર્ત્તરિપ્રયોગ.

નિશ્ચયાર્થ			સંશયાર્થ	
પુ૦	એકવ૦	બહુવ૦ [છિયે	એકવ૦	બહુવ૦ [હોઈએ
૧	હું લખું છું	અમે લખિયે	લખતો-તી-તું હોઉં	લખતા-તી-તાં
૨	તું લખે છે	તમે લખો છો	લખતો ,, હોય	લખતા ,, હો
૩	તે લખે છે	તેઓ લખે છે	લખતો ,, હોય	લખતા ,, હોય

વર્ત્તમાનભૂત કર્ત્તરિપ્રયોગ.

	નિશ્ચયાર્થ.		સંશયાર્થ.	
જાતિ પુ૦	એકવ૦	બહુવ૦	એકવ૦	બહુવ૦
નર(ત્રણ્ણે)	લખતો હતો	લખતા હતા	લખતો હોત	લખતા હોત
નારી ,,	લખતી હતી	લખતી હતી	લખતી હોત	લખતી હોત
નાન્ય૦ ,,	લખતું હતું	લખતાં હતાં	લખતું હોત	લખતાં હોત

ભૂતવર્ત્તમાન કર્મણિપ્રયોગ.

જાતિ				
નર	લખ્યો છે	લખ્યા છે	લખ્યો હોય	લખ્યા હોય
નારી	લખી છે	લખી છે	લખી હોય	લખી હોય
નાન્ય૦	લખ્યું છે	લખ્યાં છે	લખ્યું હોય	લખ્યાં હોય

દ્વિત્વભૂત કર્મણિપ્રયોગ.

જાતિ				
નર	લખ્યો હતો	લખ્યા હતા	લખ્યો હોત	લખ્યા હોત
નારી	લખી હતી	લખી હતી	લખી હોત	લખી હોત
નાન્ય૦	લખ્યું હતું	લખ્યાં હતાં	લખ્યું હોત	લખ્યાં હોત

વિશેષભૂતવર્ત્તમાન. કર્મણિપ્રયોગ.

જાતિ				
નર	લખેલો છે	લખેલા છે	લખેલો હોય	લખેલા હોય
નારી	લખેલી છે	લખેલી છે	લખેલી હોય	લખેલી હોય
નાન્ય૦	લખેલું છે	લખેલાં છે	લખેલું હોય	લખેલાં હોય

વિશેષદ્વિત્વભૂત કર્મણિપ્રયોગ.

જાતિ				
નર	લખેલો હતો	લખેલા હતા	લખેલો હોત	લખેલા હોત
નારી	લખેલી હતી	લખેલી હતી	લખેલી હોત	લખેલી હોત
નાન્ય૦	લખેલું હતું	લખેલાં હતાં	લખેલું હોત	લખેલાં હોત

ભવિષ્યવર્ત્તમાન કર્ત્તરિપ્રયોગ.

પુ૦	એકવચન	એકવચન.
૧	હું લખવાનો-ની-નું છું	હું લખવાનો-ની-નું હોઉં
૨	તું લખવાનો-ની-નું છે	તું લખવાનો-ની-નું હોય
૩	તે લખવાનો-ની-નું છે	તે લખવાનો-ની-નું હોય
	બહુવચન	બહુવચન
૧	અમે લખવાના-ની-નાં છિયે	અમે લખવાના-ની-નાં હોઈયે
૨	તમે લખવાના-ની-નાં છો	તમે લખવાના-ની-નાં હો
૩	તેઓ લખવાના-ની-નાં છે	તેઓ લખવાના-ની-નાં હોય

નિશ્ચયાર્થ.	ભવિષ્યભૂત કર્તરિપ્રયોગ.		સંશયાર્થ.
જાતિ	એકવચન		એકવચન
નર	(હું-તું-તે) લખવાનો હતો	(હું, તું, તે)	લખવાનો હોત
નારી	,, લખવાની હતી	,,	લખવાની હોત
નાન્ય૦	,, લખવાનું હતું	,,	લખવાનું હોત
	બહુવચન		બહુવચન
નર	(અમે-તમે-તેઓ) લખવાના હતા	(અમે, તમે, તેઓ)	લખવાના હોત
નારી	,, લખવાની હતી	,,	લખવાની હોત
નાન્ય૦	,, લખવાનાં હતાં	,,	લખવાનાં હોત

હો મૂળના ભવિષ્યકાળના રૂપથી આના બીજા ચાર મિશ્રકાળ સાધિત થાયછે (જોવું મિશ્રકાળ). તેમાં ભૂતભવિષ્ય અને વિશેષભૂતભવિષ્યનો પ્રયોગ કર્મણિ છે:—જેમકે 'વાત લખી હશે,' 'કાગળ લખેલો હશે,' 'નામ લખ્યાં હશે,' વ૦.

કૃદંત 'લખ' મૂળ સહ્યભેદ કર્મણિપ્રયોગ (કરાણે સકર્મક).

સામાન્ય—લખાવો, લખાવી, લખાવું; લખાવા, લખાવી, લખાવાં.
કૃર્તૃના૦— લખાનારો વ૦ (ઘણો વપરાતો નથી).
વર્તમા૦— લખાતો, લખાતી, લખાતું; લખાતા, લખાતી, લખાતાં.
ભૂત —લખાયો, લખાઈ, લખાયું; લખાયા, લખાઈ, લખાયાં.
વિશેષભૂ૦—લખાયલો, લખાયલી, લખાયલું; લખાયલા-યલી-યલાં.
ભવિ.—લખાવાનો, લખાવાની-લખાવાનું; લખાવાના-વાની-વાનાં
સંબંધ૦ભૂત૦—લખાઈ, લખાઈને.

સહ્યભેદમાં કર્મ સહક થઈ કર્તા જેવો થઈ જાયછે. અને ગુજરાતીમાં પહેલો, બીજો પુરૂષ (પ્રાણીવાચક શબ્દ) સહક તરીકે લઈ આ રૂપ વાપરવાનો ઘણો થોડો ચાલ છે. તેથી ઘણાં સકર્મક ક્રિયાપદનાં રૂપ આ ભેદમાં પુરૂષ પ્રમાણે ફરતાં નથી. (હું મનાઉંછું, તું ગણાતો હતો, અમે કહેવાઈએ-છીએ, આવાં કોઈ કોઈ ક્રિયાપદનાં રૂપ વપરાયછે). માટે નીચે ત્રીજા પુરૂષનાંજ રૂપ આપ્યાં છે.

	નિશ્ચયાર્થ.	સંશયાર્થ.
વર્ત્તમાન	— લખાય	લખાય
ભૂત	— લખાયો, લખાઈ, લખાયું વ૦	લખાત
ભવિષ્ય	— લખાશે	લખાશે
દ્વિત્વવ૦	— લખાયછે	[વ૦ લખાતો-તી-તું હોય વ૦
વર્ત્તમા૦ભૂ૦	— લખાતો હતો, લખાતી હતી	લખાતો-તી તું હોત વ૦
ભૂતવ૦	— લખાયો-ઈ-યું છે વ૦	લખાયો-ઈ-યું હોત વ૦
દ્વિત્વભૂત	— લખાયો હતો, લખાઈ હતી લખાયું હતું વ૦	લખાયો-ઈ-યું હોય વ૦
વિ૦ ભૂ૦ વ૦	— લખાયલો-લી-લું છે વ૦	લખાયલો લી લું હોય વ૦
વિ૦દ્વિત્વભૂ૦	— લખાયલો હતો, લખાયલી હતી લખાયલું હતું વ૦	લખાયલો લી લું હોત વ૦
ભવિષ્યવ૦	— લખાવાનો ની નું છે વ૦	લખાવાનો ની નું હોય વ૦
ભવિષ્યભૂ૦	— લખાવાનો હતો, લખાવાની હતી લખાવાનું હતું વ૦	લખાવાનો ની -નું હોત વ૦

'લખ' મૂળ નિષેધરૂપ.

નિષેધરૂપ બનાવતાં જ્યાં મિશ્રકાળમાં 'હો' ને બદલે 'છ' વપરાયછે તેનાં નિષેધરૂપમાં 'નથી' આવેછે: જેમકે **લખાતો નથી, લખાતું નથી, લખાવાનું નથી, લખાયું નથી,** વ૦; અને બાકીનાં રૂપોમાં નકાર છૂટો આવેછે:— જેમકે **લખાયું ન હોય, લખાયું ન હતું,** વ૦.

'લખ' મૂળ પ્રેરકરૂપ.

(પ્રેરકરૂપના નિયમ પ્રમાણે પ્રત્યય લગાડ્યા **પછી** કોઈ પણ કાળના પ્રત્યય લગાડી આ રૂપો બનાવી શકાય).

પ્રેરકરૂપનો આજ્ઞાર્થ અને સહ્યભેદના સામાન્ય કૃદંતનાં રૂપ મળતાં આવેછે:— જેમકે '**તમારાથી આવો ગ્રંથ લખાવો સ્હેલ નથી**' એમાં **લખાવો** એ સહ્યભેદનો સામાન્ય કૃદંત છે; પણ '**તમે ડિક્ટેશન લખાવો**' એમાં **લખાવો** એ પ્રેરકરૂપનો આજ્ઞાર્થ છે.

અવ્યય.

ક્રિયાવિશેષણ.

૧૫૦. ઉપયોગ.—ક્રિયાવિશેષણ ક્રિયાવિષે કાળ (વખત), સ્થળ (ઠેકાણું), રીતિ (રીત), ન્યુનાધિક (ઓછું, વત્તું), સ્વીકાર (હા, કહેવી), નિષેધ–નકાર (ના કહેવી), પ્રશ્ન અને કારણ બતાવેછે: આ ઉપરથી એના મુખ્ય ૮ વર્ગ પાડીશકાય:— કાળવાચક, સ્થળવાચક, રીતિવાચક, ન્યુનાધિકદર્શક, સ્વીકારવાચક, નિષેધાર્થ, પ્રશ્નાર્થ અને કારણદર્શક. આ ૮ વર્ગના ક્રિયાવિશેષણ કેટલાએક જાણવા જેવા પેટા વર્ગ સાથે નીચે આપ્યા છે.

૧૫૧. કાળવાચક.—(અમુક વખત)—જ્યારે, ત્યારે, અત્યારે, જેવારે, તેવારે, હમણાં, આ વાર, આ ઘડી, તત્કાળ, તત્ક્ષણ, તરત, તરતાતરત, હવે, હવેપછી, (આજ, આજે, કાલ, કાલે, પરમદહાડે, સ્હવારે, સાંજે, વહાણે, રાતે, બપોરે, મધરાતે) ઓણ, પોર, પરાર, હોણસાલ, કદી, કેદી, વળતી, પછી, હજી, પ્રથમ, પહેલાં, પૂર્વે, પછીથી, અગાઉ, અગાડી, અંતે, આખરે; (દરમ્યાન)- હાલ, હાલમાં, પલમાં, પલકમાં, હજુ-સુધી; (જાથુ વખત)-હંમેશાં, સર્વદા, સદા, સર્વકાળ, રોજ, નિત્ય, નિરંતર, જાથુ, અહોનિશ; (વખતની પુનરાવૃત્તિ)— વારંવાર, વારેવારે, વારેઘડીએ, રોજરોજ, ઘડીએઘડીએ, ઘડીઘડી, ક્ષણેક્ષણે, રોજરોજ, નીતનીત, દીનદીન, દહાડેદહાડે, ઘણીવાર, વારાફરતી, ફેરેફેરે, વર્ષોવર્ષ, એકાંતરે; આમાં બેવાર, ત્રણવાર, સોવાર એવા સંખ્યાર્થ શબ્દો પણ આવેછે.

૧૫૨. સ્થળવાચક.—જ્યાં, ત્યાં, જહિં, તહિં, ક્યાં, કહિં, હ્યાં, અહિં, પણે, જ્યાંઆગળ, ત્યાંઆગળ, ક્યાંઆગળ, હ્યાંઆગળ, અહિંઆગળ, અંતરીક્ષ, અંતરીયાળ, દૂર, આઘા, અળગા, આમ, આણીગમ, આણીતરફ, આણીકોર, આબાજુ,

તેમ, તેણીગમ, તેણીતરફ, તેબાજુ, જેમ, જેણીગમ, જેતરફ, કેમ, કેણીગમ, કેણીતરફ, ઉગમણા, આથમણા, ઉત્તરાતા, દખણાતા; (ઘણા ખરા ઠેકાણું બતાવનારા નામયોગી અવ્યયો ક્રિયાવિશેષણ તરીકે વપરાયછે; જોવું નામયોગી.)

૧૫૩. રીતિવાચક.—(સાધારણ રીત) આમ, એમ, તેમ, જેમ, કેમ, આ પ્રમાણે, તે પ્રમાણે, એ પ્રમાણે, આસ્તે, ધીમે, હળવે, આસ્તેઆસ્તે, ધીમેધીમે, હળવેહળવે, પેરેપેરે, રહેતેરહેતે, થોડેથોડે, ઓચિંતું, અકસ્માત્, એકદમ, જોરભેર, સારીપેઠે, વ્યર્થ, ફોગટ, નકામું, (ભલું, ભુંડું, ઠીક, સારૂ, નઠારૂં, નરસું, સરસ, નરસ વગેરે વિશેષણો આ અર્થે ક્રિયાવિશેષણ તરીકે વપરાયછે); (ખાત્રી)— ખરે, ખરૂં, ખચીત, ખરેખર, અવશ્ય, જરૂર, નિશ્ચે, નક્કિ, મુકરર, ખસુસ, બેધડક, નિઃશંક, બેશક, બેફિકર; (અનુકરણવાચક)— ઘમઘમ, ચમચમ, છુમછુમ, ધબધબ, કડાકડ, તડાતડ, ધડાધડ, ફડાફડ, વ૦.

(સંશયદર્શક)—કદાચ્, કદાપિ, કદાચિત, કદાશ, કદી, રખે, રખેને, ઘણુંકરીને, સોવસા, વ૦.

૧૫૪. ન્યુનાધિકદર્શક.—(ન્યુનતા)-થોડું, ઓછું, અલ્પ, જુજ, જરા, જરાતરા, જરાક, કિંચિત, કંઇક, લગાર, લગારેક, રજ, થોડું, ઘણું, ઘણુંખરૂં, થોડુંક, સહેજ, લેશ, વ૦; (અધિકતા)— ઘણું, બહુ, વધારે, અતિશય, અતિ, પુષ્કલ, વિશેષ, અધિક, અદકું, વ૦; (તૃપ્તિ)—બસ, એટલું, બરાબર, બહુ, પુષ્કળ, ઘણું, વ૦; (પૂર્ણતા)—છેક, તદ્દન, બીલકુલ, જરેજર, રજમાત્ર, પુરેપુરૂં, પરીપૂર્ણ, સંપૂર્ણ.

૧૫૫. સ્વીકારવાચક—(હા કહેવી-કબુલ કરવું એવા અર્થના)— હા, ઠીક, ભલે, સારૂં, વારૂં, હોવે.

૧૫૬. નિષેધાર્થ કે નકારવાચક.—ના, ન, નહિ, નો, મા, નવ.

૧૫૭. પ્રશ્નાર્થ.— ક્યારે, કેવારે, ક્યાં, કેણીગમ, કેમ, કેટલું, કાં, કેમ (શામાટે–વાસ્તે): એમાં કાળ, સ્થળ, રીતિ, ન્યુનાધિક, કારણ વગેરે અર્થો રહેલા છે.

૧૫૮. કારણદર્શક.—તેથી, તેથીકરીને, એથી, એ ઉપરથી (આવા કારણદર્શક ક્રિયાવિશેષણ હંમેશાં બે વિચારને જોડેછે માટે એને ઉભયાન્વયીમાં ગણેલા છે. (જોવું ઉભયાન્વયી અવ્યય).

૧૫૯. સૂચના.— ક્રિયાવિશેષણ શબ્દો અવ્યય કહેવાયછે, એટલે એનું રૂપ ફરે નહિ, પણ કેટલાંએક વિકારી વિશેષણ ક્રિયાવિશેષણ તરીકે વપરાયલાં હોય ત્યારે ક્રિયાનાથ પ્રમાણે તેને જાતિદર્શક પ્રત્યય ઓ, ઈ, ઉં લાગેછે: જેમકે 'તે મોડો આવ્યો' 'તે છોડીને દાણી મારી' 'ઢોર વહેલાં છૂટ્યાં' વ૦.

વિવિધ અર્થે કોઈવાર ક્રિયાવિશેષણને પ્રત્યય લાગેછે:—આગળથી, પાછળથી, શરૂથી, ઓણથી વગેરે. (એમાં અપાદાનનો અર્થછે).

નામને કેટલીકવાર થી પ્રત્યય લાગી ક્રિયાવિશેષણ જેવાં થઈ વપરાયછે:— ઝડપથી, ઉતાવળથી, જલદીથી, વ૦.

કેટલીએકવાર બે ત્રણ શબ્દો સાથે આવી ક્રિયાવિશેષણ જેવા થાયછે:—ઝડપબંધ, વખતસર, ખાત્રીપૂર્વક, ખરૂંજોતાં, કહેતાંવારને, ચડપલઈને, ગુપચુપ, છાનામાના, યથાયોગ્ય, યથારૂચી, બોલ્યાવગર, વણદીઠે, અને એવા બીજા શબ્દો.

પદચ્છેદને લગતી સૂચના—

કેટલાંક વિશેષણ ક્રિયાવિશેષણ તરીકે આવેછે; માટે એવા શબ્દો નામનો ગુણ બતાવતા હોય ત્યાં વિશેષણ, અને ક્રિયાપદનો ગુણ બતાવતા હોય ત્યાં ક્રિયાવિશેષણ કહેવાય.

કેટલાંએક ક્રિયાવિશેષણની સાથે છઠ્ઠીનો પ્રત્યય આવી નામની આગળ વપરાયછે, ત્યાં તેને વિશેષણ કહેવાં:— **આગળની** (આગલી) વાત, **પાછળની** (પાછલી) તવારીખ, **પોરનો** ઉનાળો, **ઉપરનો** ગોખલો, **હેઠેની** સીડી; વ૦.

કેવળ, માત્ર, ફક્ત, જ્યારે નામની સાથે હોય ત્યારે વિશેષણ છે (જી કોઈવાર આ અર્થે વપરાયછે: હુંજ, તેજ, નગીનદાસજી વ૦); પણ જ્યારે ક્રિયાપદની સાથે સંબંધ રાખે ત્યારે ક્રિયાવિશેષણ ગણાય.

પણ, એ, બી જ્યારે 'પણ'ના અર્થમાં આવે ત્યારે ક્રિયાવિશેષણ છે: હુંપણ, તુંએ, તેબી; (હુંએ, તુંય આમાં એ ને ય પણ ક્રિયાવિશેષણ છે).

'જ' નિશ્ચયાર્થ ક્રિયાવિશેષણ છે: કરવુંજ, એકજ, વ૦.

નામયોગી.

૧૬૦. ઉપયોગ— નામ કે નામતરીકે વપરાયલા શબ્દોની પાસે આવી તેનો, ક્રિયાપદ વગેરેની સાથે ઠેકાણું, વખત, કારણ વગેરેનો સંબંધ બતાવેછે.

ઠેકાણું બતાવનાર— અગાડી, અંદર, આગળ, આસપાસ, ઉપર, કને, જોડે, તળે, નીચે, પર, પછાડી, પાછળ, પછવાડે, પાસે, પૂઠે, પૂઠળ, બહાર, મધ્યે, માહે, મોઝાર, લગોલગ, વચ્ચે, વચ્ચોવચ્ચ, વાંસે, સમીપ, સન્મુખ, સામે, સામા, સાથે, સોડે, હારે, હેઠે, હેઠળ.

વખત બતાવનાર— અગાઉ, અગાડી, આગળ, પછી, પછાડી, પછવાડે, પછાત, પાછળ, પૂઠે, પૂઠળ, પહેલાં વાંસે.

(ઠેકાણું અને વખત બતાવનારા ઘણા નામયોગી અવ્યયો ક્રિયાવિશેષણતરીકે વપરાયછે).

બાતલતા— ઉપરાંત, વગર,* વણ, વિણ, વિના, સિવાય, પાખે.

---

*વગર, વણ વિણ, વિના, બિન વગેરે નામયોગી નામની પૂર્વે આવીને સામાસીક શબ્દ સાધીત કરેછે. એવા શબ્દો ઘણુંકરીને ત્રીજી વિભક્તિમાં આવેછે; માટે એમાંથી નામયોગી જુદો પાડવો નહિ પણ એમાં ક્રિયાવિશેષણનો અર્થ રહેલો છે એટલે એને પદચ્છેદમાં ક્રિયાવિશેષણ કહેવા:— જેવાં કે— **વગરલેવેદેવે, વણમાગે, વિણઅપરાધે, વિનાકારણ,** (કારણે), **બિનતકરારે, વગરકહ્યે,** વ૦.

કારણ બતાવનાર— કરીને, થકી, લીધે.
નિમિત્ત— અર્થે, કાજે, વાસ્તે, માટે, નિમિત્તે, બદલે, સાટે.
સાધન—વતે, વડે, મારફતે, હસ્તક. સંબંધ—વિષે, સંબંધી.
સાહિત્ય— સમેત, સહિત, સોત, સુધ્ધાં.
દિશા બતાવનાર— ગમ, ગમી, ભણી, તરફ.
છેહડું— પર્યંત, લગી, સુધી. રીતિ—પેઠે, ગોઠે, માફક.

૧૬૧. નામયોગી અવ્યય મૂળે નામ છે; તેથી જે શબ્દની સાથે તે જોડાયલા હોય તે છઠ્ઠી વિભક્તિમાં આવેછે; અને ઘણું કરીને **ના, ની,** કે **ને** આ ત્રણમાંથી કોઈ પ્રત્યય હોયછે.

૧૬૨. ઘણુંકરીને નર કે નાન્યતર નામ પરથી થયલા જેવા નામયોગીની પૂર્વે **ના**; નર કે નાન્યતર નામની સાથે એ પ્રત્યય આવીને થયલા જેવાની પૂર્વે **ને** (છઠ્ઠી સાથે સાતમી); અને નારી જાતીનાં નામ જેવા નામયોગીની પૂર્વે **ની** આવેછે. આ પ્રત્યય કોઈવાર વપરાયછે અને કોઈવાર અધ્યાહાર રહેછે.

જેની પૂર્વે **ના** આવે એવા— કરતાં, વડે, વતે, વગર, વિના, સમેત, સહીત, સંબંધી, સોત, સુધ્ધાં.

જેની પૂર્વે **ને** આવે એવા— અર્થે, કાજે, કારણે, બદલે, માટે, લીધે, વિષે, વાસ્તે, સારૂ.

જેની પૂર્વે **ની** આવે એવા— જોડે, નીચે, પછવાડે, પાછળ, પાસે, પૂઠે, પૂઠળ, પૂર્વે, પેઠે, બહાર, મધ્યે, માંહે, વચ્ચે, સાથે, હેઠે. આ સિવાયના બીજાઓની આગળ પણ **ની** આવેછે, અને કોઈ **ની** ને બદલે **ના** પણ વાપરેછે.

કરીને એની આગળ ત્રીજીનો પ્રત્યય એ આવેછે:— હાથે કરીને, તેણે કરીને.

પદચ્છેદને લગતી સૂચના.

ઘણા ખરા ઠેકાણું ને વખત બતાવનાર નામયોગી, ક્રિયાવિશેષણ તરીકે વપરાયછે; માટે જ્યાં નામ કે સર્વનામની સાથે આવેલા હોય ત્યાં, નામયોગી:— 'જેમકે તે મારી ઉપર છે,'

હું છુગનની અગાડી આવ્યો; અને નામની સાથે નહિ આવતાં માત્ર ક્રિયાપદનો વખત કે ઠેકાણું બતાવે ત્યારે ક્રિયાવિશેષણ કહેવાય:— હું ઉપર બેઠો છું, તે અગાડી આવ્યો.

ઠેકાણું અને વખત બતાવનાર ક્રિયાવિશેષણમાં જગા કે વખતનાં નામ જેવો અર્થ રહેલો તેથી એની સાથે નામયોગી વપરાયછે:— ત્યાં આગળ, હવે પછી, હ્યાં સુધી, અત્યારલગી વ૦; આમાં નામયોગીને જુદાં લેવાય, અથવા બેઉને સાથે ક્રિયાવિશેષણ પણ કહેવાય.

ઉભયાન્વયી.

૧૬૩. ઉપયોગ.— ઉભયાન્વયી અવ્યય ઘણુંકરીને બે વાક્યને જોડેછે. બે શબ્દને જોડે ત્યાં પણ બે વિચાર જુદા પાડી બે વાક્ય બનાવી શકાય:— જેમકે 'રામદાસ ને લાલભાઈ આવ્યા હતા'='રામદાસ આવ્યો હતો અને લાલભાઈ આવ્યો હતો.' કોઈવાર એવો અર્થ હોય કે બે વગર ક્રિયા શોભે નહિ કે થાય નહિ ત્યાં જુદાં વાક્ય બને નહિ:— જેમકે "બે ને બે ચાર થાય" (એમાં 'ને' એક વાક્યમાં બે શબ્દનેજ જોડેછે).

૧૬૪. ઉભયાન્વયી જુદા જુદા પ્રકારના સંબંધ બતાવેછે. તે ઉપરથી એના મુખ્ય ૫ પ્રકાર કર્યા છે:— **સમાનાર્થદર્શક, ભિન્નાર્થદર્શક, કારણદર્શક, પરિણામદર્શક, સંકેતબોધક.**

૧. **સમાનાર્થદ૦**— બે સરખી પંક્તિના વિચારને જોડેછે તે:— અને, ને, તથા. એના બીજા બે પેટાવર્ગ છે.

વાક્યવર્ધક— કે, જે; (કોઈનું કહેવાનું કે બોલવાનું શરૂ થતાં કે કોઈનું કહેલું કે બોલેલું શબ્દેશબ્દ પાછું બોલતાં વપરાયછે): 'તેણે કહ્યું કે તમે ક્યારે આવશો?' 'તમારા મનમાં એવું છે જે દેવજીની ક્ષમા માગવી જોઈએ.'

વિશેષાર્થદર્શક— વળી, વળતી, હવે, પછી, પાછું, ત્યારબાદ, બીજું, એઉપરાંત વ૦; (એક વાતની સાથે કંઈ બીજું વધારે કહેવું એવે અર્થે વપરાયછે).

૨. ભિન્નાર્થદ૦—એ જુદા અર્થના વિચારને જોડેછે તે; એના બે પેટા વર્ગ છે :—

વિકલ્પસૂચક—કિંવા, વા, અથવા, અગર, કે, યાતો.

વિરૂદ્ધાર્થસૂ૦—પણ, પરંતુ, સામું, ઉલટું, તથાપિ, તોપણ, તોછુતાં, તેમછુતાં, એમછુતાં, બાકી, વ૦.

૩. કારણદર્શક—એક વાક્યના વિચારનું કારણ બીજા વાક્યમાં છે એવે અર્થે વાક્યને જોડેછે તે :—કારણકે, કારણજે, કેમકે, કેમજે, કાંકે, કાંજે, શામાટેજે, એટલામાટેકે.

૪. પરિણામદર્શક—બીજા વાક્યમાં પહેલા વાક્યનું પરિણામ છે એવે અર્થે બે વાક્યને જોડેછે તે :—માટે, તેમાટે, તેથીકરીને, એટલામાટે, એ ઉપરથી, એટલે, એથી, તેથી વ૦.

૫. સંકેતબોધક—બીજા વાક્યના વિચારનું ધોરણ પહેલાની શરત ઉપર રહેલું છે એવે અર્થે બે વાક્યને જોડેછે: આવા ઉભયાન્વયીનાં ઘણું કરીને જોડકાં હોયછે તેમાં પહેલો અધ્યાહાર રહે પણ બીજો તો આવવો જોઈએ :—જો-તો, જોકે–તોપણ, અગરજો–તોપણ, જ્યારે–ત્યારે, જેમ–તેમ ; જેવો–તેવો (કે તરત) કદાચ–તોપણ, આમ કરીને–કે તરત વ૦. નહિતો, નીકર ; એકલા વપરાયછે ; (એ વિરૂદ્ધાર્થ દ૦ માં ગણાય).

૧૬૫. તો એ કોઈવાર વાક્યમાં કોઈ શબ્દની સાથે આવી વિવિધ અર્થ દર્શાવેછે : 'હું તો આવ્યો,' 'બોલ તો ખરો,' 'મારાથી એવું બોલાયું તો ખરૂં' વગેરે ; આવાં વાક્યોમાં મારી મચરડીને જો આવે એવું એનું સંબંધી વાક્ય બનાવી તોને વાક્યયોગી કહેવા ધરાય. પરંતુ સંસ્કૃતમાં તુ આવે અર્થે કેવળ ક્રિયાવિશેષણની પેઠે વપરાતો અવ્યય છે તેનો એ અપભ્રંસ છે ; માટે જોનો સંબંધ ન હોય ત્યાં તો ક્રિયાવિશેષણ લેવાય.

૧૬૬. ચેતવણી—કેટલાંએક નામયોગી, ક્રિયાવિશેષણ અને ઉભયાન્વયી એક સરખાં રૂપનાં છે ; માટે નામસાથે હોય ત્યાં નામયોગી, ક્રિયાપદનો ગુણ બતાવે ત્યાં ક્રિયાવિશેષણ અને બે વાક્યને જોડે ત્યાં ઉભયાન્વયી એમ ઓળખી કાઢવાં.

ઉદ્ગાર (કેવળપ્રયોગી).

૧૬૭. ઉપયોગ.—હર્ષ, શોક, ગભરાટ, આશ્ચર્યતા, તિરસ્કાર, આશીષ વગેરે મનમાં એકાએક થઈ આવતો ઉછાળો બતાવવાને વાક્યમાં બીજા શબ્દની સાથે સંબંધ ન રાખતાં છૂટાજ વપરાયછે. પદચ્છેદમાં એને સાધારણ રીતે કેવળપ્રયોગી અવ્યય કહેછે.

એના વિવિધ અર્થ પ્રમાણે વર્ગ પાડી નીચે આપ્યા છે :—

હર્ષ (ની સાથે સંતોષ-સુખ)—હાસ, હાસહાસ, આહા, અહા, વાહ, વાહવાહ.

શોક (દુ:ખ)—અં, હું, આં, અરે, અરેઅરે, અરેરે, ઓરે, ઓહો, હે, ઓય, ઓયરે, ઓયઓય, હાય, હાયહાય, હાયરે.

ગભરાટ—હાયહાય, અરરરર, હાયરે બાપ વ૦.

આશ્ચર્યતા—ઓહો, અધધધ, બાપરે, મારે, હૈં, આહા, વાહ, વાહવાહ, ઠીક, વાહરે વ૦; (આશ્ચર્યતાની સાથે કોઈવાર શક અને કોઈવાર નિશ્ચય બતાવનાર) ખરે, ખરેખાત, ખરેખર, નક્કિ, વ૦.

તિરસ્કાર—થુ :, છી :, મેર, છી, છટ્, છીટ્, હટ્, ઉં: અં:, ધિક્, ધિક્ધિક્, ફટ્, ફટ્ફટ્, પોઈસ, વારવારૂ, ચુપ, બસ, વ૦.

આશિષ (ની સાથે સંતોષ અને હર્ષ)—ભલે, ઠીક, શાબાશ, વાહવા, ધન્ય, ધન્યધન્ય, કલ્યાણ, જયજય, વ૦.

સૂચના.—આમાંના ઘણાખરા, એકનાએક શબ્દો જુદે જુદે અર્થે વપરાયછે, માટે અર્થ પ્રમાણે જુદા જુદા વર્ગમાં લેવાય.

૧૬૮. કેટલીકવાર નામ વગેરે શબ્દો ઉદ્ગાર તરીકે વપરાયલા હોય ત્યાં તેનો વાક્યમાં સંબંધ નહિ હોય એટલે તેને પદચ્છેદમાં કેવળપ્રયોગીજ કહેવા; વળી નામની બાબતમાં સંબોધનનો અર્થ નહિ હોય ત્યાં ભૂલે ઉદ્ગારને સંબોધનવિભક્તિમાં લેવો નહિ:—જેમકે 'અરે રામ! તું મને દુ:ખમાંથી છોડવ'

એમાં રામ એ સંબોધન છે; પણ 'અરે રામ! આ શું થઈ ગયું!' એમાં 'અરે રામ!' એ કેવળપ્રયોગી અવ્યય જેવો છે, કારણ કે સંબોધનનો અર્થ નથી. આવાં નામને 'ઉદ્ગારાર્થે પ્રથમા' વિભક્તિ કહીએ તો ચાલે.

અરે રામ, શિવશિવ, હરીહરી, અરેબાપ, બાપરે, મારે, ઓભાઈરે, વગેરે શબ્દોમાં લાચારીનો અર્થ રહેલો છે. કારણ કે કેવળ લાચારીથી માણસનું વળણ કોઈ મદદગાર (પરમેશ્વર કે સગાં સંબંધી) તરફ થઈ જાયછે તેથી સ્વભાવિક રીતે આવા શબ્દો બોલાઇ જાયછે.

કોઈવાર આશ્ચર્યતાના અર્થમાં શો ગજબ, શો કોપ, શી વાત, આ તે શું, ભોગ, અદૃષ્ટ, કમ્બક્તિ, ભોકણ, ૧૦ શબ્દો વપરાયછે.

નીચેના મનોયત્નમાં આપેલાં વાક્યોમાંથી દરેક જાતના અવ્યય બતાવો અને તેના ઉપયોગ કહો.

મનોયત્ન ૯ મો.

તમારે માટે હું માળે આવતો હતો, પણ કઠેરા આગળ ઠોકર વાગી ને નીચે પડયો. ૨ તેણે એવું પણ લીધું કે માર ખાધો તો ખેર પણ હું પણ બ્રાહ્મણ ક્યારે કે ચાલતાં સુધી એને જંપીને બેસવા ન દેઉં. ૩ તમે વહેલા આવશો તો ઠીક, નહિતો પછી પસ્તાશો. ૪ ઓ અમણા તમારી પાછળ આવ્યો. ૫ પહેલાં મારે ત્યાં આવજો. ૬ કેમ! તેને અહિયાં નહિ જાઉં? ૭ છાનામાના હું કહું તેમ કરોની. ૮ ઠીક, સમજ્યો, એમ તો એમ. ૯ ત્યારે તમે તો નહિ આવવાના કે? ૧૦ તુંજ આવજેની ભાઈ, વળી કેમ ભમ્યો? ૧૧ હાલમાં જેમ છે તેમજ રહેવા દો, આગળ થઈ રહેશે.

ઉપસાંગી.

૧૬૯. મૂળે સંસ્કૃત ધાતુ ઉપરથી સાધિત થયલા શબ્દોના મુખ્ય આઠ વર્ગનું વર્ણન ઉપર આવીગયું. પણ કેટલાંએક ટુકાં રૂપ એવાં છે કે તે એકલાં વપરાતાં નથી; મુખ્ય સાધિત શબ્દોની પૂર્વે કે પછી તેની સાથે વળગેલાં રહેછે. આવાં રૂપોને **ઉપસાંગી** કે **અનુષાંગી** કહેછે. એના મુખ્ય બે વર્ગ છે. ૧. જે અક્ષર કે અક્ષરો શબ્દોની પૂર્વે આવીને તેના અર્થમાં ફેરફાર કરેછે તેને **પૂર્વાંગ** કહેવાય; એમાં મુખ્ય **ઉપસર્ગ** છે; ૨. જે અક્ષર કે અક્ષરો શબ્દને છેડે આવીને તેના અર્થમાં ફેરફાર કરેછે તે **અનુગ** કહેવાય; એમાં મુખ્ય **પ્રત્યય** છે.

ઉપસર્ગ.

૧૭૦. મૂળ સંસ્કૃતના સાધારણ ઉપસર્ગ ગુજરાતીમાં શુદ્ધ શબ્દોમાં દીઠામાં આવેછે; (તેના સામાન્ય અર્થ આમાં દાખલા સાથે બતાવ્યા છે; પણ કોઈવાર તે અર્થની અસર જતી રહેછે:- अति (વધારે, ઉપરાંત): અત્યંત; अधि (ઉપર): અધિપતિ; अनु (પછી): અનુચર; अंतर् (વચ્ચે): અંતર્ધ્યાન; अप (ઉતરતું, ખોટું): અપમાન, અપશબ્દ; अभि (ચોગમ, ભણી): અભિમાન અભ્યાગત; अव (નીચે, ઉતરતું): અવતાર; आ (મર્યાદા, સુધી): આધાર; उत् (ઉંચું, ચઢતું): ઉત્પન્ન, ઉત્કૃષ્ટ; उप (પાસે, ઉતરતું): ઉપાધ્યક્ષ, ઉપકાર, दु: (ખોટું): દુર્વ્યસન; नि (વિશેષ, પૂર્ણ): નિવાસ; निः (વિના): નિષ્ફળ; परा (પુઠે): પરાક્રમ; परि (ચોમેર, બહુ): પર્યટણ, પરિશ્રમ; प्र (વિશેષ, આગળ): પ્રયત્ન, પ્રમુખ; प्रति (સામું, દરેક): પ્રત્યુત્તર, પ્રત્યેક; वि (વિશેષ, વિના): વિખ્યાત, વિસ્મૃત; सं. (સાથે): સંગમ.

કેટલાંએક વિશેષણ અને ક્રિયાવિશેષણના અર્થના, ઉપસર્ગ જેવા થઇ શબ્દની પૂર્વે આવેછે તેવા પૂર્વેગ (આમાંના ઘણાખરાથી સમાસિક શબ્દો બનેછે):— अ-अन् (વિના, નહિ): અધર્મ. અનર્થ; कु (નઠારૂં): કુમાર્ગ; पर (પારકું): પરસ્ત્રી; स-सह (સાથે) સકામ, સહચરી; स्व (પોતાનું): સ્વજન; सत् (સાચું) સદ્વાસના; न (નહિ): નપુંસક; नाना (જુદાજુદા): નાના પ્રકાર; पुन: (ફરીથી): પુનર્લગ્ન.

अन् નો 'અણ' कु નો 'ક' सु નો 'સ' અને 'ન' એટલા ગુજરાતી થઇગયલા શબ્દોની સાથે આવેછે:— જેમકે અણગમતું, સપુત, કટેવ, નકામું વ૦.

ફારસી, હિન્દુસ્તાની તથા આરબી ઉપસર્ગો: કમ (ઓછું): કમજોર; ખુબ (સારૂં): ખુબસુરત; ખુશ (આનંદી): ખુશમિજાજ; ગેર (વિના): ગેરવાજબી; ના (નહિ): નાપાક; નેક (સારૂં): નેકનામ; બદ (ખરાબ): બદબો; બે (નહિ): બેવકુફ; બિન (હિંદુસ્તા૦. વિના) બિનમજુરી; લા (આર૦ નહિ): લાઈલાજ;

પ્રત્યય.

૧૭૧. નામ, સર્વનામ, ને વિશેષણની જાતિ વિભક્તિ વચન વગેરેના તેમજ ક્રિયાપદના કાળ વગેરેના પ્રત્યયનો વિચાર આગળ આવી ગયો; પરંતુ ધાતુ ઉપર આવીને જેવડે નામ વગેરે સાધિત થાયછે તેવા પ્રત્યય (જેને કૃત્ પ્રત્યય કહેછે); અને સાધિતનામ વ૦ ઉપર આવીને જેવડે અનેક બીજા શબ્દો સાધિત થાયછે તેવા પ્રત્યયો (જેને તદ્ધિત પ્રત્યય કહેછે); તે, કેટલાંક મુખ્ય નિયમ બાંધી અક્કેક દાખલા સાથે નીચે આપ્યા છે.

૧૭૨. શુદ્ધ સંસ્કૃત (કૃત્) પ્રત્યયો—(ધાતુપર આવીને નામ બનાવે એવા);—अ—દેવ; अक-इका—પાળક, કારિકા; अन-अना—દર્શન, રચના; इन्-ई—વાદિન, વાદી; तृ-ता—કર્તૃ, કર્તા; ति-इ—કૃતિ, હાનિ.

૧૭૩. કેટલાએક બીજા સાધિત શબ્દની સાથે પ્રત્યયની પેઠે આવી સમાસિક શબ્દો બનાવેછે (જુઓ સમાસ) તેવા અનુગ:—कृ ધાતુનો कर-कार—ભયંકર, ગ્રંથકાર; गम् ધાતુનો ग—ખગ; चर् ધાતુનો चर—વનચર; जन् ધાતુનો ज—પંકજ; दा ધાતુનો द—સુખદ; स्था ધાતુનો स्थ—ગૃહસ્થ.

૧૭૪. શુદ્ધ સંસ્કૃત (તદ્ધિત) પ્રત્યયો (નામની સાથે આવીને વિશેષણ બનાવે એવા):—इक—વાર્ષિક; इत—મોહિત; ईन—કુલીન; इन्-इ—શાસ્ત્રિન્-શાસ્ત્રિ; मय—તેજોમય; मत्-वत्=मान-वान—શ્રીમાન, ધનવાન; य—તાલવ્ય; (વિશેષણની સાથે આવી નામ બનાવે એવા):—ता—સત્યતા त्व—મહત્વ.

કેટલાએક શબ્દ પ્રત્યયની પેઠે આવી સમાસિક શબ્દો બનાવેછે:—अंकित—નામાંકિત; आतुर—શોકાતુર; आकुल—ભયાકુલ; कारक—સુખકારક; दायक—દુઃખદાયક.

૧૭૫. ગુજરાતી પ્રત્યયો (ધાતુપર આવીને નામ બનાવે એવા):—આવ, આટ, આવટ—બનાવ, ચળકાટ, બનાવટ; આઈ—ચઢાઈ; આણ, આણી, આણું—વેચાણ, કહાણી, ઉઘરાણું; આમણ, આમણી—દળામણ, પહેરામણી; ણ, ણી,

ણું— માગણ, શીવણી, દળણું; તી— ચઢતી; તર— ચણતર; (ધાતુપર આવીને વિશેષણ બનાવે એવા):—આઉ, ઈતો, કણો— શીખાઉ, જાણીતો, મારકણો; (નામની સાથે આવીને વિશેષણ બનાવે એવા):—ઈ, ઈયો, ઈતો, ઈલો— સુખી, દુખીયો, માનીતો, હઠીલો; આળ, આળુ, આળો— વાચાળ, દયાળુ, રૂપાળો; મણો— દયામણો; વાળો— પૈસાવાળો; મંદ— અકલમંદ; બંધ- ભેર— ફરસબંધ, જોરભેર.

૧૭૬. (વિશેષણની સાથે આવી નામ બનાવે એવા):— આઈ, આણ, આશ— ઉંચાઈ, લંબાણ, ખટાશ; પણું, પણ, પો— સાચાપણું, ગળપણ, અંધાપો; (નામ ઉપરથી બીજાં નામ બનાવે એવા):— આઈ— શેઠાઈ; ગરો-ગર (કર) કલાગરો, ચુડગર; વાળો (પાળ)—ગોવાળો (ગોપાળ), ઘોડાવાળો.

સમાસ.

૧૭૭. **સમાસ**—બે કે વધારે શબ્દ સાથે આવી એક જેવા વપરાય ત્યારે તેનો સમાસ થયો કહેવાય. આવા શબ્દના સમુહને **સામાસિક શબ્દ** કહેછે:— માબાપ, રાજમહેલ, મહાભારત, ચતુર્વેદ વગેરે. એમાંના પહેલા શબ્દને **પૂર્વપદ** ને છેલ્લાને **ઉત્તરપદ** કહેછે; સમાસનાં પદો જુદાં પાડી તેનો સંબંધ બતાવવો તે ક્રિયાનું નામ **વિગ્રહ** કહેવાય.

સંસ્કૃતમાં સમાસ ઘણા છે અને નવા પણ ઘણા બનાવી શકાય. તેમજ ગુજરાતીમાં કેટલાક સંસ્કૃત સમાસ વારંવાર વપરાયછે:— જેમકે, માબાપ, ધણીધણીઆણી, સાચુંજુઠું, દાળચોખા, ઘીગોળ, વ૦.

૧૭૮. સમાસ ૭ પ્રકારના છે—**દ્વંદ્વ, તત્પુરૂષ, કર્મધારય, દ્વિગુ, બહુવ્રીહિ, અવ્યયીભાવ, અને મધ્યમપદલોપી.**

દ્વંદ્વ—બે કે વધારે નામ એકજ વિભક્તિમાં આવે તો સમાસ દ્વંદ્વ કહેવાય:—માબાપ, ભાઈબહેન, સાચુંજુઠું, ધણીધણીઆણી, હાથપગ, જલસ્થલગિરિઆકાશ, વ૦.

તત્પુરૂષ.— જ્યારે કોઈ સમાસમાં પૂર્વપદ, ઉત્તરપદનો અર્થ ખુલ્લો કરી દેખાડતું હોય અને તેમની વચ્ચે પહેલા

સિવાયની કોઈ વિભક્તિનો સંબંધ હોય તો તે તત્પુરૂષ સમાસ કહેવાય. એનું પૂર્વપદ બીજીથી સાતમી સુધીની કોઈ પણ વિભક્તિમાં આવેછે તે ઉપરથી એના છ પ્રકાર થાયછે:—જેવા કે:

૧. દ્વિતીયા તત્પુરૂષ— ધરણીધર, ગ્રંથકાર, પ્રભાકર, જટાધારી, ભયહારી, સુખદ, શોકજનક;

(જેનું ઉત્તરપદ જુદા નામની પેઠે છૂટું પાડી શકાય તેને દ્વિતીયા તત્પુરૂષમાં લેવો નહિ:—જેમકે ગ્રંથકર્ત્તા = ગ્રંથનો કર્ત્તા; સુખદાતા = સુખનો દાતા વગેરે. (જોવું ષષ્ઠી તત્પુરૂષ).

૨. તૃતીયા તત્પુરૂષ.— મદાંધ, લોભમોહિત, ચિંતાતુર, ધનયુક્ત, શોકસંયુક્ત, દલપતરામકૃત, દેવદત્ત.

૩. ચતુર્થી તત્પુરૂષ—ચરણોદક, પ્રાતઃસામગ્રી, દેવપાત્રી. શિક્ષાપત્રી, પુષ્ટીપત્ર, શયનગ્રહ, પુસ્તકાલય, નાટકશાળા.

૪. પંચમી તત્પુરૂષ— મરણશોક, મૃત્યુભય, જાતિભ્રષ્ટ.

૫. ષષ્ઠી તત્પુરૂષ— ઈશ્વરભક્તિ, દેવસેવા, વિદ્યાભ્યાસ, ઘરધણી, ગ્રંથકર્ત્તા, સુખદાતા, દુઃખહર્ત્તા, (આવા શબ્દોને ભૂલે, દ્વિતીયા તત્પુરૂષમાં લેવા નહિ.)

૬. સપ્તમીતત્પુરૂષ— જળક્રિડા, વનચર, ગ્રામસ્થ, વનવાસ.

કર્મધારય.—જે સમાસના પૂર્વ અને ઉત્તરપદની વચ્ચે વિશેષણ વિશેષ્યના જેવો સંબંધ રહેલો હોય તેને કર્મધારય કહેછે:— પરમેશ્વર, દીર્ઘદષ્ટિ, શુભવાસના, દુઃસ્વપ્ન, સુનીતિ, કુમાર્ગ, પરસ્ત્રી, કોઇવાર ઉપમાને અર્થે નામ પણ સમાન વિભક્તિમાં વિશેષણ તરીકે વપરાયછે તેને પણ આમાં લેવાય;—જેમકે દેવરૂપ = દેવના જેવું રૂપ, કમળનેત્ર = કમળના જેવી આંખ, ચંદ્રપ્રભા = ચંદ્રના જેવી કાંતિ; આવા શબ્દોમાં ઉપમાનો શબ્દ પહેલો આવેછે તે ઉપરથી એને **ઉપમાન પૂર્વપદ** કહેછે. કેટલીકવાર ઉપમાનો શબ્દ છેલ્લો આવેછે તેને **ઉપમાનોત્તરપદ** કહેછે:—જેવાકે ચરણકમળ, મુખચંદ્ર, નરસિંહ, વ૦.

દ્વિગુ.— જ્યારે પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય ત્યારે તેને દ્વિગુ કહેછે:—ત્રિનેત્ર, અષ્ટાંગ, પંચતંત્ર, ષોડશોપચાર, પંચપાત્ર, ત્રિભુવન, સપ્તઋષિ, નવનિધિ, સપ્તપાતાલ, નવખંડ, સપ્તદ્વીપ.

બહુવ્રીહિ.—જ્યારે કોઈ સમાસના બન્ને પદ કે બેમાંથી કોઈ પણ એક છૂટું લઈએ તો તેની સાથેના નામનો ગુણ બતાવે નહિ, પણ આખો સમાસ વિશેષણ થઈ કોઈ નામનો ગુણ બતાવે ત્યારે તે બહુવ્રીહિ કહેવાય:—જેમકે **કમળનયન કૃષ્ણ**, એમાં 'કમળ કૃષ્ણ' કે 'નયન-કૃષ્ણ' એમ લઈએ તો કંઈ અર્થ આવે નહિ. પણ આખો સમાસ 'કમળનયન' એટલે 'કમળના જેવાં નયન છે જેનાં એવો' એવી રીતે કૃષ્ણનો ગુણ બતાવે માટે એ બહુવ્રીહિ. વળી એને ટુંકામાં ઓળખવાની રીત એ છે કે એના વિશેષ્યની સાથે સંબંધ બતાવતાં-એનો વિગ્રહ થતાં, તત્પદાપેક્ષક પહેલી સિવાયની કોઈ પણ વિભક્તિમાં આવે:—જેમકે **કમળનયન (કૃષ્ણ)** એટલે કમળના જેવી આંખ છે જેની એવો (કૃષ્ણ). અપુત્ર (સ્ત્રી) = પુત્ર નથી જેને એવી (સ્ત્રી).

અવ્યયીભાવ.—જેનું પૂર્વપદ અવ્યય હોય અને આખો સમાસ અવ્યયરૂપે વપરાતો હોય તે:— સકામ, પ્રતિદિન, હરઘડી, દરરોજ, વ૦. જેનું પૂર્વપદ અ કે અન્ હોય તેને **નયતત્પુરૂષ** સમાસ કહેછે: જેમકે અનાચાર, અનીતિ, વ૦.

મધ્યમપદલોપી.—જે સમાસનો વિગ્રહ થતાં વચ્ચે કોઈ શબ્દ કે શબ્દો અધ્યાહાર હોય તે મુકવા પડે તેને મધ્યમપદલોપી કહેછે:—દલપતકાવ્ય = દલપત-કૃત-કાવ્ય, વરાળયંત્ર = વરાળ-થી ચાલતું-યંત્ર, મનુસ્મૃતિ, વેદનીતિ, નર્મકવિતા, વ૦.

૧૭૯. કર્મધારય અને બહુવ્રીહિમાં તફાવત આવો છે:—કર્મધારયનું એક પદ બીજા પદનો ગુણ બતાવે અથવા બેમાંનું એક કોઈ ત્રીજા નામનો ગુણ બતાવે, પણ તે આખો સમાસ તે ત્રીજા નામનો ગુણ બતાવે નહિ; અને બહુવ્રીહિમાં તો બેમાંનું કોઈ પણ પદ છૂટું લેતાં કોઈ ત્રીજા નામનો ગુણ નજ બતાવે, પણ આખા સમાસનો ભાવજ તે ત્રીજા નામનો ગુણ બતાવે:—જેમકે **મેઘશ્યામ** (કૃષ્ણ) એ કર્મધારય છે, એમાં 'મેઘ' માં ઉપમાનો અર્થ રહેલો છે; અને 'શ્યામ' એ છૂટું કોઈ ત્રીજા નામનો ગુણ બતાવી શકે. પણ **કમળનયન (કૃષ્ણ)**— એમાં કમળ (કૃષ્ણ) કે નયન (કૃષ્ણ) એમ છૂટું પદ ગુણ બતાવે નહિ; પણ આખા સમાસનો ભાવ 'કમળના જેવી આંખ છે જેની એવા' એજ 'કૃષ્ણ' નો ગુણ બતાવે માટે એ બહુવ્રીહિ કહેવાય.

સિદ્ધ અને સાધિત શબ્દો.

૧૮૦. મૂળ સંસ્કૃત ધાતુ સિદ્ધ શબ્દ છે, અને તે ઉપરથી (પ્રત્યય ઉપસર્ગ વડે) અનેક સાધિત શબ્દો થાયછે. (જોવું. ૧૦૩).

થોડાએક જાણવાજેવા ધાતુ તેના કેટલાક સાધિત શબ્દો સાથે નીચે આપ્યા છે.

સં. ધાતુ — સાધિત શબ્દો.

अंक् (આંકવું); આંક, આંકો, આંકડો, આંકણી, અંકુશ, અંકુર.

अंज् (આંજવું); અંજન, આંજણી, નિરંજન, વ્યંજન.

अट् (જવું); અટણ, પર્યટણ, દેશાટણ, આંટો.

अस् (હોવું); અસ્તિ, આસ્તિક, નાસ્તિક, આસ્તા, સત્તા, છત, [અછત.

इ-अय् (જવું); અન્વય, પ્રત્યય, ઉદય, સાન્વય, અભિપ્રાય; અયન—રામાયણ, ઉત્તરાયન (ઉતરાણ), દક્ષિણાયન.

इर् (જવું, આવવું); પ્રેરવું, પ્રેરણા, પ્રેરિત.

इष्-इच्छ (ઈચ્છવું); ઈચ્છા, સ્વેચ્છા, હિતેચ્છુ.

इक्ष् (જોવું); પરીક્ષા, પરખવું, પારખ, પ્રેક્ષણ, પેખવું.

उष् (તપવું); ઉષ્ણ-ઉનું, ઉષ્ણકાળ-ઉનાળો, ઉષ્મા, ઔષધ.

ऋ? (આપવું); અર્પવું, અર્પણ, અર્પિત, આપવું.

कट् (ઘેરવું); કટી, કેડ, મુકટ, મગટ, કટાર, કટક.

कथ् (કહેવું); કથા, કથની, કહેણી, કહેવત, કુથલી.

कम्-काम् (ઈચ્છવું); કામના, મનકામના, કાંતિ, કામ.

कम्प् (કાંપવું); કંપ, અનુકંપ, ધરતીકંપ, કંપારો, કાંપવું.

कल् (કળવું); કળા, નિકાલ, નિકળવું, સાંકળ, અકળ.

काश् (પ્રકાશવું); પ્રકાશ, આકાશ, અવકાશ, વિકાશવું, વિકાશ.

कृ (કરવું); કૃતિ, કર્તા, કર, કાર્ય, કારી, કારક, કરણ કારણ, [કર્મ.

कृष् (ખેંચવું); કૃષ્ટ, ઉત્કૃષ્ટ, આકર્ષણ, ઉત્કર્ષ.

क्रद्-क्रंद् (રોવું, પોકારવું); આક્રંદ.

क्रम् (જવું); ક્રમણ, પરાક્રમ, પરિક્રમા, અનુક્રમ, વિક્રમ.

क्री (વેચવું); ક્રય, વિક્રય, કન્યાવિક્રય, વેચવું, વેચાણ.

क्लम् (અકળાવું); અકળામણ, અકળાવું.

ख्या (વર્ણનકરવું); ખ્યાતિ, આખ્યાન, વ્યાખ્યા, વ્યાખ્યાન,
વખાણ, પ્રખ્યાત, રૂપાખ્યાન.

गण् (ગણવું); ગણતિ, અંકગણિત, ગણના, ગણતરી, અગણિત.

गम् (જવું); ગતિ, ગમન, સંગમ, આગમન-આવવું, ખગ, અગમ

ग्रस् (ગ્રહણ કરવું); ગ્રાસ, ગરાસ, ગરાસીઓ, ખગ્રાસ.

ग्रह् (પકડવું); ગ્રહણ, સંગ્રહ, (સંઘરવું) વિગ્રહ, ગ્રાહક (ઘરાક).

चर् (જવું); ચરણ, સંચરવું, આચાર, વિચાર, જળચર. [ચલ.

चल् (ચાલવું); ચાલ, ચલિત, અચળ, ચંચળ, ચાલુ, ઉચાળો, નિ-

चि (એકઠું કરવું); ચિતા, સંચય, નિશ્ચય.

चित्, चिन्त्, (વિચારવું); ચિત, ચિંતા, ચેતન, ઓચિંતું, નિશ્ચિંત.

छद् (ઢાંકવું); છાજ, છત્રી, છાયા, આચ્છાદન.

छिद् (છેદવું); છેદ, છિદ્ર, પદચ્છેદ, સમચ્છેદ, છીડું, અવિચ્છિન્ન.

जा-जन् (જન્મવું); જન્મ, જાત, પ્રજા, જન, જનેતા, જનની,
પૂર્વજ, અનુજ, વંશજ, તનુજ, સહજ (સહેજ), પંકજ.

जी (जय) (જીતવું); જીત, જય, વિજય, પરાજય, જે, અજીત.

जीव् (જીવવું); જીવ, જીવિકા, જીવન, ચીરંજીવી, નિર્જીવ.

तप् (તપવું); તાપ, પ્રતાપ, સંતાપ, તાવ, તાવડું, પશ્ચાત્તાપ.

तुल् (તોળવું); તુલા, તોલ, તોળાટ, તોલો, અતોલ, તુલના.

त्रुट् (તોડવું); ત્રોટક, તુટક, તોડ, તોટો.

तॄ (તરવું); તરણ, તારણ, અવતાર, તારો, ત્રાતા, તીર્થ, તરાપો.

दह् (બાળવું); દહન, દગ્ધ, દાઝવું, દાઝના, દાહ, અગ્નિદાહ.

दा (આપવું); દાન, દાતા, દેવું, દેણ, આદાય, દાપું, દાવો, સુખદ.

दिव् (પ્રકાશવું); દેવ, દૈવ, દેવતા, દિવસ, દિન, દિવાકર.

दिश् દેશ, ઉપદેશ, પ્રદેશ, ઉદ્દેશ, આદેશ.

दुह् (દોહવું); દોહન, દુગ્ધ, દુધ, દુહિતા,-દિકરી.

दृश् (દેખવું)? દૃષ્ટિ, અદૃષ્ટ, દર્શન, દેખાવ, દર્શક, દર્શણિક.

धा (ધારણ કરવું); ધાતા, વિધાતા, સંધાન, અનુસંધાન, પ્રધાન.

धृ (ધારણ કરવું); ધર, ધરણી, આધાર, ધરો, ધર્તિ, ધર્મ, ધરવું,
ધારવું, ધારણા, અંધર, ધીર, અધીર.

नश् (નાશ પામવું) ; નાશ, વિનાસ, સત્તાનાશ.
नि-नय् (દોરવવું) ; નીતિ, નયન, નાયક, (પરિ + ની) પરણવું.
पच् (પકવવું) ; પાચન, પાક, પકવ, પક્કો, પક્વાન, પાકું.
पत् (પડવું) ; પતીત, પાતક, ઉત્પત્તિ, વિપત્તિ, આપત્તિ-આપદા
पा (પાળવું-રક્ષવું) ; પાલન, ગોપાળ, દ્વારપાળ, ભૂપાળ.
पा-पीव् (પીવું) ; પાન, પાણી, પાવું.
पुष् (પોષવું) ; પોષણ, પુષ્ટિ. પોખવું.
पृ-पुर् (ભરવું-પુરૂંકરવું); પૂરવું. પૂર્ણ, પૂર, સંપૂર્ણ, અપૂર્ણ, પરિપૂર્ણ.
बंध् (બાંધવું) ; બંધન, બાંધણ, બંધુ, બંધી, નિબંધ, સંબંધ, પ્રતિબંધ.
बुध् (જાણવું) ; બોધ, બૌદ્ધ, બુદ્ધિ, બુજ, સંબોધન, પ્રબોધ.
भज्-भंज् (ભાંગવું); ભાગ, ભાગીઓ, ભાંજણી, ભાગાકાર, ભંગાણ.
भज् (ભજવું) ; ભજન, ભક્ત, ભગત, ભક્તિ. [ષિયો.
भाष् (બોલવું) ; ભાષા, ભાષણ, ભાખવું, ભાષ્ય, સંભાષણ, દુભા-
भी (બીહીવું) ; ભીતિ, ભય, બ્હીક-બીહીક-બીક, ભે, ભો, અભક.
भू (થવું) ; ભૂત, ભાવ, ભવ, ભૂમિ, પ્રભુ, વિભૂ, સ્વભાવ, પ્રભાવ.
भृ (ભરવું); ભરણ, ભારો, ભારણ, ભરતી, વિશ્વંભર, આભાર.
भ्रम् (ભમવું) ; ભ્રમણ, ભ્રમણા, ભ્રમર, ભમરો.
मद् (ગર્વ થવો) ; મદન, મદ્ય, મદિરા, મદ.
मन् (વિચારવું) ; મન, માનવ, મનુષ્ય, મત, મતિ, મનન,
मा (માપવું) ; માપ, માત્રા, પ્રમાણ, સમાન, અનુમાન, ઉપમાન.
मिल् (મળવું) ; મિલાપ, મેળાપ, મેળ, ભેળ, મળવું, ભળવું.
मुच्-मुंच् (છોડવું) ; મુકવું, મુક્ત, મુક્તિ, મોચન.
मृ (મરવું) ; મરણ, મૃત્યુ, મારણ, અમૃત, અમર.
युज् (જોડવું) ; યુક્તિ, યોજના, યોગ, ઉપયોગ, જુક્તિ, જોગ.
रक्ष् (રક્ષણકરવું) ; રક્ષક, રાખવું, રાખ, પગરખું, અંગરખું.
रज-रंज् (ખુશકરવું) ; રંજન, રાગ, રંગ, મનોરંજક.
रम् (રમવું, આનંદકરવો) ; રમત, રમણ્ય, રમકડું, રમણીય.
राज् (શોભવું) ; રાજ, રાજા, રાણી, વિરાજવું, રાજ્યમાન.
रुध् (આડેઆવવું) ; રોધ, વિરૂદ્ધ, વિરોધ, રૂંધન, અવરોધ.

लक्ष् (નિહાળવું); લક્ષ, લક્ષણ, સલક્ષણ, સલખણા, અપલક્ષણ.
लग् (લાગવું); લાગી, લગી, લગ્ન, લાગણી, અલગ.
लभ् (મેળવવું); લાભ, લબ્ધ, સુલભ.
लिख् (લખવું); લેખ, લેખણ, લખાણ, લેખક, લખિતંગ.
लि (ગળીજવું); લીન, લય, લીલા, પ્રલય, તલ્લીન.
वच् (બોલવું); વચન, વાચા, વાણી, વક્તા, વાક્ય, વાંચન.
वद् (બોલવું); વદવું, વદન, વાદ, વાદી, સંવાદ, અપવાદ.
वर्ण् (વર્ણન કરવું, રંગવું); વર્ણન, વર્ણ, સુવર્ણ, વરણ.
वस् (વસવું); વાસ, પ્રવાસ, વાસી, નિવાસ, વસ્તિ, અપવાસ.
वह् (વહેવું); વાહન, વહાણ, પ્રવાહી, વિવાહ, બહેલ, વહાણું.
विद् (જાણવું); વિદિત, વેદ, વેદના, વિદ્યા, વૈદ્ય, નિવેદન.
विश् (પેશવું); પ્રવેશ, પેસવું, વેશ, આવેશ, સમાવેશ.
वृत् (હોવું, વર્તવું); વૃત્તિ, આવૃત્તિ, પ્રવૃત્તિ, વર્તુલ, વર્તણુક, વૃત્તાંત
शुध् (શોધન કરવું); શુદ્ધ, શોધ, શોધન, શુદ્ધિ, પરિશોધ.
शिक्ष् (શિક્ષા કરવી); શિખામણ, શિક્ષા, શિખવું, શિખવણી.
श्रु (સાંભળવું); શ્રવણ, શ્રુતિ, શ્રોતા, સુણવું.
स्था (ઉભારહેવું); સ્થિર, સ્થિતિ, સ્થાન, ઉપસ્થ, દેશસ્થ.
साध् (સાધવું); સાધન, સાધ્ય, અસાધ્ય, સાધુ, સાધક.
शुच् (શોક કરવો); શોચના, શોક, અપશોક.
सूच् (ચેતવવું); સૂચના, સૂચક, સૂજ.
सृ (સરવું); સાર, નિસર, પ્રસાર, પસરવું, સંસાર.
सृज् (સર્જવું); સૃષ્ઠિ, સર્ગ, વિસર્ગ, સરજનહાર, ઉપસર્ગ.
स्तंभ् (બંધ કરવું); સ્તંભન, થોભવું, થંભવું, થાંભલો.
स्तृ (ફેલાવવું); વિસ્તાર, પ્રસ્તાર, અસ્તર.
स्मृ (યાદ કરવું); સ્મરણ, સંભારવું, સ્મૃતિ, વિસ્મૃતિ, વિસરવું.
हन् (મારવું); હાની, હણવું, વિઘ્ન, હત્યા, ઘાત, ઘાતકી.
हृ (હરવું); હરણ, હાર, સંહાર, પ્રહાર, વિહાર, આહાર, ઉદ્ધાર.
क्षी (નાશ થવો); ક્ષય, ખે, ક્ષૈ, ખૈ, અક્ષય, અખે, ક્ષીતિ.
ज्ञा (જાણવું); જ્ઞાન, જાણ, પ્રતિજ્ઞા, સંજ્ઞા, આજ્ઞા, આણ.

વિરામચિન્હ.

૧૮૧. **વિરામચિન્હ.**— વાક્યનો અર્થ સ્પષ્ટ જણાવવાને માટે તેમાં વચ્ચે વચ્ચે, ઓછો વત્તો શ્વાસ મુકવાની (અટકવાની) જરૂર પડેછે; આવી રીતે અટકવાને માટે જે નિશાનીઓ વપરાય-છે તેને વિરામચિન્હ કહેછે. એમાંના મુખ્ય નીચે આપ્યાંછે.

, અલ્પવિરામ— વાક્યના કોઈ અમુક ભાગો એકબીજાથી જુદા પાડવાને વચમાં જે સ્હેજ અટકવું પડે તેનું ચિન્હ:—'કેટલાક સાંધા, જેવાકે કોણી, ઘુંટણ, ને ઘુંટી તો મજાગરાની પેઠે વળેછે.'

; અર્ધવિરામ— બે પૂર્ણ વિચારની વચ્ચે અલ્પવિરામ કરતાં વધારે અટકીએ પણ છેક શ્વાસ મુકી ન દેતાં પાછો બીજો વિચાર જણાવવો એવી રીતે અરધું અટકવાનું ચિન્હ.

: વૃદ્ધિવિરામ— એક પૂર્ણ વિચારને પાછો બીજી રીતે દર્શાવતાં કે તેને લગતી તેવીજ બાબતો કહેતાં વચમાં ઘણો શ્વાસ મુકીએ પણ છેક મુકી ન દેતાં બીજું શરૂ કરવું એવું બતાવનાર ચિન્હ.

. પૂર્ણવિરામ— એક આખો વિચાર કહી રહ્યા પછી પૂરેપૂરો શ્વાસ મુકી દેવો એવા અર્થનું ચિન્હ.

? પ્રશ્નચિન્હ— સવાલ પુછવાનું ચિન્હ :— શું કરોછો ?

! ઉદ્ગારચિન્હ— આશ્ચર્યતા વગેરે ઓચિંતી લાગણીનું ચિન્હ :— ઓહો ! આ તે શું !

- લઘુરેખા— બે પદને એક જેવા બતાવવાનું ચિન્હ.

— ગુરૂરેખા— વૃદ્ધિ વિરામને જેવે અર્થે કંઈ વિશેષ કહેવાનું ચિન્હ. કોઈવાર વૃદ્ધિવિરામને ગુરૂરેખા (:—) આ પ્રમાણે સાથે પણ આવેછે.

આ સિવાય કેટલાંક વિવિધ અર્થે લખવામાં વપરાતાં ચિન્હ નીચે આપ્યાં છે.

= સમાનચિન્હ— સરખાપણું બતાવવાનું ચિન્હ:-સત્=સાચું.

" " અવતરણચિન્હ— કોઈના કહેલા શબ્દો તેનાતેજ રૂપમાં લખી દેખાડવાનું ચિન્હ :-મહેતાજીએ કહ્યું "સઘળા ઉભા થાઓ."

( ) ચંદ્રાકાર કૌંસ, [ ] કોણાકાર કૌંસ— જે વિશેષ બાબતો કાઢી લેતાં મુળ અર્થ તુટે નહિ તે કૌંસમાં લખાયછે.

વાક્યવિચાર.

૧૮૨. વાક્યવિચારના બે મોટા ભાગ પાડી શકાય:— **વાક્યરચના** અને **વાક્યપૃથક્કરણ.**

(૧) **વાક્યરચના**—વાક્યમાં શબ્દો કયે નિયમે ગોઠવવા તે. એમાં શબ્દોનો **ક્રમ** તથા તેના **અન્વય અધિકાર**ને લગતી બાબતો આવેછે. (૨) **વાક્યપ્રથક્કરણ**—વાક્યને તોડી તેના ભાગ જુદા કરી તેના વિવિધ સંબંધ ખુલ્લા કરી દેખાડવા તે.

વાક્યરચના.

૧૮૩. **ક્રમ** (શબ્દાનુક્રમ) = વાક્યમાં શબ્દોનું નિયમ પ્રમાણે આવવું તે—વાક્યમાં કર્ત્તા, ક્રિયાપદ, અને ક્રિયાપદ સકર્મક હોય તો કર્મ, એ ત્રણ મુખ્ય છે. ગુજરાતીમાં કર્ત્તા પહેલો આવે; કર્મ હોય તો તે વચમાં અને ક્રિયાપદ છેડે આવે એવો સામાન્ય ક્રમ છે. 'ઘોડો દોડેછે,' 'છોકરો પાઠ વાંચેછે.'

૧૮૪. (૧) કર્ત્તાની સાથે વિશેષણ કે વિશેષણના જેવો શબ્દનો સમૂહ ગુણ બતાવવાને આવે તો તે કર્ત્તાના નામની પૂર્વે આવેછે; કર્મની સાથે પણ ગુણવાચકનો એજ સાધારણ નિયમ છે:—'અડ કરવાની ટેવવાળો ને કડકણો ઘોડો સીધો ચાલતો નથી'; 'આળસુ ને મોડો ઉઠનાર છોકરો એકે પાઠ તૈયાર કરી શકે નહિ.' (૨) પણ જો કોઇના ગુણનું વર્ણન કરવું હોય કે સ્થિતિ બતાવવી હોય તો વિશેષણ પાછળ આવે:—'રંગીલદાસ ભલાછે,' 'તે માંદી છે.' (૩) છઠ્ઠી વિભક્તિનું નામ કે સર્વનામ અને વિશેષણ બેઉ કોઇ નામની સાથે આવે તો છઠ્ઠી વિભક્તિવાળો શબ્દ પહેલો આવે:—'રાજાનો કુંવર.' (૪) અને તેની સાથે કોઈ સંખ્યાવાચક વિશેષણ આવે તો તે હમેશાં ગુણવાચકની પૂર્વે આવવો જોઇએ, અને છઠ્ઠી વિભક્તિવાળો શબ્દ તો પહેલોજ આવે:— 'રાજાના બે કુંવર' 'વર્ગના બે ઉપલા છોકરા.'

૧૮૫. (૧) ક્રિયાપદની સાથે કોઈ ક્રિયાવિશેષણ કે ક્રિયાવિશેષણ જેવો શબ્દનો સમૂહ ક્રિયામાં સ્થળ વગેરેના અર્થનો વધારો બતાવવાને આવતો હોય તો તે ક્રિયાપદની પૂર્વે, અર્થ અને મરોડ પ્રમાણે કર્મની પહેલાં કે પછી આવે:—'રામદાસે મને બહુ સમજાવ્યો' 'તે દરવરસે નિશાળના કામમાં ઘણો ખરચ કરેછે;' (૨) પણ નકારવાચક શબ્દો આજ્ઞાર્થે ને નિશ્ચયતાને અર્થે વખતે છેડે આવે અને ક્રિયાપદ તેની પૂર્વે જાય:—'તમે બોલશો મા' 'તે આવ્યો નહિ.'

૧૮૬. પ્રશ્નાર્થ—પ્રશ્નાર્થ વાક્યમાં શબ્દાનુક્રમ નિશ્ચયાર્થ વાક્યના જેવોજ છે; માત્ર અંતે પ્રશ્નનું ચિન્હ આવેછે: જેમકે—નિશ્ચયાર્થ 'તેં પાઠ વાંચ્યો છે.' એનું પ્રશ્નાર્થ—'તેં પાઠ વાંચ્યો છે?'; પણ આ અર્થ ખુલ્લો બતાવવાને વાક્યને આરંભે 'શું' ને વખતે 'કેમ' અથવા વાક્યને અંતે 'શું' 'કે' એવા પ્રશ્નવાચક શબ્દો વાપરવાની રીત છે:—જેમકે 'શું તેં પાઠ વાંચ્યો છે?' કેમ પાઠ વાંચ્યો છે?' 'પાઠ વાંચ્યો છે શું?' 'પાઠ વાંચ્યો છે કે?'

પ્રશ્નની સાથે આશ્ચર્યતાનો અર્થ સામેલ થતાં અંતે 'કે શું' વાપરેછે:-'તેં પાઠ વાંચ્યો છે કે શું?'; અને પ્રશ્નની સાથે સંદેહનો અર્થ સામેલ થતાં છેડે 'કે કેમ' 'કે નહિ' અને ('કે નહિ' નું ટુંકું રૂપ) 'કેની' આવેછે:-'પાઠ વાંચ્યા છે કે કેમ?' 'પાઠ વાંચ્યા છે કે નહિ?' 'પાઠ વાંચ્યા છે કેની?' (આગ્રહ બતાવે).

૧૮૭. ગુજરાતીમાં વાક્યના જુદા જુદા મરોડ અને ઢબ ઘણુંકરીને બોલવામાં રહેલી છે પણ શબ્દરચના ઘણીખરી બદલાતી નથી. અગત્યના શબ્દ ઉપર ઘણીવાર ભાર મુકીને બોલાયછે અથવા તો તે શબ્દ પહેલો મુકવાનો ચાલ છે. આવી રીતે વખતે ક્રિયાપદ, કે કર્મ પણ પહેલું આવે:—'**વાંચ્યું** તેં લેસન ને **ઉઘડચું** નશીબ', '**ભૂગોળ** તો તેં વાંચેલી છે.'

૧૮૮. વખત બતાવનાર ક્રિયાવિશેષણ ઘણીવાર પહેલાં આવેછે. 'ઓણ વરસાદ થોડો થયો'; 'હાલ માંદગી ચાલેછે.'

વાક્યરચનામાં મુખ્ય અન્વયના નિયમ જાણવા જરૂરના છે.

૧૮૯. **અન્વય=**એકબીજાની સાથે રૂપમાં મળતા આવવાનો સંબંધ. આવી જાતના રૂપવિકારના બે મુખ્ય સંબંધ છે. ૧ વિશેષ્ય ને વિશેષણનો. ૨ ક્રિયાનાથ ને ક્રિયાપદનો.

૧૯૦. વિશેષ્ય-વિશેષણ.—વિશેષ્યની જાતિ, વચન ને વિભક્તિ પ્રમાણે વિશેષણની જાતિ વચન ને વિભક્તિ હોયછે, પણ વિભક્તિના પ્રત્યય વિશેષણને લાગતા નથી:- કાળો ઘોડો, રાતું બદન, કાળા ઘોડાઓ, સારા માણસને વ૦.

(૧) એક કરતાં વધારે વિશેષ્ય જુદી જુદી જાતિના હોય તો વિશેષણ નાન્યતર જાતિના બહુવચનમાં આવેછે:— 'ભાત, દાળ, અને શાક સારાં હતાં; જ્યારે જુદી જુદી જાતિનાં નામનો સમાસ થયલો હોય ત્યારે પણ વિશેષણ આ રૂપમાંજ આવે:— 'ભલાં માબાપને પીડવાં નહિ,' 'તે ધણીધણીઆણી ડાહ્યાં છે' વ૦.

(૨) પણ જો બે નામની વચ્ચે ભિન્નાર્થદર્શક 'કે' આવતો હોય તો તેની પાસેના નામની જાતિ વિશેષણને લાગેછે:— 'ઘરડો બાપ કે મા;' 'છોકરી કે છોકરો ડાહ્યો હોય.' વ૦.

(૩) માન આપવાને સારૂ નારીજાતિના નામની સાથે વિશેષણ નાન્યતરના બહુવચનમાં આવેછે: 'મહારાણી વિકટોરિયા બહુ ભલાં છે' 'ગોરાણી ડાહ્યાં છે' વગેરે.

(૪) એક કરતાં વધારે વિકારી વિશેષણ કોઈ નામને લાગે તો તે નામને વિભક્તિ લાગતાં બધાંનું રૂપ બદલાય: 'લુચ્ચા ચોટ્ટા અને ધુતારા માણસથી દૂર રહેવું' વ૦.

૧૯૧. સર્વનામ—સર્વનામની જાતિ વચન, જે નામને માટે વપરાયલું હોય તે ઉપરથી ઠરેછે; અને વિભક્તિ તો વાક્યના સંબંધ પ્રમાણે હોય:—'કોઈ એક ગાંડો છોકરો હશે. તેને તેની મા જમવા તેડી ગઈ. સાથે તેની નાની બેન પણ હતી.'

૧૯૨. કોઈ આખો વિચાર દર્શાવવાને, એક વાક્ય કે શબ્દના સમૂહની પછી દર્શક સર્વનામ એ કે તે વપરાયછે; એ વાક્યનો ભાવાર્થ બતાવેછે માટે નાન્યતર જાતિના એક વચનમાં છે, અને તેની સાથે વિશેષણ ને ક્રિયાપદ પણ એજ રૂપે આવેછે:— 'તેઓ આગગાડીને રસ્તે આવ્યા એ ડાહ્યું કીધું;' 'ઉભા રહીને કોપી લખવી એ અઘરૂં છે.'

૧૯૩. ઘણાં એકજ જાતિનાં નામ એકવચનમાં હોય તો પણ તેને દર્શાવવાને છેડે 'એ' આવે તો તે પેલાં નામની જાતિના બહુવચનમાં ગણાય:—અને વિશેષણ ને ક્રિયાપદ પણ તે રૂપે આવે 'છગન, લલ્લુ, અને મણીલાલ એ સારા ગણાતા હતા;' પણ જ્યારે જુદી જુદી જાતિનાં નામ હોય ત્યારે એ નાન્યતર જાતિના બહુવચનમાં છે:—'રામદાસ કાકા, છોટીબેન, અને માજી એ મોડાં આવશે.'

૧૯૪. સંબંધી સર્વનામ 'જે' અને તેની પાછળ દર્શક સર્વનામ 'તે' આવેછે તેની જાતિ એક છે પણ વિભક્તિ વખતે જુદી હોય—'જે (છોકરો) કાલે આવ્યો હતો તેને બોલાવો.'

૧૯૫. ક્રિયાનાથ અને ક્રિયાપદ.—ક્રિયાનાથની જાતિ વચન પ્રમાણે ક્રિયાપદની જાતિ વચન હોયછે.

૧૯૬. (૧) એકજ જાતિનાં બે કે વધારે નામ ક્રિયાનાથ તરીકે આવે તે એક વચનનાં હોય તોપણ તેમની વચ્ચે જો સમાનાર્થ દર્શક (અને, ને, તથા) અવ્યય આવેલો હોય તો ક્રિયાપદ તેની જાતિના બહુવચનમાં આવે:—'જગનનાથ, લલ્લુ ને મોતીરામ મોડા આવ્યા; (૨) પણ જો જુદી જુદી જાતિનાં નામ હોય તો ક્રિયાપદ નાન્યતર જાતિના બહુવચનમાં આવે:—'આજે તમે ઈતિહાસ, કવિતા અને વ્યાકરણ વાંચ્યાં નથી' (કોઈવાર છેલ્લા પ્રમાણે ક્રિયાપદ ફરેછે).

૧૯૭. જો ભિન્નાર્થદર્શક (કે, અથવા, વા) આવે તો છેલ્લા પ્રમાણે ક્રિયાપદનું રૂપ ફરે; પણ ઘણુંકરીને તે નામના પછી કોઈ, કંઈ, કશું, વાપરવાનો ચાલછે અને તે પ્રમાણે ક્રિયાપદ નાન્યતર જાતિના એકવચનમાં આવે. જેમ—'સસરો કે વહુ કોઇ આવ્યું નથી;' ઈતિહાસ કે ભૂગોળ કંઇ કીધું નથી.'

૧૯૮. બે કરતાં વધારે જુદી જુદી જાતિનાં નામની વચ્ચે સમાનાર્થ (અને, ને) અવ્યય વાપરીને પણ તેની સાથે 'એમાંના કોઈ-કંઇ-કશું' વાપરવાનો ચાલ છે; ત્યાં પણ ક્રિયાપદ નાન્યતર જાતિના એકવચનમાં આવે:—જેમકે, 'શેલું, પાઘડી, અને દુપટ્ટો એમાંનું કશું આણ્યું નથી,' 'ગાડી ઘોડો કે ચાકર કોઇ આવ્યું નથી.'

૧૯૯. **સર્વનામ-ક્રિયાનાથ**—ક્રિયાનાથમાં જુદા જુદા પુરૂષનાં સર્વનામ હોય તો તેમાં જો પહેલો પુરૂષ હોય તો ક્રિયાપદ પહેલા પુરૂષના બહુવચનમાંજ આવે:—જેમકે 'હું ને તે આવીશું' 'તું ને હું બેઉ વાંચીશું' 'હું ને તમે જઈએછિયે' 'હું, તું ને તે જઇશું.' વળી પહેલા પુરૂષ સર્વનામની સાથે બીજું કોઇ નામ આવેલું હોય તો પણ ક્રિયાપદ પહેલા પુરૂષના બહુવચનમાં આવે:—'હું ને રંગીલદાસ આવીશું.' પણ જો પહેલો પુરૂષ ન હોય અને બીજા પુરૂષ સર્વનામની સાથે ત્રીજો પુરૂષ સર્વનામ કે કોઇ નામ હોય તો ક્રિયાપદ બીજા પુરૂષના બહુવચનમાં આવે: 'તું ને તે આવતાહો તો ચાલો' 'રંગીલદાસ ને તું આવશો તો ઠીક.'

૨૦૦. (૧) એકવચનના ક્રિયાનાથની સાથે માનાર્થે ક્રિયાપદ બહુવચનમાં આવેછે:—જેમકે 'ગોરજી મહારાજ પધાર્યા,' 'બાપાજીને કેમ બોલાવ્યા?' (૨) જો નારી જાતિનું નામ હોય તો માનાર્થે ક્રિયાપદ નાન્યતર જાતિના બહુવચનમાં આવે:—જેમકે, 'રાણીજી બોલ્યાં', 'સાસુજીને કેમ ચિડવ્યાં?'

૨૦૧. વિભક્તિ.—(૧) બે કે વધારે નામ એકજ વિભક્તિમાં આવે તો ઘણુંકરીને છેલ્લા નામને વિભક્તિનો પ્રત્યય લાગેછે:— જેમકે 'ધણીધણીઆણી અને છોકરાંનો એકજ સ્વભાવ છે' 'ગરીબ અને તવંગરને સરખોજ ન્યાય આપવો.' (૨) પણ જો એવી રીતે સર્વનામ આવતાં હોય તો પ્રત્યેકને છુટો પ્રત્યય લાગેછે:— જેમકે 'મારો, તમારો અને તેનો એકજ વિચાર છે.' કોઈવાર રૂપ ન ફરે તો છેડે પણ આવે:—'હું, તું, અને તેથી કંઈ થાય નહિ.'

૨૦૨. કોઈવાર નામને પણ જુદા જુદા દર્શાવવાને એકજ વિભક્તિમાં હોય તો પણ પ્રત્યય પ્રત્યેકને છૂટો લાગેછે;— રામદાસને, તેના ભાઈને, બેનને, એ બધાંને તેડી લાવજો.

૨૦૩. ક્રિયાવિશેષણ—વિકારી વિશેષણ, ક્રિયાવિશેષણ તરીકે કોઈ ક્રિયાપદની સાથે વપરાયલું હોય તો તેની જાતિ વચન તે ક્રિયાપદના કર્તા કે કર્મ જેની સાથે તે સંબંધ રાખતું હોય તે પ્રમાણે હોયછે:—'ઘોડો ઉતાવળો દોડેછે' 'તે છોડી કામ સારૂં કરેછે.'
જ્યાં ક્રિયાપદનો ભાવાર્થ કર્તા ને ક્રિયાનાથ હોય ત્યાં ક્રિયાવિશેષણ હંમેશાં નાન્યતર જાતિના એકવચનમાં આવેછે:— જેમકે 'મારા પેટમાં ઘણું દુખેછે' 'તેનાથી સારૂં વચાયછે' વ૦.

૨૦૪. નામ-નામયોગી— એક કરતાં વધારે નામ (કે સર્વનામ) ની સાથે એકજ નામયોગી સંબંધ રાખતો હોય તો ઘણુંકરીને છેલ્લા નામની સાથે વાપરેછે:— જેમકે 'આગ અને રેલ આગળ કંઈ રહેતું નથી' 'મારે, તારે, ને રંગીલદાસને વાસ્તે રહેવા દઈને વાત કરજો' વ૦. વખતે ચઢાવીને બોલતાં પ્રત્યેકની સાથે પણ વાપરેછે:—'મારે વાસ્તે, તારે વાસ્તે, ને રંગીલદાસને વાસ્તે રાખીને વાત કરજો' વ૦.

૨૦૫. વાક્યયોગી—બે કરતાં વધારે શબ્દ કે બે કરતાં વધારે વાક્યને જોડતાં વાક્યયોગી છેલ્લાની પૂર્વે આવે:— જેમકે 'હું, તું, અને તે' 'પાન, સોપારી ને એલચી,' 'સાપ, કેફ કે જળની રેલ'; 'કાશી દરરોજ સ્હવારના ઘરધંધો કરે, આખો દહાડો નિશાળે ભણે, અને રાતના ભરતાં શીવતાં શીખે' વ૦.

અધિકારનો ભાગ વિભક્તિ, કૃદંત, કાળ વગેરેના (ઉપયોગ) પાઠમાં પ્રત્યેકની નીચેજ આવી ગયલો છે. (જોવું. પ્રત્યેકના પાઠમાં)

વાકયપૃથક્કરણ.

૨૦૬. એક પૂર્ણ વિચાર જણાય એવા શબ્દના સમૂહને વાકય કહેછે. પૂર્ણ વિચાર કહેતાં ઓછામાં ઓછી બે બાબત જોઈએ. (૧) વિચારનો વિષય, અને (૨) તે વિષયને વિષે જે કહેવાનું તે. આ ઉપરથી વાકયના મુખ્ય બે ભાગ ઠરે—**કર્તૃપક્ષ** અને **ક્રિયાપક્ષ**.*

૧. **કર્તૃપક્ષ**.— જે વિષય વિષે કંઈ કહેવામાં આવે તે.

૨. **ક્રિયાપક્ષ**.— તે વિષય વિષે જે કંઈ કહેવાય તે.

૨૦૭. કર્તૃપક્ષમાં મુખ્ય કર્તા અને ક્રિયાપક્ષમાં મુખ્ય ક્રિયાપદ—આ ઉપરથી ઓછામાં ઓછા બે શબ્દ વગર વાકય બને નહિ; કર્તા-કર્તૃપદ અને ક્રિયાપદ:—જેમકે 'પક્ષી ઉડેછે,' 'તે ગયો.'

વાકય ૩ પ્રકારનાં હોઈશકે—**સાદું, સાન્વય,** અને **સંયુક્ત.**

૨૦૮. સાદું વાકય—જેમાં એકજ કર્તૃપક્ષ અને એકજ ક્રિયાપક્ષ આવે તે:—'રામજી સિધાવ્યા,' 'ઘોડો દોડેછે.'

૨૦૯. **કર્તૃપદ** — કર્તૃપક્ષમાં નામ, સર્વનામ, વિશેષણ અને કોઈવાર નામ જેવો શબ્દનો સમૂહ કે આખું વાકય (જોવું. કલમ ૧૯૨.) કર્તા તરીકે આવે; આને '**સાદો કર્તા**' કહેછે.

નામ—'રામદાસ આવ્યો,' 'ગાય બરાડેછે,' 'ઝાડ ઉગેછે.'

સર્વનામ—'તેઓ આવેછે,' 'હું જાઉંછું,' 'એ ઠીક છે,' વ૦.

વિશેષણ—'પૈસાદાર દુખીઆ છે,' 'ગરીબ સુખી છે.'

શબ્દસમૂહ (કૃદંતનામ)—રાત્રે વાંચવું ઠીક નથી. [(જોવું ૧૯૨).

વાકય—'ચોમાસામાં વરસાદ આવે (એ) કુદરતી નિયમ છે'.

૨૧૦. કર્તૃપક્ષમાં કર્તાની સાથે વિશેષણ કે વિશેષણ જેવા શબ્દો તેનો ગુણ બતાવવાને આવેછે, તે **કર્તાવિવર્ધક** કહેવાય; અને આ વિશેષણ અને કર્તૃપદ સાથે લઈએ તો, તેને '**પૂર્ણ** કે **વિવર્ધિત** કર્તૃપદ' એટલે 'કર્તૃપક્ષ' એવું નામ અપાય.

---

*ખરૂં જોતાં વિચારનો વિષય તે 'વિશેષ્ય' તેને વિષે કહેવાનું તે 'વિશેષક':— જેમકે સમુદ્ર-ખારો, અને એને જોડનાર 'છે' 'હોયછે' એવો ક્રિયાપદ-શબ્દ આવે તે 'સંબંધક' કહેવાય; એટલે ન્યાયપક્ષે વાકયના વિશેષ્ય, વિશેષક, અને સંબંધક એવા ત્રણ ભાગ પડે. પણ ઘણાખરા ક્રિયાપદમાંજ વિશેષક અને સંબંધક સમાયલો રહેછે; એટલે વ્યાકરણમાં વિશેષ્ય=કર્તા ને તેની સાથેના શબ્દો મળી **કર્તૃપક્ષ** અને સંબંધક=ક્રિયાપદ ને તેની સાથેના શબ્દો મળી **ક્રિયાપક્ષ** એજ મુખ્ય ભાગ લેવાય.

કર્ત્તાવિવર્ધક—કર્ત્તાવિવર્ધક તરીકે વિશેષણ, છઠ્ઠી વિભક્તિનું નામ કે સર્વનામ, સમાનાર્થે પ્રથમા વિભક્તિનું નામ, અને કોઇવાર વિશેષણ જેવો શબ્દનો સમૂહ વિવિધ રીતે આવેછે.

વિશેષણ— રાતો ઘોડો ઠીક દોડેછે.

છઠ્ઠી વિભક્તિનું નામ—સર્વનામ:—રાજાનો કુંવર ડાહ્યો છે. તેની છોકરી માંદી છે.

સમાનાર્થે પ્રથમા—પેઢીવાળાનો છોકરો રામદાસ માંડો નિકળ્યો.

શબ્દસમૂહ (કૃદંતવિશેષણ)—ખીબાં ગોઠવવાનું કામ અઘરૂં છે;

વિશેષણીક શબ્દસમૂહ— 'પેલા ખુણામાંનો છોકરો ઉંઘેછે.'

વાકય— જે (છોકરો) કાલે આવ્યો હતો તે (છોકરો) આ રહ્યો.

૨૧૧. **ક્રિયાપક્ષ**—ક્રિયાપક્ષમાં મુખ્ય ક્રિયાપદ છે. ક્રિયાપદમાં અકર્મક અને સકર્મક એવા બે વર્ણ છે. કેટલાંએક અકર્મક ક્રિયાપદ જેવાંકે હો, થા, દેખા, રહે, એવાં ક્રિયાપદોની સાથે કોઈવાર કોઈ નામ કે વિશેષણ આવે ત્યારે તેનો અર્થ પૂર્ણ સમજાય; આ શબ્દો તેના **ક્રિયાપૂર્ણી** કહેવાય.

ક્રિયાપૂર્ણીમાં નીચેના શબ્દો આવે—

નામ—'તે દીવાન થયો' 'હું નોકર રહ્યો'.

વિશેષણ—'તે માંદી થઈ' 'છોકરો ગાંડો નિકળ્યો.'

છઠ્ઠી વિભક્તિનું નામ-સર્વનામ—'આ ચોપડી ભગવાનની છે' 'પેલી મારી છે.'

શબ્દસમૂહ—'તારૂં કામ ચોરી કરવાનું નથી'.

(એવાં અકર્મક ક્રિયાપદ થોડાં છે તેથી ક્રિયાપૂર્ણીનો ભાગ જુદો ન પાડતાં ક્રિયાપૂર્ણી અને ક્રિયાપદ સાથે લઈ તેને ક્રિયાપક્ષમાં ગણાય.)

૨૧૨. સકર્મક ક્રિયાપદની સાથે પણ તેનો પૂર્ણ અર્થ બતાવનારા શબ્દો આવેછે, આ શબ્દો ખરૂં જોતાં ક્રિયાપૂર્ણી જેવાજ છે; પણ સકર્મક ક્રિયાપદનો મોટો જથો છે તેથી એની સાથે ક્રિયાપૂર્ણીને જુદો વર્ગ પાડી બતાવવા જરૂરના છે; એને **કર્મ** એજ સામાન્ય સંજ્ઞા આપી છે:—તે ચોપડી વાંચેછે.

૨૧૩. કર્મ—જે વર્ગના શબ્દો કર્ત્તા તરીકે આવેછે તેજ વર્ગના શબ્દો કર્મ તરીકે આવેછે; અને એ પણ કર્ત્તાની પેઠે તેટલીજ

રીતે વધારી શકાય. વળી કેટલાંએક દ્વિકર્મી ક્રિયાપદને બે કર્મ લાગેછે તેમાં ખરો તે ઉપસ્થ, અને જેના સંબંધી કંઈ ક્રિયા થાય તે અનુપસ્થ કર્મ કહેવાયછે.

૨૧૪. ક્રિયાવૃદ્ધિ—વળી ક્રિયાપક્ષમાં, ક્રિયાપદની સાથે ક્રિયાવિશેષણ કે ક્રિયાવિશેષણ જેવો શબ્દનો સમૂહ તેના અર્થમાં વધારો કરવાને આવેછે; તેને **ક્રિયાવૃદ્ધિ** કહેછે. (ક્રિયાપૂર્ણી વગર ક્રિયાપદનો અર્થ અધુરો રહે પણ ક્રિયાવૃદ્ધિ વગર અર્થ અધુરો રહે નહિ, માટે ક્રિયાવિવર્ધક શબ્દોને ભુલે ક્રિયાપૂર્ણીમાં ન લેવા.)

ક્રિયાવૃદ્ધિમાં નીચેના શબ્દો આવે—

ક્રિયાવિશેષણ—'તે ઉતાવળો દોડેછે' લશ્કર પાછું હઠયું.'

ક્રિયાવિશેષણને અર્થે આવતી વિભક્તિઓવાળાં નામ—'કાલે તે સુરતથી નીકળ્યો' 'હું માળે ચહડું' 'તે કાલનો માંદો છે.'

કૃદંતનામ (નિમિત્તાર્થે)—'હું પૈસા લેવાને ગયો.'

કેવળપ્રયોગી પ્રથમા—'સહવાર થતાં વાદળ વેરાઈગયું.'

ક્રિયાવિશેષણીક શબ્દસમુહ—'તે ચોપડી વાંચતો વાંચતો આવેછે' 'જ્યારે ખવાય ત્યારે આવો.'

ઉપર પ્રમાણે સાદા વાક્યમાં, કર્તૃપક્ષ અને ક્રિયાપક્ષના પેટાવર્ગ ગણતાં છ ભાગ થાયછે; તે નીચેના ટૂંકા વાક્યમાં બતાવ્યા છે.

	કર્તૃપક્ષ.		**ક્રિયાપક્ષ.**			
	કર્તા વિવર્ધક	કર્તૃપદ	કર્મવિવર્ધક	કર્મ	ક્રિયાવૃદ્ધિ	ક્રિયાપદ
વાક્ય	હુશિયાર	છોકરો	પોતાના	પાઠ	જલદીથી	શીખેછે.

૨૧૫. સાન્વય વાક્ય—બે કે વધારે વાક્ય સમાનાધિકારે જોડાયલાં હોય તો તે આખું વાક્ય સાન્વયવાક્ય કહેવાય:—

સાન્વયવાક્યમાં સહગામી વાક્યો નીચેને સંબંધે આવે.

સંગદર્શક સંબંધ—રાજાજી નીકળ્યાછે અને તે કાલે આવશે.

વિરૂદ્ધાર્થદર્શક સં॰—તે જબરો છે પણ તેનામાં હિંમત નથી.

વિકલ્પદર્શક સં॰—તમે આવો કે કોઈને મોકલો.

કારણદર્શક સં॰—હું નહિ આવું કારણકે હું માંદો છું.

૨૧૬. કોઈવાર એક કર્ત્તાની સાથે બે ત્રણ ક્રિયાપદ, બે ત્રણ, કર્ત્તાની સાથે એક ક્રિયાપદ, અને એક સકર્મક ક્રિયાપદની સાથે બે ત્રણ કર્મ આવે ત્યારે તેવાં વાકયોમાંથી કર્ત્તા, ક્રિયાપદ કે કર્મની સંખ્યા જેટલાં જુદાં વાકય બનાવી શકાય; આવાં આખાં વાકયને સંકોચીત સાન્વયવાક્ય કહેવાય:—'હું અને તે આવીશું' 'તે આવ્યો ને જમવા બેઠો' 'તેણે સ્લેટ, પેન, ને ખડિયો ખોઈ નાંખ્યાં.'

૨૧૭. સંયુકતવાકય—જેમાં એક મુખ્ય વાકય હોય; અને બીજાં વાકયો તે આખા વાકયના ઉપર કે તેના કોઈ ભાગના ઉપર આધાર રાખનારાં હોય ત્યારે તે આખું વાકય સંયુકતવાક્ય કહેવાય; સંયુકતવાકયમાં, જેમાં મુખ્ય કર્તૃપદ ને ક્રિયાપદ આવ્યાં હોય તે મુખ્યવાક્ય અને બીજાં આધાર રાખનારાં તે ઉપવાકય કહેવાય:—'મહેતાજીએ કહ્યું કે કાલે હું જરા મોડો આવીશ;' એમાં 'મહેતાજીએ કહ્યું' એ મુખ્ય વાકય અને બીજું ઉપવાકય છે.

૨૧૮. ઉપવાકય ત્રણ જાતનાં હોઈશકે—'નામવાકય' 'વિશેષણીકવાકય' અને 'ક્રિયાવિશેષણીકવાકય.'

નામવાક્ય—નામના જેવા સંબંધે મુખ્ય વાકયની સાથે તેના કર્ત્તા, કર્મ તરીકે કે સમાનાર્થે પ્રથમામાં આવી કર્ત્તા કે કર્મના વિવર્ધક તરીકે આવે:—(કર્ત્તા)- 'જુઠું બોલોછો (એ)' ઠીક નથી. (કર્મ)- તે કહેછે '(કે) હું જુઠો નથી.' (કર્ત્તાવિવર્ધક)-'કદી નિરાશ થવું નહિ' (એ) વિચાર ખરો છે. (કર્મવિવર્ધક)-તેણે વચન આપ્યું '(કે) હું કાલે આવીશ.'

વિશેષણીકવાક્ય—વિશેષણના જેવા સંબંધે મુખ્ય વાકયના કર્ત્તા, કર્મની સાથે આવે:—'જે તમને ગમ્યું' તે સારૂં છે' 'મેં જે કાલે આપી હતી' તે (ચોપડી) લાવો.

ક્રિયાવિશેષણીકવાક્ય—ક્રિયાવિશેષણને સંબંધે મુખ્ય વાકયની સાથે ક્રિયાવિશેષણીક સંયોજકથી જોડાયલાં હોયછે; અને મુખ્યના ક્રિયાપદની ક્રિયાનો સમય, સ્થળ, રીતિ વગેરે બતાવેછે:—(સમય)—'જ્યારે તમે આવશો ત્યારે' હું તૈયાર થઈશ. (સ્થળ)—'જ્યાં તે રહેતો હતો ત્યાંજ' રહેછે. (રીતિ)—'જેમ ફાવે તેમ' કરો. (કારણ ને પરિણામદર્શક પણ આમાં લેવાય.)

૨૧૯. સાન્વય અને સંયુકતમાંથી પ્રત્યેક વાકય જુદું લઈએ તો સાદા વાકય પ્રમાણે તેનું પૃથકકરણ થાય. વાક્યયોગી કોઈ વાક્યના ભાગ નથી; એટલે પૃથકકરણ કરતાં તેને કોઈમાં લેવાય નહિ.

સાન્વય તથા સંયુક્ત વાક્યની પૃથક્કૃતિ.

(अ) એનું બોલવું નિષ્કપટી જણાયછે પણ એનાં કૃત્યો ઉંડા ઉતરીને જોતાં બેશક ઉલટી વાત સૂચવેછે.

(ब) સાહેબ અમારી વર્ગમાં કહી ગયા છે કે આવતી કાલે તમારા કાગળો તમને આપીશું.

વાક્ય.	વાક્યની જાત.	કર્તૃપદ-વિવર્ધક સાથે.	કર્મ-વિવર્ધક સાથે.	ક્રિયાવૃદ્ધિ.	ક્રિયાપદ.
अ. એનું બોલવું—— ——સૂચવેછે.	સાન્વય				
૧ એનું બોલવું—— ——જણાયછે.	મૂળ સાદું વાક્ય (૨) નું સહગામી	એનું બોલવું	……	……	નિષ્કપટી જણાયછે. નિષ્કપટી (ક્રિયાપૂર્ણી.)
૨ (પણ) એનાં કૃત્યો— ——સૂચવેછે.	(૧) નું સહગામી વિરૂદ્ધાર્થસંબંધદર્શક	એનાં કૃત્યો	ઉલટી વાત	ઉંડા ઉતરીનેજોતાં (સમય કારણ વ૦) બેશક (રીત-ખાત્રી)	સૂચવેછે.
ब. સાહેબ—— ——આપીશું.	સંયુક્તવાક્ય	(મુખ્યનો કર્તા) સાહેબ	કાલે તમારા—— આપીશું (ઉપવાક્ય)	અમારી વર્ગમાં (સ્થળ)	કહી ગયા છે.
(કે) કાલે તમારા— ——આપીશું.	નામ ઉપવાક્ય (મુખ્યમાં) 'કહી ગયા છે' નો કર્મ	અમે (અધ્યાહાર)	તમારા કાગળો (ઉપસ્થ) તમને (અનુપસ્થ)	આવતી કાલે (સમય)	આપીશું.

પરિશિષ્ટ (વિશેષ જાણવાજોગ બાબતો.)

અક્ષરવિચાર.

જોડણી.— ગુજરાતીમાં ઘણા સંસ્કૃત શબ્દો (તેમજ કેટલાક ફારસી ઉર્દુ વગેરે શબ્દો) વિવિધ વિકાર પામીને આવેલા છે; એટલે તેવા શબ્દોની જોડણી માટે દૃઢ નિયમ બાંધવા મુશ્કેલ છે. શુદ્ધ સંસ્કૃત શબ્દોને માટે થોડું ઘણું સંસ્કૃત શબ્દોનું ભાન થયા પછી તેમજ ઉપસર્ગ પ્રત્યય વગેરે મૂળ શબ્દોની સાથે જોડી શુદ્ધ લખવાને માટે વ્યાકરણનું જ્ઞાન થયા પછી ઝાઝી મુશ્કેલી રહેતી નથી.

ગુજરાતીમાં શરૂ થતા વિદ્યાર્થીને શબ્દ-જોડણી (ડિકટેસન) ને રસ્તે દોરવવાને કેળવણીખાતા તરફથી પ્રગટ થયલા જોડણીના નિયમો હાલ તુરત કંઈક સાધન જેવું છે; એટલે તેનું પુનરાવર્તન કરી તેમાં પરાણે થોડા ટુંકા ટુકા (અપૂર્ણ) નિયમો વધારી આવા 'મૂળતત્વ' જેવા પુસ્તકમાં દાખલ કરવા પ્રયાસ કર્યો નથી.

૨૨૦. ઉચ્ચાર.—'એ' અને 'ઓ' સ્વરનો પહોળો ચપટો ઉચ્ચાર (પરભાષાના શબ્દો લખતાં તેમાં) બતાવવો હોય તો તે અક્ષરને માથે માત્રાને બદલે 'ॅ' આવું અર્ધચંદ્રાકાર ચિન્હ કરેછે અથવા '॔' આવી રીતે ઉંધી માત્રા કઢાય (વખતે માત્રાના ઉપર પણ 'ॅ' અર્ધચંદ્રાકાર ચિન્હ કરવાનો ચાલ છે). લૅટિન (લૅટિન), મૉનિટર (મૉનિટર), મૅચ (મૅચ),બૉલ (બૉલ) વ૦.

આ ઉચ્ચારનો ભેદ ગુજરાતીમાં માત્ર બોલવામાં છે:— જેમકે 'કેળ' (કેળાંનું ઝાડ) એમાંના 'એ' કરતાં 'કેરી' (આંબાનું ફળ) એમાંના 'એ' નો ઉચ્ચાર જુદો છે; એ કંઈ પહોળા ચપટા ઉચ્ચાર જેવો છે. તેમજ 'ગોળ' (વર્તુલ) એમાંના ઓ કરતાં 'ગોળ' (ખાવાનો પદાર્થ) એમાંના ઓ નો ઉચ્ચાર જરા પહોળો ચપટો જેવો છે. તથાપિ કોઈ વત્તા ઓછા તફાવતથી આ ઉચ્ચાર કરેછે તેથી લખવામાં એ ભેદ ચાલતો નથી. પણ પરભાષાના શબ્દોમાં એવો ઉચ્ચાર બતાવવાને આ ચિન્હની જરૂર છે.

૨૨૧. હકાર— કેટલાક પ્રાકૃત શબ્દોમાં જે અક્ષરની સાથે હકાર બોલાયછે તે જો મૂળનો હોય તો તે છૂટો લખાયછે:— જેમકે કહેવું,* રહેવું, સહેવું, લહેર મહેલ વગેરે. વખતે આ 'હ' તેની પછીના અક્ષરમાં ભળી તે મહાપ્રાણી થાયછે:—લોહ-લોહડું-લોઢું, દહોડ-દોઢ, મ્હો-મહોડું-મોઢું વ૦.

---

* આવા શબ્દોમાં 'હ' ની પૂર્વેના અક્ષર ઉપર સુદ્ધાં માત્રા કઢાય નહિ.

પણ જ્યાં છુટો લખવો યોગ્ય લાગતો નથી એટલે જ્યાં પૂર્વના અક્ષરનો ભેળોજ તેનો ઉચ્ચાર થાયછે ત્યાં ફકત હકાર બોલાયછે પણ ઘણોખરો જોડીને લખતા નથી :— જેમકે ‘ આવો ’ ક્રિયાપદ અને ‘ આવો ’ (અ્હાવો-આહવો) વિશેષણ બેઉ એક સરખાજ લખાયછે પણ બીજામાં હકાર[+] નો ઉચ્ચાર બોલાયાવગર રહે નહિ.

૨૨૨. લેખનપદ્ધતિ.— પ્રત્યેક શબ્દ છુટો લખવો જોઈએ. પ્રત્યય ઉપસર્ગ આદિ જે શબ્દના ભાગ હોય તે તેની સાથે વળગતા લખવા; છુટા લખવા નહિ :— પરિપૂર્ણ, અભિમાન, બળવાન, પૈસાદાર વ૦.

સંસ્કૃત તેમજ પ્રાકૃત સામાસિક શબ્દોના જુદા જુદા ભાગ છુટા લખવા નહિ, પણ આખો સમાસ એક શબ્દ જેવો લખવો :— જેમકે માબાપ, યથાન્યાય, સકળગુણસંપન્ન, સ્વદેશહિતેચ્છુ, કમજોર, પ્રાણીમાત્ર, વિનાકારણ, બિનઅડચણ વ૦.

તેમજ એક કરતાં વધારે શબ્દો મળી ક્રિયાવિશેષણ જેવા થાયછે તેપણ એક જેવા લખાય :— ચડપલઈને, ઝડપબંધ, જોરભેર, ઘણુંખરૂં વ૦.

બોલવામાં તથા લખવામાં, ‘ મુર્દ્ધન્ય ’ તથા ‘ દંત્ય ’ વ્યંજનની કાળજી ન રાખ્યાથી એક બીજાને બદલે આવાં શબ્દો આવી જાયછે:— દિલ-ડીલ, દોશી-ડોશી, કસ્તો-કષ્ટો, બુધ્ધિ-બુદ્ધિ. વ૦.

‘ એ ’ ‘ જ ’ ‘ ની ’ એવા એકાક્ષરી ક્રિયાવિશેષણના અર્થના પ્રત્યય જેવા થઇ કોઇ શબ્દોનો ભાગ હોય તેમ બોલાયછે ત્યારે તેને તે શબ્દની સાથેજ લખવા :— એકજ, તુંજ, હુંએ, તમેઓ (પણ) આવજોજ, બોલોની વ૦. એવે અર્થે ‘ પણ ’ વપરાયલો હોય તો છુટોજ લખાય :— હું પણ, તું પણ વ૦.

[+] હું, તું, તે, આ, એ, જે, અને કે, આ સર્વનામોના પ્રથમા, તૃતીયા, અને પંચમી સિવાયનાં રૂપોમાં હકાર બોલાયછે, પણ તે લખવામાં આવતો નથી તેથી તેને મળતા શબ્દો ભૂલે એક બીજાને બદલે વંચાય. એભૂલ અધિ જાણે દૂર થાયછે: નીચેના જેવા શબ્દો હકાર ન હોવાથી પરદેશી એક સરખાજ ગણેછે.

સવાર = ઘોડે બેસી જનાર.	સવાર (સ્હવાર) = સૂર્યોદયનો વખત.
વાર = વખત.	વાર (વ્હાર વહાર) = મદદ.
તને = શરીરે.	તને (ત્હને) = ૨ જો પુરૂષ.
મને = મનમાં.	મને (મ્હને) = ૧ લો પુરૂષ.
મારૂં = મ્હારકરૂં.	મારૂં (મ્હારૂં) = ૧ લો પુરૂષ.

આ હકારનો ઉચ્ચાર બતાવવાને તે અક્ષરની નીચે (.) આવું ચિન્હ કરવાની રીત પણ યોજાયલી છે :— સ઼વાર = સ્હવાર, વ઼ાર-વ્હાર, વ૦.

શબ્દવિચાર.

૨૨૩. **જાતિ**— પ્રાણીની પ્રકૃતિમાં જે નર નારીનો ભેદ છે તે ઉપરથી ભાષામાં જે જાતિભેદ શબ્દોમાં રહેલો છે તેને **પ્રાકૃતિક જાતિ** કહેછે; અને ગુજરાતીની રૂઢી પ્રમાણે પદાર્થનાં નામોને જે જાતિભેદ સંકેતથી વળગ્યો છે તેને **સાંકેતિક જાતિ** કહેછે:—

૨૨૪. **વચન.**— નાન્યતરજાતિનાં અકારાંત નામને પણ ચરોતરના લોકો બહુવચનમાં 'આં' પ્રત્યય લગાડેછે: જેમકે— માણસ—માણસાં, ઢોર—ઢોરાં, બોર—બોરાં વ૦.

૨૨૫. **વિભક્તિ.**— જ્યારે કોઈ નામ કે સર્વનામ પૂર્ણ-ક્રિયાપદને બદલે કોઈ કૃદંત રૂપની સાથે કર્ત્તાને સંબંધે આવેછે ત્યારે તેની વિભક્તિ પ્રથમા છે, પણ કોઈ પૂર્ણ ક્રિયાપદનો તે કર્ત્તા નથી તેથી તેને કેવળપ્રયોગી પ્રથમા* એવું નામ અપાય:— જેમકે '**રાંદેર** તુટી (તુટીને) સુરત વસ્યું' 'વનરાજના ખોવાઈ ગયાની **ખબર** સુરપાળને થતાં તે પોતાની બેન પાસે આવ્યો.' (વનરાજ ચાવડો) '**છોકરો** મરતાં આખું ઘર ઝાંખું પડી ગયું.' વગેરે.

૨૨૬. **સામાન્યકૃદંત.**— આ કૃદંત જ્યારે કોઈ સકર્મક ક્રિયાપદનો કર્મ થઈને આવેછે, અથવા કોઈ નામયોગીની પૂર્વે આવી વિભક્તિનો પ્રત્યય લેછે ત્યારે હમેશાં એને છેડે 'વા' આવા અવિકારી જેવો થાયછે. સકર્મક છતાં કર્મ પ્રમાણે રૂપ બદલાતું નથી:— 'તે ચોપડી **વાંચવા** ઇચ્છેછે' 'તમે શાપર ભાષણ **કરવા** માગોછો.' 'તે શુદ્ધ **બોલવા** કરેછે' 'ભરવાડ ઘેટાં **ચારવાને** (કાજે) ગયો.'

૨૨૭. **વર્ત્તમાનકૃદંત.**— આ કૃદંતની સાથે 'કે' 'ને' 'કને' આવા અવ્યયો પ્રત્યય તરીકે આવીને તેમાં ભૂત કૃદંતના જેવા અર્થની સાથે તરતનો અર્થ સામેલ કરેછે: જેમકે 'તે **ઉઠતી કે—ઉઠતીને—ઉઠતીકને** દોડી' = તે ઉઠીને તરત દોડી.

આથી પણ વધારે તરતનો અર્થ બતાવવાને આ કૃદંતના અવિકારી (જેને છેડે 'તાં' આવેછે એવા) રૂપની સાથે 'જ' 'વારને (ની વારને)' 'વારનેજ' 'વેળેજ' આ પ્રત્યય તરીકે આવેછે:— જેમકે—'કેટલાંક પ્રાણી ઈંડાંમાંથી **નીકળતાંજ**— નીકળતાંવારને—નીકળતાંવારનેજ (વેળેજ) મરી જાયછે.

---

*સકર્મક કૃદંતરૂપની સાથે તેનો કર્મ હોય તેને કોઈ લૅટિન વગેરે ભાષાને અનુસરી કેવળપ્રયોગી દ્વિતીયા કહેવા ધારે, પણ સકર્મક કૃદંતોની સાથે તો તેના કર્મ આવેજ, તેમ તેનો કોઈ કર્ત્તા અધ્યાહાર લઈ શકિયે તે કેવળપ્રયોગી પ્રથમા કહેવાય; એટલે દ્વિતીયાને કેવળપ્રયોગી વિભક્તિ લેવી ઠીક નથી. સદ્યભેદના કૃદંતોની સાથે તો કર્મ સહજ થઈ પ્રથમામાં આવે એટલે તે કેવળપ્રયોગી પ્રથમાજ છે.

૨૨૮. આ કૃદંત ક્રિયાવિશેષણ તરીકે વપરાયલો હોય ત્યારે જો એમાં રીતિનો અર્થ હોયછે તો વિકારી વિશેષણની પેઠે ક્રિયાનાથ પ્રમાણે એની જાતિ ફરેછે. જેમકે, ઘોડો 'લંગડાતો' ચાલેછે; છોકરી 'ચાળા કરતી' દોડેછે. (સકર્મક કૃદંત છતાં પોતાના કર્મ પ્રમાણે રૂપ કરે નહિ). પણ જો વખત કે કારણ બતાવવાનો અર્થ હોય તો ત્યાં આ કૃદંતનું અવિકારી રૂપ એટલે જેને છેડે 'તાં' આવે તેજ રૂપ વપરાય છે. એ નાન્યતરનું બહુવચન નથી. (તાં પ્રત્યયમાં સાતમીનો પ્રત્યય 'આં' ભળેલો છે):—જેમકે— છોકરો 'ચાલતાં' પડીગયો. 'સૂર્ય ઉગતાં' ઉઠજો, 'રાત પડતાં' આવજો, તે 'પાલખ બાંધતાં' નીચે પડ્યો. (સકર્મક કૃદંત છતાં પોતાના કર્મ પ્રમાણે રૂપ ફરે નહિ). આ કૃદંત બેવડાતાં ક્રિયાવિશેષણ તરીકે ક્રિયાના ચાલુપણાનો કે દરમ્યાનનો કંઇ વિશેષ અર્થ આવેછે:—'લંગડાતો લંગડાતો' 'પાલખ બાંધતાં બાંધતાં' વ૦. પણ અમુક વખત બતાવે ત્યાં આ અર્થ આવતો નથી.

આ કૃદંત આજ્ઞાર્થે નિષેધરૂપમાં નિશ્ચયાર્થે વર્તમાન ને ભવિષ્યકાળને સ્થળે વપરાયછે:—હમણા બોલતા ના (બોલો નહિ). કાલે આવતા ના (આવશો નહિ).

૨૨૯. છતાં— છ ધાતુ ઉપર તાં પ્રત્યય આવીને અવિકારી કૃદંત જેવો થાય છે; અને તે ઘણીવાર ઉભયાન્વયી તરીકે વપરાયછે:—હું બોલ્યો 'છતાં' તારાથી રહેવાયું નહિ; તારી પાસે માણસ (છે-હતાં) છતાં તું ગભરાયો. આવી રીતે માત્ર અસ્તિત્વનો અર્થ બતાવવાને કોઇ નામ કે સર્વનામની સાથે આવેછે ત્યારે તેને એનો કર્તા જેવો ગણી કેવળપ્રયોગી પ્રથમામાં લેવાય:—હું 'છતાં' (છતે) તારે બોલવાની શી જરૂર? ભાભા 'છતાં' પનોતી! કોઈવાર નામયોગી જેવો થઇ આગળના નામ સાથે સંબંધ રાખેછે:— મારા બોલવા 'છતાં' તારે બોલવું પડ્યું. કોઈવાર વિકારી વિશેષણ તરીકે પણ વપારાયછે:—છતે છોકરે આટલું દુઃખ; છતાં માણસે જાતે કામ કરવું પડેછે; છતી બાયડીએ હાથે રાંધવાનું; વ૦.

૨૩૦. ભૂતકૃદંત— આ કૃદંત જ્યારે કારણાર્થે તૃતીયામાં કે પંચમીમાં આવે ત્યારે એની સાથે કર્તા છઠ્ઠીમાં આવેછે: જેમકે મારે ગયે—મારા ગયાથી, તારે આવે (આવ્યે) = આવ્યાથી વ૦. તેમજ કર્તા પોતાને રૂપે રહી પ્રથમામાં પણ આવે:—જેમકે હું ગયે-હું ગયાથી, તું આવે-તું આવ્યાથી, તે નાઠે-તે નાઠાથી વ૦.

૨૩૧. થયાં— આ ભૂતકૃદંતનું રૂપ અવિકારી છે, અને કોઈ પણ જાતિના નામની સાથે એજ રૂપે વપરાયછે:—તે 'દસ મિનિટ થયાં' ઉભોછે, હું 'દસ વરસ થયાં' ભણુંછું, તું 'કેટલા દહાડા થયાં માંદો છે? આવી રીતે એ કૃદંત આગળના નામની સાથે નામયોગીને સંબંધે વપરાયલો છે; (એ નાન્યતર બહુવચન રૂપ નથી પણ સાતમીના (આં) પ્રત્યયથી થયલું અવિકારી રૂપ જેવુંછે).

કેટલાક ભૂતકૃદંત 'શાપ' કે 'ગાળ'ને અર્થે વિશેષણ જેવા સંબોધન નામની પેઠે છુટા વપરાય છે (એ સકર્મક હોય તો તેમાં સહ્યાર્થ રહેલો છે):—પીટ્યા, રડ્યા, છૂંધા, મૂવા વગેરે.

૨૩૨. સંબંધકભૂતકૃદંત— આ કૃદંત બેવડાય છે ત્યારે એમાં ક્રિયાવિશેષણનો અર્થ આવેછે:—'બોલી બોલી' તેનો દમ ભરાઈ ગયો; 'વાંચી વાંચીને' તેની આંખ દુખવા આવી.

આ રૂપની સાથે વિકારક તરીકે 'જાણ' ક્રિયાપદ શકને અર્થે વપરાય છે:—તે લખી જાણેછે, હું એ કામ કરી જાણુંછું = મને એ કામ કરતાં આવડે છે.

૨૩૩. ભૂતકાળ— કેટલાક અમુક ક્રિયાપદના સહ્યભેદના ભૂતકાળમાં કોઈ 'યો-ઈ-યું' પ્રત્યયને બદલે ણો-ણી-ણું વાપરેછે: ધવાણો = ધવાયો, લજવાણો = લજવાયો, ગવાણો = ગવાયો વ૦. તેમજ 'પહોંચ્યો-ચી-ચ્યું રૂપને બદલે 'પહોંતો-તી-તું' અને બીધો-બીધી-ને બદલે 'બીનો-બીની' એવાં રૂપ પણ વપરાયછે.

ભૂતકાળના કર્યો, ધર્યો, પડ્યો, જડ્યો—એવાં રૂપને બદલે કરિયો. ધરિયો, પડિયો, જડિયો—એવાં રૂપો કવિતામાં વપરાયછે.

૨૩૪. સહ્યભેદ— ગુજરાતીમાં ઝાઝો સહ્યભેદ વપરાતો નથી; એની જગ્યાએ મુખ્યના સામાન્ય રૂપને 'માં' પ્રત્યય લગાડી તેની સાથે 'આવ' ક્રિયાપદ વાપરવાનો ચાલછે:—'એવું કહેવાયું' ને બદલે એવું 'કહેવામાં આવ્યું'; 'તેને મુંબાઈ મોકલાયો' નહિ પણ 'તેને મુંબાઈ મોકલવામાં આવ્યો' વગેરે. તેમજ એમાં શકયાર્થ હોય તો તે મૂળના ભૂતકૃદંતની સાથે 'જા' ધાતુ વાપરીને પણ દર્શાવાયછે, (આ રૂપ કવિતામાં ઘણું ચાલેછે):—લખ્યા જાય=લખાય, કહ્યું જાય=કહેવાય, વર્ણવ્યા જાય=વર્ણવાય.

૨૩૫. 'આદિ' 'આદિક,' કોઈ નામની સાથે આવેછે ત્યારે 'તેને આદિએ લઈને બીજાં એટલે તે અને તેવાં બીજાં' એવો અર્થ થાયછે. ('આદિ' પ્રાકૃત શબ્દોની સાથે સંધી કરી લખવો ઠીક નથી પણ છુટો લખવો). 'ઈત્યાદિ' 'વગેરે'—ઘણા દાખલા રૂપ શબ્દો કહ્યા પછી કે વાકયને અંતે આવેછે.

જોઈએ, હો અને પડ, નો સહાયકારક તરીકે ઉપયોગ.

૨૩૬. જોઈએ*— આ ક્રિયાપદ અગત્ય કે ફરજ બતાવવાને મુખ્ય ક્રિયાપદના સામાન્યરૂપની સાથે સહાયકારક જેવો થઈને આવેછે. મુખ્યનો કર્ત્તા કરણાર્થે ત્રીજી વિભક્તિમાં આવેછે. સામાન્ય કૃદંત જો અકર્મક હોય તો તે જોઈએનો ક્રિયાનાથ થાયછે અને પ્રયોગ ભાવેછે: 'તેણે જવું જોઈતું હતું'; પણ જો સામાન્યરૂપ સકર્મક હોય તો તેનો કર્મ એનો ક્રિયાનાથ થાયછે અને પ્રયોગ કર્મણી જેવો છે :— 'તેણે ચોપડી લખવી જોઈતી હતી'.

૨૩૭ હો†— આ ક્રિયાપદ ઈચ્છાનો અર્થ બતાવવાને મુખ્યના સામાન્યરૂપની સાથે સહાયકારક જેવો થઈને આવેછે. એની સાથે કર્ત્તા તૃતીયા વિભક્તિમાં ન આવતાં સંબંધાર્થે ચતુર્થીમાં આવેછે અને 'જોઈએ' ની પેઠે એનો પણ ક્રિયાનાથ સામાન્યરૂપ થાયછે

આ ક્રિયાપદ જ્યારે સામાન્યરૂપની સાથે આવી અવશ્ય ફરજ બતાવેછે ત્યારે 'જોઈએ' ની પેઠે એની સાથે પણ કર્ત્તા તૃતીયા વિભક્તિમાં આવેછે: જેમકે; '**તેણે** એ કામ કરવું હતું (કરવું જોઈતું હતું). 'તારે બોલવું હતું (બોલવું જોઈતું હતું).' માથે આવેલું કામ-એવો અર્થ બતાવવાને આ ક્રિયાપદની સાથે સામાન્યરૂપને બદલે ભવિષ્યકૃદંતનું રૂપ વપરાયછે: 'તેણે (તેને) એ કામ કરવાનું હતું' 'તારે અહિં રહેવાનું હતું.' વ૦.

૨૩૮. પડ† આ ક્રિયાપદ અગત્યનો અર્થ બતાવવાને મુખ્યના સામાન્યરૂપની સાથે સહાયકારક જેવો થઈને આવેછે. એની સાથે કર્ત્તા 'હો' ની પેઠે સંબંધાર્થે ચતુર્થીમાં આવેછે અને 'જોઈએ' ની પેઠે એનો પણ ક્રિયાનાથ તે સામાન્યરૂપ થાયછે: જેમકે— 'મારે જવું પડયું' 'તેને દશ પુસ્તકો વાંચવાં પડયાં.'

---

*પદચ્છેદમાં 'જોઈએ' ને છૂટો લઈએ તો **ગમ, મળ** જેવાં મૂળે સત્યભેદનાં રૂપો અકર્મક થઈને ભાષામાં વપરાયલાં છે તેવો ગણાય, અને એની સાથેનું સામાન્યરૂપ એનો સહકર્તા થાય: (એમાં સત્યભેદનો દેખઈતો ભાશ, એની સાથે જે કર્ત્તા તૃતીયામાં આવેછે તે, વિશેષ જેવો છે; પણ એ સામાન્યકૃદંતમાં રહેલા વિધ્યર્થને લીધે હોય! કારણ એની સાથે કર્ત્તા સંબંધાર્થે ચોથીમાં વાપરવો સારો લાગતો નથી).

† **હો** અને **પડ**ને છૂટાં લઈ એનાં રૂપ પ્રમાણે અકર્મકક્રિયાપદ કહિયે તો સામાન્યરૂપ એનો કર્ત્તા થાય અને ચોથી વિભક્તિનું નામ સંબંધાર્થે ગણાય.

પદચ્છેદ.

પદચ્છેદ.—વાક્યના દરેક શબ્દને જુદો લઈ વ્યાકરણના સંબંધમાં તેને લગતી સઘળી બાબતો કહેવી એનું નામ પદચ્છેદ કરવું અથવા વ્યાકરણ કરવું.

શબ્દના વર્ગ સારી રીતે ઓળખવા એ પદચ્છેદનો મૂળ પાયો; એની સાથે નામ સર્વનામ અને વિશેષણના પ્રકાર તથા તેની જાતિ વિભક્તિ ને વચન કહેવાં એનું નામ સાદું પદચ્છેદ.

શબ્દોના વર્ગ, તેના પ્રકાર, નામ વગેરેની જાતિ, વિભક્તિ, વચન; ક્રિયાપદનો મૂળ, ભેદ અર્થ કાળ પ્રયોગ વગેરે, તથા અવ્યયના પ્રકાર અને એ સર્વનો વાક્યમાં યોગ્ય સંબંધ બતાવવો એનું નામ સંપૂર્ણ પદચ્છેદ કહેવાય.

સંપૂર્ણ પદચ્છેદ કરવાની રીત.

નામ—નામની સાથે તેનો પ્રકાર, જાતિ, અર્થસાથે વિભક્તિ, તથા વચન અનુક્રમે કહી, પછી તેનો વાક્યસંબંધ કહેવો.*

સર્વનામ— નામપ્રમાણે.

વિશેષણ—વિશેષણનો પ્રકાર કહી, પછી તેના વિશેષ્ય (ફલાણા) પ્રમાણે જાતિવચન.–એમ કહેવું અથવા તેનો વિશેષ્ય કહી, જાતિ વચન છૂટાં કહેવાં.

ક્રિયાપદ–ક્રિયાપદનો વર્ણ, મૂળ, ભેદ, અર્થ, કાળ, પુરૂષ, જાતિ, વચન અને તેનો કર્ત્તા, કર્મ ને ક્રિયાનાથ કહી પછી પ્રયોગ કહેવો.

અવ્યય—અવ્યયનો પ્રકાર, અર્થ અને વાક્યનો સંબંધ કહેવો.

વિશેષ સૂચના—ગુજરાતી ભાષાનું વળણ એવું છે કે કર્ત્તા, કર્મ તરીકે આવતા સર્વનામ શબ્દો ઘણા ખરા અધ્યાહાર રહેછે; એ ક્રિયાપદના રૂપ ઉપરથી કે સંબંધ જોઇને કહેવા:— જેમકે 'તમે કહ્યું હતું કે કાલે આવીશું અને નહિ આવ્યા તેથી ઘણો દલગીર છું'—એમાં રૂપ અને સંબંધ જોતાં 'આવીશું'નો કર્ત્તા 'અમે', 'આવ્યા'નો કર્ત્તા 'તમે', અને 'છું'નો કર્ત્તા 'હું'— એ પ્રમાણે અધ્યાહાર સર્વનામો છે. તેમજ 'તે' 'એ'

* દરેકમાં બરાબર રીતે બોલવાની રીત નમુના વાંચવાથી માલમ પડશે,

એવા શબ્દ 'કહે' 'બોલ' વગેરે સકર્મક ક્રિયાપદની સાથે ટુંકાં વાક્યોમાં હંમેશાં અધ્યાહાર હોયછે. વખતે કર્મ નહિ દેખાતો હોય ત્યારે એવા સર્વનામ ન લેતાં 'કહેવાનું' કે 'બોલવાનું' કે 'લેવાનું' એ કર્મ— એવી રીતે ક્રિયાપદના ધાતુ ઉપરથી કહેવાની રીત છે.

કવિતાનું પદચ્છેદ કરતાં પહેલાં તેના એક કે બે ચરણ કે જ્યાં એક પૂર્ણ વિચાર પૂરો થતો હોય ત્યાં સુધીનો ભાગ લઈ તેને ગદ્યના વાક્યના રૂપમાં મુકવું; એમ કરવાથી વિભક્તિ વગેરેના પ્રત્યયો જ્યાં જ્યાં ઘટતા હશે ત્યાં આવશે તેમજ કોઈ પડતા મુકેલા શબ્દો પણ અર્થને માટે માંહે લાવવા પડશે. પછી તે પ્રમાણે પડતા મુકાયલા શબ્દ પ્રત્યયો ધ્યાનમાં લઈ બધા શબ્દો યોગ્ય સ્થાનમાં મુકી પદચ્છેદ કરવું:—'કરવું શું સરજી અહિં'=અહિં સરજીને (આપણે) શું કરવું; 'નાખ્યું બેદું તેની દીશ'=તેની દીશાએ (તેણીએ) બેદું નાખ્યું; 'મુખ વાર્ણવ્યું નવ જાય'=મુખે (મુખથી) વાર્ણવ્યું નવ જાય. 'કવી કયમકરી વાર્ણવે રૂપ, કહેતાં હારે ગીરા નાગભૂપ'=કવી (તેનું) રૂપ કયમકરી વાર્ણવે, (જો એ) કહેતાં નાગભૂપ(ની) ગીરા હારે (તો).

એટલે = આગલા શબ્દનો અર્થ સમજાવવાને વપરાયલો હોય તો એ 'સંયોજક શબ્દ' ઉભયાન્વયી અવ્યય જેવો છે; એની પૂર્વેનો શબ્દ એની પછીના શબ્દને સમાન વિભક્તિમાં આવે.

કરીને— એ 'નામે, નામનો' એવો અર્થ બતાવવાને કોઈ નામની સાથે આવે ત્યારે, અવ્યય કૃદંત સંયોજક તરીકે વપરાયલો છે, અને બે નામને સમાન વિભક્તિએ જોડેછે:— મોતી કરીને એક છોકરો હશે તે વ૦.

નામે-નામનો—આ ત્રીજી અને છઠ્ઠી વિભક્તિનું નામ પછીના નામની સાથે વિશેષણ જેવે સંબંધે આવી એને અને પૂર્વેના નામને સમાન વિભક્તિએ જોડેછે:—રામદાસ નામે છોકરો—લાલા નામના છોકરાને વ૦. (એ સં. અવ્યય નામ, અને નામ્ના, નાં અપભ્રંશ છે.)

નમુના— ૧. બાપુભાઈ ડાહ્યો છોકરો છે.

બાપુભાઈ—વિશેષનામ, નરજાતિ, કર્ત્રર્થે પ્રથમાનું એકવચન; 'છે' ક્રિયાપદનો કર્તા અને ક્રિયાનાથ.

ડાહ્યો—વિકારી ગુણવાચક વિશેષણ, એનો વિશેષ્ય 'છોકરો.'

છોકરો—સામાન્યનામ, નરજાતિ, 'બાપુભાઈ' ને સમાનાર્થે પ્રથમા વિભક્તિ 'છે' ક્રિયાપદનો ક્રિયાપૂર્ણી.

છે—અકર્મક ક્રિયાપદ. 'હો' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થ વર્ત્તમાનકાળ, ત્રીજો પુરૂષ, નરજાતિ ને એકવચન. એનો કર્ત્તા અને ક્રિયાનાથ 'બાપુભાઈ'; અકર્મક કર્ત્તરિપ્રયોગ.

૨. તેણે બધા પાઠ કીધા છે.

તેણે—પુરૂષવાચક સર્વનામ ત્રીજો પુરૂષ નરજાતિ કર્ત્તાર્થે તૃતીયાનું એકવચન; 'કીધા છે' ક્રિયાપદનો કર્ત્તા.

બધા—બહ્વર્થવિશેષણ એના વિશેષ્ય 'પાઠ' પ્રમાણે જાતિ વ૦.

પાઠ—સામાન્યનામ, નરજાતિ, કર્માર્થે દ્વિતીયાનું બહુવચન; 'કીધા છે' ક્રિયાપદનું કર્મ અને ક્રિયાનાથ.

કીધા છે—સકર્મક ક્રિયાપદ 'કર' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થ, ભૂતવર્ત્તમાનકાળ, નરજાતિ, ત્રીજો પુરૂષ ને બહુવચન, 'તેણે' કર્ત્તા, 'પાઠ' કર્મ અને ક્રિયાનાથ; સકર્મક કર્મણિપ્રયોગ.

૩. બાપાએ મને તેજ ઘડિયાળ આપવાનું કહ્યું હતું.

બાપાએ—સામાન્યનામ, નરજાતિ, કર્ત્તાર્થે તૃતીયાનું એકવચન, 'કહ્યું હતું' ક્રિયાપદનો કર્ત્તા.

મને—પહેલો પુરૂષ સર્વનામ, સામાન્ય જાતિ, સંપ્રદાનાર્થે ચતુર્થીનું એકવચન; 'આપવાનું' કૃદંતનું અનુપસ્થ કર્મ.

તે—દર્શક વિશેષણ, એનો વિશેષ્ય ઘડિયાળ.

જ—નિશ્ચયાર્થદર્શક ક્રિયાવિશેષણ અવ્યય.

ઘડિયાળ—સામાન્યનામ, નારીજાતિ, કર્માર્થે દ્વિતીયાનું એકવચન, 'આપવાનું' કૃદંતનું કર્મ.

આપવાનું—ભવિષ્ય કૃદંત-સામાન્યકૃદંતનામ તરીકે વપરાયલો; 'કહ્યું હતું' ક્રિયાપદનું કર્મ અને ક્રિયાનાથ.

કહ્યું હતું—સકર્મક ક્રિયાપદ, 'કહે' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થ, દ્વિત્વ ભૂતકાળ, ત્રીજો પુરૂષ, નાન્યતરજાતિ, એકવચન, 'બાપાએ' એ કર્ત્તા, 'આપવાનું' એ કર્મ અને ક્રિયાનાથ; સકર્મક કર્મણિપ્રયોગ.

૪. કહેવું એ તો સહેલ.

કહેવું— સામાન્યકૃદંતનામ 'એ' ને સમાનાર્થે પ્રથમા વિભક્તિ.

એ— દર્શક સર્વનામ, નાન્યતરજાતિ, કર્ત્તાર્થે પ્રથમાનું એકવચન 'છે' અધ્યાહાર ક્રિયાપદનો કર્ત્તા અને ક્રિયાનાથ.

તો— નિશ્ચયાર્થ ક્રિયાવિશેષણ અવ્યય.

સહેલ— અવિકારી ગુણવાચક વિશેષણ, એનો વિશેષ્ય 'એ'

૫. કાળીદાસ એક ઘણો નામાંકિત કવિ થઈગયો.

કાળીદાસ— વિશેષ્યનામ, નરજાતિ, કર્ત્તાર્થે પ્રથમાનું એકવચન; 'થઈગયો' ક્રિયાપદનો કર્ત્તા અને ક્રિયાનાથ.

એક— સંખ્યાવાચક વિશેષણ એનો વિશેષ્ય 'કવિ'

ઘણો— બહુઅર્થક્રિયાવિશેષણ અવ્યય. એ 'નામાંકિત' વિશેષણના અર્થમાં વધારો બતાવેછે. ['કવિ'

નામાંકિત— અવિકારી ગુણવાચક વિશેષણ; એનો વિશેષ્ય

કવિ— સામાન્યનામ, નરજાતિ, 'કાળીદાસ' ને સમાનાર્થે પ્રથમા વિભક્તિ, 'થઈગયો' ક્રિયાપદનો ક્રિયાપૂર્ણી.

થઈગયો— અકર્મક સંયુક્ત ક્રિયાપદ 'થા' મૂળ, મૂળભેદ, નિશ્ચયાર્થે ભૂતકાળ, નરજાતિ ત્રીજો પુરૂષ ને એકવચન, 'કાળીદાસ' કર્ત્તા ને ક્રિયાનાથ, અ૦ કર્ત્તરિપ્રયોગ.

૬. મારાથી હાલ જરા અઢેલીને બેસાયછે.

મારાથી— પહેલો પુરૂષ સર્વનામ, સામાન્ય (નર કે નારી) જાતિ, કરણાર્થે પંચમીનું એકવચન.

હાલ— વખત બતાવનાર ક્રિયાવિશેષણ અવ્યય; 'બેસાયછે' ક્રિયાપદના અર્થમાં વધારો કરેછે.

જરા— અલ્પાર્થે ક્રિયાવિશેષણ અવ્યય; 'બેસાયછે' ના અર્થમાં વધારો કરેછે. [તરીકે વપરાયલો.

અઢેલીને— સંબંધકભૂત કૃદંત, રીત બતાવનાર ક્રિયાવિશેષણ

બેસાયછે—અકર્મક ક્રિ૦ 'બેસ' મૂળ, શક્યભેદ નિશ્ચયાર્થે દ્વિત્વવર્ત્તમાનકાળ, નાન્ય. જા. ત્રીજો પુરૂ૦ એક૦ ક્રિયાપદનો ભાવ 'બેસવાનું' એ કર્ત્તા ને ક્રિયાનાથ, ભાવે પ્ર૦